દૈનિક
# મુંબઈ સમાચાર
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૩ ■ Volume 67 ■ Issue 105 ■ વિક્રમ સંવત ૨૦૮૦
■ ચૈત્ર વદ - ૧૦ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 3 May 2024, Friday ■ REGD.No. MCS/058/2024-26
શુક્રવાર, ૩ મે ૨૦૨૪ (૧૪ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦ | મેટિની પૂર્તિ ૬ ૭ ૮ ૯ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# વિપક્ષ જેહાદ ચલાવે છે, હિંદુઓમાં ભાગલા પાડે છે : મોદી

magic mirror
SILVER ART JEWELLERY
Our Retail Outlet
miss universe
Lakhamshi Napoo Road,
Opp. Matunga Central Railway Station,
Matunga(Central), Mumbai-400019.
+91-9769581851, +91-8291009205.

ANTARA
GOLD & DIAMONDS
DADAR | BORIVALI | GOREGAON
TODAY'S GOLD RATE
₹ 65,160/-
PER 10 GRAMS OF
22KT BIS HALLMARKED
JEWELLERY
DIAMOND JEWELLERY
VVS-VS F-G QUALITY
CERTIFIED NATURAL DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565
OPEN ON ALL DAYS

**આણંદમાં સભાઃ** આણંદમાં ગુરુવારે લોકસભાની ચૂંટણી માટે યોજાયેલી એક જાહેરસભા દરમિયાન વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ભાજપના નેતાઓ સાથે ટેકેદારોની પણ કદર કરી હતી. (એજન્સી)




(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે આક્ષેપ કર્યો હતો કે વિપક્ષો મુસલમાનોને 'લવ જેહાદ'ની જેમ 'મત માટે જેહાદ' ચલાવવા અપીલ કરે છે અને હિંદુઓમાં ભાગલા પડાવે છે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદી બે દિવસ ગુજરાત પ્રવાસે છે. આજે બીજા દિવસે વડા પ્રધાને આણંદના શાસ્ત્રી મેદાનમાં જનસભાને સંબોધી હતી. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે એક ચાવાળા ગુજરાતીએ અર્થતંત્રને પાંચમા ક્રમે પહોંચાડ્યું છે.

સરદાર પટેલ જલદી જતા રહ્યા તેનાથી દેશને મોટું નુકસાન થયું છે. મારો પ્રયત્ન છે કે સરદાર સાહેબના સપનાં પૂર્ણ કરું. કૉંગ્રેસના શહઝાદા બંધારણ માથા પર મૂકી નાચી રહ્યા છે. આતંકના આકા દેશને પણ આપણે બરાબર પાઠ ભણાવ્યો છે. એ દેશ આજે લોટ માટે દર દર ભટકી રહ્યો છે. જેના હાથમાં બોમ્બ ગોળો હતો, તેના હાથમાં ભીખનો કટોરો છે. કૉંગ્રેસની સરકાર આતંકના આકાઓને ડોઝિયર આપતી હતી.

અમે આતંકીઓને ઘરમાં ઘૂસીને મારીએ છીએ. કલમ ૩૭૦ હટાવી સરદારને શ્રદ્ધાંજલિ આપી છે. દેશમાં કૉંગ્રેસ મરી રહી છે, પાકિસ્તાન રડે છે. પાકિસ્તાન શહઝાદાને પીએમ બનાવવા ઉતાવળી બની છે. કૉંગ્રેસ તો પાકિસ્તાનની તરફેણમાં છે જ. દેશના દુશ્મનોને ભારતમાં મજબૂત સરકાર નથી જોઇતી. દેશના દુશ્મનોને નબળી સરકાર જોઇએ છે. એમને એવી સરકાર જોઇએ જેમાં ૨૬ - ૧૧ જેવા હુમલા થઇ શકે. આજે ભારતની મજબૂત સરકારને દેશ ઓળખે છે. વિશ્વમાં ઝઘડા થાય તો ભારતને ઉકેલ લાવનારો દેશ (જુઓ પાનું ૨) ▶▶

## કૉંગ્રેસનું અસ્તિત્વ જોખમમાં આવી પડશેઃ અમિત શાહ

બરેલી /બદાયું : કેન્દ્રના ગૃહપ્રધાન અમિત શાહે ગુરુવારે રાહુલ ગાંધી પર પ્રહારો કરતાં કહ્યું હતું કે લોકસભાની ચૂંટણીમાં તેમના પક્ષને એટલી મોટી પછડાટ મળશે કે ચાર જૂન પછી તેમણે 'કૉંગ્રેસ ઢુંઢો યાત્રા' શરૂ કરવી પડશે.

બરેલીમાં એક જાહેરસભાને સંબોધતાં તેમણે કહ્યું હતું કે રાહુલ, કૉંગ્રેસનાં મહામંત્રી પ્રિયંકા ગાંધી અને સમાજવાદી પાર્ટીના અખિલેશ યાદવે તેમની વોટ બૅન્ક નારાજ થશે એવા ડરથી અયોધ્યાના રામમંદિરના પ્રાણ પ્રતિષ્ઠા સમારોહમાં હાજરી આપી નહોતી.

શાહે કહ્યું હતું કે ઘમંડીયા ઈન્ડિ ગઠબંધનના શાહઝાદેએ તેમની ચૂંટણી ઝુંબેશ 'ભારત જોડો યાત્રા' વડે કરી હતી, પરંતુ ચોથી જૂને (ગણતરીના દિને) એનું સમાપન 'કૉંગ્રેસ ઢુંઢો યાત્રા'માં કરવું પડશે. પહેલા બે તબક્કામાં કૉંગ્રેસ ક્યાંય નથી, જ્યારે નરેન્દ્ર મોદીએ સેન્ચ્યુરી મારી છે અને ૪૦૦ની રેસમાં સરસાઈ હાંસલ કરી છે. અમિત શાહે કહ્યું હતું કે આ ચૂંટણી આતંકવાદ અને

(જુઓ પાનું ૨) ▶▶

## સૌરાષ્ટ્રના ૪૫ રાજવીઓએ ભાજપને સમર્થન આપ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતમાં બે દિવસ ચૂંટણી પ્રચારે આવ્યા હતા. વડા પ્રધાને સૌરાષ્ટ્રમાં ત્રણ સ્થળે જાહેર સભા સંબોધી હતી. સૌરાષ્ટ્ર ગુજરાતના ૪૫ જેટલા રાજવીઓએ વડા પ્રધાન નરેન્દ્ર મોદીનું સમર્થન કર્યું હતુ. રાજકોટના રણજીત વિલાસ ખાતે રાજવીઓની પ્રેસ કોન્ફરન્સ યોજાઈ હતી. જેમાં ભાજપને સમર્થન જાહેર કરાયું હતું.

રાજકોટના રણજિત વિલાસ પેલેસ ખાતે ચિંતન શિબિર મળી હતી. રાષ્ટ્રવાદ મુદ્દે ચિંતન બેઠકનું આયોજન કરાયું હતું જેમાં સૌરાષ્ટ્રના ૪૫ જેટલા રાજવીઓ એકઠા થયા હતા. કચ્છના રાજમાતા, ભાવનગરના રાજવી, ગોંડલના હિમાંશુસિંહજી સહિતના રાજવીઓએ પોતાના મંતવ્ય રજૂ કરાયા હતા. આ ચિંતન શિબિરના અંતે પ્રેસ કોન્ફરન્સમાં વડા પ્રધાન નરન્દ્ર મોદીને સમર્થન આપવાની જાહેરાત કરાઈ હતી.

પ્રેસ કોન્ફરન્સમાં કહેવાયું હતું કે, આપણા રાજવીઓ જે પ્રમાણે જે વિઝનથી કાર્ય કરતા હતા તે જ પ્રમાણે મોદી કરી રહ્યા છે. રાષ્ટ્રથી મોટું કંઈ નથી. કચ્છના મહારાણી પણ તરફેણમાં છે. રાષ્ટ્રહિતને ધ્યાનમાં રાખી કોઈપણ વાદ

(જુઓ પાનું ૨) ▶▶

## કલ્યાણ યોજના માટે મતદારોનો સર્વે ભ્રષ્ટાચાર ગણાશેઃ ચૂંટણી પંચ

નવી દિલ્હીઃ રાજકીય પક્ષ અને ઉમેદવારો દ્વારા મતદારોની માહિતી મેળવવા તેમની પ્રસ્તાવિત યોજનાઓ માટે હાથ ધરવામાં આવતા વિવિધ સર્વેની ગંભીરતાથી નોંધ લેતાં ચૂંટણી પંચે ગુરુવારે કહ્યું હતું કે કલ્યાણ યોજના માટે મતદારોનો સર્વે ચૂંટણીના કાયદા અંતર્ગત ભ્રષ્ટાચાર ગણાશે.

અમુક રાજકીય પક્ષ અને ઉમેદવારો ચૂંટણી બાદ અમલમાં મૂકાનારી કલ્યાણ યોજનાઓ માટે કાયદેસર સર્વે અને વ્યક્તિગત નામ નોંધવા પક્ષપાતી પ્રયાસ કરી બંને વચ્ચેની રેખા ભૂંસવાની પ્રવૃત્તિઓમાં રોકાયેલા છે એ બાબતની ચૂંટણી પંચે નોંધ લીધી હતી.

ચૂંટણી પંચે તમામ રાષ્ટ્રીય અને રાજ્ય સ્તરના પક્ષોને માર્ગદર્શિકા પાઠવી કોઈપણ પ્રકારની જાહેરાત, સર્વેક્ષણ કે મોબાઈલ ઍપની મારફતે આ પ્રકારની પ્રવૃત્તિઓથી દૂર રહેવા જણાવ્યું છે. ચૂંટણી બાદ યોજનાનો લાભ આપવા માટે નામની નોંધણી કરવી એ પ્રસ્તાવિત લાભ માટે મતદાર સાથે સીધો સંપર્ક સાધવા બરાબર છે અને એ બાબત ચોક્કસ પ્રકારે મતદાન કરવા મતદારને પ્રેરવાની વ્યવસ્થા કરવા તેમ જ તેને લલચાવવા બરાબર હોવાનું પંચે કહ્યું હતું. (એજન્સી)■

## પદ્મ પુરસ્કારો ૨૦૨૫ માટે ઓનલાઇન નામાંકન શરૂ

નવી દિલ્હીઃ પ્રજાસત્તાક દિન, ૨૦૨૫ના પ્રસંગે જાહેર થનારા પદ્મ પુરસ્કારો માટે ગુરૂવારથી ઓનલાઇન નામાંકન / ભલામણો શરૂ કરવામાં આવી હતી.

પદ્મ વિભૂષણ , પદ્મભૂષણ અને પદ્મશ્રી નામના પદ્મ પુરસ્કારો દેશના સર્વોચ્ચ નાગરિક પુરસ્કારોમાંના એક છે.

પદ્મ પુરસ્કારો માટે નામાંકનની છેલ્લી તારીખ ૧૫ સપ્ટેમ્બર, ૨૦૨૪ છે.

૧૯૫૪માં શરૂ કરાયેલા આ પુરસ્કારોની જાહેરાત દર વર્ષે પ્રજાસત્તાક દિન નિમિત્તે કરવામાં આવે છે.

પદ્મ પુરસ્કાર માટેના નામાંકનો/ભલામણો રાષ્ટ્રીય પુરસ્કાર પોર્ટલ (https://awards.gov.in) પર ઓનલાઇન કરી શકાશે.

આ પુરસ્કાર વર્ક ઓફ ડિસ્ટિંક્શન ને માન્યતા

(જુઓ પાનું ૨) ▶▶

## સુરતે ભાજપના વિજયના શ્રી ગણેશ કર્યા છેઃ રાજનાથ

સરન (બિહાર): સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે ગુરુવારે દાવો કર્યો હતો કે સુરત અને ઈન્દોરમાં આકાર લઈ રહેલી પરિસ્થિતિ લોકસભાની ચૂંટણીમાં ભાજપના વડપણ હેઠળનો એનડીએ ૪૦૦ કરતા પણ વધુ બેઠક મેળવશે એવા સંકેત આપે છે.

ઉમેદવારીપત્રકની ચકાસણી દરમિયાન મોટાભાગના ઉમેદવારના ઉમેદવારીપત્રક રદ કરવામાં આવ્યા હોવા ઉપરાંત બાકીના ઉમેદવાર સ્પર્ધામાંથી ખસી જવાને પગલે ભાજપના ઉમેદવાર મૂકેશ દલાલ બિનહરીફ ચૂંટાઈ આવ્યા હોવાનો ઉલ્લેખ કરતા રાજનાથ સિંહે કહ્યું હતું કે સુરતે ભાજપના વિજયના શ્રી ગણેશ કર્યા છે.

મધ્ય પ્રદેશના વર્તમાન સાંસદ અને ભૂતપૂર્વ

(જુઓ પાનું ૨) ▶▶

## રાયબરેલીની બેઠક પર ભાજપના ઉમેદવાર દિનેશ પ્રતાપ સિંહ

નવી દિલ્હી : ભારતીય જનતા પાર્ટીએ ૨૦૧૯માં કૉંગ્રેસનાં નેતા સોનિયા ગાંધીએ જીતેલી રાયબરેલી બેઠક પર ઉમેદવાર તરીકે દિનેશ પ્રતાપ સિંહનું નામ જાહેર કર્યું છે. સોનિયા ગાંધી હવે રાજ્યસભાનાં સભ્ય છે અને કૉંગ્રેસે હજી આ બેઠક પરથી ઉમેદવાર જાહેર કર્યો નથી. જોકે ભાજપે અઠવાડિયાથી ચાલતી અટકળોને અંત લાવીને કૈસરગંજ બેઠક પર કરણ ભુષણ સિંહને ઉમેદવાર તરીકે જાહેર કર્યા હતા. ભાજપે તેમના પિતા અને વિદ્યમાન સાંસદ બ્રિજભુષણ શરણસિંહની ટિકિટ કાપી હતી. બ્રિજભુષણ પર મહિલા કુસ્તાબાજોની જાતીય કનડગત કરવાના ફોજદારી આક્ષેપો છે. જોકે તેમના પુત્રને અપાયેલી ટિકિટ બતાડે છે કે તેઓ આ પ્રદેશમાં અને પક્ષમાં કેટલા મોટા વગદાર ક્ષત્રિય નેતા છે. તેઓ છ વખતના સંસદસભ્ય છે.

દરમિયાન નાસિકના સંદેશાનુસાર શિવસેનાના હેમંત ગોડસેએ ઉત્તર મહારાષ્ટ્રના નાશિકમાંથી અને કેન્દ્ર નાં પ્રધાન ડૉક્ટર ભારતી પવારે ડિંડોરી બેઠક પરથી ઉમેદવારીપત્ર ભર્યું હતું. શિવસેનાના ઉમેદવાર અને મુખ્ય પ્રધાન એકનાથ શિંદેના પુત્ર શ્રીકાત શિંદેએ મુંબઈની નજીકના કલ્યાણ મતદારક્ષેત્રમાંથી ઉમેદવારીપત્ર ભર્યું હતું. મહાયુતિના ઘટકપક્ષો ભાજપ, શિવસેના અને એનસીપીએ ગોડસે અને ડૉ. પવારે ફોર્મ ભર્યું ત્યારે મોટું સરઘસ કાઢ્યું હતું, જેમાં મુખ્ય પ્રધાન એકનાથ શિંદે, નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ, જિલ્લા

(જુઓ પાનું ૨) ▶▶

## ચારધામ યાત્રા માટે નવી માર્ગદર્શિકા જાહેર

દેહરાદૂનઃ ૧૦ મેથી ચારધામ યાત્રા શરૂ થઈ રહી છે અને ઉત્તરાખંડ સરકારે વીવીઆઈપી ભક્તોને ૨૫ મે સુધી ચારધામ યાત્રા પર ન આવવા વિનંતી કરી છે.

ઉત્તરાખંડ સરકારે બુધવારે કહ્યું કે પ્રથમ ૧૫ દિવસ દરમિયાન વીવીઆઈપી ભક્તોએ યાત્રામાં ન આવવું જોઈએ જેથી સામાન્ય શ્રદ્ધાળુઓને તેમના દર્શનમાં કોઈ મુશ્કેલી ન પડે.

આ અંગે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્ય સચિવોને પત્ર લખીને ઉત્તરાખંડ સરકારના મુખ્ય સચિવ રાધા રાતુરીએ જણાવ્યું છે કે છેલ્લા કેટલાક વર્ષોમાં રાજ્યમાં ચારધામમાં જનારા શ્રદ્ધાળુઓની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે અને આ વર્ષે પણ પ્રથમ ૧૫ દિવસમાં ૧૦ લાખથી વધુ શ્રદ્ધાળુઓ આવવાની આશા છે. 'ભક્તોના (જુઓ પાનું ૨) ▶▶

## જીએસટીના અધિકારીઓની આજે મહત્ત્વની બેઠક

નવી દિલ્હીઃ મહેસૂલ સચિવ સંજય મલ્હોત્રાના વડપણ હેઠળ શુક્રવારે મળનારી કેન્દ્ર અને રાજ્યના જીએસટી અધિકારીઓની બેઠકમાં બનાવટી કંપનીઓ દ્વારા કરચોરી કરવા ઊભી કરવામાં આવેલી યંત્રણાને તોડી પાડવા રજિસ્ટ્રેશનના કડક નિયમો સહિતના મુદ્દે ચર્ચા કરવામાં આવે એવી શક્યતા છે.

કડક ઑડિટ તેમ જ સ્ક્રૂટિની અને સ્થાનિક ટ્રાન્ઝેક્શનમાં થયેલા વધારા સાથે અર્થતંત્રની વધેલી ગતિને પગલે એપ્રિલ મહિનામાં જીએસટી કલેક્શનને રૂ. ૨.૧૦ લાખ કરોડના વિક્રમી આંકને સ્પર્શ્યાના ગણતરીના દિવસોમાં જ આ બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે.

ઈનપુટ ટેક્સ ક્રેડિટ (આઈટીસી) ક્લેઈમ કરવા બનાવટી કંપનીઓ દ્વારા ઊભી કરવામાં આવેલી યંત્રણા પર અંકુશ આણવા જીએસટી અંતર્ગત રજિસ્ટ્રેશનના નિયમો કડક બનાવવા તેમ જ સેન્ટ્રલ ઍન્ડ સ્ટેટ ટેક્સ એડમિનિસ્ટ્રેશનના વરિષ્ઠ અધિકારીઓની ત્રીજી નેશનલ કો-ઓર્ડિનેટિંગ મિટિંગ સહિતના મુદ્દે આ બેઠકમાં ચર્ચા કરવામાં આવે એવી શક્યતા છે. આર્થિક લેવડદેવડને ટ્રેક કરી જીએસટીને મામલે કરવામાં આવતી છેતરપિંડીના (જુઓ પાનું ૨) ▶▶

## દુબઈમાં ફરી મુશળધાર વરસાદ બાદ એડવાઈઝરી જારી, ફ્લાઈટ્સનું સમયપત્રક ખોરવાયું

દુબઈઃ ગયા મહિને સંયુક્ત આરબ અમીરાત (યુએઈ)માં આવેલા ભયંકર પૂરના થોડા દિવસો પછી, ગુરુવારે વહેલી સવારે અબુધાબી અને દુબઈમાં ભારે વરસાદ અને તોફાને ફરી તબાહી મચાવી છે. ભારે વરસાદને કારણે ઘણી ફ્લાઈટ્સ રદ કરવામાં આવી હતી અને દુબઈમાં બસ સેવાઓ સ્થગિત કરવામાં આવી હતી. એક અહેવાલ મુજબ, દુબઈ આવતી પાંચ ફ્લાઈટને રાતોરાત ડાયવર્ટ કરવામાં આવી હતી, જ્યારે નવ ઇનકમિંગ અને ચાર આઉટગોઈંગ ફ્લાઈટ્સ રદ કરવામાં આવી હતી. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે અમીરાતની ઘણી ફ્લાઈટ્સ પણ રદ કરવામાં આવી છે.

સ્થાનિક મીડિયાના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે દુબઈના નાગરિકો ગુરુવારે સવારે લગભગ ૩ વાગ્યે જોરદાર પવન, વાદળાનો ગડગડાટ અને વીજળીના કારણે જાગી ગયા હતા. વરસાદના લગભગ એક કલાક પછી, સાંજે ૪ વાગ્યાની આસપાસ, દેશના હવામાન વિભાગે એલર્ટ જારી કર્યું હતું, જે દર્શાવે છે કે વરસાદના વાદળોએ દેશના મોટા ભાગને આવરી લીધો છે. દેશમાં પ્રતિકૂળ હવામાન ૩ મે સુધી ચાલુ રહેવાની ધારણા છે. સ્થાનિક મીડિયાના અહેવાલો અનુસાર, અબુધાબીના કેટલાક વિસ્તારોમાં રસ્તાઓ પર પાણી ભરાઈ જવાના અહેવાલ છે, જ્યારે જેબેલ અલી, અલ મકતુમ ઈન્ટરનેશનલ એરપોર્ટ, દુબઈ ઈન્ડસ્ટ્રિયલ સિટી, દુબઈ ઈન્વેસ્ટમેન્ટ પાર્ક અને જુમેરાહ વિલેજ ટ્રાયેન્ગલમાં જોરદાર પવન ફૂંકાવાના અહેવાલ છે.

બુધવારે, દુબઈ એરપોર્ટ અને બે સ્થાનિક એરલાઈન્સે મુસાફરોને એડવાઈઝરી જારી કરી હતી અને દુબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર

(જુઓ પાનું ૨) ▶▶

## સીબીઆઈ પર અમારું કોઈ નિયંત્રણ નહિઃ કેન્દ્ર

નવી દિલ્હીઃ કેન્દ્ર સરકારે ગુરુવારે સેન્ટ્રલ બ્યુરો ઑફ ઇન્વેસ્ટિગેશન (સીબીઆઈ)ને લઈને સુપ્રીમ કોર્ટમાં મહત્ત્વપૂર્ણ જવાબ આપ્યો હતો. બંગાળ સરકાર દ્વારા કરાયેલી અરજીના જવાબમાં કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટને જણાવ્યું હતું કે, સીબીઆઈ એક સ્વતંત્ર કાનૂની સંસ્થા છે અને તેના પર અમારું કોઈ નિયંત્રણ નથી. જેના પ્રતિભાવમાં, કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટને બંગાળ સરકારની અરજીને ફગાવી દેવા વિનંતી કરી હતી જેમાં સીબીઆઈ પર એફઆઈઆર નોંધવા અને રાજ્યની સંમતિ વિના તપાસ શરૂ કરવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો.

બંગાળ સરકારે સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરીને દાવો કર્યો છે કે, રાજ્યમાં ૧૨ કેસોની સુનાવણીમાંથી સીબીઆઈને હટાવવામાં આવે. રાજ્યએ કહ્યું છે કે, રાજ્ય સરકારના અધિકારક્ષેત્રમાં આવતા કોઈપણ કેસની તપાસ માટે રાજ્યની સંમતિ ફરજિયાત છે. આમ છતાં

(જુઓ પાનું ૨) ▶▶

IN LAST 8 YEARS, 1000+ HAPPY TOURIST
ગ્રાન્ડ યુરોપ
મે FULL, ૧૦જૂન
સ્વીઝરલેન્ડ-૪ રાત્રી
પેરીસ-૩ રાત્રી+
૭ રાત્રી અન્ય યુરોપ દેશમાં
15 DAYS,PREMIUM AIRLINES,VISA,MT. TITLIS &MT.JUNGFRAUGH,વેજ/જૈન લંચ-ડીનર
રોમમાં રસપુરી,પેરીસમાં પાવભાજી,પીસામાં પીઝા
ડીઝનીલેન્ડ,એફીલ ટાવર,વેનીસ ગંડોલા રાઈડ
VIETNAM-SAPA SEP TO DEC. 11 DAYS
સીંગાપોર-મલેશીયા-થાઈલેન્ડ ક્રુઝ ૨ રાત્રી
જેન્ટીંગ,બેંગકોક,પટ્ટાયા,દિ.૯,૧૨,૧૪,ઉ.૧૯ સપ્ટે
DUBAI-ABUDHABI SEP TO DEC 6/7/8D
સીવર્લ્ડ/ફરારી/વોર્નર/ખલીફા/ડેઝર્ટસફારી
લડાખ નુબ્રા કારગીલ,જૂનપેગોંગ
ચારધામ દિ.૧૩,સપ્ટે/ઓક્ટો
નેપાલ કાઠમાંડુ પોખરા ચિત્તવન 15JUNE
કેરાલા AUG TO DEC
અયોધ્યા બનારસ SEPT TO DEC
મંડળ-સમાજ-સંસ્થાના ગ્રુપ ટુર માટે જાણીતા
SINCE 2003 નીરવ સંઘવી
વિનાયક ટુર્સ
9930716930/9820093130
9137946753/28013134
૮,વલ્લભ,મહાવીરનગર,કાંદીવલી(વે)

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# મણિપુરમાં ગેંગ રેપ-નગ્ન પરેડ, પોલીસને શું સજા થઈ?

**મણિપુરમાં** ગયા વર્ષે થયેલી હિંસામાં કુકી-જો સમુદાયની બે યુવતીઓ પર ગેંગ રેપ કર્યા પછી તેમને નિર્વસ્ત્ર કરીને જાહેરમાં પરેડ કરાવવામાં આવી હતી. મણિપુરમાં મે મહિનામાં બનેલી આ ઘટનાનો વીડિયો જુલાઈમાં સોશિયલ મીડિયા પર વાયરલ થયો ત્યારે આખા દેશનું માથું શરમથી ઝૂકી ગયું હતું. શક્તિની પૂજા કરનારા દેશમાં કોઈ સ્ત્રીનું આ હદે અપમાન થાય એ ઘટના જ ઢાંકણીમાં પાણી લઈને ડૂબી મરવા જેવી હતી પણ ના તો મણિપુરની સરકારમાં બેઠેલા લોકોના પેટનું પાણી હાલ્યું કે ના કેન્દ્રની સરકારમાં બેઠેલા લોકોને કોઈ અસર થઈ હતી.

મહિલાઓના સન્માનની વાતો કરનારા નેતાઓ ને નેત્રીઓ જાણે કશું ના બન્યું હોય એ રીતે વર્તીને બેસી રહ્યાં હતાં. મણિપુરની સરકારમાં તો આ કલંક કથા રોકવાની તાકાત નહોતી તેથી સીબીઆઈને તપાસ સોંપીને હાથ ખંખેરી નાંખેલા.

સીબીઆઈને તપાસ સોંપાઈ ત્યારે સત્ય બહાર આવવાની આશા નહોતી કેમ કે સીબીઆઈ પાળેલો પોપટ છે. સત્તામાં બેઠેલા લોકોના ઈશારે બોલવા ને વર્તવા સિવાય સીબીઆઈ પાસે બીજું કોઈ કામ નથી એવી છાપ છે. આ કારણે સીબીઆઈ બે લાચાર મહિલાઓને ન્યાય અપાવશે એવી આશા નહોતી પણ હવે આ કેસમાં સીબીઆઈએ ચાર્જશીટ દાખલ કરી છે ત્યારે લાગે છે કે, સીબીઆઈ પણ ધારે તો સારું કામ કરી શકે છે ને રાજકારણીઓનો પાળેલો પોપટ બનીને વર્તવાના બદલે સ્વતંત્ર રીતે વર્તી શકે છે. તેની સામે રાજકારણીઓમાં નફફટાઈ સિવાય કંઇ નથી ને એ લોકો કોઈ પણ મુદ્દાનો ઉપયોગ રાજકીય ફાયદા માટે જ કરવામાં માને છે.

સીબીઆઈના ચાર્જશીટમાં દાવો કરવામાં આવ્યો છે કે, મણિપુરના પોલીસ અધિકારીઓએ જ આ યુવતીઓને ટોલાને સોંપીને તેમની પર ગેંગ રેપ કરાવ્યો હતો અને પછી નિર્વસ્ત્ર ફેરવવા દઈને જાહેરમાં તેમની બેઈજ્જતી કરાવી હતી. સીબીઆઈએ તેની ચાર્જશીટમાં આ શરમજનક ઘટનાનો આખો ઘટનાક્રમ વર્ણવ્યો છે.

આ ઘટનાક્રમ પ્રમાણે, મેઈતેઈ સમુદાયનાં હજારથી વધારે લોકોનું ટોળું કાંગપોકપી જિલ્લામાં આ યુવતીઓના ગામમાં બળજબરીથી ઘૂસી ગયું હતું. ટોળાથી બચવા માટે આ બંને યુવતીઓ અનેક પીડિતો સાથે જંગલ તરફ દોડી હતી, પણ ટોળાએ તેમને જોઈ લીધી હતી. ભીડમાંના કેટલાક લોકોએ યુવતીઓને રોડ કિનારે પાર્ક કરેલી પોલીસની કાર પાસે જઈને મદદ માગવા કહેલું. યુવતીએ પોલીસની કાર સુધી પહોંચી અને તેની અંદર બેસી ગઈ પછી પણ ડ્રાઈવર અને બે પોલીસ કારમાં શાંતિથી બેઠા રહ્યા હતા.

યુવતીઓને સલામત રીતે ખસેડવાના બદલે પોલીસ કશું ના બન્યું હોય એ રીતે જ વર્તતી રહી હતી. કારની બહાર ત્રણ-ચાર પોલીસવાળા ઊભા હતા એ પણ તમાશો જોતી હતી. યુવતીઓ સાથે પોલીસની કારમાં એક પીડિત પુરુષ પણ બેઠો હતો. તેણે હાથ જોડીને પોલીસને સલામત સ્થળે લઈ જવા કહ્યું પણ પોલીસે એવો જવાબ આપ્યો કે તેમની પાસે કારની ચાવી નથી.

યુવતીઓના આશ્ચર્ય વચ્ચે થોડા સમય પછી ડ્રાઈવરે જીપ સ્ટાર્ટ કરી અને ભીડ વચ્ચે જીપ ઊભી રાખી દીધી. ટોળું જીપને ઘેરી વળ્યું પછી પોલીસ શાંતિથી કશું ના બન્યું હોય તેમ ૧,૦૦૦ લોકોની ભીડને યુવતીઓને સોંપીને ચાલતી પકડી હતી. ટોળાએ મહિલાઓને નિર્વસ્ત્ર કરીને પરેડ કરાવી અને પછી તેમના પર ગેંગ રેપ કર્યો. આ બે યુવતીઓમાંથી એક કારગિલ યુદ્ધમાં લડી ચૂકેલા સૈનિકની પત્ની હતી.

સીબીઆઈએ ચાર્જશીટમાં કરેલા દાવા પ્રમાણે, ટોળા પાસે એકે રાઇફલ્સ, એસએલઆર, ઇન્સાસ અને પોઈન્ટ ૩૦૩ રાઇફલ્સ પણ હતી. પોલીસે આ કેસમાં હુઈરેમ હિરોદાસ મેઈટી સહિત પાંચ લોકોને આરોપી ગણાવ્યા છે. પોલીસે ગયા વર્ષે જુલાઈમાં મણિપુર હુઈરેમને ઉઠાવીને જેલભેગો કર્યો હતો. આ સિવાય એક સગીર વિરુદ્ધ પણ ફરિયાદ દાખલ કરવામાં આવી છે. આરોપીઓ સામૂહિક બળાત્કાર, હત્યા, મહિલાઓની ગરિમાને નષ્ટ કરવા અને ગુનાહિત ષડયંત્ર સહિતની કલમો હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે.

સીબીઆઈએ જે ઘટનાક્રમ વર્ણવ્યો છે એ આઘાતજનક છે પણ તેના કરતાં વધારે આઘાતજનક વર્તન સરકારનું છે. સીબીઆઈએ કોર્ટમાં ચાર્જશીટ ગયા વરસના ઑક્ટોબરમાં દાખલ કર્યું હતું . એક્ઝેટ કહીએ તો સીબીઆઈએ ગયા વર્ષે ૧૬ ઑક્ટોબરે ગુવાહાટીની સીબીઆઈ કોર્ટમાં વિશેષ ન્યાયાધીશ સમક્ષ આ ચાર્જશીટ દાખલ કરી હતી. પણ આ ચાર્જશીટની વિગતો દબાવી રખાઈ હતી. તેનું કારણ તો સરકાર જ જાણે પણ અત્યારે હવે આ ચાર્જશીટની વિગતો અચાનક જ ફરતી થઈ ગઈ છે તેનું કારણ સૌ જાણે છે.

અત્યારે લોકસભાની ચૂંટણીનો પ્રચાર જોરશોરથી ચાલી રહ્યો છે અને કર્ણાટકમાં ભાજપના સાથી પક્ષ જેડીએસના સાંસદ પ્રજ્વલ રેવન્નાનું સેક્સ સ્કેમ જોરશોરથી ગાજી રહ્યું છે. રેવન્નાની હવસખોરીના કારણે ભાજપ સામે પણ સવાલો ઉઠી રહ્યા છે. તેના કારણે ભાજપ ભીંસમાં છે. સોશિયલ મીડિયા પર મણિપુરમાં મહિલાઓ પર થયેલા ગેંગ રેપ અને નગ્ન પરેડના મામલે પણ ભાજપ ચૂપ રહ્યો હતો એવી કોમેન્ટ્સ થઈ રહી છે. ભાજપ સરકારે પોતે ચૂપ નહોતો બેસી રહ્યો ને સીબીઆઈ તપાસમાં દૂધનું દૂધ ને પાણીનું પાણી કરીને આરોપીઓને જેલભેગા કરી દીધા છે એવું સાબિત કરવા આ વિગતો ફરતી કરાઈ છે.

જો કે મુખ્ય સવાલ એ છે કે, જે પોલીસે બે યુવતીઓને સલામત સ્થળે ખસેડવાના બદલે તેમને ટોળાને હવાલે કરી દીધી, તેમની નગ્નાવસ્થામાં પરેડ કરાવી અને તેમની પર ગેંગ રેપ પણ થવા દીધો એ પોલીસને કંઈ થયું કે નહીં ? આ સવાલનો જવાબ સીબીઆઈના ચાર્જશીટની ફરતી થયેલી વિગતોમાં મળતો નથી ને સરકારે તેની પણ સ્પષ્ટતા કરવી જોઈએ.

મણિપુરની ઘટનામાં ટોળાના લોકો જેટલા દોષિત છે એટલા જ દોષિત પોલીસ પણ છે. આ પોલીસે પોતાની ફરજ તો બજાવી નથી જ પણ ગેંગ રેપ અને મહિલાઓની નગ્ન પરેડ જેવા ઘૃણાસ્પદ અને ગંભીર અપરાધમાં પણ સાથ આપ્યો છે. આ પોલીસને છોડી ના શકાય. તેમને ઉઠાવીને જેલમાં નાંખવા જોઈએ ને એવી સજા થવી જોઈએ કે, એક દાખલો બેસે. સીબીઆઈએ અત્યાર સુધી તો એવું કશુ કર્યું નથી. હવે પોલીસોને પણ સજા કરાવીને સીબીઆઈ સાબિત કરે કે એ સરકારનો પાળેલો પોપટ નથી પણ ન્યાય પણ કરાવે છે.

## આજનું પંચાંગ

**પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા**

(ઉત્તરાયણ સૌર ગ્રીષ્મઋતુ), શુક્રવાર, તા. ૩-૫-૨૦૨૪ પંચક

- ભારતીય દિનાંક ૧૩, માહે વૈશાખ, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૦, શા. શકે ૧૯૪૬, ચૈત્ર વદ-૧૦
- જૈન વીર સંવત ૨૫૫૦, માહે ચૈત્ર, તિથિ વદ-૧૦
- પારસી શહેનશાહી રોજ ૨૨મો ગોવાદ, માહે ૯મો આદર, સને ૧૩૯૩
- પારસી કદમી રોજ ૨૨મો ગોવાદ, માહે ૧૦મો દએ સને ૧૩૯૩
- પારસી ફસલી રોજ ૧૪મો ગોશ, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૨૩મો, માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૪૫
- મીસરી રોજ ૨૫મો, માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૪૫
- નક્ષત્ર શતભિષા મધ્યરાત્રે ક. ૨૪-૦૫ સુધી, પછી પૂર્વાભાદ્રપદા.
- ચંદ્ર કુંભમાં ,ચંદ્ર રાશિ નામાક્ષરઃ કુંભ (ગ, સ, શ, ષ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૧૧, અમદાવાદ ક. ૦૬ મિ. ૦૫, સ્ટા.ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૫૯, અમદાવાદ ક. ૧૯ મિ. ૦૮, સ્ટા. ટા.
- -ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- ભરતી : સવારે ક.૦૭-૩૭,રાત્રે ક. ૨૦-૧૬
- ઓટઃ બપોરે ક. ૧૩-૨૬, મધ્યરાત્રિ પછી ક. ૦૨-૪૨(તા.૪)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૦, ''રાક્ષસ'' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, ''ક્રોધી'' નામ સંવત્સર, ચૈત્ર કૃષ્ણ - દસમી. પંચક, વિષ્ટિ બપોરે ક. ૧૨-૪૨ થી રાત્રે ક.૨૩-૩૫.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ વરુણ દેવતા, રાહુ દેવતાનું પૂજન, પરદેશનું પસ્તાનું, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પુજા, મંદિરોમાં પાટ અભિષેક પૂજા, ધજા કળશ પતાકા ચઢાવવી, આભૂષણ, માલ લેવો, દેવ દર્શન, અન્નપ્રાશન, નામકરણ, નોકરી, વેપાર, દુકાન, વાહન, વૃક્ષ, ધાન્ય ભરવું, પશુ લે-વેચ.
- આચમનઃ ચંદ્ર-શુક્ર યુતિ કળાનો શોખ
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-શુક્ર યુતિ (તા. ૪)
- ગ્રહગોચરઃ સૂર્ય-મેષ, મંગળ-મીન, માર્ગી બુધ-મીન, ગુરુ-વૃષભ, શુક્ર-મેષ, શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, હર્ષલ-મેષ, નેપ્ચ્યુન-મીન, પ્લુટો-મકર.

# કૅનેડાના પીએમ જસ્ટિસ ટ્રુડોનું વિવાદિત નિવેદન, કહ્યું અમે ખાલિસ્તાન સાથે

ટોરોન્ટોઃ કૅનેડાના પીએમ જસ્ટિસ ટ્રુડોએ ફરી એક વિવાદિત નિવેદન આપ્યું છે, જેમાં જસ્ટિન ટ્રુડોએ કહ્યું છે કે ભારત અને કૅનેડા વિશ્વની બે સૌથી મોટી લોકશાહી છે. આપણા બંને દેશોએ સાથે મળીને આગળ વધવું જોઈએ, પરંતુ આપણે હરદીપ સિંહ નિજ્જરની હત્યાને નજરઅંદાજ કરી શકીએ નહીં. ગયા વર્ષે ૧૮ જૂને કૅનેડામાં ખાલિસ્તાની નિજ્જરની હત્યા થઈ હતી. કૅનેડાના પીએમ જસ્ટિન ટ્રુડોએ આ માટે ભારતીય એજન્ટોને જવાબદાર ઠેરવ્યા હતા.

**ખાલિસ્તાની તત્ત્વોએ ભારત વિરોધી સૂત્રોચ્ચાર પણ કર્યા**

એક પંજાબી ચેનલ સાથે વાત કરતા ટ્રુડોએ કહ્યું, 'ભારત અને કૅનેડા વિશ્વની બે મોટી લોકશાહી છે. આપણે બંનેએ સાથે મળીને ચાલવું જોઈએ. તેમણે કહ્યું કે અમારા સંબંધો સારા હોવા જોઈએ, પરંતુ હરદીપ સિંહ નિજ્જરની હત્યાએ એક સમસ્યા ઊભી કરી છે, જેને આપણે અવગણી શકીએ નહીં. થોડા દિવસ પહેલા જ ટ્રુડોએ ખાલસા દિવસના કાર્યક્રમમાં સંબોધન કર્યું હતું. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ખાલિસ્તાન તરફી લોકો હાજર રહ્યા હતા. આટલું જ નહીં આ ઈવેન્ટમાં આ લોકોએ ભારત વિરોધી બેનર લગાવ્યા હતા. આ લોકોના હાથમાં ખાલિસ્તાની ઝંડા પણ હતા. જસ્ટિન ટ્રુડો જ્યારે મંચ પર પહોંચ્યા ત્યારે ખાલિસ્તાની તત્ત્વોએ ભારત વિરોધી સૂત્રોચ્ચાર પણ કર્યા હતા.

**અમે ખાલિસ્તાનની સાથે છીએ**

એટલું જ નહીં, જસ્ટિન ટ્રુડોએ એમ પણ કહ્યું કે અમે ખાલિસ્તાનની સાથે છીએ, પરંતુ શાંતિપૂર્ણ આંદોલન કરવું પડશે. અમે તેમને પ્રતિબંધિત નહીં કરીએ. કૅનેડાના પીએમએ કહ્યું, 'તમારો જે પણ અભિપ્રાય છે, અમે તેનું સમર્થન કરીએ છીએ. આ એટલા માટે છે કારણ કે કૅનેડા એક મુક્ત દેશ છે, પરંતુ તમારે શાંતિપૂર્ણ વિરોધ કરવો પડશે. એટલું જ નહીં, ખાલિસ્તાની તત્ત્વો સામે ભારતના વાંધાને લઈને ટ્રુડોએ કહ્યું કે અમારું કામ રાજકીય આંદોલનને રોકવાનું નથી. તમને જણાવી દઈએ કે ભારતે પણ બૈસાખી પરેડમાં ખાલિસ્તાની સમર્થકોના એકત્ર થવાને લઈને કૅનેડા સામે વાંધો ઉઠાવ્યો છે.

## ટ્રેનના ડ્રાઈવરોનો જમવાનો સમય નક્કી કરાશે

નવી દિલ્હી : કેન્દ્ર સરકાર ભોજન ખાવા અને હાજતે જવા માટે ચોક્કસ સમયગાળો રાખવાની ટ્રેન ડ્રાઈવરની લાંબા સમયની માગણીનો ઉકેલ શોધી કાઢવા સંમત થઈ છે. શ્રમ મંત્રાલયે ભારતીય રેલવેના લોકો રનિંગ સ્ટાફના જમવાના અને હાજતે જવાનો ચોક્કસ સમયગાળો નક્કી કરવાની કાર્યપદ્ધતિ નક્કી કરવા ઉચ્ચ સત્તાધારી સમિતિની રચના કરી છે. આ પહેલ ઈન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઈઝેશનના કામના કલાક (ઉદ્યોગ) કન્વેન્શન, ૧૯૧૯ પ્રમાણેની છે. ભારતે આ કન્વેનશનને સ્વીકાર્યા છે. વિવિધ યુનિયનના હોદેદારોના જણાવ્યા પ્રમાણે જાગતિક સંસ્થાના કન્વેનશન પ્રમાણે કામદારોને કાર્યના સમય દરમિયાન આરામના ઈન્ટરવેલ આપવા જોઈએ. આનો આંતરરાષ્ટ્રીય રીતે અમલ થાય છે.

# ચાર્જશીટ એવી હોવી જોઈએ કે ગુનો સાબિત થાયઃ સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હી : જસ્ટિસ સંજીવ ખન્ના અને જસ્ટિસ એસ. વીએન ભટ્ટીની ખંડપીઠે પોતાના નિર્ણયમાં ચાર્જશીટ દાખલ કરવા સંબંધિત પ્રક્રિયાગત સ્પષ્ટતા જણાવતા કહ્યું કે, ચાર્જશીટની તમામ કોલમોમાં સ્પષ્ટ અને સંપૂર્ણ પ્રવેશ હોવો જોઈએ કે જેથી અદાલત સરળતાથી સમજી શકે કે ગુનેગારે શું અપરાધ કર્યો છે અને અપરાધમાં કોની ક્યા, કેટલી અને શું ભૂમિકા રહી છે.

સુપ્રીમ કોર્ટે ફોજદારી કેસોમાં ચાર્જશીટ દાખલ કરવાની પ્રક્રિયા પર મહત્ત્વનો ચુકાદો આપતાં કહ્યું છે કે તપાસ એજન્સીની ચાર્જશીટમાં પુરાવાની પ્રકૃતિ અને ધોરણો એટલા મજબૂત અને સ્પષ્ટ હોવા જોઈએ કે પુરાવાની ઉપસ્થિતિ થતા જ ગુનાની સાબિતી મળી જવી જોઈએ. જસ્ટિસ સંજીવ ખન્ના અને જસ્ટિસ એસ. વીએન ભટ્ટીની ખંડપીઠે એક વિવાદિત સંપત્તિના કેસમાં વિવિધ પક્ષો દ્વારા કરાયેલી અરજીઓ બાદ આ મુદ્દાનું નિવારણ કાર્ય બાદ કોર્ટે આ મહત્ત્વપૂર્ણ ટિપ્પણી કરી હતી.

ઉત્તર પ્રદેશમાં દાખલ કરવામાં આવેલી આ ફોજદારી ફરિયાદોમાં છેતરપિંડી, વિશ્વાસઘાત અને ગુનાહિત ષડ્યંત્રના આરોપો પણ હતા. અલ્હાબાદ હાઈ કોર્ટે કેસમાં એફઆઈઆર અને મેજિસ્ટ્રેટના સમન્સને રદ કરવાનો ઇનકાર કર્યો હતો, પરંતુ સુપ્રીમ કોર્ટે આખરે જેની મિલકત પર લડાઈ ચાલી રહી હતી તે મૃતકના પુત્રો દ્વારા દાખલ કરવામાં આવેલી અપીલને મંજૂરી આપી હતી. અન્ય આરોપીઓને પણ ધરપકડ પૂર્વ જામીન માટે અરજી કરવાની પરવાનગી આપવામાં આવી હતી. તેના માટે જારી કરાયેલ સમન્સ ઓર્ડરને નવા નિર્ણય માટે મેજિસ્ટ્રેટને મોકલવામાં આવ્યો હતો.

જસ્ટિસ સંજીવ ખન્ના અને જસ્ટિસ એસ. વીએન ભટ્ટીની ખંડપીઠે પોતાના નિર્ણયમાં ચાર્જશીટ દાખલ કરવા સંબંધિત પ્રક્રિયાગત સ્પષ્ટતા જણાવતા કહ્યું કે, ચાર્જશીટની તમામ કોલમોમાં સ્પષ્ટ અને સંપૂર્ણ પ્રવેશ હોવો જોઈએ કે જેથી અદાલત સરળતાથી સમજી શકે કે ગુનેગારે શું અપરાધ કર્યો છે અને અપરાધમાં ગુનેગારની ક્યા, કેટલી અને શું ભૂમિકા રહી છે. આથી ગુનામાં ગુનેગારની ભૂમિકાને અલગથી, સ્પષ્ટ રૂપથી અને યોગ્ય માળખામાં દર્શાવવું ખૂબ જ જરૂરી બની જાય છે. તપાસ એજન્સી સમક્ષ આરોપીઓ અને સાક્ષીઓના નિવેદનો અને સંબંધિત દસ્તાવેજો સાક્ષીઓની યાદી સાથે જોડવાના રહેશે.

તેમણે કહ્યું કે જ્યારે કેસ વધુ અથવા પાછળના પુરાવા પર નિર્ભર નથી ત્યારે ચાર્જશીટ પૂર્ણ છે. ટ્રાયલ પુરાવા અને ચાર્જશીટ સાથે રેકોર્ડ પર મૂકવામાં આવેલી સામગ્રીના આધારે હાથ ધરવામાં આવવી જોઈએ. આ ધોરણ અતિશય તક્નિકી અથવા મૂર્ખતાપૂર્ણ નથી, પરંતુ વિલંબ તેમજ લાંબી કેદને કારણે નિર્દોષ લોકોને હેરાનગતિથી બચાવવા માટે વ્યવહારુ માર્ગ પણ છે. ચાર્જશીટમાં તમામ કોલમમાં સ્પષ્ટ અને સંપૂર્ણ એન્ટ્રીઓ હોવી જોઈએ જેથી કોર્ટ સ્પષ્ટપણે સમજી શકે કે કયા આરોપીએ કયો ગુનો કર્યો છે.

## પહેલા પાનાનું ચાલુ

### વિપક્ષ જેહાદ

મનાય છે. રશિયા - યુક્રેનના યુદ્ધમાં ભારતનો તિરંગો પાસપોર્ટ બન્યો છે. પાકિસ્તાનીઓ પણ તિરંગો બતાડી ત્યાંથી નીકળતા હતા. કૉંગ્રેસ દેશને બે ભાગમાં વહેંચવા માગે છે. કૉંગ્રેસ મહોબતની દુકાનમાં ફેક સામાન વેચે છે. કૉંગ્રેસ ખૂબ હતાશ થઇ ગઇ છે. કૉંગ્રેસે મુસ્લિમ લીગ સાથે પોતાનો જોડી દીધી. ૬૦ વર્ષ સુધી જે લોકોની પરવાહ ન કરી તેમની હવે વાત કરે છે. મોદીએ ૨૫ કરોડ ગરીબોને ગરીબીમાંથી બહાર નીકળ્યા છે. કૉંગ્રેસ દરેક ચૂંટણીમાં એક જ મંત્ર બોલે છે, ગરીબ.. ગરીબ. મોદીએ ગરીબોના આંસૂ લુછ્યા, પાકા ઘર આપ્યા છે. મોદી ગરીબને ઘર આપે છે તો નવું જીવન આપે છે.

કૉંગ્રેસ ગેરંટી આપે કે ધર્મના આધારે મુસ્લિમોને આરક્ષણ નહીં આપે. કૉંગ્રેસ ગેરંટી આપે કે દેશને વહેંચવાનું કામ ન કરે. કૉંગ્રેસ ગેરંટી આપે કે તે અનામત સાથે છેડછાડ નહીં કરે. કૉંગ્રેસની સરકારવાળા રાજ્યો વોટ બેંકની ગંદી રાજનીતિ ન કરે. અનામતનો ક્વોટા કાપીને મુસ્લિમોને અનામત ન આપે કૉંગ્રેસ. શહજાદા આવી જાવ, મારા આ પડકારો સ્વીકારો. બંધારણ માથે મૂકીને નાચવાથી કંઇ ન થાય. ઇન્ડી ગઠબંધનની પોલ તેમના જ નેતાએ ખોલી દીધી છે. ઇન્ડી ગઠબંધને લોકોને વોટ જેહાદ કરવાનું કહ્યું છે. ઇન્ડી ગઠબંધને મુસ્લિમોને તેમને મત આપવા કહ્યું છે. કૉંગ્રેસના એક પણ નેતાએ આ વોટ જેહાદનો વિરોધ નથી કર્યો. વોટ જેહાદની વાત કૉંગ્રેસની તુષ્ટીકરણની રાજનીતિ છે.

### કૉંગ્રેસનું અસ્તિત્વ

નક્ષલવાદનો અંત આણવા અને ભારતને વિશ્વનું ત્રીજું મોટી અર્થતંત્ર બનાવવા માટેની છે.

શાહે ઈન્ડિ બ્લોકના પાર્ટનર સમાજવાદી પાર્ટીની ટીકા કરતાં કહ્યું હતું કે તે પરિવારવાદનું રાજકારણ રમે છે. અખિલેશ યાદવે હાલની ચૂંટણીમાં તેમના કુટુંબના પાંચ સભ્યોને ટિકિટ આપી છે. અખિલેશ કન્નોજથી, તેમની પત્ની ડિમ્પલ મૈનપુરીથી, તેમના કુટુંબના બીજા ત્રણ સભ્યો અક્ષય યાદવ ફિરોઝાબાદથી, આદિત્ય યાદવ બદાયુંથી અને ધર્મેન્દ્ર યાદવ આઝમગઢથી ચૂંટણી લડી રહ્યા છે. જો અખિલેશે યાદવના યુવાનોને ટિકિટ આપી હોત તો બહેતર હોત. શાહે કહ્યું હતું કે છેલ્લા ૭૦ વર્ષથી કૉંગ્રેસ રામ મંદિરના બાંધકામને અટકાવતી હતી, પરંતુ ભાજપે એ કામ પૂરું કર્યું.

શાહે કહ્યું હતું કે તમે મોદીને બીજી વાર વડા પ્રધાન બનાવ્યા અને અમે પાંચ વર્ષમાં કેસ જીતી ગયા, ભૂમિપૂજન કર્યું, અને ૨૨ જાન્યુઆરીએ પ્રાણપ્રતિષ્ઠા કરી. સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવ, ડિમ્પલ, રાહુલ અને પ્રિયંકાને આમંત્રણ અપાયું હતું , પરંતુ વોટ બૅન્કના ડરથી હાજરી આપી નહીં. તમને ખબર છે કે તેમની વોટ બૅન્ક કોણ છે. (એજન્સી)

### સૌરાષ્ટ્રના ૪૫

વિવાદમાં ન પડવું જોઈએ. સાથે જ, કચ્છ, ભાવનગર, વાંકાનેર, ગોંડલ, દેવગઢ બારીયા, બાલાસિનોર, દાંતા સ્ટેટ, પાલિતાણા, સાણંદ, જસદણ, વિરપુર, વલભીપુર, ઢાંક, બજાણા, દેવપુર, નલિયા, ચોટીલા, ગૌરીદડ, ચોટીલા કોઠારીયા, રાજપરા, બાબરા, બીલખા, કાનપુર, માખાવડ, સાપર, મેંગણી અને પાળીયાદ સહિતના સ્ટેટના રાજવીઓએ પત્રના માધ્યમથી નરેન્દ્ર મોદીને સમર્થન આપ્યું હતું. બીજી તરફ, ગુજરાતની સૌથી ચર્ચિત રાજકોટ લોકસભા બેઠકના ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલાએ લેઉઆ પાટીદાર અગ્રણીઓ સાથે બેઠક કરી હતી. તેઓએ પાટીદાર ઉદ્યોગપતિઓ અને વેપારી અગ્રણીઓ સાથે બેઠક કરી હતી. જાણીતા ઉદ્યોગપતિ ચંદુભાઈ વિરાણીના ઘરે આ બેઠક યોજી હતી. જેમાં વિઠ્ઠલ ભાઈ ધડુક, વલ્લભભાઈ સતાણી , દુષ્યંતભાઈ ટીલાળા, આકાશ વેકરીયા, શંભુભાઈ પરસાણા, કિશોરભાઈ પાંભર, પરેશ ગજેરા સહિતના અનેક ઉદ્યોગપતિઓ હાજર રહ્યા હતા. જેમાં લોકસભાની ચૂંટણીને લઈને ચર્ચા થઈ હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજકોટ લોકસભાના કૉંગ્રેસના ઉમેદવાર પરેશ ધાનાણી લેઉવા પટેલ સમાજમાંથી આવે છે. રાજકોટ લોકસભામાં લેઉવા પટેલ નિર્ણાયક મતદારો સાબિત થાય છે. લેઉવા પટેલ સમાજ સાથેની બેઠકમાં ક્ષત્રિય સમાજના અગ્રણીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં વાંકાનેરના રાજવી અને સાંસદ કેસરીદેવસિંહ ઝાલા ઉપસ્થિત રહ્યા હતા. રાજકોટ લોધીકા સંઘના ચેરમેન નરેન્દ્રસિંહ જાડેજા ઉપસ્થિત રહ્યા હતા. ભાજપના લેઉવા પાટીદાર સમાજના અગ્રણી ધનસુખ ભંડેરી ઉપસ્થિત રહ્યાં હતા.

### સુરતે ભાજપના

કેન્દ્રીય પ્રધાન રાજીવ પ્રતાપ રુડીએ ઉમેદવારીપત્રક ભર્યા બાદ તરત બિહારમાં સરન લોકસભા મતદારસંઘમાં યોજવામાં આવેલી એક રેલીમાં ભાજપના ભૂતપૂર્વ પ્રમુખ રાજનાથ સિંહે ઉપરોક્ત નિવેદન કર્યું હતું. ઈન્દોરમાં કૉંગ્રેસના ઉમેદવારે ભાજપના ઉમેદવારને સમર્થન આપતા અને વિપક્ષના ઉમેદવાર અક્ષય બામે ઉમેદવારીપત્રક પાછું ખેંચી લેતા સાંસદ શંકર લાલવાણી પણ બિનહરીફ ચૂંટાઈ આવ્યા હતા. (એજન્સી)

### રાયબરેલીની બેઠક

પાલક પ્રધાન દાદાજી ભુસે, રાજ્યના પ્રધાનો ગિરિશ મહાજન, છગન ભુજબળ અને યુતીના બીજા નેતાઓ હાજર રહ્યા હતા. શિંદેએ કહ્યું હતું કે નાશિક અને દિંડોરી શિવસેનાના ગઢ છે અને મહાયુતિના ઉમેદવારો મોટી સરસાઈથી અહીં જીતશે. દરમિયાન કલ્યાણમાં શિંદે અને ફડણવીસે શ્રીકાંત શિંદે માટે મોટો રોડ શો કર્યા બાદ કલ્યાણમાંથી શ્રીકાંતે ફોર્મ ભર્યું હતું. (એજન્સી)

### ચારધામ યાત્રા

અણધાર્યા આગમનની સંભાવનાને ધ્યાનમાં રાખીને, એવી વિનંતી કરવામાં આવે છે કે મહાનુભાવો અને રાજ્યના અધિકારીઓએ ૧૦ મેથી ૨૫ મેના સમયગાળા દરમિયાન ધામોની તેમની મુલાકાત મુલતવી રાખવી જોઈએ.'

ચારધામ તરીકે પ્રખ્યાત ગંગોત્રી, યમુનોત્રી, કેદારનાથ અને બદ્રીનાથ ધામની યાત્રા ૧૦ મેથી શરૂ થઈ રહી છે, જેમાં ગંગોત્રી, યમુનોત્રી અને કેદારનાથના દરવાજા અક્ષય તૃતીયાના દિવસે ૧૦મી મેના રોજ ખુલશે, જ્યારે બદરીનાથના દરવાજા ૧૨મી મેના રોજ ખુલશે.

અત્યાર સુધીમાં ચારધામ વેબ પોર્ટલ, મોબાઈલ એપ અને વોટ્સએપ દ્વારા ૧૮ લાખ લોકોએ પોતાનું રજિસ્ટ્રેશન કરાવ્યું છે.

ગઢવાલ કમિશ્નર વિનય શંકર પાંડેએ જણાવ્યું હતું કે ધામોમાં હેલિકોપ્ટર સેવાઓમાં બ્લેક માર્કેટિંગ અને છેતરપિંડી જેવી કોઈપણ પ્રકારની ઘટનાઓને રોકવા માટે, આ વખતે ફક્ત ઈંછ્ઈઝઈની સત્તાવાર વેબસાઇટ દ્વારા જ ટિકિટ બુકિંગની વ્યવસ્થા કરવામાં આવી છે.

પાંડેએ કહ્યું કે આ વખતે શ્રદ્ધાળુઓ માટે પહેલાની સરખામણીમાં સુવિધા વધારવામાં આવી છે. તેમણે કહ્યું કે ગયા વર્ષે કેદારનાથ યાત્રાના રૂટ પર નવ જગ્યાએ વાહનોના પાર્કિંગની વ્યવસ્થા હતી, જ્યારે હવે વીસ જગ્યાએ પાર્કિંગ કરી શકાય છે.

### પદ્મ પુરસ્કારો

આપવાનો આશય ધરાવે છે અને કલા, સાહિત્ય અને શિક્ષણ, રમતગમત, ચિકિત્સા, સામાજિક કાર્ય, વિજ્ઞાન અને ઇજનેરી, જાહેર બાબતો, નાગરિક સેવા, વેપાર અને ઉદ્યોગ વગેરે જેવા તમામ ક્ષેત્રો/શાખાઓમાં વિશિષ્ટ અને અપવાદરૂપ સિદ્ધિઓ/સેવા માટે આપવામાં આવે છે. જાતિ, વ્યવસાય, પદ અથવા જાતિના તફાવત વિનાની તમામ વ્યક્તિઓ આ પુરસ્કારો માટે પાત્ર છે.

ડૉક્ટરો અને વૈજ્ઞાનિકો સિવાય પીએસયુમાં કામ કરતા લોકો સહિત સરકારી કર્મચારીઓ પદ્મ પુરસ્કારો માટે લાયક નથી.

સરકાર પદ્મ પુરસ્કારોને પીપલ્સ પદ્મમાં પરિવર્તિત કરવા માટે પ્રતિબદ્ધ છે. આથી તમામ નાગરિકોને સ્વ-નામાંકન સહિત નામાંકન/ભલામણો કરવા વિનંતી છે. મહિલાઓ, સમાજના નબળા વર્ગો, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ, દિવ્યાંગ વ્યક્તિઓ અને જેઓ સમાજની નિઃસ્વાર્થ સેવા કરી રહ્યા છે, તેમનામાંથી જેમની ઉત્કૃષ્ટતા અને સિદ્ધિઓ ખરેખર લાયક છે, તેમને ઓળખવા માટે નક્કર પ્રયાસો કરી શકાય તેમ છે.

નોમિનેશન્સ/ભલામણોમાં ઉપરોક્ત પોર્ટલ પર ઉપલબ્ધ ફોર્મેટમાં ઉલ્લેખિત તમામ પ્રસ્તુત વિગતો સામેલ હોવી જોઈએ, જેમાં વર્ણનાત્મક સ્વરૂપે પ્રશસ્તિપત્ર (મહત્તમ ૮૦૦ શબ્દો) સામેલ હોવા જોઈએ, જે સ્પષ્ટપણે તેના સંબંધિત ક્ષેત્ર/શિસ્તમાં ભલામણ કરાયેલી વ્યક્તિની વિશિષ્ટ અને અપવાદરૂપ સિદ્ધિઓ/સેવાને ઉજાગર કરે છે.

આ અંગેની વિગતો ગૃહ મંત્રાલયની વેબસાઇટ (https://mha.gov.in) પર અવોર્ડ્સ એન્ડ મેડલ્સ શીર્ષક હેઠળ અને પદ્મ પુરસ્કાર પોર્ટલ પર (https://padmaawards.gov.in) પણ ઉપલબ્ધ છે.

### દુબઈમાં ફરી

મુસાફરી કરતી વખતે વિલંબ માટે તૈયાર રહેવા જણાવ્યું હતું. ઞઅઊએ હજી વધુ બે દિવસ માટે મધ્યમથી ભારે વરસાદની ચેતવણી જારી કરી છે, જેનાથી ઓફિસ-જનારાઓને શારજાહ અને દુબઈમાં ઘરેથી અને શાળાઓમાંથી કામ કરવાની ફરજ પડી છે.

### જીએસટી

માસ્ટરમાઈન્ડને પકડી પાડવા અંગે પણ આ બેઠકમાં ચર્ચા કરવામાં આવશે. બનાવટી આઈટીસીનો લાભ લેતા શંકાસ્પદ કરદાતાઓને ઓળખી કાઢવા અધિકારીઓ ડેટાના પૃથક્કરણનો તેમ જ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) ઉપકરણોનો પણ ઉપયોગ કરી રહ્યા છે.

### સીબીઆઈ પર

સીબીઆઈએ રાજ્ય સરકારની મંજૂરી વિના એફઆઈઆર નોંધીને તપાસ કરી રહી છે. તેના પર કેન્દ્ર સરકારે દલીલ કરી હતી કે, સીબીઆઈ એક સ્વતંત્ર કાયદાકીય સંસ્થા છે અને તેના પર તેનું કોઈ નિયંત્રણ નથી.

આ મામલામાં કેન્દ્ર સરકાર તરફથી હાજર રહેલા સોલિસિટર જનરલ તુષાર મહેતાએ જસ્ટિસ બી આર ગવઈ અને અરવિંદ કુમારની ખંડપીઠને કહ્યું હતું કે બંગાળ સરકારની અરજી સુનાવણી યોગ્ય નથી કારણ કે કલમ ૧૩૧ હેઠળ સીબીઆઈ વિરુદ્ધ કેસ દાખલ કરી શકાય નહીં. સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કહ્યું કે આ કેસમાં ઉલ્લેખિત ૧૨ કેસ સીબીઆઈ દ્વારા કલકત્તા હાઈ કોર્ટના નિર્દેશ પર નોંધવામાં આવ્યા હતા. તેમણે કહ્યું હતું કે આ તથ્યો કેસમાંથી સંપૂર્ણપણે ગાયબ છે. આ કોર્ટને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે કારણ કે હકીકતો દબાવવામાં આવી છે. તેમણે કહ્યું કે કલકત્તા હાઈ કોર્ટના આદેશ પર એફઆઈઆર પણ નોંધવામાં આવી છે.

જસ્ટિસ ગવઈએ કહ્યું કે, બેન્ચ પરના જજોની રચના શુક્રવારથી બદલાઈ જશે અને તેથી તેઓ રજિસ્ટ્રીને આ કેસની સુનાવણી માટે બેન્ચની રચના કરવા માટે ચીફ જસ્ટિસ ઑફ ઈન્ડિયા ડી.વાય.ચંદ્રચુડની પરવાનગી લેવા માટે નિર્દેશ આપી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે, '૧૬ નવેમ્બર, ૨૦૧૮ના રોજ પશ્ચિમ બંગાળ સરકારે સીબીઆઈને રાજ્યમાં તપાસ અને દરોડા પાડવા માટે આપવામાં આવેલી સામાન્ય સંમતિ' પાછી ખેંચી લીધી હતી. સીબીઆઈ રાજ્યમાં ચિટ ફંડ, કોલસાની ચોરી, રાશન વિતરણ ભ્રષ્ટાચાર અને નિમણૂક ભ્રષ્ટાચાર સંબંધિત ઘણા કેસોની તપાસ કરી રહી છે.

# આખરે ક્રાફર્ડ માર્કેટમાં પે એન્ડ પાર્કનું મુહૂર્ત થયું

મુંબઈઃ શહેરમાં દિવસે ને દિવસે પાર્કિંગની સમસ્યા ગંભીર થતી હોવાથી પે એન્ડ પાર્કના નામ પર ઉઘાડી લૂંટ ચલાવવામાં આવતી હોવાનું ધ્યાનમાં આવ્યું હતું. ત્યાર બાદ પાંચમી જાન્યુઆરીના રોજ સદાફુલેનો કોન્ટ્રેક્ટ રદ કરીને અહીં પાર્કિંગને નિઃશુલ્ક કરવામાં આવ્યું હતું. આખરે ચાર મહિના બાદ આ જગ્યાએ પાલિકાએ શ્રદ્ધા મહિલા બચત જૂથને કોન્ટ્રેક્ટ આપવામાં આવ્યો છે.

ક્રાફર્ડ માર્કેટ ખાતે ફોર વ્હીલર વાહનો ઊભાં કરવા માટે પાલિકાએ નક્કી કરેલા દરને જોતાં કારમાલિકો પ્રતિ કલાકના દોઢસોથી ત્રણસો રૂપિયા સુધી ચૂકવવા પડતા હતા. અહીં આખા દિવસ દરમિયાન ૫૦૦થી વધુ વાહનો ઊભાં કરવામાં આવતાં હતાં. એમાંથી દરરોજ રૂ. ૭૫ હજારથી લાખ રૂપિયાની કમાણી થતી હતી. કાર પાર્કિંગને નામે નાગરિકો સાથે ઉઘાડી લૂંટ અને પ્રશાસન સાથે છેતરપિંડી થતી હોવાનું બહાર આવ્યું હતું.

વધુ ને વધુ પૈસા માટે આ મંડળી પાર્કિંગને બદલે નો-પાર્કિંગમાં વાહનો ઊભી કરતી હતી. આ માટે ક્યારેક વાહનચાલકોએ ઈ-ચલણનો પણ દંડ ભરવો પડતો હતો. પૈસા આપવાનો જો વિરોધ કરો તો ચાલકો સાથે દાદાગીરી કરવામાં આવતી હતી. આ બાબત પર પડદો ઊંચકાતાં હવે એ તમામ લૂંટ બંધ કરીને નવો કોન્ટ્રેક્ટ શ્રદ્ધા મહિલા બચત જૂથને આપ્યો છે.

બુધવારથી ત્રણ મહિના માટે કોન્ટ્રેક્ટ આપવામાં આવ્યો છે. તે અનુસાર સવારથી શ્રદ્ધા મહિલા બચત જૂથના કર્મચારી દેખા દેવા લાગ્યા છે. પાલિકાએ નક્કી કરેલા દર મુજબ જ ફી વસૂલવામાં આવી રહી છે. આને કારણે વાહનચાલકોને પણ ભારે પ્રમાણમાં રાહત મળી છે. ■

# હવે એલબીએસનું સીધું જોડાણ થશે ઈસ્ટર્ન એક્સપ્રેસ-વે સાથે

## પ્રોજેક્ટ પાછળ ₹ ૧૨૯ કરોડનો ખર્ચ થશે

મુંબઈઃ આગામી ત્રણ વર્ષમાં ભાંડુપમાં નવો આરઓબી બનીને તૈયાર થઇ જશે. અહીં આરઓબી બનવાથી પશ્ચિમમાં એલબીએસ માર્ગ અને પૂર્વમાં વીર સાવરકર માર્ગ પર ભાંડુપ (ઈસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે)નું સીધું જોડાણ થઇ શકશે. જીકેડબ્લ્યુ કંપની વિસ્તારની અંદર બ્રિજનું નિર્માણ શરૂ કરી દેવામાં આવ્યું છે. પૂર્વીય ઉપનગરમાં વિદ્યાવિહારથી લઇને મુલુંડ સુધી એકસાથે પાંચ બ્રિજ બનાવવાનાં કાર્ય ચાલી રહ્યાં છે અને આ તમામ બ્રિજો રેલવે ટ્રેકને પાર કરીને ઈસ્ટ અને વેસ્ટને સીધા ઈસ્ટર્ન એક્સપ્રેસ વેથી એલબીએસ માર્ગથી સીધું જોડાણ કરશે, જેનાથી પૂર્વીય ઉપનગરમાં રસ્તા પર થતા ટ્રાફિકજામની સમસ્યાથી રાહત મળશે.

આ પ્રોજેક્ટ પાછળ ૧૨૯.૪૩ કરોડનો ખર્ચ થશે અને એમાંથી રૂ. ૧૦૫.૮ કરોડનો કોન્ટ્રેક્ટ આપી દેવામાં આવ્યો છે, એવું એક અધિકારીએ જણાવ્યું હતું. પહેલાં બ્રિજને ભાંડુપ પૂર્વના રેલવે સ્ટેશન સુધી જ બનાવવામાં આવવાનો હતો, પણ છેલ્લી ઘડીએ તેને ઈસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે સાથે જોડવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આને કારણે લોકોને રાહત મળશે. ભાંડુપ જીકેડબ્લ્યુમાં બની રહેલા નવા બ્રિજ ઈસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે (વીર સાવરકર માર્ગ)થી પશ્ચિમમાં એલબીએસ માર્ગને સીધો જોડશે.


બ્રિજની કુલ લંબાઈ ૫૩૦ મીટર છે અને પહોળાઈ ૧૦.૫ મીટર છે. બ્રિજ ઉપર જ દોઢ મીટરની ફૂટપાથ પણ બનાવવામાં આવશે. રેલવે ટ્રેક પર બ્રિજની લંબાઈ ૮૯ મીટરની હશે. પ્રાપ્ત માહિતી અનુસાર બ્રિજને બનાવવા માટે મોન્સૂનને બાદ કરતાં ૩૦ મહિનામાં પૂરો કરવામાં આવશે. ભાંડુપમાં બનવા જઇ રહેલા નવા બ્રિજને લઇને હાલના સાંસદ મનોજ કોટકે ૧૫ જાન્યુઆરીએ પાલિકા કમિશનર ઈકબાલ સિંહને પત્ર લખીને બ્રિજને ભાંડુપ પૂર્વ ઈસ્ટર્ન એક્સપ્રેસ હાઈવેથી સીધું જોડાણ કરવાની માગ કરી હતી અને હવે તેને મંજૂરી મળી ગઇ છે.■

# બાન્દ્રા ગવર્નમેન્ટ કોલોનીના રહેવાસી કર્મચારીઓનો ચૂંટણીનો બહિષ્કાર

મુંબઈઃ બાન્દ્રા (પૂર્વ)માં સરકારી વસાહત (ગવર્નમેન્ટ કોલોની)માં આવેલા ઘર જ્યાં સુધી રાહતના દરથી માલિકી હક સ્વરૂપે આપવાનો નિર્ણય જાહેર ન થાય ત્યાં સુધી લોકસભા ચૂંટણી તેમજ હવે પછી થનારી પ્રત્યેક ચૂંટણીનો બહિષ્કાર કરવાનો નિર્ણય વસાહતના કર્મચારીઓએ લીધો છે. આ સંદર્ભે પત્ર આ વસાહતમાં રહેતા કર્મચારીઓનું પ્રતિનિધિત્વ કરતી સંગઠનોએ સંયુક્તપણે જારી કર્યો છે. છેલ્લા ૨૫ વર્ષથી માલિકી હક તરીકે રાહતના દરે ઘર મેળવવા સરકારી વસાહતના કર્મચારીઓ સરકાર સમક્ષ સતત રજૂઆત કરતા હોય છે. જોકે, 'સકારાત્મક નિર્ણય લેવામાં આવશે' એવી સાંત્વના આપવાથી વિશેષ રાજ્ય સરકારે હજી સુધી કોઈ નિર્ણય નથી લીધો. વિવિધ ગૃહ નિર્માણ પ્રોજેક્ટ મારફત ઝૂંપડી ધારકોને, મિલ કામદાર, બીડીડી ચાલ, સફાઈ કામદાર, સંક્રમણ શિબિરના રહેવાસી વગેરેને વિનામૂલ્યે ઘર આપવામાં આવે છે. ■

# કોકિલાબેન હૉસ્પિટલે ભારતમાં પ્રથમ વખત અત્યાધુનીક શોલ્ડર રિપ્લેસમેન્ટ માટે VIP સાથે આર્થરિક્સ મોડ્યુલર ગ્લેનોઇડ સિસ્ટમ લોન્ચ કરી

મુંબઈઃ કોકિલાબેન ધીરુભાઈ અંબાણી હૉસ્પિટલે ભારતમાં શોલ્ડર રિપ્લેસમેન્ટની સર્જરી માટે VIP (વર્ચ્યુઅલ ઈમ્પ્લાન્ટ પોઝિશનિંગ) સાથેની ક્રાંતિકારી ટેક્નોલૉજી આર્થરિક્સ મોડ્યુલર ગ્લેનોઈડ સિસ્ટમ લોન્ચ કરી છે. VIP સિસ્ટમનો ઉપયોગ કરીને રિવર્સ ટોટલ શોલ્ડર રિપ્લેસમેન્ટના જીવંત પ્રદર્શન સાથે આ નવીન પદ્ધતિને રજૂ કરવામાં આવી હતી. VIP સાથેની આર્થરેક્સ મોડ્યુલર ગ્લેનોઇડ સિસ્ટમ ઓર્થોપેડિક્સમાં વિકાસની નોંધપાત્ર છલાંગ છે, જે ઉચ્ચ કક્ષાની ચોકસાઇ, ઝડપી રિકવરી અને દર્દીઓને ઉત્તમ પરિણામો પૂરા પાડે છે. કોકિલાબેન હૉસ્પિટલ તેની અસાધારણ સ્પોર્ટ્સ મેડિસીન સેવાઓ માટે પ્રખ્યાત છે, જે વ્યક્તિગત ઉકેલ અને અદ્યતન તકનીકો સાથે નવીનતા લાવવા માટે ઓળખાય છે. વર્ચ્યુઅલ ઇમ્પ્લાન્ટના આ નવીન સંકલન સાથે, હૉસ્પિટલની સ્પોર્ટ્સ મેડિસિન ટીમ દર્દીની સંભાળ અને પરિણામોને અજોડ ધોરણો સુધી આગળ વધારવાની આગેવાની લે છે.



શોલ્ડર રિપ્લેસમેન્ટ સર્જરી સંધિવા અથવા ઈજા જેવી ખભાના સાંધાની ગંભીર સમસ્યાઓ ધરાવતા લોકોમાં દુખાવો ઓછો કરવા અને પુનઃ કાર્યરત કરવા માટેની પ્રક્રિયા છે. પરંપરાગત પદ્ધતિઓ કેટલીકવાર ચોક્કસ ઇમ્પ્લાન્ટ પ્લેસમેન્ટ સાથે અને દરેક દર્દીની આગવી શરીરરચના સાથે અનુકૂલન સાધવામાં સંઘર્ષ અનુભવે છે. VIP સાથેની આર્થરેક્સ મોડ્યુલર ગ્લેનોઇડ સિસ્ટમ અદ્યતન ટેક્નોલોજી અને સાવચેતીપૂર્વકના આયોજન સાથે આ સમસ્યાઓનો સામનો કરે છે. ખભાની સર્જરીમાં તે એક દાખલારૂપ પરિવર્તન છે, જે સર્જનો અને દર્દીઓ બંને માટે લાભદાયક છે. ■

# યુવતી પર બળાત્કાર ગુજારી વીડિયો રેકોર્ડિંગ કરવાના કેસમાં બ્યુટિશિયનની ધરપકડ

મુંબઈઃ ઘેનયુક્ત ઠંડું પીણું પીવડાવ્યા પછી યુવતી પર કથિત બળાત્કાર ગુજારવાના કેસમાં પોલીસે બ્યુટિશિયનની ધરપકડ કરી હતી, જ્યારે તેના ફરાર પતિની શોધ હાથ ધરી હતી. બ્યુટિશિયનના પતિએ યુવતી સાથે દુષ્કર્મ કર્યું હતું અને બ્યુટિશિયને એ કૃત્યનું વીડિયો રેકોર્ડિંગ કર્યા પછી ખંડણી માગી હોવાનો આક્ષેપ ફરિયાદમાં કરાયો હતો.

માલવણી પોલીસે ધરપકડ કરેલી મહિલાની ઓળખ આયેશા અન્સારી (૩૬) તરીકે થઈ હતી. ઈવેન્ટ મૅનેજમેન્ટના વ્યવસાય સાથે સંકળાયેલી ૨૨ વર્ષની યુવતીની ફરિયાદને આધારે પોલીસે બ્યુટિશિયન આયેશા અને તેના પતિ સલમાન અન્સારી વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.

પોલીસ ફરિયાદ અનુસાર આરોપી આયેશાએ રવિવારે ફોન કરી યુવતીને માલવણી સ્થિત તેના ઘરે બોલાવી હતી. આયેશાના ઘરે ગયેલી ફરિયાદીને ઠંડું પીણું આપવામાં આવ્યું હતું, જે પીધા પછી તે અર્ધબેભાન અવસ્થામાં સરી પડી હતી. બાદમાં આયેશાના પતિ સલમાને તેની સાથે દુષ્કર્મ કર્યું હતું.

થોડા સમય પછી યુવતી ભાનમાં આવી ત્યારે તેને સલમાને દુષ્કર્મ કર્યાની અને આયેશાએ તેનો અશ્લીલ વીડિયો બનાવ્યાની જાણ થઈ હતી. આરોપી દંપતીએ વીડિયો વાયરલ કરવાની ધમકી આપી યુવતી પાસે ખંડણી માગી હતી. રૂપિયા આપવાનો યુવતીએ ઇનકાર કરતાં તેની મારપીટ કરવામાં આવી હતી.આ પ્રકરણે યુવતીએ નોંધાવેલી ફરિયાદને આધારે માલવણી પોલીસે મંગળવારે ગુનો નોંધી આયેશાની ધરપકડ કરી હતી. આયેશાનો પતિ ફરાર હોવાનું પોલીસનું કહેવું છે. ■

# એનસીબીએ બે ડ્રગ તસ્કરની ધરપકડ કરી ૭૫ લાખનું એમડી જપ્ત કર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ નાર્કોટિક્સ કન્ટ્રોલ બ્યૂરો (એનસીબી)એ મુંબઈથી ઑપરેટ થતી ઈન્ટરસ્ટેટ ડ્રગ સિન્ડિકેટ સાથે સંકળાયેલા બે તસ્કરની ધરપકડ કરી અંદાજે ૭૫ લાખ રૂપિયાનું મેફેડ્રોન (એમડી) જપ્ત કર્યું હતું.

એનસીબીના મુંબઈ યુનિટના એડિશનલ ડિરેક્ટર અમિત ઘાવટેની ટીમે પકડી પાડેલા બન્ને આરોપીની ઓળખ એલ. જી. ખાન અને યુ. યુ. ખાન તરીકે થઈ હતી. યુ. યુ. ખાન વિરુદ્ધ અનેક ફોજદારી ગુના નોંધાયેલા છે. એનડીપીએસ સંબંધી કેસમાં તેની ધરપકડ પણ કરાઈ હતી. હાલમાં તે જામીન પર હોવાનું તપાસમાં જણાયું હતું.

મુંબઈથી ઑપરેટ થતી ડ્રગ સિન્ડિકેટનો સભ્ય એલ. જી. ખાન માહિમમાં રહે છે અને બોરીવલી સ્ટેશનેથી ડ્રગ્સ સાથે ટ્રેનમાં ચઢવાનો હોવાની માહિતી એનસીબીના અધિકારીને મળી હતી. માહિતીને આધારે એનસીબીની ટીમે બે દિવસ અગાઉ બોરીવલી સ્ટેશને છટકું ગોઠવ્યું હતું.સ્ટેશને પહોંચેલા એલ. જી. ખાનને તાબામાં લઈ તપાસ કરવામાં આવતાં તેની પાસેથી ૫૦૦ ગ્રામ એમડી મળી આવ્યું હતું, જેની કિંમત ૭૫ લાખ રૂપિયા હોવાનું અધિકારીનું કહેવું છે.પકડાયેલા ખાનની પૂછપરછમાં હેન્ડલર યુ. યુ. ખાન માહિમમાં રહેતો હોવાનું જાણવા મળ્યું હતું. એનસીબીની ટીમે માહિમમાં સર્ચ હાથ ધરી યુ. યુ. ખાનને તેના ઘરેથી તાબામાં લીધો હતો. જામીન પર છૂટેલો યુ. યુ. ખાન ફરી ડ્રગ્સ તસ્કરી સાથે સંકળાયો હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. ■

# પોલીસ કાર્યવાહીની ધમકી આપી સિનિયર સિટીઝન સાથે ૩૭ લાખની છેતરપિંડી


થાણેઃ ગંભીર ગુનાઓમાં સંડોવણી સામે આવતાં દિલ્હી પોલીસની કાર્યવાહીનો સામનો કરવાની કથિત ધમકી આપી નવી મુંબઈના સિનિયર સિટીઝન પાસેથી સાયબર ઠગે ૩૭ લાખ રૂપિયા પડાવ્યા હોવાની પોલીસ ફરિયાદ નોંધાઈ હતી.

સિનિયર સિટીઝનની ફરિયાદને આધારે નવી મુંબઈની સાયબર સેલના અધિકારીઓએ રાજવીર સિંહ અને વિકાસ રાઠોડ વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. કથિત છેતરપિંડી ૧૩ માર્ચથી ૧૯ માર્ચ દરમિયાન થઈ હોવાનું ફરિયાદમાં જણાવાયું હતું.

આરોપીએ ફરિયાદીનો ફોન પર સંપર્ક સાધી માનવ તસ્કરી, મની લોન્ડરિંગ અને માનવ અંગોની તસ્કરી જેવા ગંભીર ગુનાઓમાં તેમની સંડોવણી સામે આવી હોવાનું જણાવ્યું હતું.

આરોપીએ દિલ્હી ક્રાઈમ બ્રાન્ચના નામે નકલી સમન્સ પણ ફરિયાદીને મોકલાવ્યા હતા. પોલીસ કાર્યવાહીનો ડર બતાવી ફરિયાદીને બૅન્ક ખાતાઓમાં ૩૭ લાખ રૂપિયા ટ્રાન્સફર કરવાની ફરજ પડાઈ હતી.

પોતે છેતરાયા હોવાની જાણ થતાં ફરિયાદીએ સાયબર સેલનો સંપર્ક સાધ્યો હતો. આ પ્રકરણે ગુરુવારની રાત સુધી કોઈની ધરપકડ કરાઈ નથી. વધુ તપાસ કરવામાં આવી રહી છે, એમ અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઈ)



**દેવયાનીબેન કુમારપાળ જવેરી**

માનસિક અસ્થિરતાના કારણે તા. ૨૦-૪-૨૪ વહેલી સવારે ઘરેથી ચાલી ગયેલ છે. જે પણ કોઈને એની જાણ થાય તો નીચે જણાવેલા નંબર પર સંપર્ક કરવા વિનંતિ. મુંબઇ ડી.બી. માર્ગ પોલીસ સ્ટેશનમાં પણ જાણ કરેલ છે.

સંપર્ક : જયસિંહ કુમારપાળ -૭૯૭૭૪૨૯૫૯૫


# અશ્વિન શેઠ ગ્રુપ અક્ષય તૃતિયાની ઉજવણી કરવા તમારા માટે 'સોને કી ચાબી' લાવે છે






અશ્વિન શેઠ ગ્રુપના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર શ્રી અશ્વિન શેઠ

ભારતની અગ્રણી રિયલ એસ્ટેટ કંપની અશ્વિન શેઠ ગ્રુપ (એએસજી)એ યોગાનુયોગે પવિત્ર ભારતીય તહેવાર અક્ષય તૃતિયાની ઉજવણીની સાથે પહેલા ત્રિમાસિક ગાળા માટે તેનું સૌથી મહત્ત્વનું કેમ્પેઇન 'સોને કી ચાબી' લોન્ચ કર્યું છે જે ઘર ખરીદનારાઓ તથા પ્રોપર્ટી રોકાણકારો માટે સમૃદ્ધ ભવિષ્ય સુરક્ષિત કરવાનો ધ્યેય ધરાવે છે.

અક્ષય તૃતિયા એ પ્રોપર્ટીમાં રોકાણ કરવા ઇચ્છતા લોકો માટે ખૂબ જ પવિત્ર તહેવાર છે કારણ કે પ્રોપર્ટી ખરીદવા માટે આ જ શ્રેષ્ઠ પ્રસંગ છે. આ દિવસે લોકો રિયલ એસ્ટેટ અને સોનામાં નાણાકીય પ્રતિબદ્ધતા વ્યક્ત કરે છે. સામાન્ય રીતે ઘર ખરીદનારાઓને આકર્ષક ડીલ્સ, કરવેરાના લાભો અને સાનુકૂળ પવિત્ર સ્થિતિનો લાભ મળે છે જે પ્રોપર્ટી ખરીદવા માટે યોગ્ય તક પૂરી પાડે છે. અક્ષય તૃતિયા પર પ્રોપર્ટીમાં રોકાણ કરવાનું પસંદ કરીને લોકો ઇશ્વર પાસેથી તેમના રોકાણ માટે આશીર્વાદ માંગી શકે છે જેથી તેમને સમૃદ્ધિ અને આનંદ પ્રાપ્ત થાય.

અશ્વિન શેઠ ગ્રુપે આ અક્ષય તૃતિયા માટે આકર્ષક પ્રમોશન રજૂ કર્યું છે જેમાં પોતાનું સપનાનું ઘર ખરીદનાર લોકોને અફોર્ડ લક્ઝરી ગિફ્ટ્સ ઓફર કરવામાં આવી છે. આ ઓફરનું નામ સોને કી ચાબી' છે જેમાં સૌથી મૂલ્યવાન ગિફ્ટ આપવામાં આવશે - ૧૦૦ ગ્રામ સોનાની ચાવી. આ કેમ્પેઇન અશ્વિન શેઠ ગ્રુપની તમામ ઓપરેશનલ સાઇટ્સને સમાવે છે જે આ સમયગાળા દરમિયાન બુક કરાવનાર તમામ ગ્રાહકો માટે ગેરંટેડ ઓફર રજૂ કરે છે. આ એક્સક્લુઝિવ ઓફર્સમાં તમામ ખર્ચની ચુકવણી સાથે ૩ રાત્રિ, ચાર દિવસનું મોરેશિયસનું ફેમિલી વેકેશન, આઈફોન ૧૫ પ્રો અને બીએમડબ્લ્યુ તથા હાર્લી ડેવિડસન બાઇક્સનો પણ સમાવેશ થાય છે.

ડિસ્ક્લેમરઃ બીએમડબ્લ્યુ બાઇક્સ કે આઈફોનના ઇનામો આ પ્રમોશનના ભાગરૂપે માત્ર એએસજી દ્વારા ઓફર કરવામાં આવે છે અને આ કંપનીઓ આ ઓફર સાથે સંકળાયેલી નથી. એએસજી આ ઓફર સમયગાળા દરમિયાન ફાળવણી મેળવનાર દ્વારા જીતેલા ઇનામની પૂર્તિ કરવા માટે સંપૂર્ણપણે જવાબદાર છે. * શરતો અને નિયમો લાગુ.

અક્ષય તૃતિયાના પવિત્ર તહેવારમાં ભાગ લેવાની આ તક ૨૦ એપ્રિલથી ૨૦ મે, ૨૦૨૪ સુધી લાઇવ છે અને આ અદ્વિતીય ઓફર સમગ્ર અશ્વિન શેઠ ગ્રુપના પ્રતિષ્ઠિત ડેવલપમેન્ટ્સમાં વિસ્તરેલી છે જેમાં કાંજુરમાર્ગમાં અવાન્તે, મુલુંડમાં મોન્ટાના, થાણેમાં શેઠ ઝુરી, થાણેમાં શેઠ એવલોન, થાણેમાં શેઠ વસંત લોન્સ અને કાંદિવલીમાં એડમોન્ટ-ઓરેલિયાનો સમાવેશ થાય છે.

અશ્વિન શેઠ ગ્રુપના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર શ્રી અશ્વિન શેઠે જણાવ્યું હતું કે, ''ભારતના આર્થિક દ્રષ્ટિકોણથી રિયલ એસ્ટેટ સેક્ટર ખૂબ જ મહત્ત્વ ધરાવે છે, જે તેની વૃદ્ધિ તથા પ્રગતિમાં અત્યંત મહત્ત્વની ભૂમિકા ભજવે છે. કેટલાક અંદાજોના આધારે સ્પષ્ટ સંકેત મળે છે કે વર્ષ ૨૦૩૦ સુધીમાં ભારતીય રિયલ એસ્ટેટ માર્કેટ ૧ ટ્રિલિયન ડોલર સુધી પહોંચવા માટે બિલકુલ સજ્જછે અને આ રીતે તે જીડીપીમાં અત્યંત મહત્ત્વનું યોગદાન આપશે. આ સેક્ટર વર્ષ ૨૦૨૫ સુધીમાં ૧૨ ટકાની હિસ્સેદારીની અપેક્ષા છે.એમએમઆર ક્ષેત્રમાં વિસ્તરણ માટેના અમારા પ્રયત્નોના ભાગરૂપે અશ્વિન શેઠ ગ્રુપ ગ્રાહક કેન્દ્રિત દ્રષ્ટિકોણ માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે તથા અમે અમારા ગ્રાહકોના અનુભવને વધારવા માટે સતત પ્રયત્ન કરી રહ્યા છે. અમારી અત્યારની પહેલ,'સોને કી ચાબી' ઘર ખરીદનારાઓને અક્ષય તૃતિયાના બે સૌથી આશાસ્પદ રોકાણો- સોના અને રિયલ એસ્ટેટને એક સાથે રજૂ કરવાની ખાસ ઓફર પૂરી પાડે છે.''

પ્રતિષ્ઠિત એવોર્ડ્સ મેળવનાર અશ્વિન શેઠ ગ્રુપ વિસ્તરણના માર્ગે સક્રિય છે અને એમએમઆર પ્રદેશમાં અન્ય બિઝનેસ ગ્રોથ ડ્રાઇવર્સ સાથે રેસિડેન્શિયલ અને કોમર્શિયલ સેગમેન્ટ્સમાં તેની હાજરી વિસ્તારી રહી છે અને ટૂંક સમયમાં અન્ય શહેરોમાં પણ વિસ્તરણ કરશે. ■


To know more about the offer, please call on 022 69315838


# લાંચ લેનાર જજને હોદ્દા પરથી દૂર કરવાના નિર્ણયને હાઈ કોર્ટની બહાલી

મુંબઈઃ પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સિસ એક્ટ (પોક્સો)ના કેસમાં લાંચ લેવાના ગુનામાં સપડાયેલા જજને હોદ્દા પરથી દૂર કરવાના નિર્ણયને બોમ્બે હાઈ કોર્ટે તાજેતરમાં સમર્થન આપ્યું હતું. ન્યાયમૂર્તિ એ. એસ. ચંદુરકર અને ન્યાયમૂર્તિ જીતેન્દ્ર જૈનની ખંડપીઠે હોદ્દા પરથી દૂર કરવાના આદેશને સમર્થન જાહેર કરી ન્યાયતંત્રના સભ્યોમાં અનુકરણીય અને દૃષ્ટાંતરૂપ વર્તન પર ભાર આપ્યો હતો. ખંડપીઠે હતું કે 'ન્યાયતંત્ર સંકળાયેલા લોકો જ જો દોષપાત્ર હોય કે ન્યાયતંત્રના અધિકારીને છાજે નહીં એવું વર્તન કરે તો એવા અધિકારીઓના મામલામાં અદાલત હસ્તક્ષેપ નહીં કરે અને રાહત પણ નહીં આપે.' અરજદાર પ્રદીપ હીરામણ કાળે ૨૦૦૯થી મહારાષ્ટ્ર સરકાર દ્વારા જ્યુડિશિયલ ઓફિસર (ન્યાયિક અધિકારી) તરીકે નિમણૂક ધરાવતો હતો. જોકે, ગેરકાનૂની વર્તનના આરોપ તેની વિરુદ્ધ આવ્યા હતા અને જુલાઈ ૨૦૧૭માં તેની સામે તપાસનો આદેશ જારી કરવામાં આવ્યો હતો. એક આરોપ પોક્સો કેસમાં કથિત સ્વરૂપે લાંચ લેવાનો પણ હતો. ■

# બિટકોઇન કૌભાંડઃ સીબીઆઈએ સંપૂર્ણ દેશમાં તપાસ શરૂ કરી

મુંબઈઃ કથિત સ્વરૂપે ઍપ આધારિત છેતરામણી યોજના હેઠળ રોકાણકારોને નવરાવી નાખનાર મુંબઈની બે પ્રાઈવેટ કંપની શિગુ ટેકનોલોજી પ્રાઇવેટ લિમિટેડ અને લીલીયન ટેકનોકેબ પ્રાઇવેટ લિમિટેડ તેમજ તેના ડિરેક્ટરો સહિત ૧૦ રાજ્યના ૩૦ સ્થળે સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (સીબીઆઈ) દ્વારા સઘન તપાસ હાથ ધરવામાં આવી હતી. એજન્સીના સૂત્રોએ આપેલી માહિતી અનુસાર કથિત સ્વરૂપની બિટકોઇન માઇનિંગ સ્કીમમાં એચપીઝેડ ટોકન ઍપ દ્વારા રોકાણકારોને કથિત સ્વરૂપે ફસાવી તેમને બહુ ઊંચા વળતરના વચન આપવામાં આવ્યા હતા. સીબીઆઈ દ્વારા કંપનીઓ તેમજ તેના ડિરેક્ટરો સામે ઈન્ફર્મેશન ટેકનોલોજી એક્ટની સંબંધિત કલમો તેમજ ભારતીય દંડ સંહિતાની કલમ ૧૨૦ બી, કલમ ૪૧૯ અને કલમ ૪૨૦ હેઠળ ગુના નોંધવામાં આવ્યા છે. તપાસમાં એજન્સીને અનેક ડિજિટલ પુરાવા હાથ લાગ્યા છે જેમાં મોબાઈલ ફોન, સિમ કાર્ડ, એટીએમ/ડેબિટ કાર્ડ, ઇમેઇલ એકાઉન્ટ અને ડોક્યુમેન્ટનો સમાવેશ છે. સીબીઆઈ તપાસમાં આરોપીઓએ રોકાણકારો પાસેથી પૈસા એકઠા કરવા ૧૫૦ બૅન્ક એકાઉન્ટ ઉપયોગમાં લીધા હોવાની જાણ થઈ હતી. ■


## જાહેર ચેતવણી

**રજિસ્ટર્ડ સંસ્થાના સમાન નામધારી નામવાળી સંસ્થા દ્વારા ગેર માહિતીવાળો અહેવાલ**

**JAIN JAGRUTI CENTRE CENTRAL BOARD CHARITABLE TRUST**

Regd. Office : 201, Matharu Arcade, Subhash Road, Vile Parle (E), Mumbai-57.
Tel. : +91-22-6695 6699 • Telefax : +91-22-6697 3038
E-mail : admin@jainjagruti.com • Website : www.jainjagruti.com
TRUST REG. NO. E - 14343 (BOM) DT. 16-02-93
INCOME TAX UNIQUE REGISTRATION NO.AAATJ2214KF20214,
DATE OF PROVISIONAL APPROVAL 24-09-2021 TO AY2024-25,
ISSUED UNDER CLAUSE (iv) OF FIRST PROVISION TO SUB-SECTION (5) OF SECTION 80G
REGISTRATION NO. 083781303 UNDER FOREIGN CONTRIBUTION (REGULATION) ACT 2010

BOARD OF TRUSTEES (2024-2026)
- SHRI DIPCHANDBHAI GARDI MEDICAL FUND
- SHRI GAMBHIRCHAND OOMEDCHAND SHAH EDUCATION FUND
- SMT. SAVITABEN & KAMLESH CHINUBHAI SHAH SCHOLARSHIP FUND
- SHRI NAVIN CHANDRA POPATLAL KAPADIA JIVDAYA FUND
- SMT. DHIRAJBEN NANDLAL GANDALAL SHAH MANAV RAHAT FUND

તાજેતરમાં જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ ચેરીટેબલ ટ્રસ્ટના સમાન નામધારી નામની અન્ય સંસ્થા દ્વારા વર્તમાન પત્રોમાં ગેરમાર્ગે દોરનારી-દ્વેષભરી ગેરમાહિતીથી ભરેલ અહેવાલ છાપવા-છપાવવામાં આવ્યો છે.

**તે સદંતર ખોટો છે અને તે સંપૂર્ણપણે દ્વેષ ભરેલ છે.**

ફક્ત જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ ચેરીટેબલ ટ્રસ્ટ જ ઉપર જણાવેલ ટ્રસ્ટ રજિસ્ટ્રેશન નંબર ધરાવતી એક માત્ર સંસ્થા છે.

અમારા નામની ઉપરોક્ત નામની અન્ય સમાન નામધારી સંસ્થા અને સંસ્થાના હોદ્દેદારોએ પોતાના દ્વેષપૂર્ણ ઇરાદાઓની પૂર્તિ માટે અમારી સંસ્થાના નામનો ગેરઉપયોગ કરેલ છે. તે કાયદાકીય અપરાધ છે.

જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ ચેરીટેબલ ટ્રસ્ટ છેલ્લા ૩૦ (ત્રીસ) વર્ષથી સમૂહ લગ્ન, હાયર એજ્યુકેશન લોન, વ્યવસાયીક વ્યાપાર સહાયની સાથોસાથ ગર્લ્સ હોસ્ટેલ જેવા સમાજોપયોગી કાર્યો કરી રહેલ છે.

**વર્ષ ૨૦૨૪ થી ૨૦૨૬ માટે નીચે મુજબ અન્ય ટ્રસ્ટીઓ તેમજ પદાધિકારીઓની ચૂંટણી કરવામાં આવી હતી.**

| | | | |
|---|---|---|---|
| સંજય બી. શાહ<br>ચેરમેન-કાયમી ટ્રસ્ટી | જિતેન્દ્ર એસ. કોઠારી<br>તા.ભૂ.પૂ. ચેરમેન -કાયમી ટ્રસ્ટી | પ્રફુલ વી. કામદાર<br>વાઇસ ચેરમેન-કાયમી ટ્રસ્ટી | રાજેશ સી. ગાંધી<br>વાઇસ ચેરમેન-કાયમી ટ્રસ્ટી |
| અમિત ડી. કોઠારી<br>સેક્રેટરી-હોલ્ડીંગ ટ્રસ્ટી | અનિલ જી. દોશી<br>સેક્રેટરી-કાયમી ટ્રસ્ટી | રાજેશ આર. ભણશાલી<br>ખજાનચી-કાયમી ટ્રસ્ટી | હર્ષદ જે. ગાંધી<br>કાયમી ટ્રસ્ટી |
| પ્રવિણ જી. શાહ<br>દાતા ટ્રસ્ટી | નિલેશ કે. શાહ<br>દાતા ટ્રસ્ટી | કમલેશ સી. શાહ<br>દાતા ટ્રસ્ટી | કીર્તિ કે. શાહ<br>હોલ્ડીગ ટ્રસ્ટી |
| રશ્મિકાંત જે. શાહ<br>હોલ્ડીંગ ટ્રસ્ટી | મિનેશ ડી. શાહ<br>એક્ઝિક્યુટીવ ટ્રસ્ટી | મુકેશ સી. શાહ<br>એક્ઝિક્યુટીવ ટ્રસ્ટી | નિતીન આર. પારેખ<br>એક્ઝિક્યુટીવ ટ્રસ્ટી |

આ સિવાયના કોઇપણ વ્યક્તિ કે વ્યક્તિઓની અમારા ઉપરોક્ત ટ્રસ્ટમાં નિમણુંક કરવામાં આવી નથી તેની નોંધ લેવા ખાસ વિનંતી.

હર્ષદભાઇ ગાંધી, જિતેન્દ્ર કોઠારી, સંજયભાઇ શાહના નામનો દૂરઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

ઉપરોક્ત ત્રણ કાયમી ટ્રસ્ટીઓ દ્વારા સમાન નામધારી સંસ્થાને કે અન્ય કોઇ સંસ્થાને ક્યારેય કોઇપણ પ્રકારે તેઓના નામનો ઉપયોગ કરવાની સંમતિ આપેલ નથી અને આ ત્રણેય ટ્રસ્ટીઓને બીજી કોઇ સંસ્થા સાથે કાંઇજ લાગતું વળગતું નથી.

આ જાહેરાત દ્વારા જાહેર ચેતવણી આપવામાં છે કે તેઓના નામનો કોઇએ પણ કોઇપણ રીતે ઉપયોગ કરવો નહી અને જો કરવામાં આવશે તો તેઓ પ્રત્યે કાયદાકીય પગલા લેવામાં આવશે.

જાહેર જનતાને જણાવવાનું કે સમાન નામધારી સંસ્થા સાથે કોઇપણ જાતનો વહેવાર કરવો નહી તેમજ તેના માટે જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ ચેરીટેબલ ટ્રસ્ટ જવાબદાર રહેશે નહી.

આજ રોજ શુક્રવાર
તારીખ ૦૩.૦૫.૨૦૨૪

એજ લિ.
જૈન જાગૃતિ સેન્ટર
સેન્ટ્રલ બોર્ડ ચેરીટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ

# સંસ્થા સમાચાર

## તાડદેવના આંગણે ચોથી મે શનિવારે નૂતનદીક્ષિત સાધ્વીરત્ના પરમ નેમપ્રિયાજી મહાસતીજીનો 'વડી દીક્ષા મહોત્સવ'

રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના શ્રીમુખેથી ગત રવિવારે દીક્ષામંત્ર ગ્રહણ કરીને સંયમ પથ પર પ્રયાણ કરનારા નૂતનદીક્ષિત સાધ્વીરત્ના પૂજ્ય શ્રી પરમ નેમપ્રિયાજી મહાસતીજીને વડી દીક્ષા અર્પણ કરવાનો અવસર તાડદેવ સ્થિત અવસર હોલ, કેનેડી બ્રિજ, જ્યોતિ સ્ટુડિયો કમ્પાઉન્ડ, ગ્રાન્ટ રોડ, મુંબઈ ખાતે ચોથી મે શનિવાર સવારના નવ કલાકે યોજાશે. ઉલ્લેખનીય છે કે જૈન દર્શનની પરંપરામાં કોઈપણ આત્મા જ્યારે સમગ્ર સંસારનો ત્યાગ કરીને ગુરુ મુખેથી દીક્ષા અંગિકાર કરે ત્યારબાદ સંયમ જીવનમાં છ દિવસ સુધી તે આત્માની સ્થિરતા બાદ તેને અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહરૂપી પાંચ મહાવ્રતોમાં સ્થાપિત પ્રસ્થાપિત અને આરોપિત કરવાની વિધિ એટલે કે વડી દીક્ષા અર્પણ કરીને વાસ્તવિક સંયમ જીવનમાં તેમનો પ્રવેશ કરાવવામાં આવે છે.

રાષ્ટ્રસંત પરમ ગુરુદેવના સાંનિધ્યે અનેક શ્રેષ્ઠીવર્યો આદિ ચતુર્વિધ સંઘની ઉપસ્થિતિમાં યોજનારા વડી દીક્ષાના આ અવસરમાં સંયમધર્મ તેમજ સંયમી આત્માની અનુમોદના કરવા દરેક ધર્મપ્રેમી ભાવિકોને પધારવા શ્રી સંઘ તરફથી ભાવભીનું આમંત્રણ આપવામાં આવ્યું છે.

# બેસ્ટે માગ્યા ₹ 3000 કરોડ, પણ પાલિકા દ્વારા ફક્ત ₹ ૨૦૦ કરોડ મંજૂર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: બૃહનમુંબઈ ઈલેક્ટ્રિક સપ્લાય એન્ડ ટ્રાન્સપોર્ટ (બેસ્ટ)એ મુંબઈ મહાનગરપાલિકા પાસે કરેલી રૂ.૩,૦૦૦ કરોડની રૂપિયાની ગ્રાન્ટની માગણી કરી હતી, જેના પર લાંબી ચર્ચા બાદ પાલિકા કમિશનરે હાલ પૂરતું માત્ર ૨૦૦ કરોડ રૂપિયાની જ ગ્રાન્ટ મંજૂર કરી છે. બેસ્ટ ઉપક્રમે પાલિકા પ્રશાસન પાસેથી ૩,૦૦૦ કરોડ રૂપિયાની માગણી કરી હતી. ભંડોળમાંથી મુખ્યત્વે નવી બસોની ખરીદી કરવાનો હેતુ હતો.બેસ્ટ ઉપક્રમે નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ના પોતાના બજેટને રજૂ કરતી વખતે પાલિકા પાસેથી આર્થિક મદદ માગી હતી. બેસ્ટ એ મુંબઈ મહાનગરપાલિકાનો જ ભાગ હોવાથી બેસ્ટ પોતાનું બજેટ અંતિમ મંજૂરી માટે પાલિકા પાસે રજૂ કરતી હોય છે.

બેસ્ટના કાફલામાં બસોની ઘટતી સંખ્યાને કારણે તે નવી બસ ખરીદવા માંગે છે. હાલ બેસ્ટ ઉપક્રમ પાસે લગભગ ૩,૦૦૦ બસ બચી છે, તેને કારણે રસ્તા પર ઓછી બસ દોડી રહી છે. લોકોને બસ માટે લાંબા સમય સુધી રાહ જોવી પડતી હોય છે. થોડા દિવસ અગાઉ પાલિકા અને બેસ્ટના અધિકારીઓની બેઠક થઈ હતી, જેમાં બેસ્ટ ઉપક્રમે રાખેલી દરખાસ્ત પર ચર્ચા કરવામાં આવી હતી. ત્યારે પાલિકા કમિશનરે જરૂર પડે તો મદદ કરવામાં આવશે એવું કહ્યું હતું. પરંતુ ૩,૦૦૦ કરોડ જેટલી રકમ આપવું શક્ય ન હોવાનું કહ્યું હતું.

આ દરમિયાન ગુરુવારે થયેલી બેઠકમાં પાલિકા કમિશનરે બેસ્ટ ઉપક્રમને ગ્રાન્ટ આપવાનો નિર્ણય લીધો હતો. જોકે ૩,૦૦૦ કરોડ રૂપિયાની સામે હાલ બેસ્ટને માત્ર ૨૦૦ કરોડ રૂપિયા જ આપવામાં આવશે એવું કમિશનર ભૂષણ ગગરાણીએ નમુંબઈ સમાચારથને જણાવ્યું હતું.

બેસ્ટ પાસે ૨,૯૭૮ બસ છે, તેમાંથી ૧,૬૮૪ ભાડા પર લેવામાં આવી છે. જ્યારે બાકીની બેસ્ટની માલિકીની છે. બેસ્ટ અને તેના કર્મચારી યુનિયન વચ્ચે થયેલા મેમોરેન્ડમ ઓફ અંડરસ્ટેન્ડિંગ મુજબ ઉપક્રમે તેના કાફલામાં ૩,૩૦૦ બસ રાખવાની જરૂર છે.

# ચોમાસા પહેલાં સિમેન્ટ-કૉંક્રીટીકરણના કામ પૂરાં કરવાનો કમિશનરનો આદેશ

મુંબઈ: મુંબઈના જુદા જુદા વિસ્તારમાં હાલ મોટા પ્રમાણમાં રસ્તાઓનું સિમેન્ટ-કૉંક્રિટાઈઝેશનનું કામ ચાલી રહ્યું છે ત્યારે આ કામ ચોમાસાના આગમન પહેલાં એટલે કે ૩૧ મે, ૨૦૨૪ સુધી પૂરા કરી નાખવાનો આદેશ પાલિકા કમિશનર ભૂષણ ગગરાણીએ આપ્યો છે. તેમ જ સમયમર્યાદામાં કામ પૂરા થવાના ના હોય તો તેને ખોદી મૂકવો નહીં એવી ચોખ્ખા શબ્દોમાં ચેતવણી પણ કમિશનરે આપી છે. મુંબઈમાં મોટા પાયા પર સિમેન્ટ-કૉંક્રિટાઈઝેશનના કામ ચાલી રહ્યા છે અને ૩૧ મે સુધી તેના કામ પૂરા થયાં નહીં તો ચોમાસામાં વાહનચાલકોને અગવડ પડી શકે છે. તેથી તમામ કૉન્ટ્રેક્ટરોને આપેલી સમય મર્યાદામાં કામ પૂરા કરી નાખીને આ રસ્તા વાહનવ્યવહાર થઈ શકે તેવી સ્થિતિમાં રાખવાનું પણ કહેવામાં આવ્યું છે. તો આવશ્યક હોયતે ઠેકાણે રસ્તાઓનું ડામરીકરણ પણ કરી નાખવાનું કહેવામાં આવ્યું છે. વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે અને ઈસ્ટર્ન એક્સપ્રેસ હાઈવેના સમારકામ માટે પણ કૉન્ટ્રેક્ટરો નીમવામાં આવ્યા છે. પાલિકાના સાતેય ઝોનમાં જુદા જુદા રસ્તાઓનું માસ્ટિક અસ્ફાલ્ટ (ડામર)થી સમારકામ કરવામાં આવી રહ્યું છે. ત્યારે ચોમાસા પહેલા આ કામો પૂરા થઈ જાય અને તે વાહનવ્યવહાર કરી શકાય તેવી સ્થિતિમાં રાખવાનો નિર્દેશ પણ કૉન્ટ્રેક્ટરોને આપવામાં આવ્યો છે.

મુંબઈ મહાનગરપાલિકાની હદમાં તમામ રસ્તાઓનું કૉંક્રિટીકરણ કરવામાં આવવાનું છે, તે માટે ૩૯૮ કિલોમીટરના રસ્તાનું કૉંક્રીટીકરણ કરવા માટે વર્કઓર્ડર બહાર પાડવામાં આવ્યા છે. તેમાંથી પશ્ચિમ ઉપનગરમાં અને પૂર્વ ઉપનગરમાં મળીને ૩૨૫ કિલોમીટરના અંતરમાંથી અમુક જગ્યાએ કામ ચાલી રહ્યા છે. તો શહેરમાં એક ટેન્ડર રદ કરવામાં આવ્યું છે. રોડ, સિમેન્ટ કૉંક્રિટીકરણ પ્રોજેક્ટના ટેન્ડરની શરત મુજબ તમામ રસ્તાઓ વાહનવ્યવહાર થઈ શકે તે સ્થિતિમાં રાખવાના આવશ્યક છે. તેથી જે રસ્તાને ખોદી મૂકવામાં આવ્યા છે, તેને ડામરથી સમથળ કરી નાખવાની સૂચના કૉન્ટ્રેક્ટરોને આપવામાં આવી હોવાનું રોડ ડિપાર્ટમેન્ટના અધિકારીએ જણાવ્યું હતું. સિમેન્ટ-કૉંક્રિટના રસ્તા બનાવવામાં માટે રસ્તા ખોદીને કામ પૂરા કરવાથી લઈને ટ્રાફિક માટે ચાલુ કરવા માટે સામાન્ય રીતે ૩૦થી ૪૫ દિવસનો સમય લાગે છે. તેથી રસ્તાનું કામ પૂરું કરવામાં ધ્યાન આપ્યું નહીં તો ચોમાસાના આગમન સુધીમાં રસ્તાના કામ અધૂરા રહી જશે.

## છેલ્લા પાનાનું ચાલુ

### ચોમાસામાં

પ્રશાસને સબ-એન્જિનિયરના માથે નાખી છે. ગયા વર્ષથી પાલિકા ખાડા-સંબધિત ફરિયાદ પર સમયસર કામ થાય તે માટે સબ-એન્જિનિયિરની નિમણૂક કરતી આવી છે.

મુંબઈ મહાનગરપાલિકા દર વર્ષે ચોમાસા પહેલા કરોડો રૂપિયાના ખર્ચે રસ્તાઓના સમારકામ કરાવતી હોય

છે. છતાં થોડા વરસાદમાં રસ્તાઓ પર ખાડા પડી જતા હોય છે અને રસ્તા પાછળ ખર્ચેલા કરોડ રૂપિયા પણ પાણીની માફક વહી જતા હોય છે અને વાહનચાલકોની હાલાકીનો પણ અંત આવતો નથી.

પાલિકા દર વર્ષે ચોમાસા દરમિયાન રસ્ત પર પડતા ખાડાઓની ફરિયાદ પ્રત્યે પોતે ગંભીર હોવાનો દાવો કરતી હોય છે અને ખાડા પૂરવા માટે ખાસ ભંડોળ પણ ફાળવતી હોય છે. તે મુજબ આ વર્ષે પણ પાલિકાએ ખાડા સંદર્ભમાં નાગરિકો દ્વારા કરવામાં આવતી ફરિયાદ પર નજર રાખવાની જવાબદારી સબ એન્જિનિયર પર નાખી દીધી છે.

પાલિકા કમિશનરના કહેવા મુજબ ૨૨૭ વોર્ડમાં નીમવામાં આવનારા સબ-એન્જિનિયરોએ પોતાના વોર્ડમાં જાતે રસ્તા પર ફરીને ખાડાઓ સંદર્ભમાં જાતે જ ફરિયાદ નોંધવાની રહેશે. ફરિયાદ મળ્યા બાદ પ્રત્યેક ઝોનમાં નીમવામાં આવેલા કૉન્ટ્રેક્ટરો મારફત માસ્ટિક અસ્ફાલ્ટ દ્વારા ખાડા પૂરવાના રહેશે અને કૉન્ટ્રેક્ટરે ખાડા પૂર્યા કે નહીં તેની ખાતરી જાતે જ કરવાની રહેશે.

પાલિકાના રોડ ડિપાર્ટમેન્ટના અધિકારીના જણાવ્યા મુજબ સબ એન્જિનિયરોને તમામ વોર્ડમાં નીમવાનું કારણ એ જ છે કે તેઓ જાતે પોતાના વોર્ડમાં ફરીને રસ્તા પર પડેલા ખાડાઓને શોધે અને સમયસર રસ્તાના સમારકામ થાય છે કે નહીં તેનું ધ્યાન રાખે. તેમ જ લોકપ્રતિનિધિ, સામાજિક માધ્યમ તથા નાગરિકો તરફથી આવનારી ફરિયાદનું તત્કાલ નિરાકરણ થાય તેનું ધ્યાન પણ તેણે રાખવાનું રહેશે. એટલે રસ્તા પર ખાડા મળી આવ્યો તો તે તાત્કાલિક પૂરી દેવાનું કામ સબ-એન્જિનિયરનું રહેશે.

નોંધનીય છે કે ખાડાઓ પૂરવા માટે મુંબઈના સાતેય ઝોનમાં એક-એક કૉન્ટ્રેક્ટરની નિમણૂક કરવામાં આવી છે. પાલિકાએ ગયા વર્ષની શરૂઆતથી ખાડાઓના સમારકામ માટે રિએક્ટિવ અસ્ફાલ્ટ (ડામર) અને રેપિડ હાર્ડેનિંગ કૉંક્રિટનો ઉપયોગ કરતી આવી છે. જોકે અન્ય ટેક્નોલોજીમાં ચોક્કસ મર્યાદા હોવાને કારણે બાદમાં જોકે મેસ્ટિક ટેક્નોલોજી ઉપયોગ પાછળથી કરવામાં આવ્યો હતો. પાલિકા અગાઉ જેટ પેચિંગ મશીન, ઓસ્ટ્રિયન અને ઈઝરાયેલી ડામર મિક્સ ટેક્નોલોજીનો ઉપયોગ કરતી હતી.

### લવાદના પૈસા

આવ્યો હતો. જો કે, પાછળથી, કામ અંગે વિવાદ ઊભો થતાં, કંપનીએ કરારની જોગવાઈઓ અનુસાર લવાદીની નિમણૂક કરવા વિનંતી કરી. જે મુજબ જી.પી. શ્રીવાસ્તવને આર્બિટ્રેટર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. સુનાવણીના અંતે, આઠમી ઓક્ટોબર ૨૦૧૦ના રોજ કંપનીના દાવાને આંશિક રીતે સ્વીકારીને ચુકાદો આપ્યો. જોકે, રેલવે વતી કેન્દ્ર સરકારે તેની સામે હાઈ કોર્ટમાં અરજી કરી હતી. તેને ૨૦ એપ્રિલ ૨૦૧૫ના રોજ હાઈ કોર્ટે આંશિક રીતે સ્વીકારી હતી.

તેથી કેન્દ્ર સરકારે ૨૦૧૫માં જ અપીલ કરી હતી. જો કે, હાઇ કોર્ટે ૧૪મી જાન્યુઆરી ૨૦૧૬ના તેના આદેશ દ્વારા અપીલને ફગાવી દીધી હતી કારણ કે તક આપવામાં આવી હોવા છતાં ભૂલો સુધારવામાં આવી નહોતી . ત્યારબાદ કંપનીએ આર્બિટ્રેશન ઓર્ડરને લાગુ કરવા માટે ૨૦૧૬માં અરજી દાખલ કરી હતી. જ્યારે તે પેન્ડિંગ હતું, ત્યારે કેન્દ્ર સરકાર (રેલવે) એ ૧૪મી જાન્યુઆરી ૨૦૧૬ ના રોજના આદેશને રદ કરવા માટે અરજી કરી હતી. જોકે, તે અરજી દાખલ કરવામાં ૧,૨૮૪ દિવસનો વિલંબ થયો હતો અને તેનું કોઈ સંતોષકારક કારણ ન હોવાનું જોતા હાઈ કોર્ટના જજ એચ. બી.પી. કુલાબાવાલા અને ન્યા. સોમશેખર સુંદરેસનની બેન્ચે તેને ત્રીજી એપ્રિલ ૨૦૨૪ના રોજ ફગાવી દીધી હતી. આર્બિટ્રેટરના આદેશ મુજબ આશરે રૂ.૧ કરોડ ૧૫લાખની બાકી રકમ હતી. તેના પર ૧૮ ટકા વ્યાજને કારણે ૨૦૧૬માં એરિયર્સ વધીને લગભગ બે કરોડ ૧૪ લાખ રૂપિયા થઈ ગયા હતા.

કંપની દ્વારા ધ્યાન દોરવામાં આવ્યું હતું કે આ જ બાકી રકમ હવે લગભગ ૩ કરોડ ૯૫ લાખ રૂપિયા થઈ ગઈ છે.

### ૨૦ વર્ષમાં

વિદ્યાર્થીના મૃત્યુ ગળે ફાંસો ખાઈને થયા હતા. ૧૭ના મૃત્યુ કેમ્પસની બહાર થયા હતા. મળેલી માહિતી અનુસાર ૨૦૦૫થી ૨૦૨૪ દરમિયાન આઈઆઈટી મદ્રાસમાં સૌથી વધુ વિદ્યાર્થીઓ (૨૬)એ આપઘાત કર્યો હતો. ત્યારબાદના ક્રમે આઈઆઈટી કાનપુર (૨૬), આઈઆઈટી ખડગપુર (૧૩) અને આઈઆઈટી બોમ્બે (૧૦) આવે છે. આ વર્ષે પાંચ વિદ્યાર્થીના મૃત્યુ નોંધાયા છે. ૧૨ ફેબ્રુઆરી, ૨૦૨૩ના દિવસે આઈઆઈટી બોમ્બેના દર્શન સોલંકીના મૃત્યુ પછી ધીરજ સિંહને છેલ્લા ૨૦ વર્ષમાં આઈઆઈટી વિદ્યાર્થીઓના મૃત્યુ અંગે માહિતી મેળવવાની ઈચ્છા થઇ હતી.

### લોકસભાની ચૂંટણી

છે, કારણ કે અહીં અજિત પવારના પત્ની સુનેત્રા પવારની સામે સુપ્રિયા સુળે છે. બારામતી શરદ પવારનો ગઢ માનવામાં આવી રહ્યો છે, જ્યારે સુપ્રિયા સુળે સીટિંગ સાંસદ પણ છે, પરંતુ ભાજપે આ વખતે અન્ય કોઈ ઉમેદવારને ઉતારવાને બદલે એનસીપીના વરિષ્ઠ નેતા અજિત પવારના પત્નીને લડાઈમાં ઉતાર્યા છે. સુનેત્રા પવાર માટે આ સીટ પર જીતવાનું મુશ્કેલ છે, પરંતુ સુપ્રિયા સુળેને ઊભા રાખીને શરદ પવારનું ટેન્શન વધાર્યું છે.

ભારતીય જનતા પાર્ટી (ભાજપ)ના નેતૃત્વ હેઠળ એનડીએ અને કૉંગ્રેસની આગેવાની હેઠળના ઈન્ડિયા ગઠબંધનની વચ્ચે જોરદાર ટક્કર રહેશે, પરંતુ વાસ્તવિક પરીક્ષા તો શરદ પવારની છે. એક બાજુ સુપ્રિયા સુળેના શિરે પિતા શરદ પવારના વારસાને બચાવવાનો પડકાર રહેશે, જ્યારે બીજી બાજુ અજિત પવારના ભવિષ્યનો નિર્ણય પણ ત્રીજા તબક્કામાં લેવાશે.

લોકસભાની ચૂંટણીના ત્રીજા તબક્કામાં મહારાષ્ટ્રમાં બારામતી, હાતકણંગલે, કોલ્હાપુર, લાતુર, ઉસ્માનાબાદ, રાયગઢ, રત્નાગિરી સિંધુદુર્ગ, સાંગલી, સતારા, માઢા અને સોલાપુરની સીટ પર સાતમી મેના વોટિંગ હાથ ધરવામાં આવશે. એનડીએની છાવણીમાંથી અગિયાર બેઠકમાંથી છ સીટ પર ભાજપના ઉમેદવારો મેદાનમાં છે, જ્યારે ભાજપના સહયોગી અજિત પવારની નેતૃત્વવાળી એનસીપીના ત્રણ ઉમેદવાર અને બે સીટ પર એકનાથ શિંદે જૂથના ઉમેદવાર મેદાનમાં છે.

### મહાયુતિમાં

છે, જ્યારે અજિત પવારની આગેવાની હેઠળની એનસીપી ચાર બેઠકો પર તેના ઉમેદવારો ઊભા કરશે. અગાઉ, ભાજપ કથિત રીતે થાણે બેઠક પરથી ચૂંટણી લડવા આતુર હતું અને તેણે નાસિક મતવિસ્તારમાંથી સેનાના સાંસદ હેમંત ગોડસેના નામાંકનનો વિરોધ કર્યો હતો. થાણે સેનાનો ગઢ હોવાથી, શિંદેએ થાણેના ભૂતપૂર્વ મેયર નરેશ મહસ્કેને ત્યાંથી તેમના પક્ષના ઉમેદવાર તરીકે જાહેર કર્યા છે. તેમના પુત્ર અને વર્તમાન સાંસદ શ્રીકાંત શિંદે કલ્યાણથી ચૂંટણી લડશે. મહાયુતિના ભાગીદારો ભાજપ, સેના અને એનસીપીએ પરભણીમાં રાષ્ટ્રીય સમાજ પક્ષનું સમર્થન કર્યું હતું, જ્યાં મતદાન થઈ ચૂક્યું છે.

શુક્રવાર પાલઘર અને મુંબઈની અન્ય લોકસભા બેઠકો માટે ઉમેદવારી નોંધાવવાનો છેલ્લો દિવસ છે. વિપક્ષી મહાવિકાસ આઘાડી તરફથી શિવસેના (યુબીટી) ૨૧ બેઠકો પર, કૉંગ્રેસ ૧૭ અને એનસીપી (શરદચંદ્ર પવાર) ૧૦ બેઠકો પર ચૂંટણી લડી રહી છે.

રાજ્યની ૪૮ લોકસભા બેઠકો માટે ૧૯ એપ્રિલથી ૨૦ મે વચ્ચે પાંચ તબક્કામાં ચૂંટણી યોજાવાની છે. મતોની ગણતરી ચાર જૂને થશે. (પીટીઆઈ)

### ગર્દુલ્લાઓની ટોળકીએ

એ શખસનો પીછો કરવા લાગ્યો હતો. થોડા અંતરે પહોંચ્યા બાદ ગર્દુલ્લાઓની ટોળકીએ પવારને ઘેરી લીધો હતો અને તેમની વચ્ચે ઝપાઝપી થઇ હતી. તેમણે પવાર સાથે ધક્કામુક્કી કરીને તેની મારપીટ કરવાની શરૂ કરી હતી. એ સમયે એક ગર્દુલ્લાએ પવારની પીઠ પર ઝેરી ઇન્જેકશન મારી દીધું હતું. તેમણે પવારના મોઢામાં લાલ રંગનું દ્રવ્ય રેડ્યું હતું. પવાર બાદમાં બેભાન થયો હતો અને બીજે દિવસે સવારે ભાનમાં આવ્યા બાદ પવાર જેમતેમ કરી પોતાના ઘરે પહોંચ્યો હતો. દરમિયાન પવારની તબિયત લથડતાં પરિવારજનોએ તેને થાણેની હોસ્પિટલમાં દાખલ કર્યો હતો. કોપરી પોલીસ સ્ટેશનના અધિકારીઓએ પવારનું નિવેદન નોંધ્યા બાદ અજાણ્યા શખસો વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો. આ કેસ બાદમાં દાદર જીઆરપી (ગવર્નમેન્ટ રેલવે પોલીસ)ને ટ્રાન્સફર કરવામાં આવ્યો હતો. હોસ્પિટલમાં દાખલ પવારની તબિયત વધુ બગડી હતી અને બુધવારે તેનું મૃત્યુ થયું હતું.

### આદેશનું પાલન

કરવામાં આવી રહી હોવાનું ધ્યાને આવ્યું છે. દલાલો માટે કોઈ શિક્ષણ-તાલીમ નથી. તેમના પર કોઈનું નિયંત્રણ નથી. પરંતુ મહારેરા એક્ટ લાગુ થયા બાદ દલાલોને પણ મહારેરા હેઠળ નોંધણી કરાવવી ફરજિયાત કરવામાં આવી હતી. ગયા વર્ષે, મહારેરાએ બ્રોકર્સ માટે તાલીમ અને તાલીમનું પ્રમાણપત્ર ફરજિયાત બનાવ્યું હતું. આ માટે તાલીમ અને પરીક્ષા પણ શરૂ થઈ. પહેલી જાન્યુઆરીથી, ફક્ત મહારેરાના પ્રમાણિત બ્રોકર્સ દ્વારા જ પ્રોજેક્ટમાં મકાનોનું વેચાણ અને ખરીદી કરવાનું ફરજિયાત કરવામાં આવ્યું છે. મહત્ત્વની વાત એ છે કે, ડેવલપર્સ માટે તેમની વેબસાઈટ પર પ્રશિક્ષિત, પ્રમાણિત બ્રોકર્સના નામ પ્રકાશિત કરવાનું પણ ફરજિયાત બનાવવામાં આવ્યું છે. આ નવો નિયમ લાગુ થયાને ઘણા મહિનાઓ થઈ ગયા છે. પરંતુ ઘણા ડેવલપર્સે તેમની વેબસાઈટ પર પ્રમાણિત બ્રોકરોના નામ પ્રકાશિત કર્યા નથી. એવું જોવામાં આવ્યું છે કે ખરીદી અને વેચાણના વ્યવહારો અપ્રમાણિત અને નોંધણી વગરના દલાલો દ્વારા કરવામાં આવે છે. જેની ગંભીર નોંધ લઈને આખરે આ નિયમનું પાલન ન કરનારા પ્રમોટર્સ અને પ્રોજેક્ટ સામે પગલાં લેવાનો નિર્ણય લેવાયો છે.

### શ્રીકાંત શિંદેનો

નહીં. પ્રથમ ચૂંટણીમાં એકનાથ શિંદેના પુત્ર તરીકે ડૉ. શ્રીકાંત શિંદે જાણીતા હતા. પરંતુ ચૂંટાયા બાદ તેમણે વિકાસ કાર્યો દ્વારા પોતાની ઓળખ બનાવી છે.

કાર્યકરોની મહેનત અને મતદારોના આશીર્વાદથી કલ્યાણ ડોમ્બિવલી મતવિસ્તારમાં આગામી ચૂંટણીમાં અગાઉના તમામ રેકોર્ડ તૂટી જશે. પાંચ લાખ મતો સાથે ડૉ. શ્રીકાંત શિંદે જીતશે તેવો વિશ્વાસ મુખ્યપ્રધાને વ્યક્ત કર્યો હતો. વિજયની હેટ્રિક બાદ સાંસદ ડૉ. શ્રીકાંત શિંદે લોકોની સેવા કરશે, એમ તેમણે કહ્યું. શ્રીકાંત શિંદેને મત એટલે વડા પ્રધાન નરેન્દ્ર મોદીને મત, ધનુષ્યબાણને મત એટલે મોદીને મત અને મહાયુતિને મત એટલે મોદીને મત, તેથી ૨૦મી તારીખ સુધી બધાં મહેનત કરો, સાંસદ આગામી પાંચ વર્ષ તમારી સેવા કરશે , મુખ્ય પ્રધાને જણાવ્યું હતું.

### શિંદેએ જમાવ્યો સિક્કો

રહ્યો છે ત્યારે આ બેઠક શિંદેના પક્ષમાં જવી ખૂબ જ મોટી સફળતા માનવામાં આવે છે. તો બીજી બાજુ દક્ષિણ મુંબઈની બેઠક પરથી ભાજપે ઉમેદવાર તરીકે લગભગ રાહુલ નાર્વેકરના નામ પર સિક્કો લગાવી દીધો હતો અને તેમણે અનૌપચારિક રીતે પ્રચાર પણ શરૂ કરી દીધો હોવાનું ચર્ચાતું હતું ત્યારે આ બેઠક પણ શિંદે સેનાને ફાળે ગઈ. આ બેઠક પરથી યામિની જાધવને ઉમેદવારી આપવામાં આવી છે. ગુજરાતી-મારવાડી મતદારો નોંધપાત્ર સંખ્યામાં ધરાવતી આ બેઠક ભાજપને ન મળવી તે ભાજપ માટે તો ક્યાંક હારવા જેવો જ વિષય બની રહે છે. ઉદ્ધવ ઠાકરે સાથે છેડો ફાડીને શિંદે પર ભરોસો કરીને ૧૩ સાંસદ આવ્યા હતા ત્યારે શિંદેજૂથ ૧૩ બેઠક પર દાવો કરી શકે, પરંતુ શિંદેએ ૧૫ લોકસભા બેઠક પોતાના પક્ષમાં ખેંચી લાવ્યા છે. પહેલા ૩૬ અને પછી ૩૨નો દાવો કરતી ભાજપે ૨૭ બેઠક પર સમાધાન કરવું પડ્યું છે. અજિત પવારે પાંચ બેઠકથી સંતોષ માનવો પડ્યો છે જ્યારે એક બેઠક રાષ્ટ્રીય સમાજ પાર્ટીને ગઈ છે.

બાળ ઠાકરેની શિવસેના તોડી એકનાથ શિંદે ભાજપ સાથે જોડાયા છે. ઉદ્ધવ ઠાકરે એકનાથ શિંદે પર વિશ્વાસઘાતનો આક્ષેપ કરે છે ત્યારે શિવસેનાને સહાનુભૂતિ મત ન મળે અને ભાજપએ શિંદેજૂથને યોગ્ય પ્રતિનિધિત્વ આપ્યું છે, તેવો સંદેશ જાય, તેવું ગણિત ભાજપના મોવડી મંડળનું હોય તેમ રાજકીય વિશ્લેષકો જણાવે છે.

### પનવેલ-સીએસએમટી

અન્ય ટ્રેક પર જતા હોવાથી અકસ્માતનું જોખમ પણ ઊભું થયું હતું. વાસ્તવમાં પ્રવાસીઓને પડતી હાલાકીનો પ્રશાસન આંખ આડા કાન કરી રહ્યું છે, એમ અન્ય એક પ્રવાસીએ જણાવ્યું હતું. આ મુદ્દે મધ્ય રેલવેના અધિકારીએ કહ્યું હતું કે સતત બે ડિરેલમેન્ટ પછી લોકલ ટ્રેનને રિસ્ટ્રિક્શન સ્પીડથી દોડાવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. સીએસએમટી સેક્શનમાં ટ્રેનની સ્પીડને કલાકના દસ કિલોમીટરની સ્પીડથી દોડાવવામાં આવી હતી, તેથી ટ્રેન અડધો કલાકથી વધુ મોડી દોડી રહી છે. સોમવારે ડિરેલમેન્ટ પછી ક્રોસઓવર બદલવામાં આવ્યો હતો. આમ છતાં એ જ જગ્યાએ બુધવારે ખાલી ટ્રેનનું ડિરેલમેન્ટ થયું હતું. પાંચ કલાક પછી ટ્રેનસેવા સંપૂર્ણ ચાલુ કરવામાં આવી હતી. આ અંગે એન્જિનિયરિંગ અને મિકેનિકલ વિભાગ તરફથી તપાસ હાથ ધરવાના આદેશ આપ્યા છે. હાલના તબક્કે ટ્રેનોને મર્યાદિત ઝડપથી દોડાવવામાં આવી રહી છે, તેથી ટ્રેનો રેગ્યુલર ટાઈમટેબલથી મોડી દોડી રહી છે, એવો અધિકારીએ બચાવ કર્યો હતો.

હાર્બર લાઈનમાં સિંગલ કોરિડોર છે, જ્યારે રોજના દસ લાખથી વધુ પ્રવાસી ટ્રાવેલ કરે છે. આમ છતાં સ્લો કોરિડોર હોવાથી દરેક વખત પ્રવાસીઓ આ કથળેલી સિસ્ટમનો ભોગ બની રહ્યા છે અને એનું નિરાકરણ લાવવું જરૂરી છે, એમ પ્રવાસી સંગઠને જણાવ્યું હતું.

# હિન્દુ મરણ

**કચ્છી રાજગોર બ્રાહ્મણ**

ગામ મસ્કાના હાલ ડોમ્બિવલી કુ. રિયા શામજી મોતા (ઉં. વ. ૨૫) તા. ૨૯-૪-૨૪ના રોજ રામશરણ પામેલ છે. તે મંજુલાબેન શામજી મોતાની પુત્રી. સ્વ. કુંવરબાઇ ખીમજી કેશવજી મોતાની પૌત્રી. અ. સૌ. સ્વ. મણીબેન હીરજી બોડાની દોહિત્રી. સ્વ જયંતીલાલ, મનસુખ, પ્રાણજીવન, રમેશ, ભરતની ભત્રીજી. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૩-૫-૨૪ના શુભમ બેંકેટ હોલ, ૧લે માળે, શુભાંગી બિલ્ડિંગ, માનપાડા રોડ, દિવ્યા સારીની ઉપર ડો. (ઇસ્ટ). ૪થી ૬.

**કચ્છી લોહાણા**

સ્વ. શાંતાબેન હરિરામ અનમના સુપુત્ર નવીન હરિરામ અનમ (ઉં. વ. ૮૨) કચ્છ ગામ કુકમા બુધવાર તા. ૧-૫-૨૪ના પૂનામાં અક્ષરવાસી થયા છે. તે ભારતીબેનના પતિ. નિલેશ, રામના પિતા. હેમુ, યોગિનીના સસરા. નારાયણ ખીમજી પંડિતપૌત્ર કચ્છ ગામ મઉના જમાઇ. જમનાદાસભાઇ, નરેન્દ્રભાઇ, અશ્વિનભાઇ, હેમલતાબેન, ઇંદુબેન, શારદાબેન, આશાબેનનાભાઇ. લૌકિક વ્યવહાર બંધ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી.

**હાલાઇ ભાટિયા**

ભરત ઠક્કર (ઉં. વ. ૬૭) તે સ્વ. લક્ષ્મીબેન અને સ્વ. પ્રતાપ ગોકલદાસ ઠક્કરના પુત્ર. તે આનંદના ભાઇ. તે સ્વ. મૈત્રીના જેઠ. તા. ૧-૫-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તેમ જ લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી લોહાણા**

કચ્છ ગામ દેશલપર ગુંતલી હાલે ઉલવે. સ્વ. શાંતાબેન મંગલદાસ ભીમજી આથાના પુત્ર ગોવિંદભાઈ (દીનેશભાઈ) (ઉં.વ. ૬૫) તા. ૧/૫/૨૪ના શ્રીરામશરણ પામેલ છે. તે કુસુમબેનના પતિ. તે ગં.સ્વ. ગીતાબેન મહેન્દ્રભાઈ તન્ના, સ્વ. લતાબેન રમેશકુમાર નરમ, કલાબેન મહેશકુમાર પલણ તથા હસમુખભાઈના ભાઈ. લજ્જા કુનાલ દૈયા, ઈશા રાહુલ મજેઠીયા તથા સમીપના પિતાશ્રી. તે સાવિત્રીબેન મથુરાદાસ માધવજી કતિરા નેત્રાવાલાના જમાઈ. ઉષાબેન પ્રતાપ, કલ્પનાબેન વિપુલ, કવિતાબેન નીતિનના નનદોઈ. પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**લુહાર સુથાર**

ગામ સીતાપુરા હાલ બોરીવલી દિલીપભાઈ રાઠોડ (ઉં.વ. ૫૨) તે ગં.સ્વ. જયાબેન તથા સ્વ. વ્રજલાલ મોહનલાલ રાઠોડના પુત્ર. તે સાસરાપક્ષે મોરબીવાળા કાંતિલાલ રામજીભાઈ સોલંકીના જમાઈ. મનીષાબેનના પતિ. જય તથા ભવ્યના પિતા. ગીરીશભાઈ, યોગેશભાઈ, વર્ષાબેન ઘનશ્યામભાઈ કાતરીયાના ભાઈ તે ૨૯/૪/૨૪ના સ્વર્ગવાસ પામેલ છે. પ્રાર્થનાસભા ૩/૫/૨૪ના ૫ થી ૭. લુહાર સુથાર વેલ્ફેર સેન્ટર, કાર્ટર રોડ ૩, અંબા માતા મંદિર પાસે, વિશ્વકર્મા ચોક, બોરીવલી ઈસ્ટ.

**ઘોઘારી મોઢ વણિક**

ચોરવાડ નિવાસી હાલ કાંદિવલી સ્વ. વસંતરાય વલ્લભદાસ મહેતાના ધર્મપત્ની પુષ્પાબેન (ઉં.વ. ૯૦) તે કિરણ, મુકેશ, જયશ્રીના માતુશ્રી. નિતાના સાસુ. કૃણાલ, માનસીના દાદી. દિલીપભાઈ મહેતાના ભાભી. તે ૩૦/૪/૨૪ના શ્રીજીશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી લોહાણા**

કુંકાવાવ મોટી નિવાસી, હાલ બોરીવલી પ્રફુલ્લાબેન સાગલાણી (ઉં.વ. ૬૩) તે હિતેષભાઇના ધર્મપત્ની. તેઓ કોમલબેન ગૌરવકુમાર, ચિરાગભાઈના માતુશ્રી. તે માનસીબેનના સાસુ. તે સ્વ. ચંદ્રિકાબેન મણીલાલ સાગલાણીના પુત્રવધૂ. તે ઇન્દુબેન નાનાલાલ સોમૈયાના પુત્રી. બુધવાર, તા. ૧/૫/૨૪ના અક્ષરધામ પામેલ છે. પ્રાર્થનાસભા શુક્રવાર, તા. ૩/૫/૨૪ના ૪ થી ૬. શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન ઉપાશ્રય, એલ. ટી. રોડ, ડાયમંડ ટૉકીઝની સામે, બોરીવલી (વેસ્ટ).

**નવગામ ભાટિયા**

જોડિયાવાળા હાલ મુંબઈ સ્વ. મૂળરાજભાઈ નેગાંધી (ઉં.વ. ૭૫), તે સ્વ. ત્રિકમજી વેલજી નેગાંધી તથા સ્વ. શાંતાબેન નેગાંધીના સુપુત્ર. તે જયંતીભાઈ, સ્વ. રાધાબેન પ્રાણજીવનદાસ, સ્વ. નવિનભાઇ, સ્વ. સુરેશભાઈ, સ્વ. જયસિંહભાઈ, માધવશીભાઈ, હંસાબેન હરિશકુમાર, રણજીતભાઇના ભાઈ. તે સ્વ. ઇન્દુબેન, સ્વ. નલિનીબેન, સ્વ. આશાબેન તથા સૌ. નયનાબેનના દિયર. તે સૌ. અલ્કાબેન અજિતકુમાર, ઉદય, ધર્મેશ, જીગ્નેશ, અ.સૌ. જાગૃતિ નિરવકુમારના કાકા. તે સૌ. દિપાલી, અ.સૌ. તૃપ્તિ, અ.સૌ. ફોરમના કાકાજી, બુધવાર, તા. ૧/૫/૨૪ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

# પારસી મરણ

ફરીદા વીસ્પી થાનાવાલા તે વીસ્પી હોમી થાનાવાલાના વિધવા તે મરહુમો રોડા તથા અસ્પી ઇરાનીના દિકરી. તે વીરાને બીનાઇફર થાનાવાલાના બહેન. તે તીરંદાઝ શેહેરીયાર ઇરાની ગુલનાર પટેલ ને મરહુમ અદી ઇરાનીના સિસ્ટર ઇન લો. (ઉં. વ. ૭૧) રે. ઠે. સનરાઇઝ વીલા સર્બ ગાર્ડન પ્લોટ નં.૨૩-એ, સરવે ૩૫૧, વંદા, નાલાસોપારા (વેસ્ટ) ૪૦૧૨૦૩. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૩-૫-૨૪ના રોજ બપોરે ૩.૪૫ કલાકે ઓલબેલેસ બંગલી ડુંગરવાડી, મુંબઇ.

# જૈન મરણ

**જામનગર વિશા ઓસવાલ જૈન**

જામનગર નિવાસી હાલ અંધેરી રસિકલાલ અમીલાલ પારેખના ધર્મપત્ની અ. સૌ. જ્યોત્સનાબેન (ઉં. વ. ૭૬) તે સોનલબેન પ્રણવકુમાર ઝવેરી, શીતલબેન વિરલકુમાર દડિયા, મિતલબેન મિહિરકુમાર શાહના માતુશ્રી. સ્વ. અમીલાલ મોહનલાલ પારેખના પુત્રવધૂ. સ્વ. નેમચંદ વિઠ્ઠલજીની પુત્રી. આદિત, ખુશી, દિતિના નાની. બુધવાર તા. ૧-૫-૨૪ના અરિહંતશરણ પામેલ છે. તેમની ભાવયાત્રા શનિવાર, તા. ૪-૫-૨૪ના ૪થી ૬. ઠે. અમૃતારા હોલ, નવા સમાજ મંડળ માર્ગ, ૧, દિક્ષિત ક્રોસ રોડ, નવપાડા, વિલેપાર્લે (ઇસ્ટ).

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

જેતપુર નિવાસી હાલ ઘાટકોપર મંજુલાબેન કિશોરભાઇ દોશી (ઉં. વ. ૮૫) મંગળવાર તા. ૩૦-૪-૨૪ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. સવિતાબેન હિંમતલાલ દોશીના પુત્રવધૂ. તે સ્વ. વિનીત-હેતલ, રીટા પ્રણયકુમારના માતુશ્રી. તે હર્ષદભાઇ, સ્વ. કીરીટભાઇ, હસમુખભાઇ, વિજયભાઇ, વસંતભાઇ, સ્વ. દક્ષાબેન લલિતકુમાર, ભારતી મહેન્દ્રકુમારના ભાભી. તે પિયર પક્ષે સ્વ. જયાબેન જયંતિલાલ ચાંગાણીની દીકરી. પલક, જલક, વિકીતા મીત મહેતા, ઇશીતા સોહિલના દાદી-નાની. તે સ્વ.વિમળાબેન જયંતિલાલ મહેતાના વેવાણ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

ગોધરાના કસ્તુરબેન હીરજી ગણપત (ઉં.વ. ૭૮) તા. ૩૦-૪-૨૪ના અરિહંતશરણ પામેલ છે. હીરબાઇ ગણપતના પુત્રવધૂ. હીરજીના ધર્મપત્ની. દીલીપ, મનીષાના માતુશ્રી. નાંગલપુર ભચીબાઇ કારૂ કુરપારના સુપુત્રી. રાયણ રતનબેન રતનશી, ડોણના પુરબાઇ વસનજી, પ્રાગપુર દીલીપ, જ્યોતિના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. હીરજી ગણપત ગાલા, એ-૧૦૧, ગોહીલ મેન્સન, ઇરાનીવાડી, કાંદીવલી (વેસ્ટ).

કાંડાગરા હાલે પુણે-બાનેરના શ્રીમતી શ્વેતા (જસુમતી) સંજય ગાલા (શાહ) (ઉં.વ. ૫૬), તા. ૨૯-૪-૨૪ના અવસાન પામ્યા છે. સ્વ. સંજયના ધર્મપત્ની. રંજનબેન તલકશી દેરાજના પુત્રવધૂ. ધૃતીના માતા. ભુજપુરના મંજુલાબેન મનસુખલાલ પોપટલાલ શેઠિયાના સુપુત્રી. લેરી, દિનેશના બેન. પ્રાર્થના સભા રાખેલ નથી. નિવાસ : ધૃતી પ્રવીણ તોતલાની, ફ્લેટ નંબર ૪૦૧, શ્રેયસ સાઈટેશન, પાનકાર્ડ ક્લબ રોડ, બાનેર, પુણે-૪૧૧૦૪૫.

**કચ્છી દશા શ્રીમાળી વણિક જૈન**

કચ્છ માંડવી હાલ ઘાટકોપર મહેન્દ્રભાઈ કાનજીભાઈ મહેતાના ધર્મપત્ની ધનલક્ષ્મીબેન (મીનાબેન) મહેતા (ઉં.વ. ૮૦) તે પ્રશાંતના માતુશ્રી. અનિલાબેન મનુભાઈ મહેતાના નણંદ. સવિતાબેન તથા સ્વ. રમણીકલાલ મોતીચંદ મહેતાના દીકરી. જયાબેન જમનાદાસ મહેતા તથા સ્વ. ઇન્દીરાબેન જયદેવ મહેતાના દેરાણી. રીના પંકજ મહેતાના જેઠાણી તા.૧/૫/૨૪ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

મહુવા નિવાસી હાલ દહિસર સ્વ. રમેશચંદ્ર પૂનમચંદ શાહ તથા સ્વ. જસવંતલાલ વાલજીભાઇ દોશી સુખડવાળા (જેસરરાજપરા)ના દીકરી લતાબેનના પુત્ર પ્રિયાંક (ઉં.વ. ૩૯) તે નેહાબેનના ભાઈ મંગળવાર, ૩૦/૪/૨૪ના અરિહંતશરણ પામેલ છે. મધુકુંજ એપાર્ટમેન્ટ, પહેલે માળે, ૧૦૩, કાંદરપાડા, દહિસર વેસ્ટ.

**પાટણ વિશા શ્રીમાળી જૈન**

રાજેન્દ્ર શાહ પાટણ નિવાસી ઢંઢેરવાડો (ઉં.વ. ૬૮) તે ૧/૫/૨૪ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. મંજુલાબેન કીર્તિલાલ નેમચંદ શાહના પુત્ર. ગીતાબેન પ્રવીણભાઈ શાહ, રેખાબેન રશ્મિનભાઈ શાહ, છાયાબેન રાજેશભાઈ શાહ તથા અરુણભાઈ કીર્તિલાલ શાહના ભાઈ. પુનિતાબેન અરુણભાઈના જેઠ. મિલોનીના કાકા. જિનદર્શન મ.સા.ના સંસારીકાકા. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

બિલખા નિવાસી હાલ ઘાટકોપર સ્વ. વ્રજકુંવરબેન શામળજીભાઈ લાઠીયાના સુપુત્ર સ્વ. વ્રજલાલભાઈના ધર્મપત્ની મંજુલાબેન (ઉં.વ. ૮૭), તા. ૨૯-૪-૨૪ના અરિહંતશરણ પામેલ છે. તે નીરૂબેન નિતીનભાઈ, ઈલાબેન સુનીલભાઈ, જ્યોતિબેન જયેશભાઈ, ચારુબેન ચેતનભાઈ, ભાવનાબેન ચેતનભાઈ, વિનયના માતુશ્રી. તે રીટાના સાસુ. તે સ્વ. વલ્લભભાઈ, સ્વ. અમૃતલાલ, સ્વ. હરિલાલભાઈ, સ્વ. કાંતિલાલભાઈ, સ્વ. વ્રજલાલભાઈ, અનિલભાઈ, હસમુખભાઈ તથા સ્વ. શાંતાબેન વૈદના બહેન. પ્રાર્થનાસભા શનિવાર, તા. ૪-૫-૨૪ના ૪ થી ૬, પારસધામ, વલ્લભબાગ લેન, ઘાટકોપર-ઈસ્ટ.

**ઝાલાવાડી સ્થાનકવાસી જૈન**

ચૂડા નિવાસી હાલ અંધેરી ધીરજલાલ લક્ષ્મીચંદ અજમેરા (ઉં.વ. ૯૮) તે મધુકાંતાબેનના પતિ. જયેશ, રાજેશ અને ચેતનાના પિતા. ભાવના, વિભા રાજુભાઈના સસરા. નેહલ-નૌશાદ, હેમન-શ્વેતા, રાજસ્વી-મનન, જેનિલના દાદા. મિરાંત-તનવી, નમનના નાના. સ્વ. મૂલચંદ ગુલાબચંદ શાહના જમાઈ. ગુરુવાર, તા. ૨-૫-૨૪ના અરિહંતશરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

સાવધાન

# મુંબઈમાં પેટના ઈન્ફેક્શનના કેસમાં વધારો

મુંબઈ: છેલ્લા ઘણા દિવસોથી મુંબઈમાં પેટના ઈન્ફેક્શનના કેસની સંખ્યામાં વધારો નોંધાયો છે. બૃહદ મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના આરોગ્ય વિભાગ પાસેથી મળેલી માહિતી અનુસાર એપ્રિલ મહિનામાં પેટની સમસ્યાને લગતા દરરોજ સરેરાશ ૩૧ દર્દીઓ હૉસ્પિટલમાં દાખલ થયા હતા. શહેરની સરકારી હૉસ્પિટલો ઉપરાંત ખાનગી હૉસ્પિટલોમાં પણ પેટના ઈન્ફેક્શનના દર્દીઓની સંખ્યામાં વધારો થયો છે. તબીબોના મત મુજબ જેની પાછળનું અસલામત જંકફૂડ છે.

એક અહેવાલ મુજબ જેજે હૉસ્પિટલમાં એપ્રિલના દરમિયાન પેટના ઈન્ફેક્શનના લગભગ ૩૦૦ દર્દીઓની તપાસ કરવામાં આવી હતી. ઝાડા, ઉલ્ટી અને ડિહાઈડ્રેશનથી પીડાતા દર્દીઓને દાખલ કરવામાં આવ્યા હતા. હૉસ્પીટલના તબીબોના જણાવ્યા મુજબ સામાન્ય રીતે દર્દીઓ ચારથી પાંચ દિવસમાં સાજાથઇ જાય છે.

મુંબઈના લોકો મોટા પ્રમાણમાં ફાસ્ટ ફૂડ કે જંક ફૂડ ખાય છે. વડાપાંઉ, સમોસા, ચાઈનીઝ, પાણીપુરી, ફ્રૂટ ડીશના ઠેલાઓ પર લોકોની ભીડ રહે છે, પરંતુ એ ખોરાક કે પીણા બનાવવા વપરાતી સામગ્રીઓ અને બનાવતી વખતે સ્વચ્છતા અંગે ધ્યાન આપતા નથી. રસ્તાની બાજુના સ્ટોલ પર ખુલ્લામાં ખાદ્યપદાર્થો અને પીણા વેચવામાં આવે છે. આવી સ્થિતિમાં વાહનોથી ફેલાતું પ્રદૂષણ, રસ્તાની ધૂળ, ગંદકીમાં બેઠેલી માખીઓ આ ખાદ્ય પદાર્થોની ગુણવત્તા પર અસર કરે છે, દૂષિત ખોરાકને કારણે પેટમાં ચેપ લાગવાની શક્યતા વધી જાય છે.

આરોગ્ય વિભાગના ડેટા અનુસાર એપ્રિલમાં ૯૧૬ લોકો પેટના ઈન્ફેક્શનથી બીમાર પડ્યા હતા, જ્યારે માર્ચમાં આ આંકડો ૬૩૭ હતો. આરોગ્ય વિભાગના એક અધિકારીએ જણાવ્યું કે મુંબઈમાં ગેસ્ટ્રોના કેસમાં વધારો થયો છે. ■

## મહાનિર્મિતી દ્વારા વીજળીનું વિક્રમી ઉત્પાદન

મુંબઈ: મહારાષ્ટ્ર રાજ્યની વીજ ઉત્પાદન કંપની મહાનિર્મિતી (મહારાષ્ટ્ર સ્ટેટ પાવર જનરેશન કંપની લિમિટેડ) આ વખતે ૧૦ હજાર ૫૭૬ મેગાવોટ વીજળી ઉત્પાદનનો વિક્રમ નોંધાવ્યો છે. કોલસો તેમજ પાણીનું યોગ્ય વ્યવસ્થાપન કરી પૂર્ણ ક્ષમતાની વીજળી નિર્માણ કરવાની દિશામાં કંપની આગળ વધી રહી છે. રાજ્ય સરકારની 'મહાનિર્મિતી' વીજ કંપનીની સ્થાપિત વીજ નિર્મિતીની ક્ષમતા ૧૩ હજાર ૧૫૨ મેગાવોટ છે. એમાંથી ૯ હજાર ૫૪૦ મેગાવોટ વીજળી કોલસા આધારિત છે, જ્યારે બે હજાર ૯૩૯ મેગાવોટ વીજળી જળવિદ્યુત, પવન, સૌર આદિ ક્ષેત્રની છે. જળવિદ્યુતનો ફાળો બે હજાર ૫૮૦ મેગાવોટ છે જેમાં કોયના જળવિદ્યુતની ક્ષમતા એક હજાર ૯૫૬ મેગાવોટ છે. કોયનામાં જળ સ્તર નીચું ઉતર્યું હોવાથી ગયા મહિને વીજ નિર્મિતિ ૪૦૦ મેગાવોટ જેટલી ઓછી થઈ હતી. ■

## ઈન્ડિયન ઓઈલે નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪માં અત્યાર સુધીની શ્રેષ્ઠ નાણાંકીય કામગીરી સાથે ઐતિહાસિક સિદ્ધિ મેળવી

મુંબઈ: ઇન્ડિયન ઓઇલને નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે ઐતિહાસિક નાણાંકીય કામગીરીની જાહેરાત કરવામાં ગર્વ છે, જે કંપનીની છ દાયકાથી વધુ લાંબી સફરમાં નોંધપાત્ર સીમાચિહ્નરૂપ છે. ઇન્ડિયન ઓઇલે રૂા. ૩૯,૬૧૯ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો, જે કંપનીના ઇતિહાસમાં અત્યાર સુધીનો સૌથી વધુ છે અને પાછલા વર્ષના રૂા. ૮૨૪૨ કરોડના ચોખ્ખા નફા કરતાં ચાર ગણો વધારે છે. આ નોંધપાત્ર સિદ્ધિને સમગ્ર વ્યાપાર વર્ટિકલ્સમાં શ્રેષ્ઠ કામગીરી દ્વારા સમર્થન મળે છે. કંપનીએ ૯૭.૫૫૧ મિલિયન ટન ઉત્પાદનો સુધી પહોંચતા તેનું અત્યાર સુધીનું સૌથી વધુ વેચાણ વોલ્યુમ હાંસલ કર્યું છે. તેનું રિફાઇનિંગ થ્રુપુટ વધીને ૭૩.૩૦૮ મિલિયન ટન થઈ ગયું છે, અને સમગ્ર દેશમાં ૧૯૫૦૦+ કિ.મી. પાઈપલાઈન નેટવર્ક દ્વારા ૯૮.૬૨૬ મિલિયન ટનનું થ્રુપુટ પ્રાપ્ત થયું છે. ઈન્ડિયન ઓઈલના ઈતિહાસમાં આ આંકડાઓ ઐતિહાસિક શ્રેષ્ઠ ગણાય છે.

હરિયાળા ભવિષ્ય માટેના તેના વિઝન સાથે ઍલાઈનમેન્ટમાં, કંપનીએ રૂા. ૧૩૦૪ કરોડના ઇક્વિટી રોકાણ સાથે ઓછા કાર્બન, નવો, સ્વચ્છ અને ગ્રીન એનર્જી બિઝનેસ હાથ ધરવા માટે સંપૂર્ણ માલિકીની પેટાકંપની (WoS) સ્થાપવાનો સંકલ્પ કર્યો છે. તેના ટકાઉ ઊર્જા વિઝનના ભાગરૂપે, ઈન્ડિયન ઓઈલ રૂા. ૫૨૧૫ કરોડના રોકાણ સાથે સમગ્ર દેશમાં ૧ ગીગાવોટ (GW) નવીનીકરણીય ઊર્જા ક્ષમતા સ્થાપિત કરવાની યોજના ધરાવે છે. વધુમાં, ઈન્ડિયન ઓઈલ તેના ઈંધણ સ્ટેશનો પર ચાર્જિંગ પોઈન્ટ અને બેટરી-સ્વેપિંગ સુવિધાઓની સ્થાપના સાથે ઈવી મોબિલિટી ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત બનાવવાનો હેતુ ધરાવે છે. ■

## બે ટ્રક સામસામે ટકરાતાં બે જણે જીવ ગુમાવ્યા: 300 બકરાનાં પણ મૃત્યુ

યવતમાળ: યવતમાળ-પાંઢરકવડા માર્ગ પર થયેલા ભીષણ અકસ્માતમાં બે ટ્રક સામસામે ટકરાતાં બન્ને ટ્રકનો કચ્ચરઘાણ વળી ગયો હતો.

અકસ્માતમાં ટ્રકમાં હાજર બે જણે જીવ ગુમાવ્યા હતા અને બે ગંભીર રીતે ઘવાયા હતા, જ્યારે ૩૦૦ જેટલા બકરા પણ મરી ગયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

પાંઢરકવડા પોલીસના જણાવ્યા મુજબ ઘટના ગુરુવારે સવારે છ વાગ્યાની આસપાસ સાયખેડા ડેમ ફાટા નજીક બની હતી. મોડી સાંજ સુધી અકસ્માતમાં મૃત્યુ પામેલાઓની ઓળખ થઈ શકી નહોતી. મોટી સંખ્યામાં બકરા મરી જતાં ઘટનાસ્થળે મૃત બકરાઓનો ઢગલો ખડકાયો હતો.


અધિકારીએ જણાવ્યું હતું કે ચંદ્રપુરથી સિમેન્ટ ભરીને ટ્રક યવતમાળ તરફ જઈ રહી હતી, જ્યારે બીજી ટ્રક મધ્ય પ્રદેશથી બકરા લઈને તેલંગણા જઈ રહી હતી. પૂરપાટ દોડતી ટ્રક ઘટનાસ્થળે સામસામે ટકરાઈ હતી. ટક્કર એટલી જોરદાર હતી કે બન્ને ટ્રકનો કચ્ચરઘાણ વળી ગયો હતો અને ટ્રકમાં હાજર ૩૦૦ બકરા મરી ગયા હતા.

અકસ્માતમાં ટ્રકમાં હાજર બે જણનાં ઘટનાસ્થળે જ મોત નીપજ્યાં હતાં. ઘવાયેલા બે જણને સારવાર માટે હૉસ્પિટલમાં દાખલ કરાયા હતા.

અકસ્માતને પગલે યવતમાળ-પાંઢરકવડા માર્ગ પરનો વાહનવ્યવહાર અટકી પડ્યો હતો. લગભગ બે કિલોમીટર સુધી વાહનોની લાઈન લાગી હતી. ટ્રાફિક જામને કારણે હૈદરાબાદ, વણી, પાંઢરકવડા તરફ જનારા પ્રવાસીઓ બેહાલ થઈ ગયા હતા.

દરમિયાન બનાવની જાણ થતાં પાંઢરકવડા પોલીસ અને ફાયર બ્રિગેડના જવાનો ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. જેસીબીની મદદથી જખમીઓને ટ્રકમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા. અકસ્માતગ્રસ્ત વાહનોને રસ્તાને કિનારે ખસેડવામાં આવ્યા પછી વાહનવ્યવહાર પૂર્વવત્ થયો હતો. ■

દશા શ્રીમાળી
વૈષ્ણવ વણિક - ખંભાત



ખંભાત નિવાસી, હાલ મુંબઈ
સ્વ. રસિકલાલ નટવરલાલ પરીખના
ધર્મપત્ની **કંચનબેન** (ઉ.વ: ૧૦૧)
તા : 30.0૪.૨૦૨૪ ના રોજ
શ્રીજીશરણ પામ્યા છે.

તે યોગેશભાઈ, શોભા, દ્રષ્ટા દિપ્તી, શ્વેતા, તૃપ્તિના માતૃશ્રી તથા ગીતાબેન, દીપકભાઈ, સ્વ. ભરતભાઈ, સ્વ.ચેતનભાઈ, સ્વ પ્રદીપભાઈ અને મુકેશભાઈના સાસુ, અને સર્વે પૌત્ર, પૌત્રી. પિયર પક્ષે સ્વ. મણીલાલ રણછોડદાસ શાહની દીકરી.

પ્રાર્થના સભા રાખેલ નથી.
લૌકિક વ્યવહાર બંધ છે.

## નવી મુંબઈની મહિલા પર બળાત્કાર: મધ્ય પ્રદેશના યુવકની ધરપકડ

થાણે: નવી મુંબઈની મહિલા પર બળાત્કાર ગુજારવા પ્રકરણે મધ્ય પ્રદેશના ૨૬ વર્ષના યુવકની ધરપકડ કરવામાં આવી હતી.

પનવેલ ટાઉન પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે ઉરણ નજીકના ગામમાં રહેનારી ૩૫ વર્ષની મહિલાએ નોંધાવેલી ફરિયાદને આધારે ગુરુવારે યુવક સામે બળાત્કારનો ગુનો દાખલ કરવામાં આવ્યો હતો, જે મધ્ય પ્રદેશના મોરેના જિલ્લાનો વતની છે.મહિલા અને આરોપી એકબીજાને ઓળખતા હતાં અને ૨૯ એપ્રિલે સવારના આરોપીએ મહિલાને પનવેલ રેલવે સ્ટેશન પર બોલાવી હતી. આરોપીએ મહિલા પાસેથી ઉછીના પૈસા ઉપરાંત દાગીના લીધા હોવાથી તે પાછા આપવાને બહાને હૉટેલમાં લઇ ગયો હતો.હૉટેલમાં ગયા બાદ આરોપીએ મહિલા પાસે અણછાજતી માગણી કરી હતી. મહિલા ઇનકાર કરતાં આરોપીએ તેના પર બળાત્કાર ગુજાર્યો હતો. આ ઘટના બાદ મહિલાએ પોલીસનો સંપર્ક સાધ્યો હતો અને પોલીસે ગુનો દાખલ કરીને આરોપીની ધરપકડ કરી હતી. (પીટીઆઇ) ■

## આરે કોલોનીના રહેણાક વિસ્તારમાં રોડનું સમારકામ તાત્કાલિક કરો: હાઈ કોર્ટ

મુંબઈ: મુંબઈના ગોરેગામ નજીક આવેલા આરે કોલોની વિસ્તારમાં રસ્તાની બિસ્માર હાલત અને એથી હેરાન થતા નાગરિકોની ચિંતા ધ્યાનમાં લઈ બોમ્બે હાઈ કોર્ટે મંગળવારે આરે કોલોનીના રહેણાંક વિસ્તારની રસ્તાનું સમારકામ અને પુનઃ બાંધકામ તાત્કાલિક ધોરણે કરવા રાજ્ય સરકારને તાકીદ કરી છે. આરે કોલોનીના રોયલ પામ વિસ્તારમાં રહેતા ભારતીય નૌકા દળના ભૂતપૂર્વ કર્મચારી બિનોદ અગરવાલએ દાખલ કરેલી જાહેર હિતની અરજી (પીઆઈએલ)ના પ્રતિભાવરૂપે આ નિર્દેશ આપવામાં આવ્યા હતા. અરજીમાં જણાવવામાં આવ્યું છે કે આરે કોલોનીના કેટલાક રહેણાંક વિસ્તારના રસ્તાઓ પર ખાડા પડી ગયા છે અને એ રસ્તાના સમારકામ અને પુનઃ બાંધકામ માટે અદાલતની મધ્યસ્થીની માગણી કરવામાં આવી હતી. અગાઉ છઠ્ઠી માર્ચે, અદાલતે રાજ્ય સરકારના ડેરી ઉદ્યોગ વિકાસ ખાતાને આરે કોલોનીના આશરે ૩૭ કિલોમીટર લંબાઈની રસ્તાનું સમારકામ અને પુનઃ બાંધકામ ઝડપથી હાથ ધરવા જણાવ્યું હતું. કોલોનીની રસ્તાની કુલ લંબાઈ ૪૫ કિલોમીટર છે જેમાંથી ૧.૫ કિલોમીટર રહેણાંક વિસ્તારમાં આવે છે. ■

## નવી મુંબઈના સ્પામાં કામ કરતી યુવતીને દેહવેપારમાં ધકેલી: બે મૅનેજરની ધરપકડ

થાણે: નવી મુંબઈના સ્પામાં કામ કરતી યુવતીને દેહવેપારમાં ધકેલવાના આરોપસર પોલીસે સ્પાના બે મૅનેજરની ધરપકડ કરી હતી. તુર્ભે પોલીસના જણાવ્યા મુજબ બન્ને મૅનેજર વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ ૩૭૦ અને ૩૪ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો.પકડાયેલા આરોપીઓની ઓળખ સાગર રોહિદાસ કરોટિયા (૨૫) અને આકાશ દૌલત વૈરાલે (૨૬) તરીકે થઈ હતી. બુધવારેપાંચ વાગ્યે બન્નેની ધરપકડ કરાઈ હતી.તુર્ભે પોલીસની ટીમે ૩૦ એપ્રિલની મધરાતે વાશીના એક મૉલ પાછળ આવેલા સ્પા સેન્ટર પર રેઈડ કરી હતી. (પીટીઆઈ) ■

શ્રદ્ધાંજલિ



**ડો. રાજેન્દ્ર શાંતિલાલ શેઠ**
(૨૬.૦૫.૧૯૪૫ - ૧.૦૫.૨૦૨૪)
કીર્તિ વર્કસ ટેબલેટ્સ, આદિવાસી ઉન્નતિ મંડળના ટ્રસ્ટી
સ્વ. તારામતિ શેઠ, સ્વ. શાંતિલાલ શેઠના પુત્ર
ડો. કીર્તિભાઇ અને સ્વ. ડો. મહેન્દ્રભાઇના ભાઇ
તા. ૧.૦૫.૨૦૨૪નાં દિવસે અરિહંત શરણ પામેલ છે.

-: શોકાતુર :-
પત્ની : શ્રીમતી દક્ષા રાજેન્દ્ર શેઠ
પુત્ર - પુત્રવધુ : આગમ - મનીષા શેઠ
પુત્રી - જમાઇ : નેહા - કિલ્લોલ ભુતા

**પ્રાર્થના સભા :** શનિવાર તા.: ૪.૫.૨૦૨૪ સમય: સાંજે ૫.૦૦ થી ૭.૦૦
સ્થળ: એમ. વી. એન. ઓડિટોરિયમ, એમ. એમ. પ્યુપિલ્સ હાઇસ્કુલ, ખાર એજ્યુકેશન સોસાયટી, એસ. વી. રોડ, ખાર (વેસ્ટ), મુંબઇ- ૪૦૦ ૦૫૨. (વેલેટ પાર્કિંગ સુવિધા)

ભાવભરી શ્રદ્ધાંજલી
ૐ શ્રી પરમકૃપાળુ દેવાય નમ:

જન્મ: ૦૮/૦૧/૧૯૩૯



અરિહંત શરણ ૩૦/૦૪/૨૦૨૪

**શ્રીમતી મંજુલાબેન કિશોરભાઈ દોશી**
(ઉમર વર્ષ ૮૫)
શ્રી દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન - જેતપુર નિવાસી (હાલ ઘાટકોપર)
મંગળવાર તા. ૩૦-૦૪—૨૦૨૪ ના રોજ અરિહંત શરણ પામેલ છે.


-:- આત્મજનો -:-
સ્વ. કિશોરભાઈ હિંમતલાલ દોશીના ધર્મપત્ની
સ્વ. સવિતા હિંમતલાલ દોશીના પુત્રવધુ

પુત્ર - પુત્રવધુ : સ્વ. વિનીત - હેતલ
દિકરી - જમાઈ : રીટા પ્રણયકુમાર મહેતા
દોહીત્ર : મીત • દોહીત્રવધુ : વિકીતા
દોહીત્રી : ઈશીતા સોહિલ સંઘવી
પરદોહીત્રી : સનાયા, બર્લિન • પૌત્રી : પલક, જલક
દિયર : હર્ષદભાઈ, સ્વ. કીરીટભાઈ, હસમુખભાઈ, વિજયભાઈ, વસંતભાઈ
નણંદ : સ્વ. દક્ષાબેન લલીતકુમાર હેમાણી, ભારતી મહેંદ્રકુમાર મીયાણી
વેવાણ - વેવાઈ : સ્વ. વિમળાબેન જયંતિલાલ મહેતા
પિયર પક્ષ : સ્વ. જયાબેન જયંતિલાલ ચાંગાણી પરિવાર

લૌકીક વ્યવહાર બંધ રાખેલ છે. (પ્રાર્થના સભા રાખેલ નથી)

Bharti Jewellers Pvt. Ltd 09820078249 | Jewelure 0982156445







સતિષભાઈ જમનાદાસ (મંગુભાઈ) દત્તાણી
1948 - 2024
❁ શ્રધ્ધા સુમન ❁

અમારા આદરણીય ટ્રસ્ટી અને પ્રમુખ શ્રી સતિષભાઈ જમનાદાસ દત્તાણીના અકાળ અવસાનથી અમારી સંસ્થાના ટ્રસ્ટીગણ, કારોબારી સમિતી સભ્યો અને સ્ટાફના સભ્યો આઘાતની લાગણી અનુભવે છે. આપશ્રીના માર્ગદર્શનમાં અમારી સંસ્થાઓએ તબીબી ક્ષેત્રે, શૈક્ષણિક ક્ષેત્રે અને સામાજીક ક્ષેત્રે ઘણો વિકાસ કર્યો છે અને સમાજસેવામાં અગ્રેસર થઈ છે. શ્રી સતિષભાઈના દેહાંત થી અમારી સંસ્થાઓને ન પૂરાઈ શકે એવી ખોટ પડી છે. શ્રી સતિષભાઈના વિચારો તથા આદર્શો અમારા સર્વે માટે પ્રેરણા અને પ્રોત્સાહન બની રહેશે અને અમે તેમના કંડારેલા પથ ઉપર ગતિ કરતા રહીએ તેવી અભ્યર્થના.


આદરાંજલિ

| | |
|---|---|
| શ્રી કાંદિવલી હિતવર્ધક મંડળ | ધી કાંદિવલી એજ્યુકેશન સોસાયટી |
| પ્રગતિ મિત્ર મંડળ (બોરીવલી - કાંદિવલી) | શ્રી જલારામ સેવા સંસ્થા ટ્રસ્ટ, ચારકોપ |
| શ્રી સાંઈ સાર્વજનિક ટ્રસ્ટ | ભુરાભાઈ આરોગ્ય ભુવન ટ્રસ્ટ |
| શ્રી એકવિરા જ્ઞાન પ્રસારક મંડળ, ચારકોપ | શ્રી લક્ષ્મી નારાયણ મંદીર ટ્રસ્ટ |

પ્રાર્થના સભા
શુક્રવાર, 3/5/2024ના રોજ, સાંજે 5.00 થી 7.00,
રઘુલીલા મૉલ, લોટસ બેન્ક્વેટ, ચોથે માળે, કાંદિવલી (પ.), મુંબઈ

શ્રદ્ધાંજલિ

ફૂલ ગયું ને ફોરમ રહી ગઈ,
ધૂપસળી શેરમાં વિલીન થઈ અને સુવાસ રહી ગઈ



સમાજ સેવાના ભેખધારી **શ્રી સતીષભાઈ જમનાદાસ (મંગુભાઈ) દત્તાણી**ની આકસ્મિક વિદાયથી લોહાણા સમાજે એક દૂરંદેશી, સર્જનશીલ, નીડર નેતૃત્વ ધરાવતી વ્યક્તિ ગુમાવી દીધી છે જેની ખોટ સદાય સાલશે...

વિવિધ સંસ્થાઓમાં ઉચ્ચ હોદ્દા પર સ્થાન ગ્રહણ કરીને સદાય સંસ્થાના ઉત્કર્ષ માટે પ્રયત્નશીલ રહેનાર સ્વ. સતીષભાઈ દત્તાણી એજ્યુકેશન ક્ષેત્ર હોય, મેડિકલ ક્ષેત્ર હોય, સામાજિક ક્ષેત્રમાં કાર્યરત સંસ્થા હોય તેમાં સર્વાંગી વિકાસ માટે સદૈવ તત્પર રહી ઉત્તમોત્તમ પરિણામ માટે પ્રયત્નશીલ રહેતા અને સાથીઓને પણ પ્રોત્સાહિત અને પ્રેરણાદાયક રહેતા. તેઓએ કરેલા સુધારાવાદી કાર્યોના ફળસ્વરૂપ તેઓના હસ્તકની સર્વે સંસ્થાઓએ પોતપોતાના ક્ષેત્રમાં સિદ્ધિઓના સોપાન સર કર્યાં. જે તેઓની કર્મઠતાના પ્રતીક સમાન છે. કાંદિવલી હાલાઈ લોહાણા મિત્ર મંડળ ટ્રસ્ટમાં વર્ષ ૧૯૯૨થી આજીવન ટ્રસ્ટી તેમજ વરસ ૨૦૦૬થી વરસ ૨૦૧૦ સુધી પ્રમુખપદ સંભાળ્યું. તેઓના કાર્યકાળ દરમિયાન લોહાણા મહાજન વાડીનું નવનિર્માણ થયું અને સમયે સમયે તેઓના માર્ગદર્શન હેઠળ નૂતનીકરણ પણ થયું. સ્વર્ગસ્થની વસમી વિદાયથી સંસ્થાને ન પુરાય તેવી ખોટ પડી છે.

વારસાની વિરાસતને વિસ્તારનાર મુઠ્ઠીઊંચેરા માનવી ગો. વા. શ્રી સતીષભાઈ દત્તાણીને ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ...

**શ્રી કાંદિવલી હાલાઈ લોહાણા મિત્ર મંડળ ટ્રસ્ટ**

ભાવપૂર્ણ શ્રધ્ધાંજલિ



**શ્રી સતિષભાઈ જમનાદાસ (મંગુભાઈ) દત્તાણી**
૧૯૪૮ - ૨૦૨૪

શ્રી હાલાઈ લોહાણા મહાજન અને શ્રી હાલાઈ લોહાણા બાળાશ્રમના આદરણીય પ્રમુખશ્રી સતિષભાઈ જમનાદાસ દત્તાણીના તા.૩૦.૪.૨૦૨૪ ના રોજ થયેલ દુઃખદ અવસાનથી બન્ને સંસ્થાનું ટ્રસ્ટ મંડળ તથા કારોબારી સમિતિ તથા સ્ટાફ અને વિદ્યાર્થીઓ ઉંડા આઘાતની લાગણી અનુભવે છે.

આપશ્રીએ બન્ને સંસ્થામાં ૧૯૯૬ થી પ્રમુખપદ સંભાળી આપની ઉમદા, દુરંદેશી અને વિકાસશીલ વિચારસરણી દ્વારા સક્ષમ કાર્યકર્તાઓની વિશાળ ટીમને માર્ગદર્શન આપી આપના ક્રાંતિકારી વિચારોનો સુપેરે અમલ કરાવી બન્ને જ્ઞાતિસંસ્થાઓને વિશ્વની શ્રેષ્ઠ સંસ્થાઓ તરીકેનુ ગૌરવ અપાવેલ છે, આપના નેતૃત્વમાં મહાજનને શ્રેષ્ઠ મહાજન તરીકેનો એવોર્ડ મળેલ છે, મહાજનમાં વિવિધ સમિતિઓ દ્વારા વિશાળ ફલક પર જ્ઞાતિના સર્વાંગી ઉત્કર્ષ માટેની પ્રવૃતિઓ, નવા સંકુલનુ નિર્માણ, શૈક્ષણીક, આરોગ્ય, આર્થિક સહાય, વિધવા સહાય, બંધારણમાં ક્રાંતિકારી સુધારાઓ, ટ્રસ્ટ બોર્ડ તથા કારોબારીમાં બહેનો માટે અનામત વિગેરે પ્રગતીશીલ સુધારાઓ દ્વારા આમુલ પરિવર્તન લાવવામાં આપના સંપૂર્ણ યોગદાન માટે સમાજ આપનો હંમેશા ઋણી રહેશે.

શ્રી સતીષભાઈના દેહાંતથી આપણી આ બન્ને સંસ્થાઓને ન પુરી શકાય તેવી ખોટ પડી છે, તેઓના વિચારો અને આદર્શો આપણા માટે હંમેશા પ્રેરણાદાયક અને પ્રોત્સાહક બની રહેશે, તેઓ શ્રીએ કંડારેલ રાહ પર ચાલી આપણે સંસ્થાના કાર્યોને વિકાસશીલ અને પ્રગતીશીલ બનાવીએ તે જ અભ્યર્થના.

૧) શ્રી હાલાઈ લોહાણા મહાજન - મુંબઈ
૨) શ્રી હાલાઈ લોહાણા બાળાશ્રમ - કાંદિવલી
૩) બાઈ પુરીબાઈ W/o. શેઠ ભગવાનદાસ વિશ્રામ ચેરીટેબલ ટ્રસ્ટ-વિલેપાર્લા
૪) બાઈ રાધાબાઈ નિવાસ ટ્રસ્ટ - ચર્નીરોડ
૫) શેઠ નારણદાસ ધનજી ધરમશી વાડી ટ્રસ્ટ - મુંબઈ
૬) શ્રી મગનલાલ હિંમતરામ બરફીવાલા ટ્રસ્ટ - મુંબઈ
૭) શ્રી હાલાઈ લોહાણા મહાજન આરોગ્ય નિધિ ટ્રસ્ટ - મુંબઈ
૮) શ્રીમતિ શાંતાબેન હસમુખબાળા ડાહ્યાલાલ કોટેચા ટ્રસ્ટ - મુંબઈ
૯) ખીમજી ભવાન ટ્રસ્ટ - મુંબઈ
૧૦) આર. જે. માખેચા સ્કુલ - કાંદિવલી

**શોકાતુર**
ઉપપ્રમુખ-ટ્રસ્ટી: રાજેશભાઈ કાકુભાઈ ગણાત્રા (ભગત)
મેનેજીંગ ટ્રસ્ટી: ડૉ. સુરેશભાઈ અમૃતલાલ પોપટ
જોઈન્ટ મેનેજીંગ ટ્રસ્ટી: વિનોદભાઈ અમૃતલાલ શીંગાળા
ટેઝરર ટ્રસ્ટી: અશોકભાઈ મગનલાલ ચોટાઈ
માનદ્ મંત્રી: નિખીલભાઈ મનસુખલાલ સુબા
માનદ્ મંત્રી: હેમેન્દ્રભાઈ ભગવાનજી મજીઠીયા

**અન્ય ટ્રસ્ટીગણ**
પિયુષભાઈ ગંગારામ ગંઠા — મહેશભાઈ લીલાધર સામાણી
મીનાબેન પ્રકાશભાઈ ઠક્કર — પ્રજ્ઞાબેન દિલીપભાઈ મોરઝરીયા
રાકેશભાઈ વલ્લભભાઈ કાનાબાર

**પી.આર.ઓ**
હિતેશભાઈ અમૃતલાલ દત્તાણી
ભુપેન્દ્રભાઈ ભગવાનજી આડઠક્કર
તથા સમસ્ત કારોબારી સમિતી અને સર્વ સ્ટાફ મેમ્બરો

**પ્રાર્થના સભા**
શુક્રવાર, ૩.૫.૨૦૨૪ ના રોજ, સાંજે ૫:૦૦ થી ૭.૦૦ કલાકે
રઘુલીલા મૉલ, લોટસ બેન્કવેટ, ચોથે માળે,
કાંદિવલી (પશ્ચિમ), મુંબઈ

BIJAL ADS

# ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે.

વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શનિવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

હિન્દી - ગુજરાતી જોડી જમાવો

| A | B |
|---|---|
| भगदड | નિંદા |
| भर्त्सना | વરાળ |
| भांपना | નાસભાગ |
| भाटा | પારખવું |
| भाप | ઓટ |

## ઓળખાણ પડી?

અનેક ટોચના એવૉર્ડની હકદાર હોલીવૂડ ફિલ્મોની મોહક અભિનેત્રીની ઓળખાણ પડી? ૧૯૯૦ના દાયકામાં લિયાનાર્દો કેપ્રિયો સાથેની યાદગાર ફિલ્મમાં તેનું રોઝનું પાત્ર અવિસ્મરણીય છે.



અ) સાન્દ્રા બુલેક  બ) કેટ વિન્સલેટ  ક) ડેમી મૂર  ડ) શેરોન સ્ટોન

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ વિ | ૨ વિ | ધ | ૩ લ | ૪ ક્ષી | ■ | ૫ પ્ર | સ્તા | ૬ વ | ૭ ના |
| ૮ રા | જ | ■ | ૯ હે | ર | ૧૦ ત | ■ | ■ | ૧૧ દ | મ |
| ૧૨ જ | લ | જી | રા | ■ | સુ | ■ | ૧૩ ચા | ન | ક |
| ૧૪ મા | ડી | ■ | વું | ■ | ■ | ૧૫ વા | મ | ■ | ર |
| ન | ■ | ૧૫અ ક | ■ | ૧૬ ડ | ૧૭ બો | ■ | ૧૮ ર | ૧૯ ક્ષ | ણ |
| ■ | ૨૦ અ | સ | ૨૧ ર | કા | ર | ૨૨ ક | ■ | તિ | ■ |
| ૨૩ જા | ■ | ૨૪ દા | ક્ત | ર | ■ | ૨૫ મ | ૨૬ દ | ■ | ૨૭ અ |
| હે | ■ | ૨૮ ર | વિ | ■ | ૨૯ ટ | ■ | સ | ■ | ના |
| ૩૦ રા | ૩૧ ખ | ■ | ૩૨ કા | મ | ગ | ૩૩ રી | ■ | ૩૪ સ | મ |
| ૩૫ ત | લ | વા | ર | ■ | ૩૬ ર | સ | મ | ■ | ત |

## શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | ૪ | ■ | ૫ | ૬ | | ૭ |
| ૮ | | | ■ | ૯ | ૧૦ | | | ■ | |
| | ■ | ૧૧ | | ■ | | ■ | ■ | ૧૨ | |
| ■ | ૧૩ | | ■ | ■ | | ■ | ૧૪ | | ■ |
| ૧૫ | ■ | | ■ | ૧૬ | | | ■ | ૧૭ | ૧૭-અ |
| ૧૮ | | ■ | ૧૯ | | | ■ | ૨૦ | | |
| | ■ | ૨૧ | | | ■ | ૨૨ | ■ | ■ | |
| | ■ | ૨૩ | | ■ | ૨૪ | | | ■ | |
| ૨૫ | | | ■ | ૨૬ | | | ■ | ૨૭ | ■ |
| | ■ | | ■ | ૨૮ | | | ■ | ૨૯ | |

### આડી ચાવી

૧. વારસો મેળવનાર (૫)
૫. કુટુંબ, કબીલો (૪)
૮. મડદાને દફનાવવું તે (૩)
૯. ઢોલ જેવું ફૂલી ગયેલું (૪)
૧૧. આદર, પ્રતિષ્ઠા (૨)
૧૨. ખરાબ, હીન (૨)
૧૩. ક્યાં (૨)
૧૪. બૂમ, રાડ (૨)
૧૬. પિતા, બાપુ (૩)
૧૭. અવકાશને લગતી આંતરરાષ્ટ્રીય સંસ્થા (૨)
૧૮. સાસુ (૨)
૧૯. પાંદડાં વિનાનું (ઝાડ) (૩)
૨૦. અમસ્તો, એમ જ (૩)
૨૧. ઇચ્છા (૩)
૨૩. લોકગીતની શરૂમાં આવે (૨)
૨૪. ક્રૂર, અત્યાચારી (૩)
૨૫. એક રાગ (૩)
૨૬. ઓરમાન, અપરમાના (૩)
૨૮. નોકર --- (બ.વ.) (૩)
૨૯. નવરાત્રિમાં વાગે (૨)

### ઊભી ચાવી

૧. આકાશનો રંગ (૩)
૨. ખરબચડું (૨)
૩. લાકડા પર લગાવવામાં આવે (૫)
૪. રટણ, જીદ (૨)
૫. --- રે પોપટ રામ રામના (૨)
૬. ફિલ્મની પટ્ટી (૨)
૭. પહોંચ, પાવતી (૩)
૧૦. મહત્ત્વનું, અગત્યનું (૫)
૧૨. કુખ્યાત (૪)
૧૫. વિશ્વાસ પાત્રતા (૬)
૧૬. ધર્મગુરુ, વડીલ (૩)
૧૭. અ સાથે સાથે, એક સાથે (૪)
૧૯. નિવેદન (લખેલું) (૩)
૨૧. મહેનત કરનાર (૪)
૨૨. સંતોષનો શ્વાસ (૪)
૨૪. પવિત્ર (૩)
૨૬. ---બોલા જૂઠાલાલ- ગુ. નાટક (૨)
૨૭. તાવમાં પીવાતું પીણું (૨)

## ગુજરાત મોરી મોરી રે

'વશ', '૩ એક્કા', 'માધવ', 'રાડો' નામની ચારેચાર ગુજરાતી ફિલ્મમાં અભિનય કરનારા કલાકારનું નામ જણાવો. પહેલી ફિલ્મ તેણે માત્ર ૧૨ વર્ષની ઉંમરે કરી હતી.

અ) મલ્હાર ઠક્કર  બ) હિતેન કુમાર
ક) યશ સોની  ડ) હિતુ કનોડિયા

## જાણવા જેવું

'માય નેમ ઈઝ ખાન'ના શૂટિંગની વ્યસ્તતાને કારણે શાહરૂખ ખાનએ રાજકુમાર હિરાણીની 'થ્રી ઈડિયટ્સ'નો રેન્ચોનો રોલ કરવાની ના પાડી હતી. ત્યારબાદ એ રોલ આમિર ખાનને મળ્યો હતો. ફિલ્મને વિશ્વભરમાં મળેલા આવકાર પછી શાહરૂખે આવી મહાન ફિલ્મમાં કામ કરવાની ના પાડવા બદલ પોતાને ફોર્થ ઈડિયટ (મૂર્ખ) ગણાવ્યો હતો.

## સુડોકુ-૫૦૭૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | ૧ | | | ૨ | |
| ૯ | | | ૪ | | ૭ | | ૩ | ૬ |
| | | | | ૩ | | ૯ | | |
| ૨ | ૬ | | | | | | | ૩ |
| | | ૯ | ૮ | | ૩ | ૧ | | |
| ૭ | | | | | | | ૮ | ૪ |
| | | ૫ | | ૯ | | | | |
| ૬ | ૯ | | ૧ | | ૪ | | | ૫ |
| | ૩ | | | ૨ | | | | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોકસ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૫૦૭૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | ૫ | ૮ | ૩ | ૪ | ૧ | ૯ | ૭ | ૨ |
| ૧ | ૩ | ૯ | ૭ | ૮ | ૨ | ૬ | ૫ | ૪ |
| ૭ | ૪ | ૨ | ૫ | ૯ | ૬ | ૩ | ૮ | ૧ |
| ૮ | ૧ | ૬ | ૨ | ૭ | ૪ | ૫ | ૩ | ૯ |
| ૪ | ૯ | ૭ | ૮ | ૫ | ૩ | ૧ | ૨ | ૬ |
| ૫ | ૨ | ૩ | ૧ | ૬ | ૯ | ૮ | ૪ | ૭ |
| ૨ | ૬ | ૫ | ૪ | ૧ | ૮ | ૭ | ૯ | ૩ |
| ૩ | ૭ | ૧ | ૯ | ૨ | ૫ | ૪ | ૬ | ૮ |
| ૯ | ૮ | ૪ | ૬ | ૩ | ૭ | ૨ | ૧ | ૫ |

## ચતુર આપો જવાબ

માથું ખંજવાળો

શાહિદ કપૂર અને અક્ષય કુમાર સાથે હિટ ફિલ્મો આપી ખ્યાતિ મેળવનારી અભિનેત્રીનું નામ કહી શકશો? ગયા વર્ષે તે પોતાની હિટ ફિલ્મના હીરો સાથે પરણી ગઈ હતી.

અ) કેટરિના કૈફ  બ) નેહા શેટ્ટી  ક) કિયારા અડવાણી  ડ) તાપસી પન્નુ

## નોંધી રાખો

મદદ એ ખૂબ જ મોંઘી વસ્તુ છે જેની દરેક પાસેથી આશા રાખી શકાતી નથી, દરેક વ્યક્તિ દિલથી ધનવાન નથી હોતી. એટલે જ મદદ કરનારનું મૂલ્ય ઊંચું અંકાય છે.

## માઈન્ડ ગેમ

ફિલ્મોમાં કામ કર્યું હોવા છતાં ટીવી સિરિયલો 'સર્કસ', 'સૈલાબ', 'જુનૂન', 'ઈમ્તિહાન' વગેરેમાં કામ કરી ખાસ્સી લોકપ્રિયતા મેળવનારી અભિનેત્રીને ઓળખી કાઢો.

અ) અનિતા સરીન  બ) રેણુકા શહાણે
ક) દિવ્યા શેઠ  ડ) રાખી ટંડન

## ગયા શુક્રવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| कछुआ | કાચબો |
| गिरगिट | કાચિંડો |
| गिलहरी | ખિસકોલી |
| जुगनू | આગિયો |
| झींगुर | તમરું, કંસારી |

ગુજરાત મોરી મોરી રે
કરિયાવર

ઓળખાણ પડી?
જયંત

માઈન્ડ ગેમ
બરેલી કી બરફી

ચતુર આપો જવાબ
માથું ખંજવાળો
અંદાઝ

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) સુભાષ મોમાયા (૨) મુલરાજ કપૂર (૩) કિશોરકુમાર જીવણદાસ વેદ (૪) શીરીન ઔરંગાબાદવાલા (૫) તાહેર ઔરંગાબાદવાલા (૬) અબદુલ્લા એફ મુનીમ (૭) પ્રતીમા પમાણી (૮) ધીરેન્દ્ર ઉદેશી (૯) નીતા દેસાઈ (૧૦) શ્રદ્ધા આશર (૧૧) ડો. પ્રકાશ કટકિયા (૧૨) ભારતી પ્રકાશ કટકિયા (૧૩) ખુશરૂ કાપડિયા (૧૪) ભારતી બુચ (૧૫) નિખિલ બંગાળી (૧૬) અમીશી બંગાળી (૧૭) પુષ્પા પટેલ (૧૮) વિભા મહેશ્વરી (૧૯) નંદકિશોર સંજાણવાલા (૨૦) મીનળ કાપડિયા (૨૧) પ્રવીણ વોરા (૨૨) જ્યોતિ ખાંડવાલા (૨૩) લજિતા ખોના (૨૪) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૫) મનીષા શેઠ (૨૬) ફાલ્ગુની શેઠ (૨૭) ભાવના કર્વે (૨૮) મહેન્દ્ર લોઢાવિયા (૨૯) કલ્પના આશર (૩૦) હર્ષા મહેતા (૩૧) મહેશ દોશી (૩૨) વિણા સંપટ (૩૩) દેવેન્દ્ર સંપટ (૩૪) રજનીકાંત પટવા (૩૫) સુનીતા પટવા (૩૬) પુષ્પા ખોના (૩૭) અંજુ ટોલિયા (૩૮) અલકા વાણી (૩૯) દિલીપ પરીખ (૪૦) અરવિંદ કામદાર (૪૧) સુરેખા દેસાઈ (૪૨) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૩) નિતીન બજરિયા (૪૪) નયના ગિરીશ મિસ્ત્રી (૪૫) જ્યોત્સના ગાંધી (૪૬) હિના દલાલ (૪૭) રમેશ દલાલ (૪૮) ઈનાક્ષી દલાલ (૪૯) હેમા હરીશ ભટ્ટ (૫૦) શીલા શેઠ (૫૧) ગિરીશ શેઠ (૫૨) મહેશ સંઘવી

## ડ્રેસ-સર્કલ (સાતમા પાનાનું ચાલુ)

પાસાને આવરતા ખબરઅંતર જાણવા હોય તો આ ક્ષેત્રના ખરા અભ્યાસુ - મર્મજ્ઞ એવા અમૃત ગંગરને મળવું પડે. મુંબઈના અમૃતભાઈ સિનેમાના અનેકવિધ પાસાને આવરતી નવ પરિચય પુસ્તિકા લખી છે. ભારત સરકાર સંચાલિત મુંબઈના 'નેશનલ મ્યુઝિયમ ઑફ ઈન્ડિયન સિનેમા'ના સ્થાપક કન્સલટન્ટ ક્યૂરેટર, કન્ટેન્ટ ડેવલપર- સલાહકાર તરીકે એમણે યશસ્વી કામગીરી બજાવી છે.

મુંબઇ સ્થિત આ રાષ્ટ્રીય સ્તરના મ્યુઝિયમને અમૃતભાઈએ અવતરતાં તેમજ પાંગરતાં જોયું છે.

દાદાસાહેબ ફાલકે-પૂર્વ અને પશ્ચાત્તના વિશાળ કાળખંડને આવરનારું દેશનું સૌથી પ્રથમ અને બે મકાનમાં વિસ્તરેલું ફિલ્મ મ્યુઝિયમ છે. એને વિકસાવવાની મુખ્ય જવાબદારી કલકત્તાના 'નેશનલ કાઉન્સિલ ઑફ સાયન્સ મ્યુઝિયમ્સ'ની હોવાથી અમૃતભાઈને અઢી વર્ષ સુધી કલકત્તા રહેવું પડ્યું હતું.

અમૃતભાઈ કહે છે તેમ આ મ્યુઝિયમની અનેક વિશેષતા છે. એક તો ક્યૂરેટોરિયલ કલ્પના મુજબ તેમાં ભારતીયતા અને મ્યુઝિયમના મૂળભૂત સિદ્ધાંતનું સિંચન થયું છે.દાખલા તરીકે, મોશન (ગતિ) વિશેના આપણાં પરંપરાગત ઐતિહાસિક ખ્યાલો અને તેને લગતી પરિભાષા. તેને અમે સેંકડો વરસોથી ચાલતી આવેલી પટચિત્રની પરંપરાથી જોડી છે. શબ્દ વ્યુત્પત્તિની રીતે જોઇએ તો 'ચિત્રપટ' શબ્દ 'પટચિત્ર'માંથી આવ્યો છે. આપણી દશ્યકલામાં પણ ચિત્રો અને શબ્દોની સાથે મોશન (ગતિ)નો ભાવ છે.

આ મ્યુઝિયમનું અન્ય રસપ્રદ પાસું છે એની 'ઇન્ટરેક્ટિવ' ગોઠવણ. ઉદાહરણ તરીકે, ધ્વનિ વિભાગમાં મુલાકાતી કોઇ પણ ફિલ્મનું એની પસંદગીનું ગીત ગાઇ, તેનું રેકોર્ડિંગ કરીને પાછું સાંભળી શકે છે. સંગીતપ્રિય ભારતીય પ્રજાની આ લાક્ષણિકતાને આ સંગ્રહાલય દર્શાવે છે. એ જ રીતે , અહીં ભાષાઓનું વૈવિધ્ય વગેરે આગવી વિશેષતાઓ પણ છે ,જે તમને વિશ્વના અન્ય ફિલ્મ મ્યુઝિયમોમાં જોવા નહીં મળે

તમારી દ્રષ્ટિએ વિશ્વનું શ્રેષ્ઠ ફિલ્મ સંગ્રહાલય કયું? તમારી દ્રષ્ટિએ એની વિષેશતા શું?'

એના જવાબમાં અમૃતભાઈ કહે છે કે ૧૯૩૬માં સ્થપાયેલું પેરિસનું 'સિનેમાથેક ફ્રાંસે'ને શ્રેષ્ઠ કહી શકાય. ૨૦૧૯માં આપણું મ્યુઝિયમ અસ્તિત્વમાં આવ્યું એ પહેલાં જ મેં ત્રણેક વખત એની મુલાકાત લીધી હતી. આ મ્યુઝિમના સ્થાપક વડા હેન્રી લેંગ્લોઆ જગતમાં એકમાત્ર વ્યક્તિ છે, જેમને ફિલ્મ સંગ્રહાલયની પ્રવૃત્તિ માટે ઑસ્કાર ઍવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો! . વ્યક્તિગત રીતે મને અનેક દેશ તરફથી લેક્ચર માટે તેમજ આંતર્રાષ્ટ્રીય ફિલ્મ ફેસ્ટિવલની જ્યૂરી-સભ્ય તરીકેઆમંત્રણ મળે છે.પરિણામે મને ફ્રેંચ, ડેનિશ, પોલિશ,હંગેરિયન, ઇરાનિયન, સ્વીડિશ સિનેમાના મ્યુઝિયમ જોવાંની તક મળી છે, પણ સૌથી વધારે રસપ્રદ પેરિસનું સિનેમાથેક ફ્રાન્સે છે.

સિનેમાને અદ્ભુત રીતે અન્ય કલાઓ સાથે સાંકળતી કલ્પના - ગોઠવણ માટે મને એ સર્વોત્તમ લાગ્યું છે અને એ સૌથી જૂનું પણ છે.

દેશના સમસ્ત ફિલ્મ ઉદ્યોગને આવરી લેતા સંગ્રહાલયો અનેક દેશમાં છે, પરંતુ કોઈ એક ફિલ્મ સર્જકની સિને કૃતિઓને લઈને એક વિશષ મ્યુઝિયમ કોઈ રાષ્ટ્રીય કક્ષાએ તૈયાર થાય એવી અપવાદરૂપ ઘટના ઈટાલીમાં બની છે. વિશ્વ જેને સલામ કરે છે એવા ઈટાલીના મશહૂર દિગ્દર્શક ફેડરિકો ફેલિની અલગારી આદમી હતા. એમની ફિલ્મો ચીલાચાલુ કરતાં હંમેશા અલગ તરી આવતી. જગતના આ એક માત્ર એવા સર્જક હતા કે એમની સર્જક કળાને વર્ણવા માટે 'ઑક્સફર્ડ' ડિકશનેરીમાં 'ફેલિનિસ્ક્યૂ' શબ્દ ખાસ ઉમેરવામાં આવ્યો છે!

આવા દિગ્ગજ દિગ્દર્શકના અનોખા મ્યુઝિયમ પાછળ ઈટાલીની સરકારે છેલ્લા ત્રણેક વર્ષમાં ૧૬ મિલિયન યુરો (આશરે ૧ અબજ ૪૨ કરોડ્ રૂપિયા)નો ખર્ચ કર્યા છે. હજુ મ્યુઝિયમમાં બીજા વિભાગ વધશે -વધુ આધુનિક થશે એમ વધુ રકમ ઈટાલીની સરકાર પૂરી પાડશે..

ફેલિનીના જન્મ સ્થળ રિમિની સિટીમાં બે માળની ઈમારતમાં વિસ્તરેલા આ મ્યુઝિયમમાં ફેલિનિની ફિલ્મો-એની મૂળ શૂટિંગ સ્ક્રિપ્ટ - ફિલ્મોમાં લગતી કે વપરાયેલી સામગ્રી,ઈત્યાદિ-ઈત્યાદિ, પ્રદર્શિત કરવામાં આવી છે. એક દેશ એના બહુમૂલા સર્જકની સ્મૃતિને કઈ રીતે યાદગાર બનાવી શકે એનું ચોટદાર ઉદાહરણ પણ અહીં જોવાં મળે છે. પાંચ પાંચ ઍકેડેમી અવાર્ડસ એટલે કે પ્રતિષ્ઠત 'ઓસ્કર' પુરસ્કાર વિજેતા આ સર્જકના મ્યુઝિયમની નજીક આવેલા વિશાળ પાર્કથી લઈને શહેરની મોટા ભાગની સ્ટ્રીટને ફેડરિકો ફેલિનીની યાદગાર ફિલ્મોનાં નામ સુદ્ધાં આપવામાં આવ્યાં છે..! (સંપૂર્ણ)■

## કવર સ્ટોરી (સાતમા પાનાનું ચાલુ)

વચકાથી એ ભાંગી ન પડી, નિરાશ ન થઇ.

પ્રિયંકાના જ શબ્દો છે કે 'મને સમજાઈ ગયું કે મારે એકડે એકથી શરૂઆત કરવાની છે. મેં એ પ્રમાણે કર્યું. મારા દેશમાં એક મેગેઝિનના કવર પર હું છ વાર ચમકી હતી અને યુએસમાં મેગેઝિનવાળા મારી સાથે મીટિંગ ગોઠવવા પણ તૈયાર નહોતા. બહુ કપરો સમય હતો, પણ મેં એ સમય સ્વીકારી લીધો. હું ખૂબ મહત્ત્વાકાંક્ષી છું. ઝડપથી આગળ વધવામાં માનું છું અને દરેક સમસ્યાનો ઉકેલ મારી પાસે હોય છે એવું માનું છું. ક્યારેક એવી પરિસ્થિતિ ઊભી થાય કે ઉકેલ મળે જ નહીં. ત્યારે એ વાત પડતી મૂકી દેવાની.'

'ન્યૂ યોર્કમાં વિતાવેલા પ્રારંભના દિવસો કેવા એકલવાયા અને નિરૂત્સાહ કરનારા હતા' એનો ઉલ્લેખ કરી અભિનેત્રી જણાવે છે કે 'મન ભરાઈ આવ્યું હોય, રાતના ઊંઘ ન આવતી હોય ત્યારે બે વાગ્યે કોઈને ફોન કરી મન હળવું કરી શકાય એવો સમ ખાવા પૂરતો એક મિત્ર પણ નહોતો. નવાસવા લોકો માટે ન્યુ યોર્કમાં રહેવું આસાન નથી. અનેક પડકારોનો સામનો કરવાનો હોય છે.'

જો કે, મુશ્કેલીઓમાંથી જ માર્ગ શોધી કાઢવાની કુશળતા પ્રિયંકામાં પહેલેથી જ છે. અભિનેત્રી 'પ્રોબ્લેમ સોલ્વર' (સમસ્યાનો ઉકેલ લાવનાર) વ્યક્તિ તરીકે જાણીતી છે. સ્વભાવનું આ લક્ષણ પ્રિયંકા માટે યુએસમાં આશીર્વાદ સાબિત થયું. કોઈ પાસા અવળા પડે તો હતાશ થયા વિના અન્ય સંભાવનાની દિશામાં આગળ વધતી રહેતી. હિંમત હાર્યા વિના આગળ વધતા રહેવું એ ભારતીય લાક્ષણિકતા છે અને એના જોરે જ એ નવા મુકામે પહોંચી શકી છે.

ડિસેમ્બર ૨૦૧૮માં તો પ્રિયંકા અમેરિકન સિંગર-એક્ટર નિક જોનાસ સાથે પરણી ગઈ અને આજની તારીખમાં બે વર્ષની દીકરી છે. અંગત અને વ્યાવસાયિક જીવનની વિષમતાને પ્રિયંકા પાછળ છોડી આવી છે. ■

## ફોકસ (નવમા પાનાનું ચાલુ)

માટે તેઓ જે કોસ્મેટિક પગલાં લે છે તેના માટે ટ્રોલ કરનારાઓને કોઈને ટ્રોલ કરવાનો શું અધિકાર છે?

જે રીતે સ્કિન ફિલરનો ઉપયોગ ત્વચામાં ખાડાઓ અને ખરબચડી સ્કિન ભરવા માટે થાય છે, તે જ રીતે આ ફિલરને હાયલ્યુરોનિક અથવા હાયલ્યુરોનિક ઇન્જેક્શનથી પણ દૂર કરી શકાય છે. આ ઈન્જેક્શન આપવામાં આવે છે જ્યાં સ્કિન ફિલરનો ઉપયોગ કરવામાં આવે છે.

હકીકતમાં હાયલ્યુરોનિક એસિડ શરીરમાં કુદરતી રીતે હાજર હોય છે. જ્યાં સુધી સ્કિન ફિલરની કાયમી અસરનો સંબંધ છે, તે સામાન્ય રીતે ૬ મહિનાથી ૧૨ મહિના સુધી જ રહે છે, એટલે કે એક ઈન્જેક્શનની અસર વધુમાં વધુ ૬ મહિનાથી ૧૨ મહિના સુધી રહે છે. તેથી જે લોકો સતત તેમના ચહેરાને સંપૂર્ણ અને મુલાયમ બનાવવા માગે છે, તેઓએ નિયમિતપણે ત્વચા ફિલરનો આશરો લેવો પડે છે. તેથી આ એક દિવસની રમત નથી.

એકવાર તમે તેના પ્રભાવ હેઠળ આવ્યા પછી, તમારે તેનો સતત ઉપયોગ કરવો પડશે. કારણ કે આ ઇન્જેક્ટેબલ ઇમ્પ્લાન્ટ અથવા સોફ્ટ ટિશ્યુ ફિલરના રૂપમાં સ્કિન ફિલર થોડા દિવસો પછી તેની અસર ગુમાવી દે છે. સામાન્ય રીતે મનોરંજન ઉદ્યોગમાં કામ કરતા લોકો તેનો ઉપયોગ કરે છે, કારણ કે સૌંદર્ય પ્રસાધનોના સતત ઉપયોગને કારણે તેમના ચહેરા પર તે તાજગી રહેતી નથી. ■

## ટૂંકી વાર્તા (નવમા પાનાનું ચાલુ)

'એટલે તે નિઃશ્વાસ ખંખેરીને વિશ્વાસને શ્વાસમાં ભર્યો, એમ જ ને? મનમાં લગની લાગે ને હૈયામાં ખોટ ન હોય તો સફળતામાં ઓટ ન જ આવે. તારા આ અનોખા પ્રયત્નોને સલામ.

'હિમાલય, મારા આવા પ્રયત્નો શરૂ પણ થયા ને ચોતરફ ચર્ચાઈ પણ ગયા. મારા પરાણે થયેલા લગ્ન વખતે કોઈએ વિરોધ ન્હોતો કર્યો. જરૂર હતી ત્યારે બધા મૂક પ્રેક્ષકની જેમ તમાશો જોઈ રહ્યા હતા. ને હવે મારા રચનાત્મક પ્રયાસો વિશે જાતજાતની ચર્ચાઓ થવા લાગી!

''બાર વરસે બાવો બોલ્યો, અક્કરમીનો પડિયો કાણો, અંધારામાં બાચકા ન ભરાય વગેરે વગેરે... મારા પ્રત્યે લોકોને લાગણી ખરી ને! પણ હવે ઊલટું, એનાથી મને નવું બળ મળ્યું. પાનખરમાં ખરી પડેલાં પીળાં પર્ણો, ફૂલ માટીમાં મળી જાય ને પછી એ જ માટીમાંથી છોડ પર તાજાં ફૂલ-પાન પુનઃજન્મ પામે એવી લીલાશ મારામાં પ્રગટી, જેણે ઢીલાશને ફગાવી દીધી. ઘણીવાર એવું બને છે કે તમે ચોતરફથી મુશ્કેલીમાં ઘેરાઈ જાવ, કોઈ મદદે ન આવે ને અંતરાય ઊભો કરે ત્યારે એવી શક્તિ બહાર આવે છે ને એવી સફળતા મળે છે જે સામાન્ય સ્થિતિમાં જોવા નથી મળતી. નાની નાની વાતોમાં ડરી જઈ પારોઠનાં પગલાં ભરતો માણસ પછી તો મસમોટી આફતોનેય હસી કાઢી સફળ થવા બમણા જોરથી પોતાની તમામ શક્તિ કામે લગાડી દે છે એવું કંઈક મારી સાથે થયું.

અને હિમ... વહેણ મોડું મોડું પણ બદલાયું ખરું. ગમે તેવા ખરાબ માણસમાં પણ મૂળભૂત સારપ છુપાયેલી હોય છે. ને ક્યારેક આવી સારપ કહેવાતા સજ્જનો કે સ્વજનોને પણ પાછળ રાખી દે છે. હા, સુરેશનું મૃત્યુ થયું તેનાં બે અઠવાડિયાં પહેલાં એની દુર્જનતાનું મૃત્યુ થઈ ચૂક્યું હતું. તે બે અઠવાડિયાં માટે એ 'માણસ બની ગયો હતો! પરંતુ ત્યારપછી પ્રેમભરી નજરે એણે ચિરવિદાય લીધી, ને આમ મોત સુધારી લીધું. ને થોડા દિવસો પછી મા પણ સંતોષના શ્વાસ સાથે અનંતયાત્રાએ ચાલી નીકળી.

બસ... ત્યારથી હું અહીં આ સાગરકિનારે આવીને બેસું છું, એની સાથે વાતો કરું છું. આ સાગર મારો પાકો ભાઈબંધ છે, ચોર છે. હમદર્દ બનીને પહેલાં તો એણે મારું દર્દ પારખી લીધું ને પછી ચોરી પણ લીધું. હવે દર્દનું સ્થાન પ્રસન્નતા અને સ્વસ્થતાએ લીધું છે. આનંદ એ વાતનો છે કે મારી ખરાબે ચડી ગયેલી હાલકડોલક જીવનનૌકાને તો એનો કિનારો મળી ગયો, સાથોસાથ તે બીજાને પણ સાચી દિશા તરફ દોરી ગઈ. દરિયાકિનારે મેં હિંમત કેળવી અને આજે પણ આ આજીવન મિત્ર મને સ્નેહથી ભીંજવી જાય છે. મને રંગીન વસ્ત્રોમાં જોઈ આ સમાજ ભડકે છે, ચેતવે છે... પરંતુ સાગરસ્પર્શના પ્રભાવે મને એમાંનું કંઈપણ સ્પર્શી નથી શક્યું. ખડકોથી અફળાવા છતાં મોજાં અવિરતપણે ઊછળતાં જ રહે છે. હિમાલય, બસ આવી છે કંઈક મારી અત્યાર સુધીના જીવનની કથની.

'વાહ વિશાખા વાહ.. ક્યા બાત હૈ! તારી આ દાસ્તાન બીજા માટે પ્રેરણાદાયી બની શકે એમ છે. પ્રેમ, વિશ્વાસ ને ખંત હોય તો સફળતાનો કિનારો અવશ્ય પ્રાપ્ત થાય જ.

'હિમ, તારી વાત સાચી. પણ મને લાગે છે કે જાગવામાં મારા જેટલો વિલંબ કરવો ન જોઈએ. જો સમયસર હલેસાં મારો તો હોડીને કિનારો સહેલાઈથી મળી જાય. ને આ સાગર તો એક પ્રતીક છે. એકવાર અંદર જ્યોતિ પ્રગટી ઊઠે પછી આપણે પોતે સાગર બની શકીએ. વિશાખા હિમાલયના ખભાનો સહારો લેતા આમ બોલી ઊઠી. વિશાખાનો લંબાયેલો હાથ પકડી હિમાલય નવો વિષય છેડી રહ્યો.

'જો વિશુ, હું પૈસાદાર છું પણ એ તો સંયોગમાત્ર છે. ઉપાસક તો હું કુદરતનો જ છું. ને એટલે જ મને ઔપચારિકતામાં રસ નથી. માટે સીધું જ પૂછી લઉં. તું મારી સાથે લગ્ન કરીશ?

'હિમ, તું મારો મિત્ર છો એ શું કાંઈ ઓછું છે?

'વિશ, લગ્ન દ્વારા શું એને આજીવન મિત્રતામાં પલટાવી ન શકાય?

'હિમ, તને મારી કથની સાંભળીને મારા પ્રત્યે સહાનુભૂતિ ઊપજી છે. એક વિધવા પ્રત્યે કશુંક કરી છૂટવાની તારી ભાવનાની હું કદર કરું છું. પણ એને પ્રેમનું નામ કેમ આપી શકાય?

'વિશાખા, તારી વાતમાં દમ છે, પણ એ અંતિમ સત્ય નથી. સહાનુભૂતિ સાચી, પણ આ મુદ્દે નહીં. તને સહારો દઈ ઉપકાર કરી મોટાઈ દેખાડવાનો ધખારો જાને નથી, પણ અંદરથી જ પ્રેમનો સમુદ્ર આપોઆપ ઊછળ્યો છે. આ દૂધનો ઊભરો નથી. આ તો એવો ઊંબરો છે જેના પર પગ મૂકી પ્રેમ સહજપણે ઘરમાં પ્રવેશે છે. પ્રેમનું પ્રવેશદ્વાર અંતર છે, ખોખલી સહાનુભૂતિ નહીં. જો પેલું મોટું મોજું નાના મોજાંને પછાડી દેતું હોય તેમ લાગે છે ને? પણ ના... એ તો એને ભેટી પડવા દોટ મૂકી રહ્યું છે. મારા શબ્દો ઊંડાણમાંથી પ્રગટયા છે, છીછરી સપાટી પરથી નહીં. સાચી વાત તો એ છે કે તું પણ મારી જેમ કુદરતને ચાહે છે, એનામાં તન્મય થઈ જાય છે. મારી ભૌતિક સમૃદ્ધિ આપણા પ્રેમની આડખીલી નહીં જ બને. હું તને ચાહું છું; આ સાગરની જેમ છે. 'હિમાલય, આપણે અહીં હવે રોજ મળવાના, ખરું ને? થોડા દિવસો સાથે રહીને એકબીજાને ઓળખવાનો એકબીજાના વિચારોને સમજવાનો સહેજ પ્રયત્ન કરીએ ને પછી અંતિમ નિર્ણય લઈએ એ બધુ ઉચિત લાગે છે. પણ હા, બરાબર વિચારી લેજે. તારા આ નિર્ણયને લીધે આ સમાજ તને...

'વિશુ, સમાજ આંખ કાઢશે તો આપણે આંખ આડા કાન કરશું. સમાજના કુરિવાજો સામે ઝઝૂમીને ઝૂમવાની આ પણ એક અદા છે. આવા દાખલા સમાજને ખોખલો બનતા ચોક્કસ અટકાવશે. હાથીની પાછળ કૂતરાં તો ભસ્યા જ કરે. સાંભળીએ જનનું ને કરીએ મનનું, શું સમજી? ચાલો ફરી કાલે અહીં જ મળીશું.. આ જ સમયે. હિમાલયે વાત પૂરી કરી જે બેય હાથમાં હાથ પરોવી ચાલવા માંડ્યાં.

...થોડો સમય સરી જાય છે. બંનેનો રસ્તો સમાજની દંભી હરકતો સામે સાગર જેવા લય અને જોશની મદદથી સહેલાઈથી કપાતો જાય છે. થોડા દિવસ પછી અંતિમ નિર્ણયનો એ દિવસ આવી પહોંચે છે. સાગરકિનારે ઊછળતાં મોજાંની સાક્ષીએ બેય એક થઈ જાય છે. અચાનક મોજાંને મસ્તી સૂઝે છે. બંનેને અભિનંદન આપતું હોય એમ તે છાનુંમાનું આવી આ પ્રેમઘેલાં નવદંપતીને ભીંજવી દે છે. બંને એકબીજાની હૂંફે આનંદ અનુભવે છે. હિમાલયમાંથી નીકળતી ગંગાની જેમ સ્નેહધારા મુક્તપણે વહેવા લાગે છે. મારગ વચ્ચેના પથ્થરો એમને નડતા નથી. શ્રદ્ધા અને પ્રેમાળ હૈયું હોય તો એકધારા વીંઝાતા મોજાં ખડકને પણ કોમળ બનાવી દે છે.

...વિશાખા ને હિમાલય આજે પણ હયાત છે; એવા ને એવા કુદરતઘેલાં ને ખુશમિજાજ... ને બંનેનો મિ છે પેલો મસ્તીલો મનભાવન સાગર, જે સૌને પ્રેમથી આવકારે છે, આગળ વધવાની પ્રેરણા જન્માવે છે ને દયને સંવેદનાના અજવાસથી ભરી દે છે. સાગરની જેમ ઊછળતાં કૂદકાં બંનેનાં પગલાં સાગરની રેતી પર નવી સૃષ્ટિ ખડી કરે છે. બંને સાચૂકલા માણસ એવા મનસાગરમાં ભીંજાય છે જ્યાં સંવેદનાની ધાર કદી બુઠ્ઠી કે બુટ્ટી થતી નથી. ■




કવર સ્ટોરી

હેમા શાસ્ત્રી

# હિન્દીમાં હીરોઈન હોલિવૂડમાં ઝીરોઈન

**‘મિસ વર્લ્ડ’નોખિતાબ કે હિન્દી ફિલ્મ ઉદ્યોગની ટોપ સ્ટાર જેવી સફળતા હોલિવૂડમાં કામ મેળવવામાં પ્રિયંકા ચોપડાને જરાય કામ નહોતા લાગ્યા.**



ઓસ્કર એવોર્ડ વિજેતા ફિલ્મ ‘લોરેન્સ ઓફ અરેબિયા’ (૧૯૬૨)ના કામ કરવાની દિલીપ કુમારેના પાડ્યા પછી હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીના અનેક કલાકારોએ ‘મારું બોલિવૂડ છે રૂડું, હોલિવૂડ નહીં રે આવું’ ગાણું ગાયું છે અને વિદેશી ફિલ્મોને વહાલી નથી કરી.

જો કે, ૨૧મી સદીમાં ઐશ્વર્યા રાય, અમિતાભ બચ્ચન, ઈરફાન ખાન, દીપિકા પાદુકોણ અને આલિયા ભટ્ટ સુધીના કલાકારોએ હોલિવૂડમાં હાથ અજમાવી જોયો છે. આ યાદીમાં એક નામ છે પ્રિયંકા ચોપડા - જોનાસનું. અન્ય કલાકારોની સરખામણીએ શ્રીમતી ચોપડા-જોનાસ હોલિવૂડમાં વધુ વ્યસ્ત છે. કહો કે, હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીને લગભગ રામ રામ કરી વિદેશની ફિલ્મ ઈન્ડસ્ટ્રીને તેણે વહાલી કરી દીધી છે.

આ અભિનેત્રીએ ‘ક્વોન્ટિકો’ સાઈન કરી એને દસકો વીતી ગયો છે અને આજની તારીખમાં એની બોલિવૂડની ડાયરીનાં પાનાં કોરાકટ છે, જ્યારે હોલિવૂડમાં બે ફિલ્મ અને એક ટીવી સિરીઝ સાથે એનું નામ જોડાયેલું છે. કામ- નામ ને દામ મળી રહ્યા હોવાથી પ્રિયંકા માટે હવે ‘હોલિવૂડ ઈઝ હોમ’ જેવી પરિસ્થિતિ છે.

અલબત્ત, મિસ ચોપડા માટે અત્યારે જે સ્થાને પહોંચી છે ત્યાં સુધીની મજલ આસાન જરાય નહોતી. બલકે કપરાં ચડાણ હતાં. ખૂબ સંઘર્ષ કરવો પડ્યો છે. ખુદ પ્રિયંકાએ આ વાત શબ્દો ચોર્યા વિના તાજેતરમાં એક મુલાકાતમાં જણાવી છે.

ઘર આંગણે ગમે એટલી સફળતા - નામના - કીર્તિ મેળવ્યા હોય એ બધી મૂડી આંગણાની બહાર એટલે કે વિદેશમાં કામ નથી આવતી એ અભિનેત્રીની વાતમાં સાફ સાફ સમજાઈ જાય છે. ટૂંકમાં હોલિવૂડ ખાવાના ખેલ નથી. કદાચ એટલે જ હિન્દી ફિલ્મઉદ્યોગના અનેક નામી અને અનામી કલાકારો એનાથી છેટું રાખવાનું પસંદ કરે છે. પ્રિયંકાએ તો હોલિવૂડને જ કર્મભૂમિ બનાવી હોવાથી હવે પાછું વળીને જોવાને અવકાશ જ નથી. હા, વારે-તહેવારે પીસી (એનું હુલામણું નામ) ભારત દર્શને આવે છે. વિજ્ઞાપન વગેરે કરે છે, હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં દાણો ચાંપી જુએ છે, પણ વાત વાતચીતના દોરથી આગળ વધી હોવાનાકોઈ વાવડ નથી.

પ્રિયંકા ચોપડાનું તાજેતરનું એકરારનામું વિદેશની ભૂમિ પર વાવટો લહેરાવવા ઉત્સુક કલાકારોમાટે એક સંદર્ભ તરીકે ઉપયોગી સાબિત થઈ શકે એમ છે. પ્રેરણા પૂરી પાડી શકે એમ છે અને નવી પાટી પર નવો એકડો ઘૂંટવાનો હોય ત્યારે બધા પ્રયાસ નવેસરથી કરવા પડે છે એની સમજણ પૂરી પાડે છે. હિન્દી ફિલ્મોમાં ટોપ હીરોઈને જેવી નામના હોલિવૂડમાં ઝીરો સાબિત થતી હોય છે.

૧૮ વર્ષની ઉંમરે ૨૦૦૦ની સાલની સૌંદર્ય સ્પર્ધામાં ‘મિસ વર્લ્ડ’નો ખિતાબ મેળવનારીપીસીનાનામનાડંકા હિન્દી ફિલ્મજગતમાં ‘અંદાઝ’ (૨૦૦૩)થી સંભળાવાના શરૂ થયા. દસ વર્ષમાં અભિનેત્રી એની બ્યુટિ કોન્ટેસ્ટમાં પાછળ રાખી દેનારી ‘મિસ યુનિવર્સ’ લારા દત્તા કરતાં હિન્દી ફિલ્મોમાં ઘણી આગળ વધી ગઈ. ટોચન બેનર, ટોચના એક્ટર સાથે ફિલ્મો કરી, પણ અચાનક ૨૦૧૭માં એણે પશ્ચિમની બારી ખોલી અનેપહોંચી ગઈ હોલિવૂડ. બધું અચાનક - અણધાર્યું બની ગયું.

ગયા વર્ષે હોલિવૂડ હેંડવાના નિર્ણય પાછળની હકીકત એણે જાહેર કરી હતી : મારે ફિલ્મો કરવી હતી, ચેલેન્જિંગ રોલ કરવા હતા, પણ મને લાગ્યું કે હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં હું હાંસિયામાં ધકેલાઈ રહી છું. કોઈ મને સાઈન કરવા નહોતું માગતું. કેટલાક લોકો સાથેના સંબંધોમાં કડવાશ આવી ગઈ હતી. મને પોલિટિક્સ રમતા નથી આવડતું અને એટલે હું કંટાળી ગઈ. એવામાં યુએસથી મ્યુઝિક વીડિયોનીઓફર આવી અને મેં એ તક ઝડપી લીધી.

જો કે, સંગીતના સૂરમાં મેળ પડ્યો નહીં અને કોઈએ યુએસમાં એક્ટિંગ માટે કોશિશ કરવાની સલાહ આપી. અમેરિકન બ્રોડકાસ્ટિંગ કોર્પોરેશનની ‘ક્વોન્ટિકો’ ટીવી સિરીઝમાં કામ મળ્યું અને ઉતરી ગયેલી ગાડી વિદેશી પાટા પર ફરી ચાલતી થઈ. અત્યારે એની ‘હેડ્સ ઓફ સ્ટેટ’ નામની અમેરિકન ફિલ્મનું શૂટિંગ ચાલુ છે અને બીજા પ્રોજેક્ટ પર વાતચીત ચાલી રહી હોવાનું પ્રિયંકા જણાવે છે.

અલબત્ત, અત્યારે એ જે સ્થાને છે ત્યાં સુધી પહોંચવા આકરો સંઘર્ષ કરવો પડ્યો છે. જે આંતરરાષ્ટ્રીય મેગેઝિનની ભારતીય આવૃત્તિમાં એને રાજવી શૈલીનું કવરેજ મળ્યું હતું એ જ મેગેઝિનની અમેરિકન આવૃત્તિના કવર પૃષ્ઠ પર ચમકવા પ્રિયંકાએ લોઢાના ચણા ચાવવા પડ્યા હતા. આ ઉપેક્ષાથી પ્રિયંકાને માઠું જરૂર લાગ્યું હતું, પણ એ નિરાશ ન થઈ, હિંમત ન હારી બેઠી.

કેવેનો જેમ્સ નામના મિત્રના પોડકાસ્ટમાં આપેલા ઈન્ટરવ્યૂમાં પ્રિયંકા ચોપડા - જોનાસે નિખાલસ પણે જણાવ્યું છે કે હોલિવૂડમાં પગ જમાવવા એણે ખૂબ મહેનત કરી છે. પોતે હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ટોચની અભિનેત્રી હતી એટલે વિદેશમાં સંઘર્ષ નહીં કરવાની એવી ગેરસમજથી ખાસ્સી દૂર રહી છે. કોઈ પણ રસ્તે આગળ વધો ત્યારે વિઘ્નો તો આવ્યા વિના રહે નહીં. એ વિઘ્નોથી ગભરાવાનું નહીં, મૂંઝાઈ નહીં જવાનું. બલકે એનાથી બચી આગળ કેમ વધી શકાય એનો વિચાર કરતા રહેવાનો. હિન્દી ફિલ્મઉદ્યોગમાં એટલો બધો જાકારો સહન કર્યો છે કે વિદેશી વાંધા (જુઓ પાનું ૬) ▸▸

ડ્રેસ-સર્કલ

ભરત ઘેલાણી

# ફિલ્મ મ્યુઝિયમોની અનોખી દુનિયા

**આદિ આદમના જમાનાથી માનવ માત્રને સંઘરવાની આદત પડી ગઈ છે, જેમાંથી સંગ્રહાલયો સર્જાયાં. હવે એમાંથી કેટલાંક અવનવાં ફિલ્મ મ્યુઝિયમોની કથા જાણવા જેવી છે**

આપણું મન મર્કટ જેવું છે. જલદી સ્થિર રહે જ નહીં. એક કામ કરતાં કરતાં બીજું કંઈ કરવાની ઈચ્છા જાગે. તમને વાર્તા વાંચવાનો શોખ હોય તો અચાનક થાય : ચાલો, આ વાર્તા પરથી ફિલ્મ બનાવીએ કવિતા વાંચતાં -લખતાં પેઈન્ટિંગ કરવાનું મન થઈ આવે થાય- આવું થાય- જન્મજાત સ્વભાવ છે. માણસમાત્રના DNA માં આ છે. એ જ રીતે, DNAને કારણે જાણતા-અજાણતા કશું ને કશું અને એ પણ કોઈ ખાસ પ્રયોજન વિના સંઘરતા રહેવું આદિમાનવનો સ્વભાવ બની ગયો અને એ જ કારણથી એ પ્રાચીન પુરુષ સંગ્રહખોર બનતો ગયો. અને આ જ સંગ્રહખોરીને પાછળથી આપણે વિરાસતનું રૂપકડું નામ આપ્યું.



‘નેશનલ મ્યુઝિયમ ઓફ ઈન્ડિયન સિનેમા’ -મુંબઈ

પ્રાચીન વસ્તુઓને વારસારૂપે એક જ સ્થળે વ્યવસ્થિત ગોઠવણી થતી ગઈ તેને લીધે એમાંથી ક્રમશઃ મ્યુઝિયમ-સંગ્રહાલય અસ્તિત્વમાં આવતા ગયા અને વિવિધ વિષયોને લઈને આવાં સંગ્રહાલય વધતાં જ ગયા પછી એવા પ્રશ્ન પૂછાતા થઈ ગયા કે આજના આ ડિજિટલના યુગમાં આટલી વિશાળ જગ્યા રોકી- માનવ કલાકો તેમજ ધનનો આવો વ્યય કરી વર્ષો જૂની વસ્તુઓને હવે શા માટે ને કોને ખાતર સાચવી રાખવી જોઈએ? હા, એ ખરું કે આવતી પેઢીની જાણ માટે આપણી સંસ્કૃતિ- ઈતિહાસને અકબંધ રાખવા જોઈએ તો એની સાચવણી માટે આપણી પાસે અતિ આધુનિક ડિજિટલ ટેકનોલોજી ક્યાં નથી ?! તમે ધારો ત્યારે સૈકાઓ પહેલાંની પુરાણી વસ્તુ-એનો ઈતિહાસ એક માત્ર ક્લિક કરવાથી લેપટોપ પર હાજર થઈ જાય.



‘પેરિસનું સિનેમાથેક ફ્રાંસે’ મ્યુઝિયમ



ઈટાલીના મશહૂર દિગ્દર્શક ફેડરિકો ફેલિનીની સ્મૃતિમાં આગવું ફિલ્મ મ્યુઝિયમ

આમ છતાં જાતભાતનાં મ્યુઝિયમો વચ્ચે ફિલ્મચાહકોનો એક વિશેષ વર્ગ છે. એમને ફિલ્મનિર્માણની પરંપરાગતથી લઈને આધુનિક પદ્ધતિ સુધી અને વિશ્વની નમૂનેદાર ફિલ્મો વિશે પણ જાણવા -જોવામાં વિશેષ રસ છે. આવા ફિલ્મવિશ્વનો ચિતાર દેતા કેટલાંક સિને-મ્યુઝિયમ જાણીતા છે. એમાનાં કેટલાંકની ઝલક જોઈએ તો સહેજે છે કે હોલીવૂડ સર્વપ્રથમ યાદ આવે.

લોસ એન્જિલિસમાં આવેલા આ મ્યુઝિયમમાં ૧૦ હજારથી વધુ ફિલ્મો તેમ જ ત્યાંના ટેલિવિઝન ઉદ્યોગની ચુનંદી સ્મૃતિઓનો ઈતિહાસ તાદ્રશ્ય કરવામાં આવ્યો છે. સેક્સી મેર્લિન મનરોથી લઈને કરડા માર્લોન બ્રાન્ડો જેવાં અદાકારોએ એમની યાદગાર ભુમિકા દરમિયાન ધારણ કરેલાં વસ્ત્રો સુધ્ધાં અહીં પ્રદર્શિત કરવામાં આવ્યાં છે. ફિલ્મને લગતાં શ્રેષ્ઠ ગણાય એવાં વિશ્વનાં પ્રથમ ૧૦ મ્યુઝિયમની યાદીમાં હોલીવૂડ ફિલ્મ ઉદ્યોગની જેમ ફ્રાન્સ- જર્મન- ઓસ્ટ્રેલિયા-ઈટાલી-ચીન સાથે દુબઈ અરે, યુક્રેન જેવાં દેશનાંય સિને મ્યુઝિયમનો પણ સમાવેશ થયો છે.

એ દરેકને પોતાની વિશેષતા છે એની ના નહીં,પણ જ્યાં અનેકવિધ ભાષાઓની ઢગલાબંધ ફિલ્મો નિર્માણ પામે છે એનું પ્રતિનિધિત્વ કરે એવા મુંબઈના આપણા નેશનલ મ્યુઝિયમ ઓફ ઈન્ડિયન સિનેમા નો ઉલ્લેખ સુધ્ધાં નથી.

ખેર, આપણે ભારતીય સિનેમા તેમજ વિશ્વ ફિલ્મજગતના વિવિધ (જુઓ પાનું ૬) ▸▸

# આંધળો પ્રેમ વ્યક્તિને નિર્માલ્ય બનાવે છે-સાચો પ્રેમ સ્વમાની...




અરવિંદ વેકરિયા

બસ! આમ ‘વાત મધરાત પછીની’ હવે ‘સુપર હીટ’ થઈ ગયું. એક અનોખો લગાવ આ રિવાઈવલની ઇચ્છા ન હોવા છતાં, થોડા ફેરફાર અને જયંત ગાંધીની મહેરબાનીથી આ નાટક માટે અનોખો પ્રેમ પણ થઈ ગયો. કહે છે કે આંધળો પ્રેમ વ્યક્તિને નિર્માલ્ય બનાવે છે, સાચો પ્રેમ સ્વમાની. મને આ નાટક માટે સાચો પ્રેમ અને સાચો સ્વમાની જાણે બનાવી દીધો. હવે ‘હાઉસ ફૂલ’ નાં બોર્ડ કાયમ ઝુલતા થઈ ગયા. એમાં ચંદ્રવદન ભટ્ટ સાહેબની દીર્ઘ દૂરંદેશી અને જયંત ગાંધીનાં જોક્સનું પીઠબળ ભાગ ભજવતું હશે એ હું આજે બધા વાચકો સામે સ્વીકાર કરું છું. જયંત ગાંધીએ કોઈ પણ અપેક્ષા વગર આ રીતે એમના જોક્સ મારા નાટકમાં બિન્દાસ વાપરવાની મને પરવાનગી આપી. એટલું જ નહીં , એમને કઈ નવું સુઝે તો સામેથી ફોન કરી મને ફોન પર જ સંભળાવવાનું એ ક્યારેય ચુકતા નહીં. આ ઉપરાંત એમની ઇચ્છા કદાચ સળવળી હશે, કોને ખબર પણ એક નાટક એમને મારી પાસે ડિરેક્ટ કરાવવું જ હતું. એ વિષય મારા સ્વભાવથી વિપરિત હતો. એ વિષયમાં કોમેડીનો કોઈ અવકાશ જ નહોતો.

સ્વાભાવિક છે કે એમના જોક્સને પણ કોઈ અવકાશ ન હોય અને એમનાં લખેલા જોક્સને તો ખાસ.. એમને મરાઠી નાટક ‘નાતી ગોતી’ બહુ ગમ્યું હતું. એ પારખું છે, મને કહે ‘આ નાટક મારે તારી પાસે કરાવવું છે.’ એ માટે વરલી પાસે આવેલા સરદાર વલ્લભભાઈ પટેલ સ્ટેડિયમ-NSCI નેશનલ સ્પોર્ટ્સ ક્લબ ઓફ ઇન્ડિયામાં ઘણી મીટિંગો કરી. એનું પણ એક કારણ નિમિત્ત હતું. એમના નિર્માણમાં (કદાચ) મેં એમની અને સિલ્વેસ્ટર ડી’કુન્હા સાથે ભરત દાભોલકર ...મેં નાટક કરેલું ‘ઇટ્સ નોટ ફની’.





આ નાટકે ઘણાં રેકોર્ડ તોડ્યા એનો હરખ ખુબ રહ્યો

ખબર નહીં , મારા માટે ભરત દાભોલકરે શું માની લીધું હશે અથવા શક્ય છે જાણીતા દિગ્દર્શકોએ ‘ના’ પાડી હશે. એમણે ‘નાતી ગોતી’ની સ્ક્રીપ્ટ મને વાંચી જવા કહ્યું. મેં સ્ક્રીપ્ટ વાંચી અને કદાચ હું પણ બીજા દિગ્દર્શકોની હરોળમા બેસી ગયો. એનું કારણ હતું. એ નાટક ‘મર્સી કિલિંગ’ નાં વિષય પર આધારિત હતું. આજે તો આવા ‘બોલ્ડ’ વિષય સ્વાભાવિક બની ગયા છે , પણ એ વખતે એ વાત પ્રેક્ષકો પચાવી શકશે કે નહિ?’ એ વાત પર પૂરી શંકા હતી. જયંત ગાંધીની એ છતાં એ નાટકનું નિર્માણ કરવાની ઇચ્છા હતી. વાર્તા કઈક આવી હતીઃ

પતિ- પત્ની ને બાળક... પત્ની સવારે જોબ પર નીકળી જતી. ત્યારે બાળકને સંભાળવાની જવાબદારી પતિની રહેતી. પતિ સાંજના નોકરી પર જતો ત્યારે પત્ની આવીને એ બાળકની સંભાળ રાખતી. એમાં કશું ખોટું નહોતું, પણ બાળક તદ્દન ‘એબનોર્મલ’ હતું. તકલીફ કહો કે કષ્ટ એ ઉભય પક્ષે હતું. પતિએ ગંભીર નિર્ણય લઈ બાળકને અ-કુદરતી રીતે દુનિયામાંથી વિદાય કરવાનો વિચાર પત્નીને કહ્યો. પણ મા-તે-મા, એ કઈ રીતે આ ‘મર્સી કિલિંગ’ની વાત સ્વીકારે? એણે તો કહ્યું કે ‘એવું હશે તો હું મારી નોકરી છોડી દઈશ. જેને નવ-નવ મહિના પેટમાં અરમાનો સાથે રાખ્યો છે એને માટે આવું પાપ કેમ કરું? હા, બંનેનાં પગાર થકી મહિનો પૂરો કરીએ છીએ પણ એનો અર્થ...નવ મહિનાની પીડા અને વેણ ઊપડે ત્યારે સહન કરવો પડતો મીઠો સંતાપ જો તમે અનુભવ્યો હોત તો આવી વાત ન કરત.’ આ વાતથી બાળક ઉપર પ્રેમ તો રહ્યો , પરંતુ પતિ-પત્ની વચ્ચે રોજનો ખટરાગ ઊભો થઈ ગયો. પતિની ઇચ્છા અને પત્નીની અપેક્ષા વચ્ચે આ યુદ્ધ ચાલતું જ રહેતું. ઈચ્છાઓનું પ્રમાણ જયારે વધી જાય ત્યારે લોભનો જન્મ થાય છે અને અપેક્ષાઓ પૂરી ન થાય ત્યારે સામેની વ્યક્તિનાં દોષ દેખાવા લાગે છે. આ જ વાત રોજ પતિ-પત્ની વચ્ચે બનતી રહેતી.પત્ની એક મા હતી અને એ માનતી હતી કે ઉદ્દેશ શુભ ન હોય તો આવું જ્ઞાન પણ પાપ બની જાય. ખેર, મેં ત્રણેક મીટિંગ પછી આ નાટક કરવાની ઘસીને ના પાડી દીધી.

કદાચ મારો બીજા જેવો જ જવાબ સાંભળીને થોડું દુઃખ જયંત ગાંધીને જરૂર થયું હશે એવું હું માનું છું. એમણે કરેલી એમની જોક્સની લહાણી માટે એમને સલામ, પણ જ્યાં પ્રેક્ષકો સ્વીકારે નહિ એ વાતને માત્ર મારા નીજી આર્થિક લોભ ખાતર અને જે વાત મન જ સ્વીકારે નહિ એ પ્રોજેક્ટ હું કઈ રીતે સ્વીકારું? કદાચ એ વિષય આજ સુધી તખ્તા પર રજૂ નથી થયો. મરાઠીમાં આ વિષય ચાલ્યો, પણ ગુજરાતી માટે મારા અને અન્ય દિગ્દર્શકોનાં વિચારો સરખા ચાલ્યા હશે.. આજે કદાચ આ વિષય રજૂ થાય પણ ખરો, કોને ખબર! અસલી વિચાર જે પ્રેક્ષકોને ગમે નહિ એ ન કરવો અને નકલી વિચાર એટલે ચાલો, થોડું આર્થિક ઉપાર્જન કરી લઈએ.. આ બંનેમાં ફરક છે. નકલી ઝવેરાત ખરીદવા માટે પણ પૈસા તો સાચા જ જોઈએ , જે બતાવે છે કે ખોટા ઉપર વર્ચસ તો સાચાનું જ રહે છે.

કદાચ જયંત ગાંધી માનતા હશે કે મારા પૈસા બચી ગયા. શક્ય છે કે આજે આ વિષય હીટ પણ જાય. સમય સમયની વાત નોખી જ રહેવાની. મને જોક્સ વાપરવાની જયંત ગાંધીએ છૂટ આપી એ એક લાગણીની જ વાત હતી. નહિ તો મારે ક્યા એવો સંબંધ હતો? આ તો એક જાણીતા દિગ્દર્શકે મને એના તરફ આંગળી ચીંધી અને વાંકી વાળ્યા વગર હાસ્યનું ઘી નીકળી ગયું. મેં તો નક્કી કરેલું કે એક જ નિયમ ઉપર જિંદગી જીવવી, જેની સાથે લાગણી રાખો એને ક્યારેય અંધારામાં ન રાખો, હું કદાચ ખોટો પણ હોઉં, પણ આજ સુધી એ વિષય તખ્તે આવ્યો નથી એ પરથી લાગે છે કદાચ હું સાચો છું.



વાત જરા ફંટાઈ ગઈ. નાટક ‘વાત મધરાત પછીની’ કેટલું ચાલશે એની કોઈ કલ્પના કરી શકાય એમ નહોતી.

પ્રેક્ષકો ‘હાઉસ ફૂલ’ નાં બોર્ડ ઝુલાવતા રહેશે ત્યાં સુધી તો નાટક ચાલતું જ રહેશે. ભટ્ટસાહેબની નજીક રહ્યાં પછી મને ખબર પડી ગઈ હતી કે જે દિવસે ‘રંગફોરમ’ પૈસા તોડશે લગભગ એ શો પછીના શોનું બંધન ભટ્ટ સાહેબ તરત તોડી નાખશે, પ્રેક્ષકોની નાડ એ તરત પારખી લેતા. ‘ભાગ્યરેખા’ માટે આખો નવો સેટ બનાવ્યો, જે.ડી. અને આતિશ કાપડીયાને રિહર્સલ પણ ખૂબ કરાવ્યા, છતાં પહેલા શો પછી નાટક બંધ પણ કરી દીધું, વધુ નહિ ચાલે કે ચાલશે જ નહિ એ એમના અનુભવનો નિચોડ હતો કે બીજું કઈ?. ભટ્ટસાહેબનું વિઝન એક જ હતું કે ખોટી આશામાં જીવવું જ નહિ.એમાં જ લાખના બાર હજાર થઇ જતા હોય છે. અરીસામાં સુખ અને સંસારમાં સુખ હોતું જ નથી. એ ફક્ત દેખાય છે આ વાત એમણે વર્ષોથી આત્મસાત કરી લીધી હશે અને એટલે તો નિર્ણય ફટાફટ લેતા. એક રાતે મને તુષારભાઈનો ફોન આવ્યો કે....

****

*છૂટ્યું હતું બહુ પણ અંતે ભૂંસાઈ ગયું, બાળપણ આમે’ય ચોકથી જ લખાયેલું હતું. !*

****

**ડબલ રિચાર્જ**

*કોરોના સમયે.....*

*ભૂરોઃ બાપુ, તમારે ત્યાં લગ્નમાં ‘જોરદાર સોશિયલ ડિસ્ટન્સ’ હતું, હો.!*

*બાપુઃ અંદરો અંદર જેને ફાવતું ન હોય એવાને જ તેડાવ્યા હતા.*

હેન્રી શાસ્ત્રી

## ફ્લેશ બેક

# ‘પત્ની અચલા સચદેવ જેવું શરમાતી નથી’

### ૧૮ વર્ષની ઉંમરે પહેલી જ ફિલ્મમાં માનો રોલ કર્યા પછી પાંચ દાયકાની કારકિર્દીમાં બહેન, માતા અને દાદીનો રોલ કરનારાં અભિનેત્રી ‘અય મેરી ઝોહરાજબી’ ગીતથી અવિસ્મરણીય બન્યાં






(ડાબેથી) ‘વક્ત’નો યાદગાર રોલ અને ‘બમ્બઈ કા બાબુ’માં દેવ આનંદની માતાની ભૂમિકા

હિન્દી ફિલ્મ ઈતિહાસ ઉથલાવતી વખતે અનેક મજેદાર તથ્યો નજર સામે આવે છે. જૂની રંગભૂમિના ઈતિહાસમાં ‘નાયક’ લોકોની હાજરી ઊડીને આંખે વળગે છે. એ જ રીતે હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં બોલપટ દોર શરૂ થવા પૂર્વે અને ત્યારબાદ પણ થોડાં વર્ષો સુધી દેસાઈ લોકોનું (ખાસ કરીને ગુજરાતી) યોગદાન ખાસ્સું જોવા મળે છે. હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીના ઈતિહાસમાં ૧૯૩૮ના વર્ષની નોંધ કલકત્તાની ન્યૂ થિયેટર્સ ફિલ્મ કંપનીની બે યાદગાર ફિલ્મ ‘સ્ટ્રીટ સિંગર’ (બાબુલ મોરા નૈહર છૂટો હી જાય) અને ‘ધરતી માતા’ (દુનિયા રંગરંગીલી બાબા)ના રિલીઝ વર્ષ તરીકે તેમ જ જયંત દેસાઈ, ધીરુભાઈ દેસાઈ, રમણિક દેસાઈ, ચીમનલાલ દેસાઈ અને કીકુભાઈ દેસાઈ એમ પાંચ દેસાઈ દિગ્દર્શકની ફિલ્મ રિલીઝ વર્ષ તરીકે પણ જાણીતું છે. ધીરુભાઈ દેસાઈની ‘ફેશનેબલ વાઈફ’ નામની રિલીઝ થયેલી ફિલ્મથી અચલા સચદેવ નામનાં અભિનેત્રીની કારકિર્દીનો પ્રારંભ થયો હતો. ફિલ્મ રસિકો જેમને મન્ના ડેના અવિસ્મરણીય ગીત ‘અય મેરી ઝોહરાજબી’ ગીતથી વધુ ઓળખે છે એ અચલા સચદેવની આજે જન્મ જયંતી (ત્રણ એપ્રિલ, ૧૯૨૦) છે અને ત્રીજી મે તેમની પુણ્યતિથિ છે એ નિમિત્તે તેમની ફિલ્મ સફરની કેટલીક મજેદાર વાતો જાણીએ અને માણીએ.

+ અભિનયની આવડત નહીં પણ ચહેરાના રૂપરંગ જોઈ કલાકારોને અને વિશેષ તો અભિનેત્રીઓને રોલ આપવામાં આવતા એ દોરમાં અચલા સચદેવને પહેલી જ ફિલ્મ ‘ફેશનેબલ વાઈફ’માં ૧૮ વર્ષની ઉંમરે માતાનો રોલ ઓફર થયો અને પૈસાની જરૂરિયાતને કારણે તેમણે એ સ્વીકારી પણ લીધો. અચલાજીનો ચહેરો રૂપાળો નહોતો, પણ એમાં ગજબની માસૂમિયત હતી અને એ જ કારણે તેમને માતુશ્રીનો રોલ મળ્યો હોવો જોઈએ. જોકે, એ ફિલ્મથી એવો સિક્કો પડી ગયો કે હિરોઈન બનવાનો વિચાર તડકે મૂકી દેવામાં આવ્યો અને બહેન, મા અને દાદી - નાનીના રોલમાં જ કારકિર્દીએ આકાર લીધો. ‘ફેશનેબલ વાઈફ’માં સિમ્પલ મધરનો રોલ કરનારા અચલા સચદેવએ કારકિર્દીના અંત ભાગમાં કરણ જોહરની ‘કભી ખુશી કભી ગમ’માં અમિતાભ બચ્ચનની માતા અને શાહરુખ - રીતિકની દાદીનો રોલ કર્યો હતો.

+ જોગાનુજોગ કેવો છે જુઓ. એક વરિષ્ઠ ફિલ્મ વિવેચકે નોંધ્યું છે કે ‘જે દિવસે અચલા સચદેવનું અવસાન થયું એ જ દિવસે કોઈ ટીવી ચેનલ પર મન્ના ડેને શ્રદ્ધાંજલિ આપતો કાર્યક્રમ ચાલી રહ્યો હતો. આ જ મના ડે એ ‘વક્ત’ માટે ગાયેલું ‘અય મેરી ઝોહરાજબી, તુજે માલુમ નહીં, તૂ અભી તક હૈ હસીં ઔર મૈં જવાં, તુજ પે કુરબાન મેરી જાન, મેરી જાન’ અચલા સચદેવની કારકિર્દીનું સૌથી અને કદાચ એકમાત્ર ક્યારેય નહીં વિસરાય એવું પરફોર્મન્સ છે. અચલાજીએ ૨૦૦થી વધુ ફિલ્મ કરી હોવાની નોંધ છે, પણ અચલાજીનો ઉલ્લેખ થતા ‘વક્ત’ના આ ગીત સિવાય બીજું કોઈ ઉદાહરણ નજર આંખ સામે નથી તરવરતું. હા, ક્યારેક તેમનો ચહેરો સુલોચનાજીનું સ્મરણ કરાવે છે, પણ તેમની હાજરીમાં શાલીનતા છે. તેઓ પડદા પર ક્યારેય પ્રભાવી નથી લાગ્યા ને એટલે જ અનેક ફિલ્મો કરી હોવા છતાં બહુ ઓછા સ્મરણમાં રહ્યાં છે. ગીતમાં અચલાજી પોતાની તારીફ સાંભળી જે રીતે શરમાઈ જાય છે એને કારણે આ ગીત સાંભળ્યા પછી તેમનો ચહેરો સ્મરણપટ પર કાયમ માટે અંકિત થઈ જાય છે.’ ગીતમાં અચલાજીની અદાકારી એ હદે પ્રભાવી રહી હતી કે અનેક પુરુષો તેમની પાસે આવતા અને મીઠી ફરિયાદ કરતા કે તેઓ અનેક વાર તેમની પત્નીઓને ‘વક્ત’ જોવા લઈ ગયા હતા, પણ અચલાજીની જેમ શરમાઈ જતા તેમને ક્યારેય આવડ્યું નહીં. તારીફનો પુલ નહીં તારીફનું નગર કહેવું પડે એવી આ પ્રશંસા છે.

+ અભિનેત્રીની કારકિર્દી સાથે કેટલીક રસપ્રદ બાબત સંકળાઈ છે. ૧૯૩૮ની ‘ફેશનેબલ વાઈફ’માં કામ કર્યા પછી ૧૯૫૮માં આવેલી ‘ફેશનેબલ વાઈફ’માં પણ અચલા સચદેવની હાજરી હતી. મજાની વાત તો એ છે કે બંને ફિલ્મમાં હિરોઈનની માતાનો રોલ તેમણે કર્યો છે. એકસરખું નામ અને એક સરખો રોલ જેવું સામ્ય બીજું જડવું મુશ્કેલ છે. બીજી એક મજેદાર વાત છે કે અચલાજીએ ૧૯૫૦માં આવેલી ‘દિલરુબા’માં દેવ આનંદની બહેનનો રોલ કર્યો હતો. આ એ સમયની ફિલ્મ છે જેમાં પડદા પર હિરોઈન રેહાના પછી દેવ આનંદનું નામ આવે છે. દેવ સાહેબની બહેનનો રોલ કર્યા પછી ‘મંઝિલ’, ‘બમ્બઈ કા બાબુ’ જેવી ફિલ્મોમાં તેમણે દેવ સાબની માતાનો રોલ કર્યો હતો.

+ લાગણીપ્રધાન માતા કે સહનશીલતાની મૂર્તિ જેવી માતાના રોલમાં અચલા સચદેવ વધુ શોભે છે એવી માન્યતા બંધાઈ ગઈ હતી. એમના ચહેરા પર કાયમ નજરે પડેલો સૌમ્ય ભાવ અને કારુણ્ય માટે તેમણે અંગત જીવનના અનુભવ જવાબદાર હોવાનું કારણ આપ્યું હતું. અચલાજીનો જન્મ અખંડ ભારતના લાહોર શહેરમાં થયો હતો. આઝાદી મળી એ પહેલાના કારમા અને કપરા કાળમાં તેમના મુસ્લિમ મિત્રોએ જ લાહોરમાં ફાટી નીકળેલા હુલ્લડ વખતે તેમનું રક્ષણ કર્યું હતું. ૧૧ ઓગસ્ટ, ૧૯૪૭ના દિવસે અચલાજી અને તેમનો પરિવાર લાહોર છોડી દિલ્હી પહોંચ્યો હતો. દિલ્હીમાં ભયંકર નરસંહાર જોઈ તેઓ ખૂબ ડઘાઈ ગયાં અને એ દ્રશ્યોએ તેમના દિલ દિમાગ પર ઘેરી અસર કરી હતી. આ કારણસર તેઓ કેમેરા સામે સહેલાઈથી આંસુ સારી લાગણીભીના થઈ શકતાં હોવાની કબૂલાત તેમણે કરી હતી.

+ અચલાજી સમયપાલનના જબરા આગ્રહી હતા. રાજેશ ખન્ના સાથેની એક ફિલ્મના શૂટિંગ દરમિયાન મેકઅપ કર્યા પછી ચાર કલાક રાહ જોવી પડી હોવાથી તેઓ ખૂબ અકળાયાં હતાં. આવું સતત ચાલુ રહ્યું એટલે અચલાજી ફિલ્મ છોડી પૂના જતાં રહ્યાં હતાં. આ વાતની રાજેશ ખન્નાને જાણ થતા તેમણે માફી માગતો પત્ર અચલાજીને લખ્યો અને એ મળ્યા પછી અચલા સચદેવ આવ્યાં અને ફિલ્મ પૂરી કરી હતી. (અચલા સચદેવની વધુ રસિક વાત આવતા હપ્તે) ■

શો-શરાબા

દિવ્યકાંત પંડ્યા

# શું કેમેરા પણ સિનેમામાં કિરદાર હોઈ શકે ખરો?

### ફાઉન્ડ ફૂટેજ ફિલ્મ્સના ઈતિહાસ અને ભવિષ્ય વિશે વધુ મજેદાર વાતો

(ભાગ - ૨)

**સિનેમા** ક્ષેત્રે ઓછી ખેડાયેલી અને ખાસ તો ભારતીય દર્શકોને જેની ઓછી જાણ છે તેવી મેકિંગ ટેક્નોલોજી કે ફોર્મેટ ફાઉન્ડ ફૂટેજ વિશે આપણે અમુક ઉદાહરણ સાથે ગયા સપ્તાહે વાત કરી, પણ આ ફોર્મેટની શરૂઆતથી લઈને ફિલ્મમેકર્સના વિચારો અને હોરર જોનર કે ફીચર ફિલ્મ પ્રકાર સિવાય પણ તેની હાજરી જેવા અનેક મુદ્દા પર આપણે ચર્ચા કરવાની હજુ બાકી છે. લેટ્સ કન્ટિન્યુ!

આ પદ્ધતિના મૂળ સીધી રીતે તો નહીં, છતાં સાહિત્યમાં તેની ફિલ્મ્સમાં શરૂઆત થઈ એ પહેલાં જોવા મળે છે. એપિસ્ટોલરી નોવેલ નામનો એક પ્રકાર છે. તેમાં પાત્રો વચ્ચે પત્રો દ્વારા વાતચીત થતી હોય અને આખી નોવેલ ફક્ત પત્રોના સ્વરૂપમાં જ લખાઈ હોય. મતલબ લેખક દ્વારા આખી વાર્તા સીધી જ પાત્રોના હાથમાં સોંપી દેવામાં આવે. જેમ ફાઉન્ડ ફૂટેજ ફિલ્મ્સમાં પણ કેમેરા પાત્ર સાથે જોડી દેવામાં આવે છે. આ પ્રકારની નવલકથાઓ પણ હોરર ફિક્શન જોનરમાં જ શરૂઆતના સમયમાં વધુ લખવામાં આવતી. અને એ જ કારણસર એવું માનવામાં આવે છે કે ફિલ્મ્સમાં આ પ્રકારની પ્રેરણા ત્યાંથી જ આવી.

ફાઉન્ડ ફૂટેજ પ્રકાર સૌપ્રથમ જોવા મળ્યો શર્લી ક્લાર્ક દિગ્દર્શિત ‘ધ કનેક્શન’ (૧૯૬૧)માં. ફિલ્મ બની હતી એ જ નામના નાટક પરથી. તેનું કથાબીજ કંઈક એવું હતું કે એક ફિલ્મમેકર ફિલ્મ ઇન્ડસ્ટ્રીના લોકો કે જેઓ ડ્રગ્સની દુનિયાના શિકાર છે એમને મળે છે અને એમની સાથે વાતો કરે છે. અને આ બધી જ વાતો તે રેકોર્ડ કરે છે. જ્યારે આ નાટક પરથી શર્લીએ પોતાની પહેલી ફિલ્મ બનાવવાનું નક્કી કર્યું ત્યારે પરંપરાગત શૈલીના બદલે એણે ફિલ્મમેકર પાત્રના કેમેરાને જ

કેન્દ્રમાં રાખીને ફિલ્મ બનાવવાનું નક્કી કર્યું. અને એ રીતે શરૂઆત થઈ સિનેજગતમાં ફાઉન્ડ ફૂટેજ ફિલ્મ્સની. એ પછી ૧૯૬૯ની સાલમાં બની મિલ્ટન મોઝેઝ ગિન્સબર્ગ દિગ્દર્શિત ‘કમિંગ અપાર્ટ’ એ પછી બની ૭૦ના દાયકાની શરૂઆતમાં ઓર્સન વેલસ દિગ્દર્શિત ‘ધ અધર સાઈડ ઓફ ધ વર્લ્ડ’. જો કે, એ ફિલ્મ રિલીઝ થઈ શકી છેક ૨૦૧૮ની સાલમાં.

આ ત્રણે ફિલ્મ્સ બની તો ખરી, પણ તેનાથી ફાઉન્ડ ફૂટેજ પ્રકારને વધુ ફૂટેજ ન મળ્યું. આ પદ્ધતિને જેટલી પણ ખ્યાતિ મળી છે તેમાં મહત્વનું યોગદાન છે ૧૯૮૦માં રિલીઝ થયેલી રુજેરો દિયોદાતો દિગ્દર્શિત ફિલ્મ ‘કેનિબલ હોલોકોસ્ટ’નું. આ ઇટાલિયન ફિલ્મમાં પણ આપણે વાત કરી એ ‘ધ બ્લેર વિચ પ્રોજેક્ટ’ની જેમ જ કેમેરાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

આમાં પણ એક ફિલ્મમેકિંગ ટીમ એમેઝોનના જંગલમાં કેનિબલ્સ ટ્રાઈબ એટલે કે મનુષ્યનું માંસ ખાતા જંગલી માણસો વિશે શૂટિંગ કરવા જાય છે અને ગાયબ થઈ જાય છે. જ્યારે હેરલ્ડ મનરો નામનો એક એન્થ્રોપોલોજીસ્ટ (માનવશાસ્ત્રના જ્ઞાતા) પોતાની રેસ્ક્યુ ટીમ સાથે ફિલ્મમેકિંગ ટીમને શોધવા નીકળે છે ત્યારે એને શૂટ કરેલા કેમેરામાં એમની સાથે શું બન્યું તેની ફૂટેજ મળે છે ને બસ, એ ફૂટેજ એટલે જ ફિલ્મ.

ફાઉન્ડ ફૂટેજ પદ્ધતિ કે જોનરની ફિલ્મ્સ જો કે એક નવતર પ્રયોગ ઉપરાંત બીજા કારણસર પણ મેકર્સને આકર્ષે છે. એ કારણ એટલે ફિલ્મનું બજેટ. પ્રોડ્યુસર્સ માટે જો ફિલ્મ આ પદ્ધતિથી બનતી હોય તો સામાન્ય કરતાં કેમેરા સાધનોની ઓછી જરૂર પડે. સેટ પર લાઇટિંગ વગેરેની ધમાલ ઓછી કરવી પડે. એમ પણ મોટાભાગે હોરર ફિલ્મ્સ હોય એટલે એ સ્વાભાવિક જ લાગે. મેકિંગ અને વિષય જ એવો હોય કે ફિલ્મનું શૂટિંગ પણ સામાન્ય કરતાં ઘણા ઓછા દિવસોમાં પૂરું થઈ જાય, જેમ કે ‘ધ બ્લેર વિચ પ્રોજેક્ટ’નું શૂટિંગ ફક્ત આઠ જ દિવસમાં પૂરું થઈ ગયું હતું. મતલબ આ પદ્ધતિની માંગ પ્રમાણે એમના માટે ફિલ્મ ઓછા ખર્ચે બની જતી હોય છે. જો કે આ પદ્ધતિને વખોડવાવાળા એવું પણ કહે છે કે અમુક લોકો પોતાની ફિલ્મમેકિંગની ઓછી આવડતને છુપાવવા આ પદ્ધતિનો ઉપયોગ કરે છે, જ્યારે ફિલ્મ ખરેખર સિનેમેટિક રીતે દર્શકો સમક્ષ કશુંક નવું રાખતી હોવી જોઈએ એટલે એક બહુ જ મોટો દર્શકોનો અને ઇન્ડસ્ટ્રીનો વર્ગ છે જે ફાઉન્ડ ફૂટેજ તકનીકનો વિરોધ કરે છે અને કહે છે કે એ સિનેમા માટે હાનિકારક છે.

અલબત્ત, આ જોનરના ફિલ્મમેકર્સનું કહેવું અલગ છે. ‘પેરાનોર્મલ એક્ટિવિટી’ના દિગ્દર્શક ઓરેન પેલીનું કહેવું છે કે આ પ્રકારમાં દર્શકોને ફિલ્મ તરફ ખેંચવાની અલગ જ ક્ષમતા છે. અહીં દર્શકોને એવું લાગે કે પોતે ફિલ્મ નથી જોઈ રહ્યા, પણ એ ખુદ એમની સામે સાચે જ બની રહેલી એક ઘટનાનો અંશ છે. ‘ક્લોવરફિલ્ડ’ (૨૦૦૮) નામની આ જોનરની ફિલ્મના દિગ્દર્શક મેટ રિવ્ઝનું કહેવું છે કે ફાઉન્ડ ફૂટેજ ફિલ્મ બનાવવી પણ ચેલેંજિંગ કામ છે. તેમાં વાસ્તવિકતા અને સિનેમેટિક નેરેટિવ બંનેનું માપસર મિશ્રણ રાખવું ખૂબ જરૂરી છે અને એટલે જ એ સચવાય ત્યારે ફિલ્મ ખૂબ જ પ્રભાવી બને.

પહેલી ભારતીય ફાઉન્ડ ફૂટેજ ફિલ્મ ‘લવ, સેક્સ ઔર ધોખા’ થકી દિગ્દર્શક દિબાકર બેનર્જીએ આ જોનરમાં એ ઉપરાંત પણ ઘણી નાવીન્યતા ઉમેરી છે. દિબાકરે બદલાયેલા સમય સાથે ફૂટેજના સ્રોતને પણ બદલીને ફિલ્મ કેમેરાના બદલે સીસીટીવી કેમેરા, ડીએસએલઆર, સ્ટિંગ ઓપરેશન કેમેરાના વપરાશની શરૂઆત ભારતમાં કરી બતાવી છે. દિબાકર બેનર્જીનું કહેવું છે કે આ બદલાવ થકી હું આ જોનરમાં વાર્તાની દ્રષ્ટિએ સમાજ અને મીડિયા પ્રત્યેનો દ્રષ્ટિકોણ પણ ઉમેરી શકું છું. આ ઉપરાંત હજુ એક પ્રયોગ જે દિબાકર બેનર્જીએ કર્યો એ છે એન્થોલોજી ફિલ્મ્સ. એક જ ફિલ્મમાં ત્રણ ફિલ્મ્સનો સમાવેશ. હમણાં રિલીઝ થયેલી ‘લવ, સેક્સ ઔર ધોખા ૨’માં પણ એન્થોલોજી જોવા મળે છે.


લવ, સેક્સ ઔર ધોખા’ પછી પણ ભારતમાં આ જોનરની ફિલ્મ્સ બની છે કે આ પદ્ધતિનો વત્તે ઓછે અંશે વપરાશ ફિલ્મ્સમાં થયો છે. આ ફિલ્મ્સની યાદીમાં છે : ‘રાગીણી એમએમએસ’ (૨૦૧૧), ‘અ કવેશન માર્ક’ (૨૦૧૨), ‘ધ લાસ્ટ હોપ’ (૨૦૧૨), ‘વાઝિયે’ (૨૦૨૨), વગેરે. અને રહી વાત ફીચર ફિલ્મ્સ અને હોરર જોનર સિવાય પણ આ પદ્ધતિના ઉપયોગની તો હોરર સિવાય ક્રાઇમ અને એક્શન ફિલ્મ્સ ઘણી બની ચૂકી છે અને બનતી રહી છે. અને એના પરથી બીજા જોનરમાં નવીન રીતે આ પદ્ધતિનો ઉપયોગ થાય એવા કિસ્સાઓ પણ ભવિષ્યમાં નોંધાશે જ એવી શક્યતા છે.

ફીચર ફિલ્મ્સ સિવાય ટીવી શોઝ, મ્યુઝિક વીડિયોઝ, વેબ શોઝના ફોર્મેટમાં પણ ફાઉન્ડ ફૂટેજ જોવા મળે જ છે. પણ તેના વિશે વિગતે વાત ફરી ક્યારેક. ■

**લાસ્ટ શોટ**


*ફાઉન્ડ ફૂટેજ ફિલ્મ્સમાં મુખ્યત્વે ફર્સ્ટ પર્સન પર્સ્પેક્ટિવ, સર્વેલન્સ ફૂટેજ, સ્યુડો ડોક્યુમેન્ટરી, ન્યુઝ ફૂટેજ, સ્ક્રીન ફૂટેજ અને મોક્યુમેન્ટ્રી એમ છ પ્રકારની પદ્ધતિ વપરાય છે.*



















ફિલ્મનામા

નરેશ શાહ

# આરકે - આરકે ઔર એક આરકે.!

### વાત રાજ કપૂર- ઋષિ કપૂર અને રણબીર કપૂરની





‘હિન્દી ફિલ્મોમાં મારી જાતને ખૂબ વૈભવશાળી માણસ માનું છું. આ વૈભવ ધનનો નથી, પણ મને વારસામાં મળેલી અકલ્પનીય વિરાસતને કારણે હું વૈભવશાળી છું.... મેં મારા દાદા- પિતા-કાકા અને ભાઈથી લઈને ભત્રીજી કરિશ્મા-કરિના અને પુત્ર રણબીર સુધીની ચાર પેઢીને અભિનયના ક્ષેત્રમાં સક્રિયપણે કામ કરતાં જોઈ છે... મારા માતાના ભાઈઓ અને મારા મામા પ્રેમનાથ- રાજેન્દ્ર નાથે અને નરેન્દ્ર નાથ પણ અભિનય કરતાં તો મારા માસા પ્રેમ ચોપડા પણ એક સ્ટાર એક્ટર છે... દિલીપકુમાર- દેવ આનંદ- રાજેન્દ્રકુમાર- મનોજકુમાર આ બધા જ સ્ટાર એક્ટર તો મેરે ચાચા થે...! ’

ઋષિ કપૂર કેટલી ઊંચી વિરાસતમાં ઉછરીને મોટા થયા હતા તેનો ખ્યાલ આ શબ્દો આપે છે. હવે આ વાંચો.

અમારી વચ્ચે જે અંતર છે, એ અસ્સલ એવું જ છે, જેવું મારું અને મારા પિતા વચ્ચે હતું. રણબીર અને હું એકબીજાને જોઈએ તો છીએ, પણ એકબીજાને મહેસૂસ નથી કરી શક્તા. કમ સે કમ, હું તો નથી જ કરી શક્તો. ક્યારેક ક્યારેક મને લાગે છે કે હું પણ મારા પોતાના પુત્રને દોસ્ત બનાવવાનો અવસર ચૂકી ગયો છું. રણબીરે જ એક ઈન્ટરવ્યુમાં કહેલું કે, ‘મારા પિતા એક દોસ્ત નથી. એ એક પિતા છે. હું એમની પીઠ પર ધબ્બો નથી મારી શક્તો કે નથી એમની સાથે મજાક કરી શક્તો એ રણબીર એની માતા નીતુનો દોસ્ત છે, પણ મારો દોસ્ત નથી. આ એક એવું સત્ય છે, જેનો મને સખત અફસોસ છે... ’

૩૦ એપ્રિલ, ૨૦૨૪ના દિવસે જેમની ચોથી પુણ્યતિથિ હતી એ ઋષિ કપૂરનો આ સ્વીકાર કોઈ ઈન્ટરવ્યુમાં પ્રગટ થયો નથી, પણ આ એકરાર એમણે સ્વયં પોતાની બાયોગ્રાફીમાં કર્યો છે. હિન્દી સિનેમાવાળાઓએ લખેલી - લખાવેલી બાયોગ્રાફીમાં કદાચ સૌથી વધુ ઈમાનદાર લાગી હોય તો તે ઋષિની બાયોગ્રાફી છે. બાયોગ્રાફીની સમરી આપતી હોય તેમ અંતમાં લખાયેલું નીતુ સિંઘ-કપૂરનું નિવેદન એટલું બેબાક અને સશક્ત છે કે તેના પર પણ સ્વતંત્ર લેખ લખી શકાય તેમ છે.

નીતુ સિંઘ-કપૂરે બેધડક લખ્યું છે કે આ માણસને (પતિ ઋષિને) છોડી દેવાનો વિચાર મને દરેક દિવસે આવ્યો છે...

નેચરલી, ઋષિ કપૂરે બાયોગ્રાફીમાં શો મેન પિતા રાજ કપૂરથી માંડીને ટેલેન્ટેડ પુત્ર રણબીર કપૂર સુધીની વાતો પણ બિન્દાસપણે લખી છે. રાજ કપૂર અને કપૂર ઘરાનાની લેગસીના દેખીતા વારસદાર અને ઓળખ ઌષિ કપૂર જ બન્યા. જો કે પ્રથમ ફિલ્મ ‘બોબી’ વખતે સૌથી વધુ ડાંટ (ઠપકો- ગુસ્સો) રાજ કપૂર તરફથી ઋષિને જ મળતો હતો. ભૂલ નવીસવી હિરોઈન ડિમ્પલ કાપડિયા કરે કે સનકી મામા પ્રેમનાથ અવળચંડાઈ કરે કે બીજા એક્ટર મોડા પડે કે ટેકનિશ્યન ભૂલ કરે તો રાજ કપૂર પોતાનો ગુસ્સો પુત્ર ઋષિ પર જ કાઢતાં, પણ પછી રાજ કપૂરને પોતાના આ સફળ અભિનેતા પુત્ર માટે વિશેષ માન થઈ ગયું હતું.

ઋષિના ઘેર રિધ્ધિમા પછી પુત્રનો જન્મ થયો ત્યારે પણ સૌથી વધુ ખુશી દાદા રાજ કપૂરને જ થઈ હતી, કારણકે કપૂર ઘરાનાનો એ પ્રથમ વારસદાર પુત્ર (રણધીર કપૂરને બે દીકરી જ હતી) હતો. એ સમયે એમણે પૌત્રને એક સોનાનો સિક્કો ભેટમાં આપ્યો હતો , પણ...

પિતા પ્રત્યેનો અહોભાવ તો કાયમી રહે એમ ઋષિએ પુત્રનું નામ જ રણબીર પાડી દીધું. બહુ ઓછાં લોકોને ખબર છે કે શો- મેન રાજ કપૂરનું મૂળ નામ રણબીર રાજ કપૂર હતું (શમ્મી કપૂર એટલે સમશેર કપૂર અને શશી કપૂર એટલે બલબીર કપૂર).

એ રીતે જોઈએ તો રણબીર કપૂર થકી ઈન્ડસ્ટ્રીઝને બીજો આરકે મળી ગયો છે. આ નવો આરકે અભિનયનો શો- મેન છે. રણબીર કપૂરે સાવરિયા’ (૨૦૦૭) થી ૨૦૨૪ સુધીમાં ‘એનિમલ’ સહિતની ૨૨ ફિલ્મોથી એ સાબિત કરી દીધું છે કે, એ એક મેથડ એક્ટર છે, પણ શરૂઆતની એની ફિલ્મોની પસંદગી ઋષિ કપૂરને ખૂબ અકળાવતી હતી. એ ઈચ્છતા હતા કે પોતાની જેમ પુત્ર પણ રોમાન્ટિક રોલ કરે, કારણકે આવા એક્ટરની કેરિયર લાઈફ લાંબી હોય છે, પણ રણબીર કપૂરે તો ટપોરીથી લઈને સરદાર (‘સેલ્સમેન ઓફ ધ ઈયર’) સુધીના રોલ કરવા માંડયા હતા.


પ્રથમ ફિલ્મ ‘સાવરિયા’ પણ એની ફલોપ હતી. રણબીર કપૂરે જયારે રાજનીતિ’ (પ્રકાશ ઝા) સાઈન કરી ત્યારે ઋષિ કપૂર અંદરખાનેથી ખૂબ અપસેટ થઈ ગયા હતા, કારણ કે અજય દેવગન, નાના પાટેકર, કેટરિના કેફ, મનોજ બાજપાઈ, નસીરુદ્દીન શાહ, અર્જુન રામપાલ જેવા એક્ટરોનો ફિલ્મ ‘રાજનીતિ’માં જમાવડો હતો. આ ફિલ્મ ફલોપ જાય કે હિટ થાય, તેનાથી રણબીરને કોઈ ફાયદો થાય તેમ નહોતું પણ...

‘બર્ફી’ ફિલ્મથી ઋષિ ખુદ પુત્રની પસંદગી અને અભિનય પ્રતિભાને મનોમન સ્વીકારતા થયા. પછી તો એમને એ પણ સમજાયું કે પિતાની જેમ પુત્ર પણ (પોતાના કરતાં) અત્યંત તેજસ્વી જ છે. બેશક, આ વાત એમણે ક્યારેય રણબીરને કહી નહોતી, પણ લખીને સ્વીકાર્યું કે મને મારા પિતા -રાજ કપૂર અને મારા પુત્ર રણબીર માટે પણ ગૌરવ છે. ■

ટૂંકી વાર્તા

દુર્ગેશ ઓઝા

# સંવેદનાનો સાગર



હિમાલય મનભરીને સાગરના સૌંદર્યને પી રહ્યો. એ અગાધ સૂરસમ્રાટ સાગરના લયબદ્ધ ઊછળતાં મોજાં તેના હૃદયના તારને રણઝણાવી રહ્યા. કેટલાં વર્ષો પછી તે પોતાના વતનમાં પાછો ફર્યો હતો! સમૃદ્ધિની છોળમાં સ્નાન કરવા માટે મહાનગરોમાં ફરી વળેલો હિમાલય પોતાની સૂઝબૂઝથી અઢળક ભૌતિક સંપત્તિનો માલિક બન્યો હતો. પરંતુ આ અનેરા સાગરવૈભવ સામે તેની કોઈ વિસાત નથી એવું તે દૃઢપણે અનુભવી રહ્યો.

‘જાણે તીર્થોત્તમ માને છોડીને કોઇ ઉત્તમ તીર્થની શોધમાં વ્યર્થ બહાર રઝળતો ભ્રમિત માણસ-હિમાલય સ્વયંને જ ચકાસી રહ્યો. સાગરનો ખોળો મળતા જ ભ્રમનો ઓળો પૂરઝડપે હટવા લાગ્યો. સાગરના પાણીની ખારાશમાંય મીઠાશ અનુભવાતી હતી. ચંદ્રનું પ્રતિબિંબ સાગરજળને પ્રકાશથી ઝળહળાં કરી દે એમ હિમાલયનો ચહેરો પણ ખીલી ઊઠ્યો. પ્રખર તાપથી અકળાયેલા કોઈ મુસાફરને વૃક્ષની શીતળ છાંયનો આશ્રય મળતા જ જે શાંતિ ને રાહત મળે એવી કોઈ અદ્‌ભુત અનુભૂતિ તેને હવે થઈ રહી હતી. તેનામાં રહેલો કલાકાર જાગી ઊઠ્યો. મોજાંમાં ભીંજાતાં ભીંજાતાં જેમ પગ તળેથી રેતી સરકે એમ તેનો સઘળો ભૌતિક વળગાડ ઓસરવા લાગ્યો.’ કુદરતની સમીપ જવું એટલે તમામ પ્રકારની અમાનવીય વૃત્તિથી દૂર થવું... આવું કશુંક તે વિચારી રહ્યો. સાગરનાં મોજાંમાંથી એક અજબ પ્રકારનું સંગીત બહાર આવી રહ્યું હતું જે તેણે મન દઈને સાંભળ્યું. ને પછી તો હિમાલય લગભગ દરરોજ દરિયાકિનારે આવીને સૂરમાં સૂર મેળવવા લાગ્યો.

ત્યાં જ...એક દિવસ... હંમેશાં ચાડીચૂગલીની ગલીમાં રખડતા ગામના આગેવાન ગણાતા પેમશંકરે હિમાલયની ભાવસમાધિ ક્ષીણ કરવાનો ધંધો આદર્યો. એ હિમાલય.. હા હા તને કહું છું. આમ ખડક પર બેસીને ક્યારનોય શું બબડે છે? તને ખબર પડી પેલા જમનાદાસના ઘરમાંથી બેનંબરી માલ પકડાયો? સંતાડતાય ન આવડ્યું ડફોળને. ને પેલો ઘેલો રવજી... તેની દીકરી ચંપા રોજ શેરીમાંથી લટકમટક કરતી નીકળે છે. આખું ગામ વાતું કરે છે. પણ મારે શું? પણ હવે તું મારી સાથે ચાલ. આમ ભોળાભટાક ન રહેવા. ચોકમાં બધા ભેગા મળીને અલકમલકની વાતો કરે છે. તને મજા આવશે. પેલો મગનો ફિરકી ઉતારી બધાની વાટશે. આ પાણીમાં શું દાટ્યું છે? ઊઠ, ઊભો થા. પેમશંકરે ખંધુ હસીને તેને આવવાનો દુરાગ્રહ કર્યો.

પણ ઊંચેરા હિમાલયને આવા નીચાણભર્યા વ્યવહારોમાં જરાય રસ ન્હોતો. તે ગાડરિયા પ્રવાહમાં તણાવા ન્હોતો માંગતો. તે બોલી ઊઠ્યો, ‘જુઓ આ સાગર...કોઈનીય પંચાત કર્યા વગર કેવો ઊછળે છે? હા, કદાચ એટલે જ આટલો ઊંચે ઊછળી શકે છે. પાકરી પંચાવોને પાણીચું પકડવાનો તો જીવન પાણીદાર બની જાય. સોરી, મને મને તમારી એ ધડમાથા વગરની સ્વાર્થી બાબતોમાં સમય વેડફવો ન પોષાય. તમતમારે સિધાવો.

પેમશંકરે એક વેધક નજર નાખી, પગ પછાડયા ને બબડાટ ચાલુ રાખતા ચાલતી પકડી. તો આટલું બધું કમાયો શું કામ? સાવ અવહેવારું માણસ. અઢળક કમાણી કર્યા પછી માણસે વટભેર વર્તવું જોઈએ. મોભો જાળવવો જોઈએ મોભો. એને બદલે આ હિમલો...ઠરીને ઠીકરું થઈ ગયો. છોકરમત છે છોકરમત. નકરા પાણીમાં એને મળતું શું હશે? પણ મારે શું...?

હિમાલયે ફરી સાગર સાથે ગોઠડી માંડી ને વિચાર્યું, ‘ખાખરાની ખિસકોલી સાકરનો સ્વાદ શું જાણે? આવા બીમાર માણસને તો મીઠી ચીજ પણ કડવી જ લાગવાની.

...થોડે દૂર નાનાં નાનાં ભૂલકાં...હમણાં બધું હતું-ન હતું થઈ જશે એ જાણવા છતાં રેતીમાં આડાઅવળા લીટા કરી ચિત્રો સર્જી રહ્યાં હતાં. તો ક્યારેક પોતાના બૂટમોજાં વગેરે ઉતારી દરિયાના મોજાંમાં સ્વયંને ઉતારી રહ્યાં હતાં ને તનમનને ભીના કરી રહ્યાં હતાં. પોતાને ને બીજાને ભીંજવી દેનારાં બાળકો બંને હાથોથી છાલક ઉડાડી તમામ પ્રકારની ચિંતા અને પીડા ઉડાડી રહ્યા હોય એવું લાગતું હતું. નાચતાંકૂદતાં, ઠેકડા મારતાં, કાલીઘેલી વાતો કરતાં, કલ્પનાની સૃષ્ટિમાં નિમગ્ન બની રેતીનો ઢગલો કરી તેમાંથી મંદિર, મકાન વગેરે બનાવતાં, દરિયાકાંઠે વિવિધ પકારની રમતો રમતાં એ નાનાં નાનાં બાળકો વર્તમાનમાં પૂર્ણ રીતે જીવી રહ્યાં હતાં. એક એક પળને માણી રહ્યાં હતાં. ને એટલે જ એમના ચહેરા પ્રસન્નતા અને હળાશથી ચમકી ઊઠ્યા હતા. એમની આંખોમાં આનંદ હતો, વિસ્મય હતું. મહોરાં વગરના આ ચહેરા પર છલકાતી તાજગી હિમાલયને પણ ભાવવિભોર બનાવી ગઈ. તેને થયું...’ માણસ થોડી ક્ષણો માટે પણ જો નિસર્ગનો સંગ કરે તો કુસંગનો રંગ સડસડાટ ઊતરવા લાગે, અડધી જીવનપીડા તો એમ જ નાસી છૂટે. એકબીજાને હેરાન કરવાની કે પછાડવાની વૃત્તિ જ છૂટી જાય. ઘરકંકાસ આમ ચપટીમાં ચોળાઈ જાય. કદાચ આ બધું ન થાય તોય મન તો પ્રસન્ન થઈ જ જાય. ને એની તો માણસને ખરી જરૂર છે! કુદરતનો આ મજાનો ખજાનો લૂંટવાની મજા જ કંઈક અનેરી છે...! ત્યાં ફરી કોઈએ ખલેલ પહોંચાડી, પણ સાગરના ખારા રણમાં વરસાદી મીઠાશ ભળે એવી આ વિધેયાત્મક ખલેલ બની રહેવાની હતી. એક મીઠડો સ્વર ગુંજી ઊઠ્યો,’ તમે... તમે હિમાલય તો નહીં ને?

‘હા, પણ જેમાંથી ગંગા જેવી નયનરમ્ય નદી નીકળે છે તે હિમાલય નહીં.. હો કે! હું ન ભૂલતો હોઉં તો તમે... વિશાખા...?

‘લે તમને તો મારું નામ પણ યાદ છે!

‘કેમ ન હોય? બચપણના એ દિવસો, એ ધીંગામસ્તી કેમ ભુલાય? મારા માટે તો બચપણ જ જીવનનું સાચું સગપણ છે, જે તમને ઘડે છે, ઉઘાડે છે. કોઈપણ પ્રકારના બોજ વિનાનું મસ્તીખોર, ખુલ્લા આકાશ જેવું મુક્ત બચપણ જીવનની મોંઘેરી મૂડી છે. કોઈનું આવું બચપણ છીનવી લેવું એ હત્યા બરોબર છે. માણસ કિશોર અવસ્થામાં પ્રવેશે પછી તે મોટાને મળતા ફાયદા, તેની જીવનશૈલી વગેરે જુએ છે કે તેની કલ્પના કરે છે, ને પછી મન કરે છે કે હું જલદી મોટો થઈ જાઉં. પણ જ્યારે એ મોટો થઈ જાય છે ત્યારે એ જ માણસ એમ વિચારે છે કે મને મારું બચપણ પાછું જીવવા મળે તો કેવું સારું? કોઈ લૌટા દે મેરે બીતે હુએ દિન. રજા કે તહેવાર આવતા જ અણગમો દર્શાવતા, પૈસા, નફો, ધંધો વગેરે પાછળ જ અંધ થઈ દોડતા માણસને રજા, તહેવારના આનંદનું મહત્ત્વ કેટલું છે તે સમજવા બાળક બનવું પડે. જો અંતરથી રાજી રહેવું હોય તો ગમે તે પરિસ્થિતિમાં માણસે પોતાનું બાળકપણું ગુમાવવું જ જોઈએ. મારું યૌવન ભલે થોડું બહાર વીત્યું, પણ શૈશવની એ યાદો હજી આ સાગરના સંગીતની જેમ હૈયામાં રણઝણે છે. સાગર જોઈને હું સાચૂકલો માણસ બની ગયો હોઉં એમ લાગે છે. જાણે કિનારો છોડીને દૂર ગયેલું મોજું ફરી સાગરમાં મળી ગયું, ભળી ગયું.

‘વાહ, તમે તો કલાકાર બની ગયા કે શું? મેં તો સાંભળેલું કે તમે તો અઢળક પૈસા માટે...?

‘હા વિશાખા, તમારી બંને વાતોમાં તથ્ય છે, પરંતુ જીવનમાં એક અદ્‌ભુત વળાંક આવ્યો છે. પહેલાં હું માત્ર ધંધાદારી માણસ હતો, પણ હવે માત્ર માણસ બનવાની દિશા તરફ આગળ વધી રહ્યો છું. માણસનો મૂળ હેતુ અંતે તો શાંતિ અને આનંદ મેળવવાનો હોય છે. પરંતુ ઘણીવાર સંપત્તિ ભેગી કરવી એ જ તેનું ધ્યેય બની જાય છે ને પેલો મૂળ હેતુ અંધારામાં ઓગળી જતા લૂંટારુની માફક ક્યાંય છૂ થઈ જાય છે. પણ સદ્‌નસીબે આવું ન બન્યું.

જીવનમાં કશુંક ખૂટતું લાગ્યું ને મેં પૈસા પાછળની આંધળી દોટ છોડી દીધી. હું આનંદના મૂળ સ્રોત તરફ પાછો વળ્યો. પહેલાં હું માત્ર મગજની ફૂટપટ્ટીથી બધી બાબતોને માપતો. પરંતુ આ સાગર તથા સાગરપેટા માણસોના સંગાથ પછી હું હૈયાની વાત માનું છું. હવે તો મગજનેય મારું હૃદય ગમવા માંડ્યું છે. આંતરિક સમૃદ્ધિ વિનાની ભૌતિક સંપત્તિ એકડા વિનાના મીંડા જેવી છે. પણ એ તો જેને સમજાય તેને જ....

‘હું થોડુંઘણું સમજી શકી તમને.

‘ખરેખર? તો તો મારું સદ્‌ભાગ્ય.

‘હા હિમાલય, એટલે તો તમને પૂછવાનું મને મન થયું.

‘તો કરો ઊલટતપાસ ચાલુ. આ ગુનેગાર હાજર છે. હિમાલય ટહુક્યો ને બંને મોકળા મને હસી પડ્યાં. અચાનક એક જબરજસ્ત મોજું આવ્યું, જેમાં બંને ભીંજાઈ ગયાં. સંબંધનું દ્વાર ઉઘડી ગયું. વિશાખાના ચહેરા પર ઘડીક ખડખડાટ હાસ્ય..તો ઘડીક સાવ ગંભીરતા! હિમાલય પૂછી બેઠો, ‘વિશાખા, તમે ઢળતી સાંજે આ તરફ? જો કે આ તો મારી ધારણા માત્ર છે, પણ મને એવું લાગે છે કે તમારા હાસ્ય પાછળ કશીક વેદના કરડો ભરડો લઈને બેઠી છે.

વિશાખા એકદમ ચમકી ગઈ, હસી પડી ને પછી ધીરગંભીર અવાજે કહી રહી, ‘હા, ઢળતી સાંજ; મારા જીવનની...જો કે ઢળતી સંધ્યાના રંગો પણ અનુપમ હોય છે. ને આ કંઈ મારી ઢળતી સાંજ ન કહેવાય. હજી યૌવનનું પુષ્પ અકબંધ છે. પરંતુ ક્યારેક આંધી કે વાવાઝોડાંને લીધે સૂરજ ઢંકાઈ જાય ને ઉઘાડ વિના એમ જ સાંજ ઢળી જાય એવી મારી સ્થિતિની વાત કરું છું. પણ જવા દો એ જૂની વાત. એમાં ઊંડા ઊતારવામાં મજા નથી. આ સમાજે મને ઊંડા પાણીમાં ઉતારી સતાવી છે ને એના અડપલાં હજીયે અવિરત ચાલુ છે. હા, મારા લીલાં-પીળાં વસ્ત્રો જોઈને લોકો લાલ-પીળા થઈ જાય છે. જો કે હવે મને એની નથી પડી. હું છેલ્લાં બે વરસથી નિયમિતપણે અહીં આ જીવંત સાગરકાંઠે આવું છું ને હિંમતનું ભાથું બાંધીને જાઉં છું. ભૂતકાળની કડવી વાતો શા માટે યાદ કરવી? બીત ગઈ બાત ગઈ.

‘વિશાખા, આપણે એક જ ગામના. વળી સાથે રમ્યા, સાથે જમ્યા..ને બચપણના મિત્રો પણ ખરા, એટલે ‘‘તમે’’ સંબોધનનો અંચળો ફગાવી દઉં છું. તું પણ ફગાવી દેજે. મિત્ર પાસે પેટછૂટી વાત કરવાથી હૈયું હળવું થાય છે. તારા આંસુ લૂછી નાખ. ચિંતા કરતા ચિંતા કઠણ છે. એને માથે ઊંચકીને ફરવા કરતા સ્વજન સમક્ષ હૈયું ઠાલવી નીચે મૂકી દો તો પીડા ઓછી થાય ને સુખના પવનની લહેર અનુભવાય એમ પણ બને. ઘણા દિવસો પછી સ્વજન મળ્યાની લાગણી જન્મી છે. હું દુરાગ્રહ નહીં કરું, પણ જો હું તને સ્વજન જેવો લાગતો હોઉં તો...

‘હિમાલય, લાંબા સમયગાળા પછી આટલું બધું પહેલીવાર ફક્ત ‘‘તારી’’ સાથે જ બોલી છું. સચ્ચાઈ જાણી ચોંકી ન ઊઠતો. હું વિધવા છું. રંગીન વસ્ત્રોમાં સજ્જ મોડર્ન વિધવા.’

‘વિશાખા...

‘હા, તારે સાંભળવી છે ને મારી વાત? હું સંભળાવીશ. જરૂર મારું હૈયું ખોલીશ. કહી વિશાખાએ થોડીવાર માટે આંખ બંધ કરી, અતીતમાં ડોકિયું કર્યું ને પછી શરૂઆત કરી. ‘હિમાલય, માબાપની છત્રછાયા તો મેં ટૂંકા ગાળામાં જ ગુમાવી દીધી હતી. લોકલાજે કાકા-કાકીએ મને આશરો તો આપ્યો પણ... નોકરાણી પણ કદાચ મારા કરતા વધુ સારી સ્થિતિમાં રહી શકે એમ. પ્રેમાળ પિતાને પ્રેમ ખાતર નહીં, પણ તેની મરણમૂડી પોતાને મળશે એ લાલચથી રાખતા પુત્રની માફક...સમજી ગયો ને? એ બંને તો મારું ભણતર અટકાવી દેવા માગતા હતાં, પણ ફરી લોકલાજ મદદે આવી.

આ લોકલાજ પણ એક અજબ ચીજ છે નહીં? કોલેજની છેલ્લી પરીક્ષા પૂરી થઈ ને મારી જીવનપરીક્ષા શરૂ થઈ. રણની આંધીમાં અટવાયેલા ભૂખ્યા-તરસ્યા મુસાફરની જેમ હું અથડાવા લાગી. એ અપમાનની, અસહ્ય ત્રાસની ક્ષણો ભૂલવા મથું છું તોય...! કાકા-કાકીના ઝેરથીય બદતર કટાક્ષો, સતત અવગણના, હડસેલો... આ બધું મને દઝાડતું રહેતું. હું અંધારા કૂવામાં ધકેલાતી હોઉં એવું લાગતું. કોઈ પરિચિત ઘરે આવે ત્યારે એ બંને ‘કામચલાઉ’ માણસ બની જતાં. હાથીના દાંત-ચાવવાની જુદા ને દેખાડવાના જુદા.જેવા એ પરિચિત ઘરના પગથિયાં ઊતરે કે તરત માણસાઈનું બનાવટી મ્હોરું ઊતરી જતું. આ કહેવાતા સ્વજનો દુર્જનતાની હદને પણ વટાવી ગયાં. પૈસાની લાલચમાં મને એક જુગારી, વ્યસની એવા અધમ માણસ સાથે પરણાવી દેવામાં આવી. એમ જ કહો ને કે વેચી દેવામાં આવી. દુકાળમાં અધિક માસ. મારી યાતનાનું બીજું પ્રકરણ ખુલ્યું. દરરોજની મારઝૂડ અને અવહેલનાભરી દશા. એક બસ એની માનું વાત્સલ્ય હું પામી શકી. ફટકિયાં મોતી વચ્ચે એક સાચું મોતી. અતિ મારઝૂડ કરતા મારા પતિ સુરેશને તે વારતી ત્યારે મારી સાથે તેને પણ માર સહન કરવો પડતો. મારે મન તો રણમાં પાણીનું પરબ એટલે આ મા.

‘એક મિનિટ વિશાખા એક મિનિટ...એક વાત સમજાતી નથી. તું તો આટલી બધી ભણેલીગણેલી, સમજુ, વિચારશીલ યુવતી.. તો પછી તેં આ બધું ચૂપચાપ શા માટે?!


‘હિમાલય, મને હતું જ કે તને આ પ્રશ્ન થશે, થવો જ જોઈએ. પરંતુ હિમ... મારામાં રહેલી ચેતના ત્યાં સુધીમાં પ્રગટ ન્હોતી થઈ. હું ઊઠતી હતી, પણ જાગી ન્હોતી શકતી. ઉપરાછાપરી આઘાતે મને જડ શી બનાવી દીધી હતી. ને બીજું એક કારણ... ત્યાં સુધીમાં હું આ ‘‘સાગર પાસે પહોંચી ન્હોતી શકી. એ દિવસ... આ બધાથી ત્રાસી જઈને મેં સાગરમાં સમાઈ જવા દોટ મૂકી. ખારા દરિયામાં મોત મીઠું કરવું હતું. પણ એ ઊછળતા સાગરે મારામાં રહેલી દિવ્યતાને ઢંઢોળીને જગાડી. બંધિયાર વાતાવરણ છૂટતા જ વરસોથી દબાયેલી સ્વતંત્રતા પીંજરું તોડવા મથી રહી... ને મેં દૃઢ નિર્ણય કર્યો.

‘પતિને છોડવાનો નિર્ણય...?

‘ના હિમાયલ, તને કદાચ નવાઈ લાગશે, ન પણ લાગે. પણ મેં સુરેશને સુધારવાનો, એને સીધે રસ્તે લાવવાનો રસ્તો પસંદ કર્યો. સાગરને જોયા પછી લાગ્યું કે મેં અત્યાર સુધી કિનારે બેસીને માત્ર છબછબિયાં જ કર્યાં હતાં. સુરેશને સુધારવાના પ્રયત્નો નિષ્ફળ જતા હતા. શેઠની શિખામણ ઝાંપા સુધી એવું ને હું નિરાશ થઈ જતી. પણ પછી મેં સાગરના તળિયે ડૂબકી મારતા મરજીવાની પેઠે સુરેશના ઊંડાણમાં જવાનો પ્રયત્ન કર્યો. દરિયો જેમ સાક્ષીભાવે, કશી ફરિયાદ વિના જેન ઊછળે છે તેમ હું મારા પ્રયત્નોને એક ખેલ કે પ્રયોગ સમજીને નિષ્ઠાપૂર્વક વધારતી ગઈ. હું નિષ્ફળ જતી તોય સફળ થવાનું સપનું સેવતી. ઘણીવાર મને થતું કે મારા અમુક પગલાંનો સારો પડઘો પડશે, પણ બદલામાં જ્યારે મને માર પડતો ત્યારે પહેલાંની માફક રડવાને બદલે કે સામું બોલવાને બદલે હું પ્રગાઢ મૌન ધારણ કરતી, સુરેશ સામે સહજપણે જોઈ રહેતી. હું નિષ્ફળ જતી, તોય હસી પડતી... ને પ્રહાર માટે ઊંચો થયેલો સુરેશનો હાથ ક્યારેક એકાએક થંભી જતો. એની ક્રૂરતાએ એની માનવતાને ડૂબાડી દીધી હતી જે ફરી તરીને ઉપર આવશે જ એવું લાગી રહ્યું. (જુઓ પાનું ૬) ▶▶

વિશેષ

ડી. જે. નંદન



# બોલીવૂડ સેલિબ્રિટીઝ કેવી રીતે જીવે છે સેવન સ્ટાર લાઈફસ્ટાઈલ

કોઈ ફિલ્મનો પ્રમોશનલ મંચ હોય, કોઈ પાર્ટી હોય, કોઈ પ્રેસ કોન્ફરન્સ હોય કે પછી કોઈ મહત્ત્વની ઈવેન્ટ, બોલીવૂડના સ્ટાર હંમેશાં બિલકુલ નવા અને આકર્ષક રીતે પોતાને પેશ કરે છે. ભાગ્યે જ કોઈ જાણીતા બોલીવૂડ સ્ટારે કદી પહેરેલા ડ્રેસનું પુનરાવર્તન કર્યું હશે. તેઓ હંમેશાં નવા ડ્રેસમાં નજરે પડે છે અને બધા એક્સેસરીઝ પણ નવા રૂપાળા હોય છે. આ બધા ડ્રેસ લેટેસ્ટ ફેશનના હોય છે. એ કહેવાની અત્રે જરૂર નથી કે તેમના પ્રશંસકોની મોટી જમાત આ ચકાચૌંધ અંદાજ પર આફરીન થઈ જાય છે. જો કે તમને એ વાત નહીં ખબર હોય તે આ બધા ચમકવાળા ડ્રેસ પોતાની નહીં પરંતુ ભાડાથી લીધેલા હોય છે. તાજેતરમાં આયુષ્માન ખુરાનાએ એક ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે બોલીવૂડ સેલેબ્સ કાયમ ટ્રેંડી વેર પરિધાન કરે છે. આ ડ્રેસ તેમના પોતાના નથી પરંતુ ભાડે લીધેલા હોય છે. જોકે ભાડે લઈને ડ્રેસ ખરીદવાનો બોલીવૂડનો સિલસીલો ૭૦ વર્ષ જૂનો છે.

મોટા કલાકારો ફિલ્મોમા અલગ સેટમાં નવા ભાડાનાં કપડાં પહેરે છે એટલું જ નહીં, પરંતુ બીજા સમારોહમાં પણ તેમના ખાસ ડિઝાઈનરોના કપડા ભાડેથી લઈને પહેરે છે. જોકે વાત ફક્ત કપડાં સુધી સીમિત રહી નથી. સત્ય તો એ છે કે બોલીવુડની સેલિબ્રિટીઓ દાગીના, પર્સ, બુટથી લઈને ચશ્માં પણ ભાડાનાં પહેરે છે. સામાન્ય માનવીની નજરમાં તારકો જે ‘સેવન સ્ટાર’ લાઈફસ્ટાઈલ જીવતા દેખાય છે તે હકીકત નહીં, પરંતુ વર્ચ્યુઅલ રિયાલિટી હોય છે આ તારકો કપડાં અને દાગીનાં બરાબર માપસર ભલે પહેરતા હોય, પરંતુ ૧૦૦માંથી ૯૯ મોકામાં આ ભાડાના હોય છે. આમાં પણ કોઈ બેમત નથી કે બોલીવુડ સિતારા સામાન્ય માનવી કરતાં વધુ ડ્રેસ અને એક્સેસરીઝ ખરીદે છે, પરંતુ જાહેરમાં તેઓ ભાડાની વસ્તુઓ વધારે પહેરે છે.

બોલીવૂડની જાણીતી હીરોઈન કે હીરો દિવસમાં ત્રણ વાર ઘરથી બહાર નીકળે છે ત્યારે તેમનો ડ્રેસઅપ નવો અને પહેલાથી અલગ હોય છે. આને માટે તેમની એક ટીમ છે જે તેમનો શણગાર અને સજાવટ કરે છે. આ બધો ખર્ચ તેઓને ઉપાડવો પડે છે. આથી ટીમનો ખર્ચ ઉપાડવાની સાથે નવા કપડાનો ખર્ચ કરવાનું તેમને પણ પરવડતું નથી. તારકો દિવસમાં ઓછામાં ઓછી બે વાર આખો ગેટઅપ ચેન્જ કરે છે. આજ કારણથી અનેક વર્ષોથી કલાકારો કપડાં, દાગીનાં અને એક્સેસરીઝ ભાડાની લે છે.

બુટ અને ચશ્માની ખરીદી સેલિબ્રિટીઝ માટે મુશ્કેલ નથી. જોકે દર પખવાડિયામાં બુટ અને ચશ્મા નવી ડિઝાઈન અને સ્ટાઈલના પહેરવા હોય તો એ ભાડે જ લેવા પડે. આ જ કારણથી બોલીવુડ સેલિબ્રિટી પ્રોફેશનલ કે પર્સનલ કાર્યક્રમમાં હોય કે ટાઉન શહેરના પ્રવાસે હોય ત્યારે સોર્સિંગનું એક આખું તંત્ર સાથે ચાલે છે. જેની મદદથી તેઓ વારંવાર નવા અને સ્ટાઈલિસ્ટ કપડાં પહેરે છે અને એક્સેસરીઝ કેરી કરે છે. એ પણ રસપ્રદ વાત છે કે ઐશ્વર્યા રાયથી માંડીને શાહિદ કપુર અને મીરા રાજપૂત સુધીના પોતાના લગ્નમાં જે આભૂષણો પહેરે છે એ પણ ભાડાનાં હોય છે. થોડા દિવસ પહેલાં જાણીતા ઉદ્યોગપતિ મૂકેશ અંબાણીના ઘરમાં તેમના પુત્રના મેરેજ વખતે જે મોટા ઈવેન્ટ થયા એમાં દેશવિદેશના હજારો મહાનુભાવો હાજર રહ્યા હતા. અંબાણી કુટુંબની મેરેજ સેરીમનીમાં હાજરી આપનારા બધા બોલીવૂડ સિતારા એકથી એકને ટપે એવા ટ્રેન્ડી પોશાકો સાથે મોંઘી એક્સેસરીઝ કેરી કર્યા એ ભાડાનાં છે.

જોકે બોલીવૂડના બહારના લોકોને આ વાત ગળે તરશે નહીં, તેમનો સવાલ એ છે કે મોટા ભાગના અવસરો પર ભાડાની વસ્તુઓ કેવી રીતે પહેરાય. અંબાણીના પરિવારમાં બોલીવૂડ સીતારોએ ભાડાના જ કપડાં પહેર્યા હતા. એક વાત સમજી લેવી જોઈએ કે એક્ટર જે નવા કપડાં પહેરે છે એમાં તેમની જોડે ફેશન ડિઝાઈનરને પણ ફાયદો થાય છે. એક્ટર અને એક્ટ્રેસ માટે ડ્રેસ ડિઝાઈન કરનાર શ્રુતિ સંચેતી કહે છે કે અમારા ગ્રાહકોમાં સેલિબ્રિટીનો હિસ્સો એક ટકા પણ નથી, પરંતુ અમારે વધુ ધ્યાન તેમના પર રાખવું પડે છે. તેમની સાથે સીધો સંબંધ અમારા વ્યવસાય સાથે છે. જ્યારે કોઈ સેલિબ્રિટી જાહેરમાં અમારા કપડાં પહેરે છે ત્યારે અમારા ઉત્પાદોની ડિમાન્ડ વધી જાય છે. આથી ફેશન ડિઝાઈનર કે જ્વેલર ઈચ્છે છે કે એક્ટરો અમારા કપડાં અને દાગીનાં પહેરે જેથી તેમના પ્રશંસકો અમારા કપડાં-દાગીનાં પહેરે.

આજ કારણ છે કે ફેશન ડિઝાઈનર એક-બે કે અનેક સેલિબ્રિટીને પોતાનો ગ્રાહક બનાવે છે જેથી એ તેમને માટે વિવિધ ડિઝાઈનના કપડાં બનાવી શકે. સ્ટાર તેમના ડ્રેસ પહેરે છે એટલે ફેશન ડિઝાઈનરનો પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે પ્રચાર થાય છે અને તેમનો બિઝનેસ વધે છે. હવે એ સ્પષ્ટ થઈ ગયું હતું કે ડિઝાઈનર પોતાના ઉત્પાદનોના વેચાણ અને સ્ટાર પોતાની પર્સનાલિટી નિખારવા સેવન સ્ટાર લાઈફસ્ટાઈલ જીવે છે. આને લીધે સિતારાઓને પબ્લિસિટી મળે છે અને ડિઝાઈનરને કરોડો રૂપિયાનો ધંધો મળે છે. આજ ફોર્મ્યુલાથી કલાકારો પોતાની સેવન સ્ટાર લાઈફસ્ટાઈલ બનાવે છે.

ફોકસ

દિવ્યજયોતિ નંદન

# કલાકારોને આકર્ષક લુક આપે છે સ્કિન ફિલર!






બોલિવૂડના ફેમસ એક્ટર રાજકુમાર રાવ આ દિવસોમાં ટ્રોલ આર્મીના નિશાન પર છે. તેનું કારણ છે તેનો દેખાવ. કોઈપણ રીતે દરેક ફિલ્મમાં તેના દેખાવ અને સમર્પણની પ્રશંસા કરવામાં આવે છે, પરંતુ આ વખતે તેની આગામી ફિલ્મ ‘શ્રીકાંત’ માટે. દેખાવની વાત કરીએ તો તે અન્ય કારણોસર ટ્રેન્ડમાં છે. એવી અફવા છે કે તેને આ લુક માટે પ્લાસ્ટિક સર્જરી કરાવી છે અને તે શરૂઆતમાં મૌન હતો તેથી તેને સત્ય તરીકે સ્વીકારવામાં આવ્યું. પરંતુ જ્યારે તેને આ વાત પર ટ્રોલ થવા લાગી તો રાવે આગળ આવીને કહ્યું કે તેને કોઈ પ્લાસ્ટિક સર્જરી નથી કરાવી.

હા, આ ફિલ્મમાં તેનો ચહેરો વધુ પરિપક્વ છે અને તેની દાઢી થોડી લાંબી છે અને તેના ચહેરાની ખરબચડી સ્કિન દેખાતી નથી, તો તેનું કારણ પ્લાસ્ટિક સર્જરી નહીં પણ સ્કિન ફિલર છે.

રાજકુમાર રાવના કહેવા પ્રમાણે ‘આજે નહીં, આઠ વર્ષ પહેલાં મેં મારી દાઢી પર ફિલર્સ કરાવ્યા હતા, કારણ કે હું આત્મવિશ્વાસુ દેખાવા માગતો હતો, બસ. વાસ્તવમાં સ્કિન ફિલર એ જેલ જેવો પદાર્થ છે, જે ત્વચાની નીચે ઇન્જેક્ટ કરવામાં આવે છે, જે ત્વચામાં હાયલ્યુરોનિક એસિડનું પ્રમાણ વધારે છે. આના કારણે ત્વચામાં ખૂબ ભેજ લાગે છે અને ચહેરાની કરચલીઓ અને ખરબચડી સ્કિન ગાયબ થઈ જાય છે. આ ત્વચાને કુદરતી રીતે સોફ્ટ લુક આપે છે.

સ્કિન ફિલરનો ઉપયોગ નવો નથી. દાયકાઓથી માત્ર બોલિવૂડ અને હોલીવુડના અભિનેતાઓ અને અભિનેત્રીઓ જ તેનો ઉપયોગ કરી રહ્યાં નથી પરંતુ સામાન્ય લોકો પણ તેનો ઉપયોગ વધુ સારો દેખાવ મેળવવા માટે કરે છે. તેનાથી ત્વચામાં ખાસ કરીને ચહેરા પરના વૃદ્ધત્વના ચિહ્નો ગાયબ થઇ જાય છે. આછી કરચલીઓ અદૃશ્ય થઈ જાય છે અને મોટી કરચલીઓ નાની કરચલીઓમાં સંકોચાય છે. જો કે આ સ્થિતિ કાયમી રહેતી નથી. તેની જાળવણી માટે સમયાંતરે પ્રયત્નો કરવા પડે છે.

રાજકુમાર રાવના કહેવા પ્રમાણે તેને આજથી નહીં, ઘણા વર્ષો પહેલા સ્કિન ફિલરનો ઉપયોગ કર્યો હતો, તેને આ વાત એક ઈન્ટરવ્યુમાં કહી હતી, જેના પછી લોકોએ હોબાળો મચાવ્યો હતો. આના પર કેમેરા પર આવતા રાજકુમાર રાવે કહ્યું કે તે નામ નહીં લે, પરંતુ તે એકલો નથી કે તેને ફરીથી તેની દાઢીમાં સ્કિન ફિલર કરાવ્યું. અહીં લગભગ દરેક જણ પોતાના ચહેરાને વધુ સારો દેખાવ આપવા માટે બધું જ કરે છે, પરંતુ સામાન્ય રીતે લોકોને આ વાતનો ખ્યાલ નથી હોતો, કારણ કે લોકો માની લે છે કે હીરો અને હિરોઈન સતત વધુ સારા દેખાવા માટે કરવામાં આવે છે. રાજકુમાર રાવના મતે અભિનય એક એવું માધ્યમ છે જે સતત વધુ સારા દેખાવની માગ કરે છે અને આ માગ અનુસાર, માત્ર બોલિવૂડ જ નહીં પરંતુ હોલીવુડના કલાકારો પણ નિયમિતપણે યુવાન દેખાવા માટે મજબૂર બને છે અને આ માટે વિવિધ પ્રયાસો કરવા પડે છે.

પ્લાસ્ટિક સર્જરી અને સ્કિન ફિલર વચ્ચે શું તફાવત છે? સામાન્ય રીતે પ્લાસ્ટિક સર્જરી પછી આવા અચાનક ફેરફાર ચહેરા પર દેખાવાનું શરૂ થાય છે કે કોઈપણ તેને પકડી લે છે. પરંતુ સ્કિન ફિલર્સમાં આટલો મોટો તફાવત નથી. અચાનક ચહેરાની ઢીલી ત્વચા થોડી કડક અને વધુ ગ્લોઈંગ થવા લાગે છે જેને લોકો કુદરતી બદલાવ માને છે. તેથી સામાન્ય રીતે જ્યારે સ્કિન ફિલર કરવામાં આવે ત્યારે કોઈ નોટિસ લેવામાં આવતી નથી. જ્યારે તે સાચું છે કે મેક-અપની જેમ, તે ઇન્ટરનેટ ઉદ્યોગ સાથે સંકળાયેલ લગભગ દરેક વ્યક્તિ દ્વારા કરવામાં આવે છે, જે આ વ્યવસાયમાં છે જ્યાં વ્યક્તિ સુંદર દેખાવા માટે મજબૂર હોય છે.

આ માત્ર ભારતીય સિને સેલિબ્રિટીઓની વાત નથી પરંતુ હોલીવુડમાં પણ આ ટ્રેન્ડ ખૂબ જ સામાન્ય છે. સિન્ડી ક્રોફોર્ડથી લઈને કિમ કાર્દાશિયન સુધી અને મિકી મિનાજથી લઈને નિકોલ કિડમેન સુધી, હોલીવુડની તમામ નાયિકાઓ નિયમિતપણે સ્કિન ફિલર્સ કરાવે છે.

હાલમાં જ હેલબેરીએ એક નિવેદન આપ્યું હતું જે મુજબ હોલીવુડની હિરોઈનો યુવાન રહેવા માટે દર મહિને લાખો ડોલરનો ખર્ચ કરે છે અને તેમના કહેવા પ્રમાણે તેઓ તેમના સ્વાસ્થ્ય સાથે પણ રમત રમી રહી છે. તેથી મનોરંજન ઉદ્યોગમાં કોઈ વ્યક્તિ માટે, ચામડીના ફિલર્સનો ઘટસ્ફોટ એ ચોરીનો કોઈ કિસ્સો ન હતો જે રંગે હાથે પકડાયો હતો. તેમ છતાં ભારતીય ટ્રોલર્સે જે રીતે રાજકુમાર રાવની આગામી નવી ફિલ્મ શ્રીકાંતના લુક પર નિશાન સાધ્યું છે તે યોગ્ય નથી.

જો કે એક તરફ ટ્રોલર્સે રાજકુમાર રાવને ઘણી બધી વાતો કહી, તો બીજી તરફ તેમના સમર્થકોએ પણ આગળ આવીને કહ્યું કે રાવ માત્ર પોતાની જાતને પાત્રમાં ઢાળી દે છે એટલું જ નહીં, તે તેના માટે કંઈ પણ કરવા તૈયાર છે. સુંદર દેખાવા માટે તે કોઈ છૂપો પ્રયાસ નથી કરી રહ્યો અને જો તે કરી રહ્યો હોય તો પણ શું આ ગુનો છે? છેવટે સુંદર દેખાવા (જુઓ પાનું ૬) ▶▶




# હેડ, રેડ્ડી, ક્લાસેન અસલ હૈદરાબાદી સ્ટાઈલમાં રમ્યા, પણ માંડ ૨૦૧ રન બન્યા

હૈદરાબાદઃ સનરાઇઝર્સ હૈદરાબાદે ગુરુવારે અહીં પૉઇન્ટ્સ-ટેબલની નંબર-વન ટીમ રાજસ્થાન રૉયલ્સ સામે ટૉસ જીતીને બૅટિંગ લીધા બાદ શરૂઆતના ધબડકા પછી સન્માનજનક સ્થિતિ મેળવી હતી. આ સીઝનમાં ઘણા વિક્રમો કરનાર પૅટ કમિન્સની ટીમે ૨૦ ઓવરમાં ત્રણ વિકેટે ૨૦૧ રન બનાવ્યા હતા.

જૂનમાં ટી-૨૦ વર્લ્ડ કપ અમેરિકા અને વેસ્ટ ઇન્ડિઝની મોટા ભાગે સ્લો પિચ પર રમાવાનો હોવાથી આઇપીએલના આ બીજા લીગ રાઉન્ડમાં મોટા ભાગની પિચ બોલર્સને વધુ માફક આવે એવી બનાવવામાં આવી રહી હોવાથી તોતિંગ ટીમ-સ્કોર પર હવે લગામ આવી ગઈ છે.

હૈદરાબાદના ૨૦૧ રનમાં ટ્રૅવિસ હેડ (૫૮ રન, ૪૪ બૉલ, ત્રણ સિક્સર, છ ફોર), નીતિશ કુમાર રેડ્ડી (૭૬ અણનમ, ૪૨ બૉલ, આઠ સિક્સર, ત્રણ ફોર) અને હિન્રિચ ક્લાસેન (૪૨ અણનમ, ૧૯ બૉલ, ત્રણ સિક્સર, ત્રણ ફોર)ના મુખ્ય યોગદાનો હતા. અભિષેક શર્મા ફક્ત ૧૨ રન બનાવીને આવેશ ખાનને વિકેટ આપી બેઠો હતો. આવેશે કુલ બે અને સંદીપ શર્માએ એક વિકેટ લીધી હતી. હૈદરાબાદની ટીમે આ સીઝનમાં પાંચમી વાર ૨૦૦-પ્લસ રન બનાવ્યા છે. ■

# હાર્દિક જો ફિટ હોય તો તેનો વિકલ્પ હોય જ નહીં: આગરકર

## ચીફ સિલેક્ટરે કેએલ રાહુલ તેમ જ રિન્કુ, ગિલની બાદબાકી વિશે પણ સ્પષ્ટતા કરી



ગઈ કાલે પત્રકાર પરિષદમાં રોહિત અને આગરકર (પીટીઆઈ)

મુંબઈ: ચીફ સિલેક્ટર અજિત આગરકરે ગુરુવારે વાનખેડે સ્ટેડિયમમાં પત્રકારો સાથેની વાતચીતમાં ટી-૨૦ વર્લ્ડ કપ માટેના ખેલાડીઓના સિલેક્શન અને નૉન-સિલેક્શન વિશે ખુલાસા કરી દીધા હતા.

ભૂતપૂર્વ ભારતીય ફાસ્ટ બોલર આગરકરે ખાસ કરીને ઑલરાઉન્ડર અને વર્લ્ડ કપ માટે વાઇસ-કૅપ્ટનપદે નિયુક્ત હાર્દિક પંડ્યાના સિલેક્શનનો બચાવ કર્યો હતો. આગરકરે કહ્યું, 'હાર્દિક જો રમવા માટે પૂર્ણપણે ફિટ હોય તો તેને છોડીને બીજો કોઈ વિકલ્પ છે જ નહીં. બીજું, તેના સમાવેશથી ટીમ ઘણી સંતુલિત થઈ ગઈ છે.'

હાર્દિક ભારત વતી છેલ્લે ઑક્ટોબર, ૨૦૨૩માં વન-ડેના વર્લ્ડ કપમાં બાંગલાદેશ સામેની મૅચમાં રમ્યો હતો. તેને પગની ઘૂંટીમાં ઈજા થઈ હતી અને આઇપીએલની શરૂઆત પહેલાં તે ફરી મેદાન પર આવી ગયો હતો.

આગરકરે હાર્દિકના સંબંધમાં વધુ પૂછાતાં કહ્યું, 'અમે હાર્દિકની વાઇસ-કૅપ્ટન્સીના મુદ્દે ખાસ કંઈ ચર્ચા કરી જ નહોતી. તે મુંબઈ ઇન્ડિયન્સ વતી બધી મૅચ રમ્યો છે અને વર્લ્ડ કપને હજી મહિનાનો સમય છે. તે ફિટ હોય તો તેના જેવો બીજો કોઈ વિકલ્પ હોય જ નહીં. અમને ખાતરી છે કે તે બોલિંગની બાબતમાં પણ સુધારો કરશે. ખાસ કરીને તે કૅપ્ટન રોહિતને ટીમ બૅલેન્સ્ડ બનાવવામાં ખૂબ મદદરૂપ બની રહેશે.'

કેએલ રાહુલને વર્લ્ડ કપ ટીમમાં સ્થાન ન મળ્યું એ વિશે તેમ જ રિન્કુ સિંહ તથા શુભમન ગિલને ૧૫ ખેલાડીઓની મુખ્ય ટીમને બદલે રિઝર્વ ખેલાડીઓની ટીમમાં સામેલ કરાયો એ સંબંધમાં પૂછવામાં આવેલા સવાલના જવાબમાં આગરકરે કહ્યું, 'રાહુલ ખૂબ જ સારો ખેલાડી છે. જોકે અમે મિડલ-ઑર્ડરના સ્પેશિયલ બૅટરની તલાશમાં હતા, જ્યારે રાહુલ ટૉપ-ઑર્ડરનો બૅટર છે. ટૅલન્ટેડ બૅટર રિન્કુ સિંહને ૧૫ ખેલાડીઓની ટીમની બહાર રાખવાનો નિર્ણય લેવાનું અમારા માટે ખૂબ મુશ્કેલ થઈ ગયું હતું. શુભમન ગિલની બાબતમાં પણ એવું જ બન્યું હતું. વધુ બે સ્પિનર સમાવીને અમે રોહિતને વધુ વિકલ્પો આપ્યા છે. અમારે વધારાનો બોલર લેવો હતો એટલે રિન્કુ અને ગિલને ૧૫ની ટીમમાં ન સમાવ્યા. છેવટે અમારે માત્ર ૧૫ને જ સિલેક્ટ કરવાના હતા.' ■

# અમે વર્લ્ડ કપ માટે ૮૦ ટકા ટીમ આઈપીએલ પહેલાં જ નક્કી કરી લીધી હતી: રોહિત શર્મા

## હિટમૅને કહ્યું, 'અમને ચાર સ્પિનર જોઈતા હતા જે અમને મળ્યા'



ભારતની વર્લ્ડ કપ ટીમના ચાર સ્પિનર (ડાબેથી) રવીન્દ્ર જાડેજા, અક્ષર પટેલ, કુલદીપ યાદવ અને યુઝવેન્દ્ર ચહલ.

મુંબઈ: ટી-૨૦ના આગામી વર્લ્ડ કપ માટે કેવા પ્રકારના ખેલાડીઓ પસંદ કરવા એ બાબતમાં સિલેક્ટર્સ તેમ જ કૅપ્ટન રોહિત શર્મા સહિત ટીમ-મૅનેજમેન્ટ (કોચ દ્રવિડ અને બીજા સિનિયર પ્લેયર્સ)એ ઘણા સમયથી ઘણુંખરું નક્કી કરી લીધું હતું અને એના અનુસંધાનમાં રોહિતે ગુરુવારે વાનખેડેમાં પત્રકારો સાથેની વાતચીતમાં કહ્યું, 'અમને ચાર સ્પિનર જોઈતા હતા અને એ અમને મળ્યા છે. ૧૫ ખેલાડીઓની ટીમ નક્કી કરવામાં વર્તમાન આઇપીએલમાંના પર્ફોર્મન્સની ભૂમિકા નહીંવત છે. અમે ૮૦ ટકા ટીમ આઇપીએલની શરૂઆત પહેલાં જ નક્કી કરી લીધી હતી. બાકીના થોડા નામ અમે આઇપીએલમાંના પર્ફોર્મન્સ પરથી ફાઇનલ કર્યા.'

વિશ્વકપની મૅચો અમેરિકા તથા વેસ્ટ ઇન્ડિઝના મેદાનો પર રમાશે. પ્રથમ મૅચ બીજી જૂને અમેરિકા-કૅનેડા વચ્ચે રમાશે. ભારતની પહેલી મૅચ પાંચમી જૂને આયરલૅન્ડ સામે રમાશે. ભારત-પાકિસ્તાનનો મુકાબલો નવમી જૂને (ભારતીય સમય મુજબ રાત્રે ૮.૦૦ વાગ્યાથી) થશે. આ બન્ને મૅચ ન્યૂ યૉર્કમાં રમાવાની છે.

ભારતે વર્લ્ડ કપ માટે જે ચાર સ્પિનર સિલેક્ટ કર્યા છે એમાં રવીન્દ્ર જાડેજા, અક્ષર પટેલ, કુલદીપ યાદવ અને યુઝવેન્દ્ર ચહલનો સમાવેશ છે. આ ચારમાં જાડેજા અને અક્ષર લેફ્ટ-આર્મ સ્પિનર અને ઑલરાઉન્ડર છે.

રોહિતે જર્નલિસ્ટોને કહ્યું, 'ચાર સ્પિનર પસંદ કરવા પાછળના કારણમાં હું હમણાં પડવા નથી માગતો, પણ એટલું જરૂર કહીશ કે વર્લ્ડ કપ રમાવાનો છે ત્યાં અમે ઘણું રમ્યા છીએ. ત્યાં સ્થાનિક સમય મુજબ મૅચ સવારે ૧૦.૦૦ વાગ્યે શરૂ થશે અને એ બાબતમાં થોડું ટેક્નિકલ કારણ છે. ચારમાંથી બે સ્પિનર ઑલરાઉન્ડર અને બીજા બે આક્રમક વિકલ્પ તરીકે અજમાવી શકાશે. આનાથી ટીમમાં ઘણી સમતુલા આવી જશે. કઈ ટીમ સામે ચારમાંથી કયા સ્પિનરને રમાડવા એના સારા વિકલ્પો અમારી પાસે રહેશે.'

પેસ ઑલરાઉન્ડર શિવમ દુબેના સિલેક્શન વિશે રોહિતે કહ્યું, 'અમે તેને આઇપીએલમાંના પર્ફોર્મન્સને આધારે પસંદ કર્યો છે અને તે ભારત વતી થોડી મૅચો પણ રમી ચૂક્યો છે.

રોહિતે કહ્યું, 'અમે આઇપીએલની પહેલાં જ ૭૦થી ૮૦ ટકા ખેલાડીઓ નક્કી કરી લીધા એનું કારણ એ હતું કે આઇપીએલના પર્ફોર્મન્સ રોજ બદલાતા રહેતા હોય છે. કોઈ પણ ખેલાડી મેદાન પર આવીને સેન્ચુરી ફટકારી જાય અથવા પાંચ વિકેટ લઈ જાય.' ■

# ગાયકવાડને કેમ ન લીધો? ફ્લૉપ ગિલને કેમ સિલેક્ટ કર્યો?: શ્રીકાંત

ચેન્નઈ: જૂનના ટી-૨૦ વર્લ્ડ કપ માટેની ટીમમાં ઇન્ફૉર્મ-બૅટર ઋતુરાજ ગાયકવાડને ન લેવા બદલ અને શુભમન ગિલ ફૉર્મમાં ન હોવા છતાં રિઝર્વ ખેલાડીઓના લિસ્ટમાં સમાવવા બદલ ભૂતપૂર્વ ભારતીય ઓપનર ક્રિષ્ણામાચારી શ્રીકાંતે સિલેક્ટર્સની અને ક્રિકેટ બોર્ડની ટીકા કરી છે.

બુધવારે પંજાબ સામેની મૅચમાં ગાયકવાડે વધુ એક હાફ સેન્ચુરી (૬૨ રન) ફટકારી અને એ સાથે તે આઇપીએલની વર્તમાન સીઝનના ટોચના બૅટર્સમાં વિરાટ કોહલીના સ્થાને મોખરે થઈ ગયો હતો અને ઑરેન્જ કૅપ તેના માથે આવી ગઈ હતી. બુધવારની મૅચને અંતે કોહલીના ૫૦૦ રન સામે ગાયકવાડે ૫૦૯ રન સાથે નંબર-વનનું સ્થાન પોતાના નામે કરી લીધું હતું. ગાયકવાડનો ૧૦ મૅચમાં પર્ફોર્મન્સ આ મુજબ રહ્યો છે: ૧૫, ૪૬, ૧, ૨૬, ૬૭*, ૬૯, ૧૭, ૧૦૮*, ૯૮ અને ૬૨.

ગાયકવાડનો સ્ટ્રાઇક-રેટ (દર ૧૦૦ બૉલ દીઠ બનાવેલા રન) ૧૪૬.૬૮ છે. આઇપીએલમાં રમી રહેલા ભારતીય ઓપનર્સમાં તેના ૫૦૯ રન શુભમન ગિલ (૩૨૦) અને રોહિત શર્મા (૩૧૫) અને યશસ્વી જયસ્વાલ (૨૪૯) કરતાં ઘણા વધુ છે.

એમ છતાં ચેન્નઈની ટીમના સુકાની ગાયકવાડને વર્લ્ડ કપની ટીમમાં તેમ જ ચાર પ્લેયરના રિઝર્વ્ડ લિસ્ટમાં સ્થાન નથી મળ્યું. શુભમન ગિલે ૩૨૦ રન બનાવ્યા છે અને ગાયકવાડ કરતાં ઘણા ઓછા હોવા છતાં તેને રિઝર્વ્ડ લિસ્ટમાં સામેલ કરાયો છે.

કે. શ્રીકાંતે પોતાની યૂટ્યૂબ ચૅનલ પર કહ્યું છે, 'શુભમન ગિલ જરાય ફૉર્મમાં નથી એમ છતાં તેને વર્લ્ડ કપના રિઝર્વ્ડ પ્લેયર્સના લિસ્ટમાં સ્થાન અપાયું છે. ગાયકવાડ વર્લ્ડ કપની ટીમમાં હોવો જ જોઈતો હતો. તેણે છેલ્લા ૧૭ ઇન્ટરનૅશનલ ઇનિંગ્સમાં ૫૦૦થી વધુ રન બનાવ્યા જેમાં ઑસ્ટ્રેલિયા સામેની એક સેન્ચુરી પણ સામેલ છે. શુભમન ગિલ તો સિલેક્ટર્સનો મનગમતો ખેલાડી છે. તે નિષ્ફળ જાય તો પણ તેને સિલેક્ટ કરવામાં આવે છે પછી ભલે ટેસ્ટ હોય કે વન-ડે કે ટી-૨૦. સિલેક્શનની બાબતમાં તરફેણવાદ ચાલી રહ્યો છે. ટીમ સિલેક્શન એટલે જ તરફેણવાદ.'


૨૦૨૩ના વન-ડે વર્લ્ડ કપમાં કેએલ રાહુલ સિલેક્ટર્સ માટે વિકેટકીપર તરીકે સૌથી પહેલી પસંદગી જેવો હતો, પરંતુ આગામી વિશ્વકપ માટેની ટીમમાં તે પણ નથી. આઇપીએલની વર્તમાન સીઝનમાં તેના નામે કુલ ૪૦૬ રન છે. તેણે ૧૧ કૅચ પકડવા ઉપરાંત બે સફળ સ્ટમ્પ-આઉટ પણ કર્યા છે. ■

### આઈપીએલ-૨૦૨૪માં કઈ ટીમ કેવી સ્થિતિમાં?

| ક્રમ | ટીમ | મૅચ | જીત | હાર | પૉઇન્ટ | રનરેટ |
|---|---|---|---|---|---|---|
| ૧ | રાજસ્થાન | ૯ | ૮ | ૧ | ૧૬ | ૦.૬૯૪ |
| ૨ | કોલકાતા | ૯ | ૬ | ૩ | ૧૨ | ૧.૦૯૬ |
| ૩ | લખનઊ | ૧૦ | ૬ | ૪ | ૧૨ | ૦.૦૯૪ |
| ૪ | ચેન્નઈ | ૧૦ | ૫ | ૫ | ૧૦ | ૦.૬૨૭ |
| ૫ | હૈદરાબાદ | ૯ | ૫ | ૪ | ૧૦ | ૦.૦૭૫ |
| ૬ | દિલ્હી | ૧૧ | ૫ | ૬ | ૧૦ | -૦.૪૪૨ |
| ૭ | પંજાબ | ૧૦ | ૪ | ૬ | ૮ | -૦.૦૬૨ |
| ૮ | ગુજરાત | ૧૦ | ૪ | ૬ | ૮ | -૧.૧૧૩ |
| ૯ | મુંબઈ | ૧૦ | ૩ | ૭ | ૬ | -૦.૨૭૨ |
| ૧૦ | બેન્ગલૂરુ | ૧૦ | ૩ | ૭ | ૬ | -૦.૪૧૫ |

નોંધઃ (૧) તમામ આંકડા ગુરુવારની હૈદરાબાદ-રાજસ્થાન મૅચ પહેલાંના છે. (૨) દરેક ટીમે કુલ ૧૪ લીગ મૅચ રમવાની છે.

# ઑસ્ટ્રેલિયાની વર્લ્ડ કપ ટીમમાં સ્ટીવ સ્મિથ, ફ્રેઝર-મૅકગર્ક કેમ નથી?



મેલબર્નઃ ઑસ્ટ્રેલિયાએ ૨૦૨૪ના ટી-૨૦ વર્લ્ડ કપ માટે જે ટીમ જાહેર કરી છે એમાં કેટલાક આશ્ચર્યો છે. ખાસ કરીને પીઢ ખેલાડી સ્ટીવ સ્મિથ અને આઇપીએલમાં દિલ્હી કૅપ્ટિલ્સની ટીમ વતી ચમકી રહેલા ઓપનિંગ બૅટર જેક ફ્રેઝર-મૅકગર્કની બાદબાકી પર ખૂબ ચર્ચાઓ થઈ રહી છે.

ટી-૨૦ વિશ્વકપ બીજી જૂનથી અમેરિકા અને વેસ્ટ ઇન્ડિઝમાં રમાશે.

૩૪ વર્ષનો સ્ટીવ સ્મિથ એક દાયકા પછી પહેલી વાર ઑસ્ટ્રેલિયા વતી વર્લ્ડ કપમાં રમતો નહીં જોવા મળે. તે ૨૦૧૦, ૨૦૧૬, ૨૦૨૧ અને ૨૦૨૨ના વર્લ્ડ કપમાં રમ્યો હતો.

જ્યોર્જ બેઇલીના અધ્યક્ષસ્થાનમાં ઑસ્ટ્રેલિયાના સિલેક્ટર્સે ટી-૨૦ વિશ્વકપ માટે ટીમ એવી બનાવી છે જેમાં ટૉપ-ઑર્ડરમાં ટ્રૅવિસ હેડ, મિચલ માર્શ (કૅપ્ટન) અને ડેવિડ વૉર્નર તેમ જ મિડલ-ઑર્ડરમાં ટિમ ડેવિડની હાજરી હોવાથી ટીમને બીજા કોઈ સ્પેશિયાલિસ્ટ બૅટરની જરૂર નહોતી એટલે સ્મિથને પસંદ નથી કરવામાં આવ્યો. સ્મિથ પર ખૂબ ચર્ચા થઈ હતી. બીજું, સ્મિથની છેલ્લી ૨૦ ટી-૨૦ ઇન્ટરનૅશનલમાં ફક્ત એક હાફ સેન્ચુરી છે. ત્રીજું, ટીમને ચોથા ફાસ્ટ બોલરની જરૂર હતી એટલે સ્મિથને પસંદ કરવાને બદલે નૅથન એલિસને સિલેક્ટ કર્યો છે તેમ જ સ્પેશિયલ સ્પિનરને લેવાનો હોવાથી ઍશ્ટન ઍગરને ટીમમાં સમાવ્યો છે.

બાવીસ વર્ષનો ફ્રેઝર-મૅકગર્ક દિલ્હીની ટીમ વતી આઇપીએલમાં ધમાલ મચાવી રહ્યો છે. છ મૅચમાં તેની ત્રણ હાફ સેન્ચુરી છે: ૫૫, ૨૦, ૬૫, ૨૩, ૮૫ અને ૧૨.

દિલ્હીની ટીમ તળિયેથી છઠ્ઠા નંબર પર આવી એમાં ફ્રેઝર-મૅકગર્કનું મોટું યોગદાન છે. ■

### ઑસ્ટ્રેલિયાના કયા ખેલાડીઓ ૨૦૨૨ના વર્લ્ડ કપમાં રમ્યા હતા અને ૨૦૨૪માં પણ રમશે?

ડેવિડ વૉર્નર (૨૦૨૨, ૨૦૨૪), મિચલ માર્શ (૨૦૨૨, ૨૦૨૪), મૅથ્યૂ વેડ (૨૦૨૨, ૨૦૨૪), ટિમ ડેવિડ (૨૦૨૨, ૨૦૨૪), માર્કસ સ્ટોઇનિસ (૨૦૨૨, ૨૦૨૪), કૅમેરન ગ્રીન (૨૦૨૨, ૨૦૨૪), ગ્લેન મૅક્સવેલ (૨૦૨૨, ૨૦૨૪), ઍશ્ટન ઍગર (૨૦૨૨, ૨૦૨૪), ઍડમ ઝૅમ્પા (૨૦૨૨, ૨૦૨૪), પૅટ કમિન્સ (૨૦૨૨, ૨૦૨૪), જૉશ હૅઝલવૂડ (૨૦૨૨, ૨૦૨૪), મિચલ સ્ટાર્ક (૨૦૨૨, ૨૦૨૪).

### ૨૦૨૨ના વર્લ્ડ કપના કયા પ્લેયરના સ્થાને કોને ૨૦૨૪ના વર્લ્ડ કપ માટે સિલેક્ટ કરાયા?

ઍરોન ફિન્ચના સ્થાને ટ્રૅવિસ હેડ, સ્ટીવ સ્મિથના સ્થાને જૉશ ઇંગ્લિસ, કેન રિચર્ડસનના સ્થાને નૅથન એલિસ. ■


## ક્લાસિફાઈડ

**૪. ધાર્મીક સંબંધી**

■ સસ્તામાં કથા, રાંદલ, લગ્ન, મરણ વિધિ કરવા સંપર્ક કરો-9820718979. (બી-૧૪૨૨૯)

■ સસ્તામાં કથા, રાંદલ, લગ્ન, મરણ વિધિ કરવા સંપર્ક કરો-9820718979. (બી-૧૪૨૩૦)

**૯. લગ્ન સંબંધી**

■ ખુશહિત મેરેજબ્યુરો યોગ્ય જીવનસાથી માટે સંપર્ક ઉર્મિલાબેન 8879576963. (દહેજ નહીં). (૧૪૫૩૫-બી)

**૧૭. જગ્યા આપવી છે**

**બાંદ્રા પશ્ચિમ**
ડિસ્ટ્રેસ સેલ માઉન્ટ મેરી હિલ (ખોજા જમાતખાના પાસે) 2 BHK એરીયા 1020, પશ્ચિમી, ગેરેજ, લિફ્ટ, તાત્કાલિક કબજો. ૭૦૨૧૨૬૭૫૪૭ / ૯૮૨૦૦૬૦૨૯૪. (બી-૧૪૧૮૮)

**૧૭. જગ્યા આપવી છે**

**વેચવાનો છે**
લોઅર પરેલમાં વિશાળ બેડરૂમ્સ સાથે લકઝરી 3 બીએચકે રીશભ પ્લેટીના ૧૩૮૦ કારપેટ લૉ મેઈન્ટેનન્સ પ્રકલ્પ ઓસી સાથે માળ દીઠ ૧ ફ્લેટ
વિવેક + ૯૧ ૯૮૩૩૭ ૮૩૨૦૬
(બી-૧૪૧૩૪)

**૧૯. ફેક્ટરી વર્કશોપ**

**વસઈ - કામણ**
સાતીવલી - વાલીવ - હાઈવે - સિરસાડ - પોમણ - બાપાને - સસુનવઘર - ઇન્ડસ્ટ્રીયલ - ગાળા - શેડ - યુનિટ - પ્લોટ - લેવા - વેચવા - ભાડેથી - ગોપીભાઈ - 9326472399 જીતેન્દ્રભાઈ - 9320404145. (૧૩૮૦૮-એ)

**૧૨. યાત્રા સહેલગાહ**

|| શ્રી પદ્માવતી માતાય નમઃ || || શ્રી પાર્શ્વનાથાય નમઃ || || શ્રી અંબિકા માતાય નમઃ ||
**જૈનો માટે સુનેહરો અવસર**
પ્રાચીન તીર્થનું નવું નજરાણું ફક્ત 9999/- રૂપિયામાં
મુંબઈ થી મુંબઈ યાત્રા
ઉપડવાની તારીખ ૨૬/૯/૨૦૨૪ થી ૩૦/૯/૨૦૨૪
ભોપાવર તીર્થ | મોહનખેડા તીર્થ | ભક્તામર તીર્થ | અમીઝરા તીર્થ | હિંકારગીરી તીર્થ | માંડવગઢ તીર્થ
એસી ટ્રેન, એસી લકઝરી બસ, રહેવા જમવાની ઉત્તમ સગવડ, મિનરલ વોટર, સામાન ઉપાડવા માટે માણસોની સગવડ વગેરે
સુચના : લિમિટેડ સીટ લેવાની હોવાથી વહેલા તે પહેલાના ધોરણે બુકિંગ કરવા વિનંતી (બુકિંગ ચાલુ છે).
ફક્ત ૫૦૦૦/- રૂપિયા આપીને બુકિંગ કરાવો.
બાકીની રકમ જાત્રા ઉપડવાના ૩૦ દિવસ પહેલા ભરવાની રહેશે.
અધિક જાણકારી / બુકિંગ માટે રાજેશભાઈ - 09870 629564
જય જીનેન્દ્ર.
(૧૪૫૩૭-એ)

**જૈનો માટે સુનેહરો અવસર**
બેંગ્લોર પંચતીર્થ સાથે ક્રિષ્ણગીરી તથા મૈસુર
સંપૂર્ણ લકઝરીયસ જાત્રા (સેવા-પૂજા સાથે)
ફક્ત 20,700/- રૂપિયામાં 08 દિવસ
મુંબઈ થી મુંબઈ સંપૂર્ણ પેકેજ
ઉપડશે તા. ૧૪/૦૯/૨૦૨૪ થી ૨૧/૦૯/૨૦૨૪
ફક્ત ૯,૦૦૦/- ભરીને બુકીંગ કરાવો. (લીમીટેડ સીટ) વહેલા તે પહેલાના ધોરણે.
- ગીનીઝ બુકમાં નામ ધરાવનાર સુંદર અતિભવ્ય કાચનું જીનાલય
- તેમાં અતિચમત્કારી શ્રી સહસ્ત્રફણા શક્તિ પાર્શ્વનાથ ભગવાન તથા
- અતિચમત્કારી રાજરાજેશ્વરી પદમાવતી માતાના ૧૮ અલગ અલગ રૂપ
- મહાલક્ષ્મી માતાનું સુવર્ણ મંદિર (વેલુર)
- શ્રીનાકોડા અવંતી ૧૦૮ પાર્શ્વનાથ તીર્થધામ (દેવન્હલ્લી)
- શ્રી સિધ્ધાચલ સ્થુલભદ્રાય તીર્થધામ (દેવન્હલ્લી)
- શ્રી પાર્શ્વ લબ્ધીધામ (તુમકુર), શ્રી સુશીલધામ (બેંગ્લોર)
- શ્રી શંખેશ્વર પાર્શ્વ ધરણેન્દ્ર પદમાવતી તીર્થ (વડરહલ્લી)

એ.સી. ટ્રેન / એ.સી. બસ, રહેવા - જમવાની ઉત્તમ સગવડ, બિસ્લેરી પાણી, સામાન ઉપાડવાની સગવડ, વિગેરે... વિગેરે....
નોંધ : ટ્રેનનું બુકીંગ ૧૨૦ દિવસ પહેલા થતું હોવાથી સમયસર બુકીંગ કરવા વિનંતી. જૈન સંઘ, પાઠશાળા, મહિલા મંડળ, સામાયિક મંડળ તથા કોઈપણ જૈન ગ્રુપ, જેમને ભારતભરમાં કોઈપણ તીર્થસ્થાનની યાત્રા કરવાની ભાવના હોય તો બજેટ મુજબ તમામ સગવડો કરી આપીશું.
અધિક જાણકારી/ બુકિંગ માટે રાજેશભાઈ 09870 629564
(૧૪૫૩૭-એ)

|| શ્રી ધરણેન્દ્ર પદમાવતી માતાય નમઃ || || શ્રી ૧૦૮ પાર્શ્વનાથાય નમઃ || || શ્રી અંબીકા માતાય નમઃ ||
**જૈનો માટે સુનેહરો અવસર**
ચાલો મહાયાત્રા કરવા શ્રી ૧૦૮ પાર્શ્વનાથ જાત્રાવાળા રાજેશભાઇના સથવારે
શ્રી સમેતશિખરજી, વારાણસી પંચતિર્થી મહાયાત્રા સાથે ૬૬* કલ્યાણક
ફક્ત 29,000/- રૂપિયામાં મુંબઈ થી મુંબઈ યાત્રા
ઉપડવાની તારીખ ૧૭/૧૧/૨૦૨૪ થી ૦૧/૧૨/૨૦૨૪
શ્રી સમેતશિખરજી, રાજગ્રહી, પાવાપુરી, લછવાડ, ગુણીયાજી, ભદ્દીલપુર, સીતામઈ (મીથીલા), કાકંદી, ઋજવાલીકા, ચંપાપુરી, વારાણસીમાં ચંદ્રપુરી, સિહપુરી, ભદૈની, ભેલૂપુર કરાવવામાં આવશે મહાતીર્થ યાત્રા.
મુંબઈથી મહારાજ સાથે, એસી ટ્રેન, એસી લક્ઝરી બસ, રહેવા-જમવાની ઉત્તમ સગવડ, બિસલેરી પાણી, સામાન ઉપાડવા માણસોની સગવડ વગેરે.
સુચના : લિમિટેડ સીટ લેવાની હોવાથી વહેલા તે પહેલાના ધોરણે બુકિંગ કરવા વિનંતી (બુકિંગ ચાલુ છે).
ફક્ત ૯૦૦૦/- રૂપિયા આપીને બુકિંગ કરાવો.
બાકીની રકમ જાત્રા ઉપડવાના ૩૦ દિવસ પહેલા ભરવાની રહેશે.
ગવર્મેન્ટના કોઈપણ નીયમના કારણે ટૂર કેન્સલ થાય તો જ પૈસા પાછા (Refund) આપવામાં આવશે.
અધિક જાણકારી / બુકિંગ માટે રાજેશભાઈ - 09870 629564 જય જીનેન્દ્ર.
(૧૪૫૩૭-એ)

**૨૦. ધંધાદારી જગ્યા**

**દુકાનો - શોરૂમ**
નાની મોટી દુકાનો / શોરૂમ - ભાડેથી - વેચાણ લેવા / વેચવા પદમાવતી એસ્ટેટ વેલજીભાઈ દાદર વેસ્ટ 9820553072 / 9322296555. (બી-૧૩૫૮૮)

**૩૩. ધંધાદારી**

**''પ્રતાપ પેકર્સ-મુવર્સ''**
50 વર્ષથી ઓફિસ/ઘરસામાન, ફેરવવા- ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૮૧૬, ૨૩૪૮૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (એસએ/૨૬૦૫-એ)

GOLDEN OPPORTUNITIES. Require Developers, Corporates. Big Plot. Malad (West), Mumbai. Ideal + Profitable for Many Projects. Rich Surroundings. 9320166788. (B-14108)

**૩૪. ફર્નીચર ફીક્ષ્ચર**

**અમેરિકન હુક**
છત (સિલિંગ) તોડ્યા વગર હિંચકાના કડા, પંખા, જુમ્મરના હુક ફીટ કરી આપીશું. હેમંત વાસા - ૯૮૬૯૭૬૮૭૬૭, ૯૮૨૧૩૮૨૨૮૭. (૧૪૫૧૩-એ)

**૩૫. જ્યોતિષ ભવિષ્ય**

■ ગીરીરાજ મહાકાલ ઉપાસક (ઉજ્જૈન વાળા) પ્રેમ લગ્ન, શત્રુનાશ, કોર્ટ કચેરી, સંતાન, તૂટેલા સંબંધ, ફસાયેલા નાણાં, છૂટાછેડા, પતિદુખ, જૂની બીમારી 7046041211. (બી-૧૪૨૧૪)

**પિતૃકૃપા જ્યોતિષ**
(મહાસમ્રાટ) મનપસંદ પ્યાર, સૌતન મુક્તી, લગ્નમાં રૂકાવટ, છુટાછેડા, ગૃહકલેશ, પતિ-પત્ની અનબનાવ. ઘેરબેઠા A to Z સમસ્યાઓનું સમાધાન. 9867567969 ઠાકુરદ્વાર, (ચર્નીરોડ) 400004. (બી-૧૪૧૪૧)

**૪૪. પેસ્ટ કન્ટ્રોલ**

**એસ પેસ્ટીસાઈડ**
(૧૯૯૩થી) ઉધઈ, વાંદા, માંકડ. કાંદિવલી: 9833523290, 9220789533, ચીરાબજાર: 9029181030. (૧૪૨૭૮-સી)

**૪૬. વોટર પ્રુફિંગ**

**લીકેજબંધ**
સ્પેશિયાલીસ્ટ વોટરપ્રૂફિંગ, ટેરેસ, આઉટસાઈડ ક્રેક, છજ્જા, ટાંકી, બિલ્ડીંગ રીપેરીંગ, પેન્ટીંગ. 9594599769, 7977683538. (૧૪૪૦૭-સી)

**DWARKADHISH WATERPROOFING**
સ્પેશિયાલીસ્ટ વોટરપ્રૂફિંગ, ટેરેસ, ક્રેક ફિલિંગ, પેન્ટિંગ, ઓલ એરિયા લીકેજ વોટરપ્રુફિંગ. 8169858614/ 9082823163. (૧૩૪૯૫-ડી)

**૫૨. કુરીઅર્સ**

**એડબ્લ્યુસીસી પ્રા. લિ.**
આંતરરાષ્ટ્રીય પાર્સલ સર્વિસ યુએઈ, યુકે, યુએસએ, ઓસ્ટ્રેલિયા માટે ભરોસા પાત્ર, વ્યાજબી સર્વિસ 9892323723 / 02242764276. (બી-૧૪૨૧૬)

***વિદેશમાં પાર્સલ***
ઘેરબેઠા ઝડપી, બેસ્ટ રેટ સર્વિસ સસ્તામાં મેળવો, સંપર્ક- 7039519317-દિવ્યમ દવે. (બી-૧૪૧૭૩)

**ફોરેન પાર્સલ**
લંડન, અમેરીકા, કેનેડા, દુબઈ, ઓસ્ટ્રેલિયા વ્યાજબી વિશ્વસનીય રમેશભાઈ - 9702251438/ 9224320626. (એસડીબી-૧૬૪૬)

**મુંબઈ સમાચાર**
વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com

# અરવલ્લીમાં ગેરકાયદે ખનન બંધ કરોઃ સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હીઃ ટકાઉ વિકાસ અને પર્યાવરણની જાળવણી જેવી બે બાબતો વચ્ચે સંતુલન જાળવવું જોઈએ એમ જણાવી સુપ્રીમ કોર્ટે અરવલ્લીમાં ગેરકાયદે ખનન કરવાનું બંધ કરવાનું કેન્દ્ર અને રાજ્ય સરકારને કહ્યું હતું.

ન્યાયાધીશ બી. આર. ગવાઈ અને અભય એસ. ઓકાની બનેલી ખંડપીઠે કહ્યું હતું કે ભૂલ કરનાર અધિકારીઓ વિરુદ્ધ કડક કાર્યવાહી કરવામાં આવે તેની ખાતરી સરકાર કરે.

અરવલ્લીમાં ગેરકાયદે ખાણકામ બંધ થવું જોઈએ. આ મામલે યોગ્ય પગલાં લેવાય તેની ખાતરી સંબંધિત સત્તાધિકારીઓએ કરવી જોઈએ. અન્યથા પર્વતોના નામે માત્ર હાડપિંજર જેવું માલખું જોવા મળે તો તેનો શો લાભ? એવો પ્રશ્ન કરી ખંડપીઠે કહ્યું હતું કે ટકાઉ વિકાસ અને પર્યાવરણની જાળવણી જેવી બે બાબતો વચ્ચે સંતુલન જાળવવું જોઈએ.

અરવલ્લીમાં ગેરકાયદે ખાણકામ હોવાને લગતી અરજીની ખંડપીઠે સુનાવણી કરી રહી હતી. વર્ષ ૨૦૦૯માં સુપ્રીમ કોર્ટે અરવલ લી વિસ્તારમાં થતા નાના-મોટા ખાણકામ પર સંપૂર્ણ પ્રતિબંધ લાદ્યો હતો.

રાજસ્થાન સરકારે અગાઉ સુપ્રીમ કોર્ટને જણાવ્યું હતું કે ખાણકામનો સવાલ છે ત્યાં સુધી અરવલ્લી પર્વતમાળા અને અરવલ્લી રૅન્જ મુદ્દે વર્ગીકરણ અંગે સુપ્રીમ કોર્ટ નિર્ણય લે તે જરૂરી છે.

પ્રથમદર્શી રીતે અમારું માનવું છે કે રાજ્યને પણ એમ લાગી રહ્યું છે કે અરવલ્લી રૅન્જમાં ખાણકામ પણ પર્યાવરણ માટે હાનિકારક છે. અરવલ્લી રૅન્જમાં ખાણકામની પ્રવૃત્તિને રોકતા રાજ્ય સરકારને કોઈ રોકી શકે નહીં, એમ સુપ્રીમ કોર્ટે કહ્યું હતું. (એજન્સી)■

# ભારતે ચીનના ગેરકાયદે બાંધકામ સામે વિરોધ નોંધાવ્યો

નવી દિલ્હીઃ ભારતે શાક્સગામ ખીણમાં ‘‘ગેરકાયદેસર’’ બાંધકામ પ્રવૃત્તિઓ હાથ ધરવા બદલ ચીન સામે સખત વિરોધ નોંધાવ્યો છે.

શક્સગામ ખીણ વ્યૂહાત્મક રીતે મહત્ત્વનો વિસ્તાર છે જે પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીરનો ભાગ છે.

વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે ગુરુવારે જણાવ્યું હતું કે શક્સગામ ખીણ ભારતનો એક ભાગ છે અને નવી દિલ્હીએ ૧૯૬૩ના કહેવાતા ચીન-પાકિસ્તાન સરહદ કરારને ક્યારેય સ્વીકાર્યો નથી, જેના દ્વારા ઇસ્લામાબાદે ‘‘ગેરકાયદેસર’’ વિસ્તારને ચીનને સોંપવાનો પ્રયાસ કર્યો હતો. જયસ્વાલે તેની સાપ્તાહિક મીડિયા બ્રીફિંગમાં જણાવ્યું હતું કે, ‘‘અમે સતત તેનો અસ્વીકાર કર્યો છે. અમે જમીન પરના તથ્યોને બદલવાના ગેરકાયદેસર પ્રયાસો સામે ચીન સામે અમારો વિરોધ નોંધાવ્યો છે.’’

ભારતે ચીનને કહ્યું છે કે અમે અમારા હિતોની સુરક્ષા માટે જરૂરી પગલાં લેવાનો અધિકાર અનામત રાખીએ છીએ. ■

# તેલંગણામાં મતદાનના સમયમાં ફેરફાર કરાયો

હૈદરાબાદઃ રાજ્ય સરકારે તેલંગણામાં હીટવેવની આગાહી જાહેર કર્યાં બાદ ચૂંટણી પંચે મતદાનનાં સમયમાં ફેરફારની જાહેરાત કરી હતી.

તેલંગણામાં હીટવેવને લઈને એડવાઈઝરી જારી, ૧૮ જિલ્લામાં યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

તેલંગણામાં ૨૦ જિલ્લા એવા છે જ્યાં તાપમાન ૪૫ ડિગ્રીને પાર કરી ગયું હોવાથી તેલંગણા સરકારે હીટવેવને લઈને એડવાઈઝરી જાહેર કરી છે અને લોકોને તેનાથી બચવા માટે શું કરવું અને શું ન કરવું જોઈએ તે જણાવવામાં આવ્યું છે.

ચૂંટણી પંચે બિહાર બાદ હવે તેલંગણાની ૧૭ સંસદીય લોકસભા બેઠકો અને વિધાનસભા બેઠકો માટે મતદાનના સમયમાં ફેરફાર કરવાની જાહેરાત કરી છે.

સામાન્ય રીતે મતદાનનો સમય સવારે સાત થી સાંજના પાંચ વાગ્યા સુધીનો હોય છે પરંતુ વધતી ગરમીને જોતા હવે મતદાનનો સમય સવારે સાત થી સાંજે છ સુધીનો રહેશે.

ભારતીય હવામાન વિભાગે કહ્યું છે કે તેલંગણામાં ચોથી મે સુધી હવામાન શુષ્ક રહેવાનું છે, ત્યારબાદ પાંચ થી સાત મે વચ્ચે કેટલાક વિસ્તારોમાં હળવો વરસાદ થવાની સંભાવના છે. જો કે ત્યાં સુધી લોકોએ ગરમી સહન કરવી પડશે.

તેલંગણા સરકાર દ્વારા જારી કરવામાં આવેલી એડવાઈઝરીમાં કહેવામાં આવ્યું છે કે હવામાન વિભાગ-હૈદરાબાદ દ્વારા રાજ્યના ૧૮ જિલ્લામાં હીટવેવને લઈને યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આ જિલ્લાઓમાં તીવ્ર ગરમીનું મોજું આવવાનું છે અને મહત્તમ તાપમાન ૪૪ ડિગ્રી સુધી પહોંચી શકે છે.

લોકોને જ્યારે પણ તેઓ બહાર જાય ત્યારે તેમના માથાને ટોપી, છત્રી અથવા કોઈપણ કપડાથી ઢાંકવા અને બને ત્યાં સુધી લોકોને બપોરે ૧૨ થી ત્રણ વાગ્યાની વચ્ચે તડકામાં બહાર ન જવાનું, વધું પડતું પાણી પીવાનું, કહેવામાં આવ્યું છે.

એક અહેવાલ મુજબ નાલગોંડામાં સૌથી વધુ ૪૬.૬ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું. આ પછી મુલુગુ, ભદ્રાદ્રી કોઠાગુડેમ અને સૂર્યપેટમાં ૪૬.૫ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું.

રાજ્યના ૧૬ જિલ્લાઓમાં તાપમાન ૪૫ ડિગ્રી સેલ્સિયસને વટાવી ગયું છે, જે રેડ એલર્ટ શ્રેણીમાં આવે છે. રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં સામાન્ય કરતાં વધુ તાપમાન નોંધાયું છે.

લોકસભાની ચૂંટણીના સમયગાળામાં ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ, બિહાર, ઝારખંડ, ઓડિશા, આંધ્ર પ્રદેશમાં ભારે ગરમી પડવાની આગાહી કરાઇ છે. લૂ લાગવાથી ચૂંટણી માટેના કર્મચારીઓ, અધિકારીઓ, મતદારો અને અન્ય સંબંધિત લોકોની તબિયતને માઠી અસર થઇ શકે છે. જાહેરસભામાં ભાગ લેવા જતાં લોકોની તબિયત બગડવાની પણ ભીતિ રહે છે. ભારે ગરમી અને વૅકેશનને લીધે મતદાનની ટકાવારી ઘટવાની શક્યતા પણ નકારી ન શકાય.

ભારતીય હવામાન વિભાગ - ઇન્ડિયા મીટિઅરૉલજિકલ ડિપાર્ટમેન્ટ (આઇએમડી)ના વડા મૃત્યુંજય મોહપાત્રએ જણાવ્યું હતું કે મતદારો, ખાસ કરીને વરિષ્ઠ નાગરિકો જો ગરમીમાં લાંબો સમય ઊભા રહે, તો તેઓની તબિયત બગડી શકે છે. મતદાન મથકે પીવાના પાણીની સગવડ રાખવી જોઇએ. કોઇને લૂ લાગે તો તેઓની પ્રાથમિક સારવાર માટે ઔષધ અને તબીબી સુવિધા હોવી જોઇએ. આ ઉપરાંત, મતદાન કેન્દ્ર ખાતે તડકો ન લાગે, તે માટે શૅડ પણ રાખવો જરૂરી છે.

તેમણે જણાવ્યું હતું કે દેશના ચૂંટણી પંચે ચૂંટણીની તારીખો જાહેર કરતા પહેલાં હવામાન ખાતા પાસે હવામાનની આગાહીની માહિતી મેળવી હતી.

દેશમાં લોકસભા અને વિધાનસભાની ચૂંટણી સાથે યોજતી વખતે હવામાનને લગતી આગાહી પર પણ ખાસ ધ્યાન આપવાની જરૂર છે.

તેમણે એક ઇન્ટરવ્યૂમાં જણાવ્યું હતું કે દેશમાં સામાન્ય ચૂંટણી વખતે ઉનાળાની બહુ જ ગરમી હશે. અમે સંબંધિત સત્તાવાળાઓને હવામાનની જરૂરી માહિતી મોકલીએ છીએ, પરંતુ ચૂંટણીમાંના મતદાન અને જાહેરસભાની તારીખ કે સમયમાંના ફેરફારનું કોઇ સૂચન નથી કરતા. (એજન્સી)■

# કર્ણાટકના પ્રધાનનું ભગવાન કૃષ્ણ અંગે વિવાદાસ્પદ નિવેદન

નવી દિલ્હીઃ કર્ણાટકમાં જેડીએસ સાંસદ પ્રજ્વલ રેવન્નાના સેક્સ સ્કેન્ડલ કેસમાં નવો વિવાદ શરૂ થયો છે. કર્ણાટક કૉંગ્રેસ સરકારના એક પ્રધાને રેવન્નાની સરખામણી ભગવાન કૃષ્ણ સાથે કરી છે. કર્ણાટકના આબકારી પ્રધાન આરબી તિમ્માપુરના આ વાંધાજનક નિવેદન સામે વિરોધ શરૂ થયો છે.

તિમ્માપુરે કહ્યું કે આ પેનડ્રાઇવ કેસ, દેશમાં આનાથી વધુ ખરાબ કંઇ થયું નથી. તે ગિનિસ વર્લ્ડ રેકોર્ડ બનાવી શકે છે. ભગવાન શ્રી કૃષ્ણ મહિલાઓ સાથે ભક્તિભાવથી રહેતા હતા. પરંતુ પ્રજ્વલના મામલામાં આવું ન હતું. મને લાગે છે કે તે આ રેકોર્ડ તોડવા માંગે છે. કર્ણાટકના હાસનથી જનતા દળ સેક્યુલરના સાંસદ પ્રજ્વલ રેવન્ના વિરુદ્ધ મહિલાઓની જાતીય સતામણીનો મામલો સામે આવ્યો છે. તેની સાથે જોડાયેલ પેનડ્રાઇવ મળી આવી છે. તેમાં તેની મહિલાઓ સાથેની ક્લિપિંગ્સ છે. આ મામલો સામે આવ્યા બાદ રેવન્નાએ દેશ છોડી દીધો હતો. કર્ણાટક સરકારે આ મામલાની તપાસ માટે સીટની રચના કરી છે.

સેક્સ સ્કેન્ડલ કેસની તપાસ કરી રહેલી સીટએ પ્રજ્વલ રેવન્નાને રાહત આપી નથી. સીટએ તેમને સાત દિવસનો સમય આપવાનો ઇનકાર કરી દીધો છે. પ્રજ્વલ રેવન્ના હાલમાં વિદેશમાં છે. તેણે સીટ સમક્ષ હાજર થવા માટે સાત દિવસનો સમય માંગ્યો હતો, પરંતુ તપાસ એજન્સીએ તેને સમય આપવાનો ઇન્કાર કરી દીધો હતો. સૂત્રોના જણાવ્યા અનુસાર તેને સીઆરપીસીની કલમ ૪૧એ હેઠળ સીટ સમક્ષ હાજર થવા માટે નોટિસ આપવામાં આવી છે. તેણે ૨૪ કલાકની અંદર અધિકારીઓ સમક્ષ હાજર થવું પડશે. પરંતુ તેણે સીટ પાસેથી સાત દિવસનો સમય વધારવાની માંગ કરી હતી.

નોંધનીય છે કે પ્રજ્વલ ભૂતપૂર્વ વડા પ્રધાન અને જેડીએસના સ્થાપક અને કર્ણાટકના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન એચડી દેવગૌડાના પૌત્ર અને ભૂતપૂર્વ પ્રધાન એચડી રેવન્નાનો પુત્ર છે. ચૂંટણી પહેલા પ્રજ્વલને લગતા મોટી સંખ્યામાં વીડિયો અને તસ્વીરો સોશિયલ મીડિયા પર વાયરલ થયા હતા. ત્યારબાદ કર્ણાટક રાજ્ય મહિલા આયોગના અધ્યક્ષ નાગલક્ષ્મી ચૌધરીની વિનંતી પર કર્ણાટક સરકારે સીટની રચના કરી હતી. ■

# અમેરિકાની યુનિવર્સિટીમાં ઈઝરાયલ અને પેલેસ્ટાઇનને મુદ્દે અથડામણ

લોસ એન્જલસઃ ગાઝા પર ઇઝરાયેલના હુમલાના વિરોધમાં અમેરિકામાં મોટાપાયે વિરોધ પ્રદર્શન થઇ રહ્યા છે. વિદ્યાર્થીઓ રસ્તા પર ઉતરી આવ્યા છે. કેટલીક અમેરિકન યુનિવર્સિટીઓમાં ઇઝરાયેલ તરફી અને વિરોધી જૂથો વચ્ચે હિંસક અથડામણો પણ થઇ હતી. આ દરમિયાન ન્યૂ યોર્ક પોલીસે કોલંબિયા યુનિવર્સિટીના ૩૦૦થી વધુ વિદ્યાર્થીઓની ધરપકડ કરી છે.

અમેરિકાની કોલંબિયા યુનિવર્સિટી અને કેલિફોર્નિયા યુનિવર્સિટીમાં હિંસક દેખાવો થયા હતા. યુનિવર્સિટી કેમ્પસમાં હિંસક અથડામણ થઇ હતી. જેમાં ઘણા લોકો ઘાયલ થયા હતા. પોલીસે કોલંબિયા યુનિવર્સિટીના હેમિલ્ટન હોલ પર કબજો જમાવનારા વિદ્યાર્થીઓને હટાવ્યા હતા. આ લોકોએ ૩૦ એપ્રિલથી આ હોલ પર કબજો જમાવ્યો હતો.

પ્રાપ્ત અહેવાલો અનુસાર કોલંબિયા યુનિવર્સિટીના ૧૦૯ વિદ્યાર્થીઓ અને સિટી કોલેજ કેમ્પસના ૧૭૩ વિદ્યાર્થીઓની ધરપકડ કરવામાં આવી છે. આ પ્રદર્શનો દરમિયાન યુનિવર્સિટી ઓફ કેલિફોર્નિયા લોસ એન્જલસ(યુસીએલએ)માં પેલેસ્ટાઇનના સમર્થન અને વિરોધમાં પ્રદર્શનકારીઓ વચ્ચે ઝપાઝપી થઇ હતી. બન્ને પક્ષોના વિરોધીઓએ એકબીજા પર લાકડીઓ, લાતો અને મુક્કા વડે હુમલો કર્યો હતો.

યુનિવર્સિટી ઓફ સાઉથ ફ્લોરિડામાં પર વિદ્યાર્થીઓ વિરોધ કરી રહ્યા છે. પોલીસનું કહેવું છે કે કેમ્પસમાં વિરોધ પ્રદર્શન બાદ ૧૦ લોકોની અટકાયત કરવામાં આવી છે. એ જ રીતે ટુલાને યુનિવર્સિટી કેમ્પસમાંથી બે વિદ્યાર્થીઓ સહિત ૧૪ પ્રદર્શનકારીઓની ધરપકડ કરવામાં આવી છે. આવી સ્થિતિમાં અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઇડન દેશભરની યુનિવર્સિટીઓમાં થઇ રહેલા વિરોધ પ્રદર્શન પર ચાંપતી નજર રાખી રહ્યા છે. વ્હાઇટ હાઉસે આ પ્રદર્શનોની નિંદા કરી છે અને તેમની તુલના આતંકવાદીઓની ભાષા સાથે કરી છે. સાથે જ અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઇડને પણ તેમની નિંદા કરી છે.

આ દરમિયાન અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે આ વિરોધને લઇને ખૂબ જ કડક નિવેદન આપ્યું છે. ટ્રમ્પે કહ્યું હતું કે કોલંબિયા યુનિવર્સિટીની એક ઇમારત પર પેલેસ્ટાઇન તરફી વિદ્યાર્થીઓનો કબજો હતો, જે રીતે ન્યૂ યોર્ક પોલીસે આ વિદ્યાર્થીઓને પાઠ ભણાવ્યો હતો. તેને જોવાની ખૂબ મજા આવી. ટ્રમ્પે આ દેખાવકારોને પાગલ અને હમાસના હમદર્દ ગણાવતા કહ્યું કે અમારે અમેરિકામાં જેહાદની જરૂર નથી.

નોંધનીય છે કે ઇઝરાયલ વિરુદ્ધ અમેરિકાની ઘણી યુનિવર્સિટીઓમાં દેખાવો થઇ રહ્યા છે. રાજધાની વોશિંગ્ટન સહિત દેશના ૨૨થી વધુ રાજ્યોમાં આ વિરોધ પ્રદર્શન થઇ રહ્યા છે. અમેરિકામાં વિરોધ કરી રહેલા હજારો વિદ્યાર્થીઓએ ગાઝામાં કાયમી યુદ્ધવિરામની માંગ કરી છે. આ સાથે તેઓએ અમેરિકા દ્વારા ઇઝરાયેલને આપવામાં આવતી સૈન્ય મદદ રોકવાની પણ માંગ કરી છે. યુનિવર્સિટી સત્તાવાળાઓ અને પોલીસ અધિકારીઓએ પ્રદર્શનકારીઓ વિરુદ્ધ કાર્યવાહી કરી છે. કોલંબિયા સહિત ઘણી યુનિવર્સિટીઓના સેંકડો વિદ્યાર્થીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. ■

# બૅન્કમાંથી પૈસા ન મળતા આત્મહત્યા

તિરુવનંતપુરમઃ કેરળમાં એક સહકારી બૅન્કમાં કથિત રીતે તેના જમા રૂપિયા પાછા આપવાનો ઇનકાર કરતા એક ૫૨ વર્ષીય વ્યક્તિએ ઝેર ખાઇને આત્મહત્યા કરી લીધી હતી. પોલીસે ગુરુવારે આ જાણકારી આપી હતી. પોલીસે જણાવ્યું હતું કે મારુથથુરના રહેવાસી સોમસાગરમને ઝેર પીધા બાદ ૧૯ એપ્રિલથી હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યું હતું જ્યાં તેમનું નિધન થયું હતું.

ઘટનાની તપાસ કરતા પોલીસે જણાવ્યું હતું કે ક્રિમિનલ પ્રોસિડિંગ્સ (સીઆરપીસી) ની કલમ ૧૭૪ હેઠળ પૂછપરછની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. એફઆઈઆર મુજબ, પેરુમ્પાઝુથુર સહકારી બૅન્ક સત્તાવાળાઓએ અનેક વિનંતીઓ કરવા છતાં સોમસાગરમને તેમની પાંચ લાખ રૂપિયાની ડિપોઝિટ પરત કરવાનો ઇનકાર કર્યો હતો. જેના કારણે તેઓ હતાશ થયા હતા. સોમસાગરમને તેમની દીકરીના લગ્ન માટે પૈસાની જરૂર હતી પરંતુ બૅન્કે ના આપતા ૧૯ એપ્રિલે ઝેર પી લીધું હતું. બુધવારે રાત્રે તેમનું મૃત્યુ થયું હતું.

તેમના ૮૬ વર્ષીય પિતાએ મીડિયાને જણાવ્યું કે તેમના પુત્રએ મહેનતથી કમાયેલા પૈસા બેન્કમાં જમા કરાવ્યા હતા. તે છેલ્લા છ મહિનાથી બૅન્કને ડિપોઝિટ પરત કરવા માટે કહી રહ્યો હતો, પરંતુ તેઓએ ના પાડી હતી. અંતે તેઓએ તેને ધમકીઓ આપવાનું શરૂ કર્યું હતું. બૅન્કના નિર્ણયના કારણે તેણે આત્મહત્યા કરી હતી.

બૅન્કના સત્તાવાળાઓએ મીડિયાને જણાવ્યું કે નાણાકીય તંગી છે અને તે ગ્રાહકોની તેમની થાપણો પરત કરવામાં અસમર્થ છે લોન વસૂલવામાં વિલંબ થયો હતો. સત્તાવાળાઓએ દાવો કર્યો હતો કે તેઓએ આગ્રહ કરતા કેટલાક ગ્રાહકોના પૈસા પરત કરી દીધા હતા. ■

# રાજસ્થાનમાં બાળલગ્ન માટે સરપંચ જવાબદાર ગણાશે

જયપુર : રાજસ્થાન હાઈ કોર્ટે રાજ્ય સરકારને એવો આદેશ આપ્યો હતો કે તે રાજ્યમાં કોઈ બાળલગ્ન ન થાય એની તકેદારી લે અને જો બાળલગ્ન થાય તો સરપંચ અને પંચાયતના સભ્યો જવાબદાર ગણાશે.

દસમી મેના અક્ષય તૃતીયા ઉત્સવ પહેલાં અનેક બાળલગ્નો થઈ શકે છે એવી આશંકા છે ત્યારે અદાલતનો ઉક્ત હુકમ આવ્યો છે.

બાળલગ્નો અટકાવા અદાલતની દરમિયાનગીરીની દાદ માગતી જાહેર હિતની અરજી સાંભળતા ખંડપીઠે એવી નોંધ લીધી હતી કે બાળલગ્ન પર પ્રતિબંધ મુકતો ૨૦૦૬નો કાયદો અમલમાં હોવા છતાં રાજ્યમાં બાળલગ્નો થઈ રહ્યા છે. અદાલતે કહ્યું હતું કે સત્તાવાળાઓના પ્રયાસને લીધે બાળલગ્નોની સંખ્યામાં ઘટાડો થયો છે, પરંતુ હજી ઘણું કરવાનું બાકી છે.

અરજદારના વકીલ આર. પી. સિંહે કહ્યું હતું કે રાજ્યમાં અક્ષય તૃતીયાના દિને કેટલા બાળલગ્નો થવાના છે એની યાદી અદાલતને અપાઈ હતી. અદાલતે કહ્યું હતું કે રાજસ્થાન પંચાયતી રાજ નિયમ, ૧૯૯૬ હેઠળ બાળલગ્નો રોકવાની જવાબદારી સરપંચને અપાઈ છે. વચગાળાના પગલાં તરીકે અમે રાજ્ય સરકારને આદેશ આપીએ છીએ કે રાજ્યમાં જે બાળલગ્નો થયા છે એના પરની તપાસનો અહેવાલ અમારી આગળ રજૂ કરાય અને આ સાથે જાહેરહિત અરજીમાં જે યાદી અપાઈ છે એના પર બાજ નજર રાખે. જો સરપંચ અને પંચના બીજા સભ્યો બાળલગ્નો અટકાવામાં બેજવાબદારીપૂર્વક નિષ્ફળ જશે તો આને માટે તેઓ જવાબદાર ગણાશે. (એજન્સી)■

# કેલિફોર્નિયામાં ભૂકંપ

વોશિંગ્ટનઃ અમેરિકાના દક્ષિણ કેલિફોર્નિયામાં ધરતીકંપથી ધરા ધ્રુજી ઊઠી હતી. ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૫.૧ માપવામાં આવી છે. જોકે કોઇ જાનહાનિ થયાના અહેવાલ નથી.

યુએસ જિયોલોજિકલ સર્વેના જણાવ્યા અનુસાર સ્થાનિક સમય અનુસાર રવિવારે લોસ એન્જલસના ઉત્તરમાં દક્ષિણ કેલિફોર્નિયામાં ધરતીકંપના તીવ્ર આંચકા અનુભવાયા હતા. રિક્ટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા ૫.૧ નોંધવામાં આવી છે. ભૂકંપ ૨-૪૨ વાગ્યે(સ્થાનિક સમય) ડાઉનટાઉન ઓજાઇથી લગભગ ચાર માઇલ દક્ષિણપૂર્વમાં આવ્યો હતો. યુએસ જિયોલોજિકલ સર્વેએ એક્સ પર જણાવ્યું હતું કે શું તમે બપોરે ૨-૪૨ વાગ્યે ઓજાઇથી ચાર માઇલ દક્ષિણપૂર્વમાં ૫.૧ની તીવ્રતાનો ભૂકંપ અનુભવ્યો હતો.

યુએસ જિયોલોજિકલ સર્વે અનુસાર ભૂકંપની ઊંડાઇ ૪.૮ કિમી હતી. હાલમાં આ ભૂકંપના કારણે જાનમાલના નુકસાનના કોઇ સમાચાર નથી. ■

# હિમાચલ પ્રદેશમાં હિટ એન્ડ રનમાં પૂર્વ ક્રિકેટર સુરેશ રૈનાના મામાના દીકરા સહિત બેનાં મોત

ધર્મશાળાઃ હાલમાં ઈન્ડિયન પ્રીમિયર લીગમાં કોમેન્ટ્રી કરી રહેલા ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટર સુરેશ રૈનાના પરિવાર પર દુઃખનો પહાડ તૂટી પડ્યો હતો. વાસ્તવમાં સુરેશ રૈનાના મામાના દીકરાભાઈનું રોડ અકસ્માતમાં મૃત્યુ થયું છે. રૈનાના પિતરાઈને ટક્કર માર્યા બાદ ટેક્સી ડ્રાઈવર ભાગી ગયો હતો અને બાદમાં તેની અટકાયત કરવામાં આવી હતી. આ ઘટના હિમાચલ પ્રદેશના કાંગડામાં બની હતી.

કાંગડાના એસપી શાલિની અગ્નિહોત્રીએ કહ્યું કે પ્રારંભિક માહિતી મળી છે કે પોલીસ સ્ટેશન ગગલ વિસ્તારમાં હિટ એન્ડ રનની ઘટના બની છે. આ ઘટનામાં બે યુવકોના મોત થયા છે. ઘટનાની માહિતી મળતાં પોલીસે ફરાર ટેક્સી ડ્રાઈવરનો પીછો કર્યો હતો અને મંડીમાંથી તેની અટકાયત કરી હતી.

એસપીએ જણાવ્યું હતું કે મંગળવારે રાત્રે (૩૦ એપ્રિલ) રાત્રે લગભગ ૧૧.૩૦ વાગ્યે ગગલમાં હિમાચલ ટિમ્બર પાસે એક અજાણ્યા વાહન ચાલકે સ્કૂટરને ટક્કર મારી હતી અને ટેક્સી ચાલક ભાગી ગયો હતો. આ અકસ્માતમાં સ્કૂટર ચલાવનાર સૌરભ કુમાર અને શુભમનું મોત થયું હતું. સૌરભ સુરેશ રૈનાનો મામાનો દીકરો છે.

આરોપી ટેક્સી ડ્રાઈવર સૌરભ અને શુભમને ટક્કર મારીને ભાગી ગયો હતો. આ પછી પોલીસ ઘટનાસ્થળે પહોંચી ત્યારબાદ આરોપી ડ્રાઈવરની પૂછપરછ કરવામાં આવી હતી.

સીસીટીવીના આધારે ડ્રાઈવરનો પીછો કરવામાં આવ્યો હતો. જે બાદ તેની મંડીમાંથી અટકાયત કરાઇ હતી. આરોપી સામે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. આરોપીની પણ પૂછપરછ કરવામાં આવી હતી. ■

# અમિત શાહનો ડીપફેક વીડિયોઃ કૉંગ્રેસની સોશિયલ મીડિયા ટીમના સભ્ય સહિત પાંચની ધરપકડ

હૈદરાબાદઃ હૈદરાબાદ પોલીસે કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહના ડીપફેક વીડિયો કેસમાં મોટી કાર્યવાહી કરી હતી. હૈદરાબાદ પોલીસે કૉંગ્રેસની સોશિયલ મીડિયા ટીમ સહિત પાંચ નેતાઓની ધરપકડ કરી છે. સાયબર ક્રાઈમ પોલીસે ભારતીય જનતા પાર્ટીના નેતાની ફરિયાદના આધારે આ મામલામાં એફઆઈઆર નોંધી હતી. ત્યારબાદ કાર્યવાહી કરતા પાંચ લોકોની ધરપકડ કરવામાં આવી છે.

કૉંગ્રેસ નેતા આસ્મા અને ગીતા, સોશિયલ મીડિયા ટીમમાંથી નવીન, શિવા અને અન્ય એક વ્યક્તિની હૈદરાબાદ પોલીસે ધરપકડ કરી હતી. નોંધનીય છે કે કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહનો એક નકલી વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. જે બાદ પોલીસે બીજેપી નેતાની ફરિયાદ નોંધી તેલંગણાના મુખ્ય પ્રધાન રેવંત રેડ્ડી સહિત પાંચ લોકોને નોટિસ મોકલી છે. પોલીસે તમામને પહેલી મેના રોજ તપાસ માટે હાજર થવા જણાવ્યું હતું.

તેલંગણાના મુખ્ય પ્રધાન રેવંત રેડ્ડીએ ભાજપ પર નિશાન સાધતા કહ્યું કે, ‘અત્યાર સુધી વડા પ્રધાન મોદી ચૂંટણી જીતવા માટે ઇડી અને સીબીઆઇ જેવી એજન્સીઓનો ઉપયોગ કરતા હતા અને હવે તેઓ દિલ્હી પોલીસનો પણ ઉપયોગ કરી રહ્યા છે. બીજી તરફ કેન્દ્રીય ગૃહ પ્રધાન શાહ બાદ ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથનો ડીપફેક વીડિયો પણ સામે આવ્યો છે.

નોંધનીય છે કે ૨૯ મેના રોજ ગૃહ પ્રધાન અમિત શાહે કહ્યું, ’કૉંગ્રેસે તેમનો નકલી વીડિયો વાયરલ કર્યો છે અને તે લોકોને ગેરમાર્ગે દોરી રહી છે.’ શાહે આસામના ગુવાહાટીમાં પ્રેસ કોન્ફરન્સ કરી હતી. ઉલ્લેખનીય છે કે ૨૭ એપ્રિલે અમિત શાહનો એક નકલી વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. તે તેલંગણા કૉંગ્રેસ અને મુખ્ય પ્રધાન રેવંત રેડ્ડીએ શેર કર્યો હતો. ડીપફેક વીડિયોમાં તેઓ એસસી-એસટી અને ઓબીસીના અનામતને ખતમ કરવાની વાત કરતા જોવા મળે છે. ૨૮ એપ્રિલે દિલ્હી પોલીસે આ મામલે એફઆઇઆર નોંધી હતી. ■

# આસામમાં ‘માફિયા રાજ’: પ્રિયંકા

ધુબરીઃ આસામમાં ‘‘માફિયા રાજ’’ ચાલી રહ્યું હોવાનો આક્ષેપ કરતા, કૉંગ્રેસનાં નેતા પ્રિયંકા ગાંધી વાડ્રાએ બુધવારે દાવો કર્યો હતો કે મુખ્ય પ્રધાન હિમંતા બિસ્વા સરમા રાજ્યમાં બહુવિધ કૌભાંડોમાં સામેલ છે.

ધુબરી જિલ્લાના બાલાજાન ખાતે એક ચૂંટણી રેલીને સંબોધતાથ, પ્રિયંકાએ દાવો કર્યો હતો કે જેમ ભાજપ તેલંગાણામાં અસદુદ્દીન ઓવૈસી સાથે છે, એમ સરમાને

એઆઇયુડીએફ ના બદરુદ્દીન અજમલ સાથે ‘‘ગુપ્ત ગોઠવણ’’ છે, બંનેનો હેતુ કૉંગ્રેસને હરાવવાનો છે.

પ્રિયંકાએ કર્ણાટકના સાંસદ પ્રજ્વલ રેવન્ના સામેના જાતીય શોષણના આરોપો પર પણ ભાજપ પર પ્રહારો કર્યા હતા અને કહ્યું કે પીએમ નરેન્દ્ર મોદીએ તેમના માટે વોટ માગ્યા અને પછી તેમને દેશ છોડતા રોક્યા નહીં. વાડ્રાએ કહ્યું કે આસામમાં માફિયા રાજ ચાલી રહ્યું છે. જમીન, સોપારી, રેતી, કોલસા અને અન્ય તમામ ક્ષેત્રોમાં માફિયાઓ કાર્યરત છે.

દરેક જગ્યાએ ગેરવસૂલી અને માફિયાઓ કામ કરી રહ્યા છે. વાડ્રાએ આક્ષેપ કર્યો હતો કે ખેડૂતોની અસ્કયામતો, પીપીઇ કીટ અને ફ્લાયઓવરને લગતા તમામ પ્રકારના કૌભાંડો, ગાયની બેરોકટોક તસ્કરી સાથે થઈ રહ્યા છે, પરંતુ રાજ્યમાં માત્ર વિકાસ થઈ રહ્યો નથી. ■

# બે હજાર રૂપિયાની ૯૭.૭૬ ટકા ચલણી નોટ પરત આવીઃ આરબીઆઇ

મુંબઈઃ રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ) એ ગુરુવારે જણાવ્યું હતું કે ૨૦૦૦ રૂપિયાની ૯૭.૭૬ ટકા ચલણી નોટ બેન્કિંગ સિસ્ટમમાં પાછી આવી ગઇ છે અને ફક્ત ૭,૯૬૧ કરોડ રૂપિયાની નોટ હજુ પણ લોકો પાસે જમા છે. નોંધનીય છે કે આરબીઆઇએ ૧૯ મે, ૨૦૨૩ના રોજ ચલણમાંથી ૨૦૦૦ રૂપિયાની ચલણી નોટ પાછી ખેંચવાની જાહેરાત કરી હતી. તે સમયે ચલણમાં રહેલી બે હજાર રૂપિયાની નોટનું કુલ મૂલ્ય ૩.૫૬ લાખ કરોડ રૂપિયા હતું જે હવે તેનું મૂલ્ય ઘટીને ૭,૯૬૧ કરોડ થઈ ગઈ છે તેવું બેન્કે એક નિવેદનમાં જણાવ્યું હતું.

આરબીઆઇએ કહ્યુ કે આ રીતે ૧૯ મે, ૨૦૨૩ના રોજ ચલણમાં રહેલી ૨૦૦૦ની નોટોમાંથી ૯૭.૭૬ ટકા પરત આવી ગઇ છે.

લોકો દેશભરમાં આરબીઆઈની ૧૯ ઓફિસમાં ૨૦૦૦ રૂપિયાની નોટ જમા અને/અથવા બદલી શકે છે. લોકો ભારતમાં તેમના બેન્ક ખાતામાં ક્રેડિટ કરવા માટે કોઈપણ પોસ્ટ ઑફિસમાંથી કોઈપણ આરબીઆઇ ઈસ્યૂ ઑફિસમાં ઈન્ડિયા પોસ્ટ દ્વારા ૨૦૦૦ રૂપિયાની નોટ મોકલી શકે છે.

આવી નોટો ધરાવનાર જાહેર અને ખાનગી સંસ્થાઓને શરૂઆતમાં ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૩ સુધીમાં તેને બદલી આપવા અથવા બેન્ક ખાતામાં જમા કરાવવા માટે કહેવામાં આવ્યું હતું. બાદમાં સમયમર્યાદા ૭ ઓક્ટોબર, ૨૦૨૩ સુધી લંબાવવામાં આવી હતી.

બેન્ક શાખાઓમાં ડિપોઝિટ અને એક્સચેન્જ સેવાઓ ૭ ઓક્ટોબર, ૨૦૨૩ના રોજ બંધ કરવામાં આવી હતી. ૮ ઑક્ટોબર, ૨૦૨૩થી વ્યક્તિઓને આરબીઆઇની ૧૯ ઑફિસમાં તેમના બેન્ક ખાતામાં ચલણ નોટની આપ-લે કરવાની અથવા તેની સમકક્ષ રકમ જમા કરાવવાની પસંદગી આપવામાં આવી છે.

બેન્ક નોટો જમા/એક્સચેન્જ કરતી આરબીઆઇની ૧૯ ઑફિસો અમદાવાદ, બેંગલુરુ, બેલાપુર, ભોપાલ, ભુવનેશ્વર, ચંદીગઢ, ચેન્નાઈ, ગુવાહાટી, હૈદરાબાદ, જયપુર, જમ્મુ, કાનપુર, કોલકાતા, લખનઉ, મુંબઈ, નાગપુર, નવી દિલ્હી, પટના અને તિરુવનંતપુરમમાં છે. ૨૦૦૦ રૂપિયાની નોટ નવેમ્બર ૨૦૧૬માં રજૂ કરવામાં આવી હતી. તે સમયે ચલણમાં રહેલી ૧૦૦૦ અને ૫૦૦ની નોટને બંધ કરવામાં આવી હતી. ■







**ચૂંટણી પ્રચારઃ** ગુજરાતના સુરેન્દ્રનગરમાં લોકસભાની ચૂંટણીના પ્રચાર માટે યોજાયેલી એક જાહેરસભામાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આણંદમાં એક જાહેરસભાને સંબોધન કર્યું હતું અને લોકોએ તેમને વધાવી લીધા હતા. (એજન્સી)

# મારા હૃદયમાં એકજ ભાવ, બસ મારું ભારતઃ વડા પ્રધાન

અમદાવાદઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ત્રીજી ચૂંટણી સભા જૂનાગઢમાં સંબોધી હતી જ્યાં તેમણે કોંગ્રેસ પર આકરા પ્રહાર કર્યા હતા. તેમણે જય ગિરનારીથી સભાને સંબોધિત કરી હતી અને કહ્યું હતું કે, મારા હૃદયમાં એકજ ભાવ, બસ મારું ભારત. જો સરદાર પટેલ ન હોત તો જૂનાગઢ આજે પાકિસ્તાનમાં હોત અને ગીરના સિંહ આપણી પાસે ન હોત.

વડા પ્રધાન મોદીએ કહ્યું કે, જૂનાગઢમાં આવું એટલે મને સંતોના દર્શન ન થાય તેવું કેવી રીતે બને. બે દિવસથી ગુજરાતની જનતાના દર્શન કરવાનું સૌભાગ્ય મળ્યું છે. જે ઉમંગ અને ઉત્સાહ ગુજરાતમાં જોઇ રહ્યો છું. આ પ્રેમ, આશીર્વાદ એ ખૂબ મોટી મારી મૂડી છે. મને ગર્વ થાય છેકે, જે જમીન પર બેસીને મે આપ સૌના ચરણોમાં શિક્ષા દીક્ષા લીધી એ આજે દુનિયાની કસોટીએ પાર ઉતરી રહી છે. આ સૌએ વડીલોએ મને આપેલી શિક્ષા, મને આપેલી દિક્ષા અને સંસ્કાર તેને આજે હું સલામ કરું છું. જેના કારણે આજે દુનિયામાં ભારતનો ડંકો વાગી રહ્યો છે.

વડા પ્રધાન મોદીએ કહ્યું કે, મહેનત કદાચ મારા નસીબમાં, મારા સંસ્કારનો વારસો છે અને કદાચ મારી જવાબદારીની પ્રેરણા છે. ગયા દશ વર્ષમાં આપે મને મોકલ્યા પછી મે ક્યારેય પાછુ વળીને જોયું નથી. હૃદયમાં એકજ ભાવ, બસ મારું ભારત. મારું ભારત મારો પરિવાર. એ જ ભાવ સાથે અનેક મોટો સંકલ્પ લઇને કામ કરું છું. અને ૨૦૨૪માં એક મોટા સંકલ્પ સાથે દેશના ચરણોમાં મારો આવનારો સમય ઇશ્વરે આપેલી ઉંમર, પલ-પલ દેશ માટે ખપાવી દેવી છે.

વડા પ્રધાન મોદીએ કહ્યું કે, ૨૦૨૪ની ચૂંટણી મોદીના એમ્બિશન માટે નહીં મોદીના મિશન માટે છે. મારું મિશન છે દેશ ઉજજવળ ભવિષ્ય અને દેશને આગળ લઇ જવાનું. પણ કૉંગ્રેસનો એજેન્ડા શું છે, તે કહી રહી છેકે તે કાશ્મીરમાં આર્ટીકલ ૩૭૦ ફરીથી લાગુ કરશે. આ દેશમાં જે લોકો સંવિધાન માથા પર રાખીને નાચે છે. તેમનું પંચાયતથી પાર્લામેન્ટ સુધી રાજ હતું. પરંતુ તે દેશનુ સંવિધાન બધી જગ્યાએ લાગુ કરી શક્યા નહીં. મોદી આવ્યા એ પહેલા બે સંવિધાન દેશમાં હતા. એક સંવિધાન ભારત માટે અને એક સંવિધાન જમ્મુ કાશ્મીર હતું. આ બાબા સાહેબ આંબેડકરનું અપમાન છે. સરદાર સાહેબના અધૂરા કામને આ સેવક પુરી કરી શક્યો છે. ૩૭૦ની કલમ જમીનદોસ્ત કરી ચૂક્યો છે.

વડા પ્રધાન મોદીએ કહ્યું કે, કૉંગ્રેસના શહેઝાદાને ખુલ્લો પડકાર ફેકું છું કે, દેશની સામે આવીને કહે કે આર્ટીકલ ૩૭૦ને ફરી લાગુ કરશે. હું જોઉ છું કે કેવી રીતે બાબા સાહેબ આંબેડકરનું અપમાન કરે છે. કૉંગ્રેસને ચેલેન્જ ફેકું છું કે તમે દેશમાં ૩૭૦ ફરીથી લાગુ નહીં કરી શકો અને સીએએને હટાવી નહીં શકો. હું મુસ્લિમ દીકરીઓની રક્ષા કરવા માગતો હતો એટલે ત્રીપલ તલાક પર રોક લગાવાનો કાયદો બનાવ્યો. હું કોંગ્રેસને પડકાર ફેંકું છું કે ખુલીને કહે કે ત્રીપલ તલાકને મંજૂરી આપી દેશે. આ મોદી છે મુકાબલો નહીં કરી શકો.

વડા પ્રધાન મોદીએ કહ્યું કે, કૉંગ્રેસના એક સાંસદ દક્ષિણ ભારતને અલગ કરવા માગે છે. જો સરદાર પટેલ ન હોત તો ગુજરાતનું ગૌરવ ન કરત અને જૂનાગઢ પાકિસ્તાનમાં હોત. દેશમાં ગીરના સિંહ જે ગર્જના કરે છે તે આજે આપણી પાસે ન હોત. કૉંગ્રેસ પાર્ટી જેવી ખતરનાક માનસિકતા, ગુજરાત પ્રત્યેની જે નફરત છે. જો તે સત્તામાં આવી તો દેશ માટે ખતરનાક હાલાત પેદા કરી દેશે. આ તો કચ્છનો પણ સોદો કરી શકે છે. ગુજરાતમાં એવા ઘણા દ્વીપ છે જ્યાં કોઇ રહેતું નથી. કૉંગ્રેસ તેના પણ સોદા કરી શકે છે.

વડા પ્રધાન મોદીએ સુરેન્દ્રનગરમાં ભરબપોરે જંગી જનસભા સંબોધી હતી. વડા પ્રધાન મોદીએ જણાવ્યું છે કે આવી વિકટ પરિસ્થિતિમાં તમે મને દિલ્હી મોકલ્યો હતો. ૧૦ વર્ષમાં એકપણ કૌભાંડની ખબર સાંભળી છે ખરી. મોદી પર એકપણ કૌભાંડ ચોંટેલું છે ખરું. તમને મારા પર ગર્વ થાય છે કે નહીં

૧૦ વર્ષ પહેલા દેશની સરકાર પરથી ગરીબોએ ભરોસો ગુમાવ્યો છે. કૉંગ્રેસની સરકારને ગરીબો માઇબાપ માનતા હતા. કૉંગ્રેસ ગરીબોને હંમેશા લટકાવીને, ટટળાવીને રાખતી હતી. ગરીબોને લાગતું હતું કે આ સરકાર અમારી નથી. આજે ગરીબોને લાગે છે કે સરકાર અમારી છે. આજે ગરીબ મા પણ કહે છે કે દિલ્હીમાં મારો દીકરો બેઠો છે. ગરીબ મા કહે છે કે મારો દીકરી મને દિલ્હીથી ભોજન મોકલે છે. ગરીબોનું પેટ ભરાય ત્યારે તે આશીર્વાદ આપે છે.

તમને તમારા દીકરાના કામ પર ગર્વ થશે. આખું વિશ્વ ભારતને બોજ સમજતું હતું. લોકો કહેતા ભારત પોતે ડુબશે, અમને પણ લઇ ડુબશે. પાડોશીઓ દેશમાં આવી બોમ્બ બ્લાસ્ટ કરતા હતા. આજે વિશ્વમાં ભારતનો ડંકો વાગે છે. આ ડંકો મોદીને કારણે નહીં, તમારા વોટને કારણે છે. તમારા વોટને કારણે મોદી દિલ્હીમાં બેઠો છે. મોટી મોટી કંપનીઓમાં ભારતમાં આવવા હોડ લાગેલી છે. ભારત હવે મોટી તાકાત બની રહ્યું છે. ભારત આતંકીઓને ઘરમાં ઘૂસીને મારે છે.

૧૦ વર્ષ પહેલાં ભારતનું અર્થતંત્ર ૧૧મા ક્રમે હતુ. ૧૦ વર્ષમાં ભારત વિશ્વમાં ૫મું મોટું અર્થતંત્ર બન્યું છે. આખું વિશ્વ અચંબામાં પડી ગયુ. કોરોનામાં વિશ્વભરની મોટી અર્થવ્યવસ્થાઓ હલી ગઇ. એક માત્ર ભારત અડગ અડીખમ ઊભું હતુ. એક ગુજરાતી ચાવાળાએ અર્થતંત્રને પાંચમા ક્રમે પહોંચાડ્યુ છે. રામમંદિરનું કામ કૉંગ્રેસે અટકાવી રાખ્યું હતું.

અયોધ્યામાં ૫૦૦ વર્ષની રાહ બાદ રામમંદિર બન્યુ છે. તમને તમારા દીકરા પર ભરોસો છે ને. તમારો દીકરો જે કહે છે કે તે કરે છે ને. કૉંગ્રેસે હિંદુઓની આસ્થામાં પણ ભેદ કરવાનું કામ કર્યુ છે. ખડગેજીએ ભગવાન રામ, શિવ વિશે ખતરનાક નિવેદન આપ્યું છે. હિંદુ સમાજના ભાગલા પાડવા ખેલ ખેલાયો છે. કૉંગ્રેસનું ચાલશે તો ધર્મના આધારે ટેન્ડર આપશે. હાઇવે હવે શું ધર્મના આધારે બનશે. સૈન્ય માટે જે દારૂગોળો બને છે તે ધર્મના આધારે બની શકે ખરો. કૉંગ્રેસ સત્તા મેળવવા દેશને તબાહ કરવા માગે છે. કૉંગ્રેસ લખીને રાખે મોદી જીવે છે ત્યાં સુધી આવું નહીં થાય. મોદી જીવે છે ત્યાં સુધી ધર્મના નામે આવી વહેંચણી ન થઇ શકે. મારી યોજના છે કે તમારી વીજળીનું બિલ મફત થઇ જાય. પીએમ સૂર્યઘર યોજના હેઠળ તમારું પેટ્રોલનું બિલ મફત આવશે. ■

## રાજકોટ, મોરબી અને જામનગરના ત્રિકોણમાં મિની જાપાન બનવાની તક

અમદાવાદઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આજે જામ સાહેબના આશીર્વાદ લઇને જામનગરમાં જનસભા સંબોધી હતી. સભા સંબોધતી વખતે ગુજરાતમાં થઇ રહેલા વિકાસ અને વિકાસની તકો વિશે વાત કરતા તેમણે જણાવ્યું હતું કે, ગુજરાતમાં રાજકોટ, મોરબી અને જામનગર એવો ત્રિકોણ છે, જેનામાં મિની જાપાન બનવાની તક છે. વડા પ્રધાને કહ્યું કે, આજે જામનગરની ધરતી પર આશીર્વાદ લેવા આવ્યો છું ત્યારે અમૃતસર, ભંટીડા, જામગનર કોરીડોર, ધોરાજી-જામકંડોરણા-કાલાવડનો રસ્તો પહોળો થઇ રહ્યો છે. દ્વારકામાં સુદર્શન સેતુ જોવા માટે પ્રવાસીઓ આવી રહ્યાં છે. જામનગર-અમદાવાદ વચ્ચે વંદે ભારત ટ્રેન આઝાદીના ૭૫ વર્ષ પછી લાલ ડબ્બામાંથી સુંદર ટ્રેન જોવા મળી છે. એરપોર્ટને ભુલી જાવ તેવું રેલવે સ્ટેશન જામનગરમાં બની રહ્યું છે. જનપ્રતિનિધિ બનવાની પ્રથમ શરૂઆત સૌરાષ્ટ્રની ધરતી પરથી થઇ છે. એ સમયે મેં કહ્યું હતું કે, રાજકોટ, જામનગર અને મોરબી એક એવો ત્રિકોણ છે, જેનામાં મિની જાપાન રીતે ડેવલપ થવાની તાકાત છે. ત્યારે મારી ખુબ મજાક ઉડાવાતી હતી. જે રીતે એક જમાનામાં ગુજરાત ખેતીમાં ૮થી ૧૦ ટકાના ગ્રોથ સાથે આગળ વધતું હતું, એમ આજે ગુજરાત ઔદ્યોગિક રાજ્ય બની ગયું છે. તમે સુવર્ણ અક્ષરે લખી રાખજો. આજે ગુજરાત ઔદ્યોગિક રાજ્ય બની ગયું છે. વિમાન ગુજરાતમાં બનવાના છે. ઈલેક્ટ્રિક વાહનો ગુજરાતમાં બનવાના છે. ચારથી પાંચ દેશ છે જ્યાં સેમિકન્ડક્ટર છે, આ સેમિકન્ડક્ટર ગુજરાતમાં બનવાના છે. વિશ્વમાં જે ઈલેક્ટ્રિક વાહનો દોડતા હશે તેની ચીપ ગુજરાતમાં બની હશે. ગ્રીન હાઈડ્રોજનનું હબ ગુજરાત બનવા જઈ રહ્યું છે. ■

## સાબરકાંઠામાં ઓનલાઈન પાર્સલમાં બ્લાસ્ટ થતાં બેનાં મોતઃ ત્રણની હાલત ગંભીર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સાબરકાંઠા જિલ્લાના વડાલી વેડા ગામમાં એક ઘરમાં ઓનલાઇન મંગાવેલા પાર્સલમાં બ્લાસ્ટ થયો હતો જેમાં બે લોકોના મૃત્યુ થયા હતા. ત્રણ વ્યકતિ ઈજાગ્રસ્ત થતા સારવાર માટે હૉસ્પિટલ ખસેડવામાં આવી હતી. જ્યાં ત્રણેયની હાલત નાજુક હોવાનું જાણવા મળ્યું હતું. પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર સાબરકાંઠા જિલ્લાના વડાલી વેડામાં એક પરિવારે ઓનલાઈન પાર્સલ મંગાવ્યું હતું. તેઓએ ઓનલાઇન પાર્સલમાં એકવસ્તુ મંગાવી હતી. જેમાં પાર્સલ ખોલતાની સાથે જ ઘરમાં બ્લાસ્ટ થયો હતો. બ્લાસ્ટમાં ત્રણ લોકો ગંભીર રીતે દાઝી ગયા હતા, જેઓને તાત્કાલિક સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન બે લોકોના મોત નિપજ્યા હતા. જ્યારે ત્રણ વ્યક્તિની હાલત નાજુક હોવાનું જાણવા મળ્યું હતું.

ઘટનાની જાણ થતા પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી. પોલીસે ગુનો નોંધી પાર્સલ કોણે મોકલ્યું હતું, કઈ વસ્તુનો ઓર્ડર આપ્યો હતો અને પાર્સલમાં એવુ તો શુ છે કે બ્લાસ્ટ થયો તે કારણો જાણવા વધુ તપાસ હાથ ધરી હતી. ■



**મુલાકાતઃ** વડા પ્રધાન નરેન્દ્ર મોદી ગુરુવારે ગુજરાતના જામનગરમાં ભૂતપૂર્વ ક્રિકેટર તેમ જ નવાનગરના મહારાજા જામ સાહેબ શત્રુસલ્યસિંહજીને મળ્યા હતા. (એજન્સી)

## ગુજરાતમાં ભાજપ-કૉંગ્રેસના ઉમેદવારોમાં પાટીદાર, ઓબીસી અને કોળી ઉમેદવારોનું વર્ચસ્વ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં લોકસભાની ચૂંટણી માટે મતદાનને ગણતરીના દિવસો બાકી રહ્યા છે. રાજ્યમાં ઉમેદવારની પસંદગીમાં જ્ઞાતિના પરિબળો મહત્ત્વનો ભાગ નહીં ભજવતા હોવાનો દાવો રાજકીય પક્ષો કરતા હોય છે, પરંતુ વાસ્તવિકતા ઘણી અલગ છે. ગુજરાતમાં શહેરીકરણના પગલે કેટલાક વિસ્તારોમાં જ્ઞાતિવાદ ઘટ્યો છે, પરંતુ ઉમેદવારોની પસંદગીમાં જ્ઞાતિ મહત્ત્વનો ભાગ ભજવે છે. ગુજરાતમાં ૬.૫ કરોડની વસતીમાં પાટીદાર સમાજની સંખ્યા ૧૧-૧૨ ટકા છે, જ્યારે ઓબીસી ૪૦ ટકા છે. ઉત્તર ગુજરાતમાં મુખ્યત્વે ઠાકોર અને મધ્ય ગુજરાત-સૌરાષ્ટ્રમાં કોળી જેવી પેટા જ્ઞાતિઓમાં ઓબીસી સમુદાય વહેંચાયેલો છે. ગુજરાતમાં લોકસભા ચૂંટણી-૨૦૨૪માં ભાજપે છ પાટીદાર, સાત ઓબીસી અને ત્રણ કોળી ઉમેદવારોને ટિકિટ આપી છે. કૉંગ્રેસ અને આપ ગઠબંધને છ પાટીદાર, સાત ઓબીસી અને બે કોળીને ઉમેદવાર બનાવ્યા છે. રાજ્યના પ્રથમ ચાર મુખ્ય પ્રધાન બ્રાહ્મણ અથવા વણિક સમુદાયના હતા. આ સાથે ગુજરાતમાં કોઈ પણ ચૂંટણી વખતે ઉમેદવારની જ્ઞાતિ અંગે ચર્ચા થતી ન હતી. ઉમેદવારની લાયકાત, જાહેર છબી અને પક્ષને જોઈને મતદારો પસંદગી કરતા હતા. સમય જતાં રાજકીય ચિત્ર બદલાવા માંડ્યું છે. ૭૦ના દસકામાં રાજકીય મંચ પર પાટીદારોનું વર્ચસ્વ શરૂ થયું અને ૧૯૭૩માં મુખ્ય પ્રધાન બનેલા ચીમનભાઈ પટેલે તેનો પાયો નાખ્યો હતો. હાલની સ્થિતિમાં જ્ઞાતિની સાથે વર્ગ પણ મહત્ત્વનો ભાગ ભજવે છે. કોઈ નિશ્ચિત જ્ઞાતિના સભ્ય હોવાની સાથે આર્થિક-સામાજિક અને શૈક્ષણિક બેકગ્રાઉન્ડ મજબૂત હોય તે જરૂરી છે. જ્ઞાતિવાદની લાગણી ગ્રામ્ય વિસ્તારોમાં વધારે રૂઢ થયેલી હોવાનું મનાય છે, કારણકે ચૂંટાયેલા પ્રતિનિધિ પોતાના સમાજના હોય તો પોતાની રજૂઆત કરવાનું વધારે સરળ રહેશે તેવું મતદારો માને છે. અમદાવાદ, વડોદરા અને સુરત જેવા શહેરી વિસ્તારોમાં જ્ઞાતિના આધારે મત આપવાની માનસિકતા ઘટી રહી છે, પરંતુ ગ્રામ્ય વિસ્તારોમાં આ માનસિકતા હજુ વિકસી નથી. શહેરીકરણની અસર હેઠળ ઉમેદવારો પોતાની જ્ઞાતિના આધારે સીધા મત માગવાનું ટાળી રહ્યા છે. આ વખતની ચૂંટણીમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીની સરકારની સિદ્ધિઓ અને ખામીઓની ગણતરી પર વધારે આધાર રહેલો છે. ■

## ઈફકોમાં અમદાવાદના બિપીન પટેલના મેન્ડેટ સામે જયેશ રાદડિયાએ ઝુકાવ્યું

અમદાવાદઃ લોકસભાની ચૂંટણીના પડઘમ વચ્ચે દેશની ટોચની સહકારી સંસ્થા ઈફકોની આગામી ૯મી મેના રોજ યોજાનારી ડાયરેક્ટર બોર્ડની ચૂંટણી પહેલાં રાજ્યના સહકારી ક્ષેત્રમાં રાજકીય ગરમાવો વ્યાપી ગયો છે. ગુજરાતમાંથી ચાર સહકારી આગેવાનોએ ઉમેદવારી કરી છે, જેમાંથી રાજકોટના નેતા જયેશ રાદડિયાનું નામ મોખરે હોવાના સંકેત છે. જો કે મેન્ડેટ અમદાવાદના બિપિન પટેલના નામનો નીકળ્યો હતો પણ કેન્દ્રીય સહકારિતા પ્રધાન અમિત શાહની જામકંડોરણાની મુલાકાત પછી આંતરિત ચિત્ર બદલાયું હોવાના સંકેત મળી રહ્યા છે.

કેન્દ્રીય સહકારી પ્રધાન અમિત શાહે ગત સપ્તાહમાં ચૂંટણી પ્રચાર માટે જામકંડોરણામાં જાહેરસભા યોજી હતી અને જયેશ રાદડિયાના નિવાસે ભોજન લીધું હતું. ત્યાર પછી ઈફકો બાબતે આંતરિક સોગઠાબાજી બદલાઈ છે. ઇફકોના ડાયરેક્ટર બોર્ડમાં ગુજરાતની એક સીટ છે. છેલ્લી બે ટર્મથી જયેશ રાદડિયા જ બીનહરિફ ચૂંટાતા હતા. સહકારી ક્ષેત્રે પણ ઉમેદવાર પસંદગી પાર્ટી લેવલે કરવાનો નિર્ણય લેનાર ભાજપ દ્વારા આ વખતે બિપિન પટેલના નામનો મેન્ડેટ જારી કરાયો હતો. જો કે, જયેશ રાદડિયાએ પણ ફોર્મ ભરી દીધું હતું. આ સંજોગોમાં કોણ બાજી મારશે તે વિશે સહકારી તથા રાજકીય ક્ષેત્રો જબરી ઉત્તેજના સર્જાઇ હતી. ઈફકોની ચૂંટણી માટે ગુજરાતમાંથી કુલ ચાર આગેવાનોએ ફોર્મ ભર્યા હોવાનું જાણવા મળ્યું છે. જયેશ રાદડીયા, બિપિનભાઇ પટેલ (ગોતા) ઉપરાંત મોડાસાના પંકજ પટેલ તથા માણાવદરના વિજય ઝાટકીયાએ પણ ઉમેદવારી કરી છે. રાજકીય સૂત્રોના કહેવા પ્રમાણે જયેશ રાદડિયાએ ફોર્મ ભર્યુ અને બિપિન પટેલ નામનો ભાજપે મેન્ડેટ જારી કર્યો હોવાથી ઉત્તેજના ઊભી થઇ હતી. ભાજપ દ્વારા નિર્ણયમાં ફેરફાર કરાશે કે કેમ તે વિશે પણ અટકળો-ચર્ચાએ જોર પકડ્યું હતું. ■

## સાતમી વખતના વિજય માટે ઝઝૂમી રહેલા મનસુખ વસાવાએ પ્રચારમાં સૌથી વધુ ખર્ચ કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં મતદાનના ગણતરીના દિવસો બાકી રહ્યાં છે. ભરૂચ બેઠક પર સાતમી ટર્મમાં વિજય માટે ભાજપના ઉમેદવારે પ્રચાર-પ્રસાર માટે ૧૩ દિવસમાં પાણીની જેમ રૂ. ૩૧.૯૧ લાખનો ખર્ચો કર્યો છે. ભરૂચ સંસદીય બેઠક પર આઠ અપક્ષ સહિત પાંચ પક્ષોના ઉમેદવારો ચૂંટણી લડી રહ્યા છે. જોકે લોકસભા લડતા આ ૧૩ ઉમેદવારોમાં બસપા અને પાંચ અપક્ષે માત્ર ડિપોઝીટ અને નોટરી સિવાય પ્રચાર-પ્રસાર માટે એક કાણી પાઇ પણ ખર્ચી નથી. એક માત્ર માલવા કૉંગ્રેસના મહિલા ઉમેદવાર ગીતાબેન માછીએ સ્ટીકરો પાછળ માત્ર ૫૦૦ રૂપિયા ખર્ચા છે.

ભાજપના ઉમેદવાર બાદ ખર્ચમાં બીજા નંબરે આપક્ષઅને કૉંગ્રેસના ગઠબંધનના ઉમેદવાર ચૈતર વસાવા છે. જેઓએ ચૂંટણી ખર્ચ પાછળ રૂ. ૨.૪૪ લાખ ખર્ચો કર્યો છે. જોકે આ જોડાણના ઉમેદવારને પાર્ટી ફંડ મળ્યું નથી.

તા.૨૯ એપ્રિલ સુધી રજૂ કરાયેલા ખર્ચના હિસાબોમાં બાપક્ષ(ભારતીય આદિવાસી પાર્ટી)ના ઉમેદવાર રૂ. ૧.૪૪ લાખ સાથે ત્રીજા નંબરે છે. ભરૂચના રિક્ષાવાળા આબિદ બેગે ડિપોઝીટ સિવાય રૂ.૧૬૫૦૦ નો ખર્ચ રજૂ કર્યો છે.

અપક્ષ મિતેષ પઢીયારે રૂ. ૮૫૦૧ ખર્ચ દર્શાવ્યો છે. જે જોતા લાગી રહ્યું છે કે માત્ર ઈવીએમ પર પોતાનું નામ, નિશાન જોવા જ કેટલાક ઉમેદવારો ચૂંટણી લડી રહ્યાં છે. ૧૩ ઉમેદવારોએ અત્યાર સુધી રૂ. ૪૧.૭૦ લાખનો ખર્ચો કર્યો છે. ભરૂચ બેઠક પર તમામ ઉમેદવારોએ દર્શાવેલા પ્રચાર ખર્ચમાંથી ૮૪ ટકા ખર્ચ એકલા ભાજપના ઉમેદવારનો છે. ■



**જાહેરસભાઃ** ગુજરાતના જૂનાગઢમાં લોકસભાની ચૂંટણી માટે ગુરુવારે વડા પ્રધાનની એક જાહેરસભામાં સાધુઓએ પણ હાજરી આપી હતી. (એજન્સી)

## બેનરો ફાડનાર પાંચ ટીખળખોર પોલીસ સકંજામાં

અમદાવાદઃ વડોદરાની લોકસભાની ચૂંટણી તેમજ વાઘોડિયાની વિધાનસભાની પેટા ચૂંટણીને માટે ભાજપ ઉમેદવારો તેમજ પક્ષના નેતાઓ દ્વારા યુદ્ધના ધોરણે પ્રચાર પ્રસાર કરવામાં આવી રહ્યો છે. આ પ્રચાર પ્રસાર માટે બેનરો પણ લગાડવામાં આવ્યાં છે, પરંતુ કેટલાક ટીખળખોરો દ્વારા રાત્રીના સમયે વાઘોડિયામાં ભાજપના લાગેલાં બેનરોને ફાડી નાખવામાં આવ્યાં છે. આ મામલો વાઘોડિયા પોલીસ મથકમાં પહોંચ્યો હતો પોલીસે બેનરો ફાડનાર ટીખળખોરો વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. પોલીસે સીસીટીવી કેમરાના ફૂટેજના આધારે પાંચ યુવકોની અટકાયત કરી હતી.પ્રાપ્ત માહિતી અનુસાર વાઘોડિયાના અલવા, નર્મદપુરા, ગુલાબપુરા, પીપરીયા અને આમોદર સહિત આસપાસમાં લાગેલાં ભાજપનાં બેનરોને ૪-૫ જેટલા ટીખળખોર યુવકો દ્વારા ફાડી નાખવામાં આવ્યા હતા. ■

# ફેડરલના અપેક્ષિત ઉચ્ચારણ બાદ સેન્સેકસમાં સાધારણ સુધારો, ટ્રેન્ડથી વિપરીત બેંક નિફ્ટી ૧૬૫ પોઇન્ટ ગબડ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: શેરબજારે અમેરિકાની ફેડરલ રિઝર્વના નિર્ણયને અવગણીને ગુરુવારે સુધારાનો પંથ અપનાવ્યો હતો. સેન્સેક્સ ૧૨૮.૩૩ પોઈન્ટ અથવા ૦.૧૭ ટકા વધીને ૭૪,૬૧૧.૧૧ પોઇન્ટની સપાટી પર સેટલ થયો હતો, જ્યારે નિફ્ટી ૪૩.૩૫ પોઈન્ટ અથવા ૦.૧૯ ટકા આગળ વધીને ૨૨,૬૪૮.૨૦ પોઇન્ટની સપાટી પર બંધ થયો હતો. ટ્રેન્ડથી વિપરીત બેન્ક નિફ્ટી ૧૬૫.૭૦ પોઈન્ટ અથવા ૦.૩૪ ટકા ઘટીને ૪૯,૨૩૧.૦૫ પોઇન્ટની સપાટીએ ગબડ્યો હતો.

ફેડરલ રિઝર્વે વ્યાજદર યથાસ્થિતિ જાળવવાનું જાહેર કર્યા પછી વૈશ્વિક વલણોને પ્રતિબિંબિત કરતા સ્થાનિક બેન્ચમાર્કે સાધારણ સુધારો નોંધાવ્યો હતો. અમેરિકાની મધ્યસ્થ બેન્ક, ફેડરલ રિઝર્વે ફુગાવાના ઊંચા વલણ અંગે સાવધ રહીને એવો સંકેત આપ્યો છે કે તે વ્યાજદરમાં કપાત કરવામાં ઉતાવળ નહીં કરશે. એ જ સાથે એવું વિધાન પણ કર્યું છે કે ફુગાવાના ઊંચા દબાણને જોતાં તે વ્યાજદરમાં વધારો કરશે એવો ડર રાખવાની પણ જરૂર નથી.

બીપીસીએલ, પાવર ગ્રીડ કોર્પોરેશન, એશિયન પેઇન્ટ્સ, બજાજ ઓટો અને ટાટા મોટર્સ નિફ્ટીના ટોપ ગેઇનર્સમાં હતા, જ્યારે કોટક મહિન્દ્રા બેન્ક, ભારતી એરટેલ, ટાટા કન્ઝ્યુમર, એક્સિસ બેન્ક અને એચડીએફસી લાઇફ ટોપ લુઝર્સની યાદીમાં હતા. સેક્ટોરલ મોરચે, ઓટો, મેટલ, ઓઇલ એન્ડ ગેસમાં પ્રત્યેકમાં એકાદ ટકા સુધીનો ઉછાળો નોંધાયો હતો, જ્યારે બેંક અને રિયલ્ટી ઇન્ડેક્સ સાધારણ ઘટાડા સાથે નેગેટીવ ઝોનમાં સરક્યા હતા. આધાર હાઉસિંગ ફાઇનાન્સનો આઇપીઓ આઠમી મેથી ૧૦મી સુધી સબસ્ક્રિપ્શન માટે ખુલ્લો રહેશે. પ્રાઇસ બેન્ડ રૂ. ૩૦૦થી રૂ. ૩૧૫ પ્રતિ ઇક્વિટી શેર નક્કી કરવામાં આવી છે. મિનિમમ લોટ સાઈઝ ૪૭ ઈક્વિટી શેરની છે. ભરણાનું કદ રૂ. ૩,૦૦૦ કરોડનું છે, જેની ફાળવણી ૧૩મી મેએ સોમવારે, રિફંડ મંગળવારે અને લિસ્ટિંગ બુધવારે, ૧૫ મેના રોજ થશે.

આઇટી હાર્ડવેર ઇક્વિપમેન્ટ્સ અને સોલ્યુશન્સ પ્રોવાઇડર સ્લોન ઇન્ફોસિસ્ટમ્સ લિમિટેડ ત્રીજી મેના રોજ ઇનિશિયલ પબ્લિક ઓફરિંગ (આઇપીઓ) સાથે મૂડીબજારમાં પ્રવેશી રહી છે. કંપની આઇપીઓના માધ્યમથી શેર દીઠ રૂ. ૭૯ના ભાવે રૂ. ૧૧.૦૬ કરોડ એકત્ર કરવાનો લક્ષ્યાંક ધરાવે છે. ભરણું સાતમીએ બંધ થશે, શેર એનએસઇ ઇમર્જ પ્લેટફોર્મ પર લિસ્ટેડ થશે. લોટ સાઈઝ ૧,૬૦૦ ઈક્વિટી શેરની છે. એકોમોડેશન પ્લેટફોર્મ એરબીએનબીએ નવા આઇકોન સ્કીમની શરૂઆત કરી છે, જેમાં તેના ગ્રાહકોને અકલ્પ્ય સ્થળોએ રહેવાની તક મળશે એવો કંપની દાવો કર્યો છે, આ માટે અભિનેત્રી જહાન્વી કપૂર સાથે ચેન્નઇ સ્થિત ફેમીલી હાઉસ માટે સહયોગ સાધ્યો છે. ઉપરાંત પેરિસના મ્યુઝિયમથી માંડીને મૂવી હાઉસ અથવા ફેરારી રેસિંગ કારથી ઘેરાયેલા રૂમ જેવા સ્થળો કંપનીની યાદીમાં છે.

યુએસ ફેડરલ રિઝર્વ દ્વારા દરો યથાવત રાખવાની જાહેરાત છતાં સ્થાનિક બેન્ચમાર્ક ઇન્ડેક્સોએ ગુરુવારે નજીવા ઊંચા મથાળે કામકાજ શરૂ કર્યું હતું. ક્રૂડ ઓઈલના ભાવમાં ઘટાડો અને મજબૂત ઓટો વેચાણના આંકડાઓએ દલાલ સ્ટ્રીટ પર સેન્ટિમેન્ટને સુધારવામાં મદદ કરી હતી. મહારાષ્ટ્ર દિવસ નિમિત્તે એક દિવસની રજા બાદ સ્થાનિક બજારો સુધારા સાથે ખુલ્યા હતા. ક્ષેત્રીય રીતે, આઇટી અને રિયલ્ટી ઇન્ડેક્સમાં શરૂઆતથી જ ઘટાડો જોવા મળ્યો છે. રિયલ્ટી શેરોમાં ભારે ધોવાણ અને વેચવાલી જોવા મળી હતી.

કોર્પોરેટ હલચલમાં અદાણી એન્ટર., ડાબર, કોલ ઈન્ડિયા આજે ચોથા ત્રિમાસિક પરિણામ જાહેર કર્યા છે. આઇસીઆઇસીઆઇ બેંકે એમડીએ કંપની છોડી હોવાના અહેવાલોને નકારી કાઢ્યા છે. ચાર મહિનામાં ગિફ્ટ નિફ્ટી ફ્યુચર્સ વોલ્યુમ ૨૫ ટકા વધ્યું છે. અદાણી પોર્ટ્સે એપ્રિલ દરમિયાન કાર્ગો વોલ્યુમમાં વાર્ષિક ધોરણે ૧૨ ટકાનો ઉછાળો નોંધાવ્યો છે.

બજારના નિષ્ણાત અનુસાર, મે મહિનાની શરૂઆત સાથે જ બજાર માટે મિશ્ર સંકેતો મળવાનું શરૂ થયું છે, પરંતુ નકારાત્મક પરિબળો કરતાં હકારાત્મક પરિબળ વ્યાપકપણે વધુ છે. ફેડરલની કોમેન્ટ્રી સાવચેતીનો સંકેત આપે છે. સ્થાનિક સંકેતો ખૂબ જ સકારાત્મક છે. એવું લાગે છે કે બજાર ભારતના વિકાસના આઉટપરફોર્મન્સને ડિસ્કાઉન્ટ કરી રહ્યું છે. એપ્રિલમાં જ્યારે એસએન્ડપી ૫૦૦ ઇન્ડેક્સ ૪.૨ ટકા ગબડ્યો છે ત્યારે નિફ્ટી ૦.૭ ટકા આગળ વધ્યો છે. આ આઉટપરફોર્મન્સ ચાલુ રહી શકે છે.

વ્યાપક બજારે ફરીથી બેન્ચમાર્ક કરતાં વધુ સારો દેખાવ કર્યો, મિડકેપ ઇન્ડેક્સ તાજી ઊંચી સપાટીને સ્પર્શ્યો અને એક ટકાના વધારા સાથે બંધ થયો હતો, જ્યારે સ્મોલકેપ ઇન્ડેક્સ ૦.૩ ટકા વધ્યો હતો. વ્યક્તિગત શેરોમાં, ડાબર, ઈન્ડિયામાર્ટ ઈન્ટરમેશ અને બોશમાં ૪૦૦ ટકાથી વધુનો વોલ્યુમ ઉછાળો જોવા મળ્યો હતો. ચોલામંડલમ ઈન્વેસ્ટમેન્ટ એન્ડ ફાઈનાન્સ કંપની, આરઇસી, ઈન્ડિયામાર્ટ ઈન્ટરમેશમાં લોંગ બિલ્ડ-અપ જોવા મળ્યો હતો, જ્યારે ગોદરેજ પ્રોપર્ટીઝ, આઇજીએલ અને કોટક મહિન્દ્રા બેન્કમાં શોર્ટ બિલ્ડ-અપ જોવા મળ્યો હતો.

સેન્સેક્સમાં મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા ૪.૫૩ ટકા, પાવર ગ્રીડ ૨.૭૧ ટકા, ઈન્ડસઈન્ડ બેન્ક ૧.૮૭ ટકા, બજાજ ફાઈનાન્સ ૧.૫૨ ટકા અને બજાજ ફિનસર્વ ૧.૨૭ ટકા વધ્યા હતા જ્યારે ટેક મહિન્દ્રા ૨.૦૮ ટકા, જેએસડબ્લ્યુ સ્ટીલ ૧.૫૦ ટકા, ટાટા સ્ટીલ ૧.૪૬ ટકા, એચસીએલ ટેક ૧.૪૧ ટકા અને સન ફાર્મા ૧.૨૯ ટકા ઘટ્યા હતા. આ સત્રમાં કુલ ત્રણ કંપનીઓને ઉપલી અને કુલ એક કંપનીને નીચલી સર્કીટ લાગી હતી.

આરઇસી, અશોક લેલેન્ડ, ભેલ, સીઇએસસી, ફેડરલ બેંક, ગ્રાસિમ ઇન્ડસ્ટ્રીઝ, આઇઆરસીટીસી, જિંદાલ સ્ટીલ, એમએન્ડએમ, મંગલમ સિમેન્ટ, મોઇલ, એનટીપીસી, પેટ્રોનેટ એલએનજી, પોલિકેબ સહિત પાવર ગ્રીડ કોર્પોરેશન, રેમન્ડ, શોભા સહિત ૨૫૦થી વધુ શેરો તેમની બાવન સપ્તાહની ટોચે પહોંચ્યા હતા.

## ડૉલર સામે રૂપિયો ત્રણ પૈસા નરમ

મુંબઈ: આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં સુધારાતરફી વલણ રહ્યું હોવાથી સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે ડૉલર સામે રૂપિયો સાંકડી વધઘટે અથડાઈને ગત મંગળવારના બંધ સામે ત્રણ પૈસાના ઘટાડા સાથે ૮૩.૪૬ના મથાળે બંધ રહ્યો હતો. જોકે, આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સુધારાતરફી વલણ અને ગત મંગળવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં લેવાલી રહી હોવાના અહેવાલને ધ્યાનમાં લેતાં રૂપિયામાં ઘટાડો મર્યાદિત રહ્યો હતો.

ગઈકાલે મહારાષ્ટ્ર દિન નિમિત્તે બજાર સત્તાવાર ધોરણે બંધ રહ્યા બાદ આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગત સોમવારનાં ૮૩.૪૩ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૮૩.૪૧ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૩.૪૯ અને ઉપરમાં ખૂલતી જ ૮૩.૪૧ની રેન્જમાં અથડાઈને અંતે ત્રણ પૈસા ઘટીને ૮૩.૪૬ની સપાટીએ બંધ રહ્યો હતો. ગત એપ્રિલ મહિનામાં દેશનો મેન્યુફેક્ચરિંગ પર્ચેઝિંગ મૅનેજર્સ ઈન્ડેક્સ આગલા માર્ચ મહિનાના ૫૯.૧ સામે ઘટીને ૫૮.૮ની સપાટીએ રહ્યો હોવાના અહેવાલે આજે રૂપિયો દબાણ હેઠળ આવ્યો હતો, પરંતુ ઈક્વિટી માર્કેટમાં સુધારાતરફી વલણ રહેતાં ઘટાડો સિમિત રહ્યો હોવાનું બીએનપી પારિબાસના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતા ઉમેર્યું હતું કે અમારા મતે આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયો ૮૩.૨૫થી ૮૩.૭૦ની રેન્જમાં અથડાતો રહેશે.

જોકે, ક્રૂડતેલના વૈશ્વિક ભાવમાં ઘટાડો જોવા મળશે તો રૂપિયાને ટેકો મળતો રહેશે.

આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૦૪ ટકા વધીને ૧૦૫.૬૭ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હતો, જ્યારે બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના નીચા મથાળેથી ૦.૯૧ ટકા વધીને બેરલદીઠ ૮૪.૨૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. વધુમાં આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૧૨૮.૩૩ પૉઈન્ટનો અને ૪૩.૩૫ પૉઈન્ટનો સુધારો આવ્યો હોવાથી તેમ જ ગત મંગળવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૧૦૭૧.૯૩ કરોડની ચોખ્ખી લેવાલી રહી હોવાના અહેવાલને કારણે રૂપિયાને થોડાઘણાં અંશે ટેકો મળ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

ફેડરલ રિઝર્વ લાંબા સમય સુધી ઊંચા વ્યાજદર જાળવે તેવી ભીતિ

## સોનામાં ₹ ૩૮૩નો અને ચાંદીમાં ₹ ૩૩૧નો ઘટાડો

મુંબઈ: અમેરિકી ફેડરલ રિઝર્વની ગઈકાલે સમાપન થયેલી બે દિવસીય નીતિવિષયક બેઠકમાં બજારની અપેક્ષાનુસાર વ્યાજદર યથાવત્ રાખવામાં આવ્યા હતા, પરંતુ બેઠકનાં અંતે ફેડરલના અધ્યક્ષ જૅરોમ પૉવૅલે ભવિષ્યમાં વ્યાજદરમાં કપાત અંગે મિશ્ર નિર્દેશો આપ્યા હોવાથી ગઈકાલે ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમૅક્સ વિભાગ પર સોનાના ભાવ એક તબક્કે ઘટીને ઔંસદીઠ ૨૩૦૦ ડૉલરની અંદર ઉતરી ગયા બાદ પાછા ફર્યા હતા. વધુમાં આજે લંડન ખાતે સત્રના આરંભે હાજર અને વાયદામાં સોનાના ભાવ પુનઃ ઘટીને ઔંસદીઠ ૨૩૦૦ ડૉલરની અંદર ઉતરી ગયા હતા. અને ચાંદીના ભાવમાં પણ એક ટકા જેટલો ઘટાડો આવ્યો હોવાના નિર્દેશો સાથે સ્થાનિક ઝવેરી બજારમાં પણ ગઈકાલની મહારાષ્ટ્ર દિનની જાહેર રજા બાદ આજે સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૩૮૨થી ૩૮૩નો ઘટાડો આવ્યો હતો, જ્યારે ચાંદીમાં કિલોદીઠ રૂ. ૩૩૧નો ઘટાડો આવ્યો હતો. તેમ જ કામકાજો પણ પાંખાં રહ્યા હતા. આજે સ્થાનિકમાં .૯૯૯ ટચ ચાંદીમાં વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે સ્ટોકિસ્ટો અને જ્વેલરી ઉત્પાદકોની નવી લેવાલીનો અભાવ રહેવા ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારોની માગ પણ ખપપૂરતી રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ૩૩૧ ઘટીને રૂ. ૮૦,૦૦૦ની સપાટીની અંદર રૂ. ૭૯,૭૧૯ના મથાળે બંધ રહ્યા હતા. તે જ પ્રમાણે સોનામાં પણ સ્ટોકિસ્ટો અને રોકાણકારો સહિત જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ નિરસ રહેતાં ૯૯.૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૩૮૨ ઘટીને રૂ. ૭૧,૦૪૧ અને ૯૯.૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૩૮૩ ઘટીને રૂ. ૭૧,૩૨૭ના મથાળે રહ્યા હતા.

અમેરિકી ફેડરલ રિઝર્વે ગઈકાલે બજારની અપેક્ષાનુસાર વ્યાજદર યથાવત્ રાખ્યા હતા, પરંતુ ફેડરલનાં અધ્યક્ષ જૅરોમ પૉવૅલે જણાવ્યું હતું કે ફુગાવો ફેડરલનાં બે ટકા લક્ષ્યાંક નજીક આવી રહ્યો હોવાથી વહેલાસર વ્યાજદરમાં કપાત અંગે અમને વિશ્વાસ છે આથી વ્યાજદરમાં વધારો તો નહીં કરવામાં આવે. પૉવૅલનાં આ નિવેદનને ધ્યાનમાં લેતાં બજાર વર્તુળોમાં ફેડરલ રિઝર્વ લાંબા સમયગાળા સુધી ઊંચા વ્યાજદર જાળવી રાખે તેવી ધારણા મૂકાતા ન્યૂ યોર્ક ખાતે ગઈકાલે સોનાના ભાવ એક તબક્કે ઘટીને ઔંસદીઠ ૨૩૦૦ ડૉલરની સપાટીની અંદર ઉતરી ગયા હતા. જોકે, ત્યાર બાદ ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈનું વલણ રહેતાં સોનામાં ઘટ્યા મથાળેથી સુધારો જોવા મળ્યો હતો. આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૮૧ ટકા ઘટીને ઔંસદીઠ ૨૨૯૯.૧૭ ડૉલર અને વાયદામાં ભાવ ૦.૧૬ ટકા ઘટીને ૨૨૯૬.૩૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

## ખાંડમાં ₹ ૨૨થી ૪૪નો ચમકારો

નવી મુંબઈ: મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના ટેન્ડરોનાં વેપાર ક્વિન્ટલે રૂ. ૨૦ના સુધારા સાથે રૂ. ૩૫૪૦થી ૩૫૯૦માં થયાના અહેવાલ હતા. આમ મથકો પરનાં પ્રોત્સાહક અહેવાલ અને ગઈકાલની મહારાષ્ટ્ર દિનની જાહેર રજા બાદ આજે રિટેલ સ્તરની માગ પ્રબળ રહેતાં હાજરમાં સ્મોલ તથા મિડિયમ ગ્રેડની ખાંડના ભાવમાં ક્વિન્ટલે રૂ. ૨૨થી ૪૪નો ચમકારો આવ્યો હતો, જ્યારે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવમાં ક્વિન્ટલે રૂ. ૪૦નો સુધારો આવ્યો હતો.

ગઈકાલની જાહેર રજાને કારણે આજે સ્થાનિકમાં આવકો વધીને અંદાજે ૩૪થી ૩૫ ટ્રકની થઈ હતી. તેમ જ સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી અને રિટેલ સ્તરની માગને ટેકે આવક સામે ઉપાડ પણ જળવાઈ રહ્યો હતો. જોકે, મથકો પરનાં પ્રોત્સાહક અહેવાલ અને માગ પ્રબળ રહી હોવાથી હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ.૨૬ અને ઉપલા મથાળેથી રૂ. ૨૪ના સુધારા સાથે રૂ. ૩૭૦૨થી ૩૭૬૨માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૩૪ અને ઉપલા મથાળેથી રૂ. ૪૪ના સુધારા સાથે રૂ. ૩૭૮૦થી ૩૮૭૬માં ગુણવત્તાનુસાર ધોરણે થયા હતા. વધુમાં આજે મથકો પરનાં પ્રોત્સાહક અહેવાલ અને ઉનાળાની મોસમને કારણે ઔદ્યોગિક વપરાશકારોની પણ માગ મજબૂત રહેતાં નાકા ડિલિવરી ધોરણે ભાવમાં ક્વિન્ટલે રૂ. ૪૦નો સુધારો આવ્યો હતો, જેમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૬૫૫થી ૩૬૯૫માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૫૫થી ૩૮૦૫માં થયાના અહેવાલ હતા.

એપ્રિલનાં ઔદ્યોગિક પીએમઆઈમાં સાધારણ ઘટાડો

## કાર્યકારી સ્થિતિમાં સાડા ત્રણ વર્ષમાં બીજી વખતનો ઝડપી સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ગત એપ્રિલ મહિનામાં દેશના ઔદ્યોગિક ઉત્પાદનના આંકમાં આગલા મહિનાની સરખામણીમાં સાધારણ ઘટાડો થયો હતો. જોકે, એકંદર માગને ટેકે કાર્યકારી સ્થિતિમાં સાડા ત્રણ વર્ષમાં બીજી વખતનો ઝડપી સુધારો જોવા મળ્યો હોવાનું એક માસિક સર્વેક્ષણમાં જણાવ્યું છે.

ગત એપ્રિલ મહિનામાં સિઝનલી એડજસ્ટેડ એચએસબીસી ઈન્ડિયા મેન્યુફેક્ચરિંગ પર્ચેઝિંગ મૅનેજર્સ ઈન્ડેક્સ (પીએમઆઈ) આગલા માર્ચ મહિનાના ૫૯.૧ સામે સાધારણ ઘટાડા સાથે ૫૮.૮ની સપાટીએ રહ્યો હોવાનું જણાવ્યું છે. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે પીએમઆઈનો આંક જો ૫૦ની ઉપર હોય તો તે વિસ્તરણનો અને ૫૦ની નીચેનો આંક ઘટાડાનો નિર્દેશ આપતો હોય છે.

એચએસબીસીનાં ચીફ ઈન્ડિયા ઈકોનોમિસ્ટ પ્રાંજુલ ભંડારીએ જણાવ્યું હતું કે માર્ચની સરખામણીમાં આંકમાં ઘટાડો થયો હોવા છતાં મજબૂત માગને ટેકે ઉત્પાદનમાં વધારાની શક્યતા વધુ પ્રબળ બની છે. વધુમાં ભારતીય ઉત્પાદકોને એપ્રિલમાં નવાં નિકાસ તથા સ્થાનિક ઓર્ડરમાં તિવ્ર વધારો થવાથી વર્ષ ૨૦૨૧થી અત્યાર સુધીમાં બીજું મજબૂત વિસ્તરણ જોવા મળ્યું છે.

આ ઉપરાંત એપ્રિલ મહિનામાં કુલ વેચાણની સરખામણીમાં નવાં નિકાસ ઓર્ડર દર્શાવે છે કે વૃદ્ધિનું મુખ્ય પરિબળ સ્થાનિક માગ રહેશે. વધુમાં સર્વેમાં જણાવ્યું હતું કે ભારતીય ગૂડ્સ ઉત્પાદકો હાલનાં સ્તરેથી ઉત્પાદનમાં વધુ વૃદ્ધિ જોઈ રહ્યા છે. આ સિવાય ગત એપ્રિલ મહિનામાં માગ વધવાની શક્યતાને ધ્યાનમાં લેતાં બિઝનૅસનો વિશ્વાસ વધુ મજબૂત થયો છે.

હાલની અને ભવિષ્યમાં થનારી માગ વૃદ્ધિને સંતોષવા માટે વર્તમાન નાણાકીય વર્ષનાં પહેલા ત્રિમાસિકગાળાના આરંભે અતિરિક્ત સ્ટાફ પણ રાખ્યો છે. આ સિવાય પુરવઠા સ્થિતિમાં સુધારો થવાથી ખરીદીની પ્રવૃત્તિઓમાં પણ વધારો થયો છે. તેમ જ ભવિષ્યમાં માગ જળવાઈ રહેવાની શક્યતાએ કંપનીઓએ તેનાં સ્ટાફનાં સ્તરમાં પણ વધારો કર્યો હોવાનું ભંડારીએ ઉમેર્યું હતું.

વધુમાં કાચા માલ અને શ્રમીકોનાં વેતનના દરમાં વધારો થવાથી ઉત્પાદકોએ ગત એપ્રિલ મહિનામાં વેચાણભાવમાં વધારો કર્યો છે. આ સિવાય ભાવનાં મુદ્દે અહેવાલમાં જણાવ્યું હતું કે કાચા માલ અને વેતનમાં વધારો થવાથી ઈનપૂટ ખર્ચમાં વધારો થયો છે, પરંતુ ફુગાવો ઐતિહાસિક સરેરાશ કરતાં નીચી સપાટીએ રહ્યો હોવાનું તેમણે જણાવતાં ઉમેર્યું હતું કે આઉટપૂટ ખર્ચમાં વધારો થવાથી કંપનીઓએ ભાવવધારો ગ્રાહકો પર પસાર કર્યો છે.

## વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે ટીન સહિતની ધાતુઓમાં ગાબડાં

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજદરમાં કપાતની અનિશ્ચિતતાઓ વચ્ચે આજે કોપર સહિતની ધાતુઓમાં નરમાઈનું વલણ રહ્યું હોવાના નિર્દેશો સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં ટીન અને નિકલ સહિતની ધાતુઓમાં સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલી તેમ જ વેચવાલીના માહોલમાં સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. એકથી ૭૨ સુધીનો ઘટાડો જોવા મળ્યો હતો. અમેરિકી ફેડરલ રિઝર્વે ગઈકાલે બે દિવસીય નીતિવિષયક બેઠકનાં અંતે બજારની અપેક્ષાનુસાર વ્યાજદર યથાવત્ રાખ્યા હતા, પરંતુ વ્યાજદરમાં ક્યારથી કાપ મૂકવાની શરૂઆત કરશે તે અંગે કોઈ સ્પષ્ટતા ન કરી હોવાથી આજે લંડન ખાતે કોપરનાં ત્રણ મહિને પાકતા ડિલિવરીનાં વાયદામાં ભાવ ઘટ્યા મથાળેથી સાધારણ સુધારા સાથે ટનદીઠ ૯૯૫૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ અન્ય ધાતુઓમાં નરમાઈનું વલણ જોવા મળ્યું હતું.

આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં ખાસ કરીને ટીન અને નિકલમાં સ્ટોકિસ્ટોની આક્રમક વેચવાલીનું દબાણ અને ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની લેવાલી નિરસ રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૭૨ ઘટીને રૂ. ૨૯૬૯ અને રૂ. ૧૩ ઘટીને રૂ. ૧૬૧૫ના મથાળે રહ્યા હતા.

વધુમાં આજે ટીન અને નિકલની આગેવાની હેઠળ અન્ય ધાતુઓમાં પણ સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલી અને સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં ભાવમાં ઘટાડાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં કોપર આર્મિચર અને કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ૧૧ ઘટીને અનુક્રમે રૂ. ૮૩૨ અને રૂ. ૭૭૫, કોપર કેબલ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ૧૦ ઘટીને રૂ. ૮૫૨, કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. નવ ઘટીને રૂ. ૮૪૩, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ .આઠ ઘટીને અનુક્રમે રૂ. ૫૪૦ અને રૂ. ૮૮૬, બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ. છ ઘટીને રૂ. ૫૭૦, ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને રૂ. ૨૬૦ અને લીડ ઈન્ગોટ્સ, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને અનુક્રમે રૂ. ૧૯૪, રૂ. ૧૯૦ અને રૂ. ૨૪૫ના મથાળે રહ્યા હતા.

આયાતી સનફ્લાવર અને દેશી કપાસિયા રિફાઈન્ડ અને સરસવમાં નરમાઈ

## ડાયરેક્ટ ડિલિવરીમાં ૫૦૦-૭૦૦ ટન આરબીડી પામોલિનમાં વેપાર

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં આજે ઘટ્યા મથાળેથી ૨૬ રિંગિટનો સુધારો આવ્યાના અહેવાલ ઉપરાંત ગઈકાલે શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં પણ ૨૫ સેન્ટનો સુધારો આવ્યો હોવાના અહેવાલ છતાં આજે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં ગઈકાલની મહારાષ્ટ્ર દિનની જાહેર રજા બાદ આયાતી તેલમાં સન રિફાઈન્ડ અને સન ક્રૂડના ભાવમાં ૧૦ કિલોદીઠ રૂ. પાંચનો ઘટાડો આવ્યો હતો. તેમ જ નિરસ માગે દેશી તેલમાં કપાસિયા રિફાઈન્ડ તથા સરસવના ભાવ ૧૦ કિલોદીઠ રૂ. ૧૦ ઘટી આવ્યા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે વૈશ્વિક બજારમાં ઘટાડો અટકવાની સાથે સ્થાનિકમાં સેલરિસેલ ધોરણે અંદાજે પાંચથી સાત ટ્રક આરબીડી પામોલિનના વેપાર ૧૦ કિલોદીઠ રૂ. ૯૮૮માં થયા હતા. આ સિવાય ડાયરેક્ટ ડિલિવરી શરતે પણ એએનએ, ગોલ્ડન એગ્રી અને રૂચીના અંદાજે ૫૦૦થી ૭૦૦ ટન આરબીડી પામોલિનના વેપાર ૧૦ કિલોદીઠ રૂ. ૮૯૦ આસપાસના મથાળે ગોઠવાયા હતા. જોકે, આજે મોડી સાંજે ડાયરેક્ટ ડિલિવરી શરતે આરબીડી પામોલિનના ૧૦ કિલોદીઠ ભાવમાં અલાનાના ખપોલીથી ડિલિવરી શરતે રૂ. ૮૯૫, એએનએના રૂ. ૯૦૦ અને ગોલ્ડન એગ્રીના રૂ. ૯૦૦ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે રૂચીના આરબીડી પામોલિનના રૂ. ૯૦૦ અને સન રિફાઈન્ડનાં પાંચમી મેથી ૨૦ મે સુધી ડિલિવરી શરતે રૂ. ૯૨૦ અને મે મહિનાના કોઈપણ ૧૦ દિવસમાં ડિલિવરી શરતે રૂ. ૯૩૦ ક્વૉટ થઈ રહ્યા હતા.

આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૮૯૦, ક્રૂડ પામતેલના રૂ. ૮૮૦, સોયા રિફાઈન્ડના રૂ. ૯૧૫, સોયા ડિગમના રૂ. ૮૬૫થી ૮૭૦, સન રિફાઈન્ડના રૂ. ૯૦૫, સન ક્રૂડના રૂ. ૮૫૫, સિંગતેલના રૂ. ૧૫૦૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૯૭૫ અને સરસવના રૂ. ૧૦૧૦ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે ગુજરાતનાં મથકો પર ૧૦ કિલોદીઠ કપાસિયા રિફાઈન્ડ અને સિંગતેલના વેપાર અનુક્રમે ૧૦ કિલોદીઠ રૂ. ૯૧૦થી ૯૧૫માં અને રૂ. ૧૪૫૦માં તથા સિંગતેલના તેલિયા ટીનના ૧૫ કિલોદીઠ રૂ. ૨૩૪૦માં થયાના અહેવાલ હતા.

વધુમાં આજે મધ્ય પ્રદેશનાં મથકો પર અંદાજે એક લાખ ગૂણી સોયાસીડની આવક થઈ હતી, જ્યારે ઈન્દોર ખાતે હાજરમાં સોયા રિફાઈન્ડના વેપાર ૧૦ કિલોદીઠ રૂ. ૯૧૦માં થયાના અહેવાલ હતા. આ સિવાય આજે રાજસ્થાન ખાતે ત્રણ લાખ ગૂણી સરસવની આવક સામે જયપુરની મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૫૩૨૫થી ૫૩૫૦માં થયા હતા, જ્યારે સરસવ એક્સપેલરના વેપાર ૧૦ કિલોદીઠ રૂ. ૯૮૫માં, કચ્ચી ઘાણીના વેપાર રૂ. ૯૯૫માં અને સરસવ ખોળના વેપાર ક્વિન્ટલે રૂ. ૨૫૩૦થી ૨૫૩૫માં થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

## ઓટો, રિયલ્ટી અને પાવર ઈન્ડેક્સમાં સુધારો, માર્કેટ કૅપ ₹ ૪૦૬.૫૫ લાખ કરોડ

મુંબઇ: સેન્સેક્સ ઓલટાઈમ હાઈ સપાટી વટાવવામાં નિષ્ફળ રહ્યો હતો. ખાસ કરીને ઓટો, રિયલ્ટી અને પાવર શેરોમાં સારી લેવાલી અને ઉછાળો જોવા મળ્યો હતો. બીએસઈ સેન્સેક્સ મંગળવારે આગલા ૭૪,૬૭૧.૨૮ ના બંધથી ૧૮૮.૫૦ પોઈન્ટ્સ (૦.૨૫ ટકા) ઘટ્યો હતો. સેન્સેક્સ ૭૪,૮૦૦.૮૯ ખૂલી ઉપરમાં ૭૫,૧૧૧.૩૯ સુધી અને નીચામાં ૭૪,૩૪૬.૪૦ સુધી જઈને અંતે ૭૪,૪૮૨.૭૮ પર બંધ રહ્યો હતો. સેન્સેક્સની ૧૨ કંપનીઓ વધી હતી જ્યારે ૧૭ કંપનીઓ ઘટી હતી જ્યારે ૧ કંપની સ્થિર રહી હતી. માર્કેટ કેપ રૂ. ૪૦૬.૫૫ લાખ કરોડ રહ્યું હતું.બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં એસએન્ડપી બીએસઈ સેન્સેક્સ ૫૦ ઈન્ડેક્સ ૦.૨૧ ટકા, બીએસઈ ૧૦૦ ઈન્ડેક્સ ૦.૧૧ ટકા, બીએસઈ ૨૦૦ ઈન્ડેક્સ ૦.૦૨ ટકા અને બીએસઈ લાર્જકેપ ૦.૧૩ ટકા ઘટ્યા હતા જ્યારે બીએસઈ ૫૦૦ ઈન્ડેક્સ ૦.૦૧ ટકા, બીએસઈ મીડ કેપ ૦.૪૯ ટકા અને બીએસઈ સ્મોલ કેપ ૦.૧૦ ટકા વધ્યા હતા જ્યારે બીએસઈ ઓલ કેપ ઈન્ડેક્સ સ્થિર રહ્યો હતો.

આઈપીઓ ઈન્ડેક્સ ૦.૨૪ ટકા ઘટ્યો હતો જ્યારે એસએમઈ આઈપીઓ ૦.૫૦ ટકા વધ્યો હતો.સેક્ટરલ ઈન્ડાયસીસમાં ઓટો ૧.૭૦ ટકા, રિયલ્ટી ૧.૪૬ ટકા, પાવર ૧.૦૪ ટકા, કંઝ્યુમર ડિસ્ક્રિશનરી ૦.૯૩ ટકા, યુટિલિટીઝ ૦.૮૦ ટકા, ફાઈનાન્સિયલ સર્વિસિસ ૦.૧૨ ટકા, ઈન્ડસ્ટ્રિયલ્સ ૦.૦૭ ટકા અને કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૦.૦૧ ટકા વધ્યા હતા જ્યારે આઈટી ૦.૯૮ ટકા, ટેક ૦.૯૮ ટકા, મેટલ ૦.૮૫ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૦.૮૫ ટકા, કોમોડિટીઝ ૦.૫૬ ટકા, એનર્જી ૦.૪૯ ટકા, હેલ્થકેર ૦.૪૪ ટકા, ટેલિકોમ્યુનિકેશન ૦.૩૩ ટકા, કેપિટલ ગુડ્સ ૦.૩૩ ટકા, એફએમસીજી ૦.૨૦ ટકા, બેન્કેક્સ ૦.૧૫ ટકા અને સર્વીસીસ ૦.૦૯ ટકા ઘટ્યા હતા. બીએસઈના ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં મંગળવારે ઈન્ડેક્સ ફ્યુચરમાં કુલ રૂ. ૬૨.૧૬ કરોડનું ટર્નઓવર થયું હતું, જેમાં કુલ ૬૩૫ સોદામાં ૭૮૯ કોન્ટ્રેક્ટ્સનું કામકાજ થયું હતું. ઈન્ડેક્સ ફ્યુચર અને ઈક્વિટી ફ્યુચર મળીને કુલ ૫૧,૭૫,૧૬૧ કોન્ટ્રેક્ટ્સના ઓપન ઈન્ટરેસ્ટ રહ્યા હતા. એફઆઈઆઈ (વિદેશી સંસ્થાકીય રોકાણકારો) એ મંગળવારે રૂ. ૧,૦૭૧.૯૩ કરોડની ચોખ્ખી ખરીદી કરી હતી.


The Brihanmumbai Electric Supply & Transport Undertaking
(OF THE BRIHANMUMBAI MAHANAGARPALIKA)

BEST

**ટેન્ડર નોટીસ**

નીચેની આઈટમોની સપ્લાય માટે ઈ-ટેન્ડરો મંગાવાય છે.

(૧) ૭૮૩૫૯ - બેસ્ટ ઉપક્રમ માટે SaaS મોડલ પર કલાઉડ - આધારિત ઓફિસ ૩૬૫ સોલ્યુશનના અમલીકરણ માટે સર્વિસ પ્રોવાઈડરની પસંદગી,
(૨) ૭૮૫૫૦ - i૩ પર્સનલ કોમ્પ્યુટર, પ્રીન્ટર્સ અને સ્કેનર્સની ખરીદી.

**ઈ-ટેન્ડરો પુનઃ મંગાવાય છે**

(૩) ૭૮૧૫૭, (૪) ૭૮૨૮૯, (૫) ૭૮૩૩૭, (૬) ૭૮૩૩૮, (૭) ૭૮૩૮૮, (૮) ૭૮૪૨૪, (૯) ૭૮૪૪૨, (૧૦) ૭૮૪૪૭, (૧૧) ૭૮૦૭૪, (૧૨) ૭૮૦૮૪, (૧૩) ૭૮૧૦૩, (૧૪) ૭૮૨૩૬, (૧૫) ૭૮૨૯૩, (૧૬) ૭૮૪૨૨.

નોંધ: વધુ વિગતો માટે લોગ ઓન કરો
વેબસાઈટ: https://mahatenders.gov.in
PRO/AAM(M)/14/2024 જનરલ મેનેજર



PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**પશ્ચિમ રેલવે રતલામ ડીવીજન**

સુધારો

ટેન્ડર નં. RTM/2023-24/154 જે તા. ૧/૪/૨૦૨૪ની NIT નં. W/623/5/1/NITમાં પ્રસિદ્ધ થયેલ, કામનું નામ: નાગદા-સંત હિરદારામ નગર, માક્સી-દેવાસ & ઈન્દોર-દેવાસ-ઉજ્જૈન સેક્શન. સીની. DEN (સાઉથ) સેક્શનની હકૂમત હેઠળ વિવિધ ટ્રેક વર્કસ સાથેના અનુસંધાનમાં ઓટો ટેપિંગ થીમ્બલ સાથે ફીટેડ કોમ્પ્રેસ્ડ એર પેટ્રોલ પ્રી-હિટીંગ ૩ પીસ પ્રીફેબ્રીકેટેડ મોલ્ડ (ઝીરકોન વોશ્ડ) સીંગલ શોટ ક્રુશીબલ સાથે કોન્ટ્રાક્ટરના પોતાના વેલ્ડિંગ મટેરિયલ્સ, લેબર ઈ. સાથે ૬૦ કિગ્રા./ ૯૦ UTSના ઈનસીટુ ૬૦ કિગ્રા./ ૯૦ UTS પર કિગ્રા. (૯૦ UTS), R-૨૬૦ રેલ્સ જોઈન્ટસ પોર્શન અને એક્ષીકયુશનમાં SKV વેલ્ડિંગની સપ્લાય. ઉપરોક્ત ૧ ટેન્ડર, કે જે ૩/૫/૨૪ના ખુલનાર હતું, અનિવાર્ય સંજોગોવશાત આથી રદ કરવામાં આવે છે.

Apex/5/1/021 DRM (W/A), રતલામ

અમને લાઈક કરો: facebook.com/WesternRly



**પશ્ચિમ રેલવે રતલામ ડીવીજન**

ઈ-ટેન્ડર નોટિસ

સીની. ડીવીજનલ ઈલેક. એન્જી. (પાવર), પ.રે., રતલામ ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી નીચેના ઈલેક્ટ્રિકલ કામ માટે ઈ-ટેન્ડરો મંગાવે છે. ટે.નં. **EL-2024-25-01 કામનું નામ:** રતલામ ડીવીજન-ત્યાં ખાતે ઈલેક્ટ્રોનિક ઈન્ટરલોકિંગ સિસ્ટમ સાથે સુસજ્જ રીલે રૂમ ખાતે એરકંડીશનર સિસ્ટમની જોગવાઈ. **કામની અંદા. કિંમત:** રૂા. ૧૩૧૭૯૮૮૫.૨૫/- **બા.૨.ડી:** રૂા. ૨૧૫૯૦૦/- **પૂર્ણતા મુદત-** ૬ માસ. **બંધ થવાની તા. & સમય:** ૨૧/૫/૨૪ના ૧૫ ક. **ખુલવાની તા. & સમય:** ૨૧/૫/૨૪ના ૧૫.૩૦ ક. **ઈલેક્ટ્રિકલ કોન્ટ્રેક્ટર્સ લાયસન્સ:** ટેન્ડરર કોઈપણ સરકાર દ્વારા ઈસ્યૂ કરાયેલ માન્ય ઈલેક્ટ્રિકલ કોન્ટ્રેક્ટર્સ લાયસન્સ ધરાવતા હોવા જોઈશે. & સદરની કોપી ઓફર સાથે સુપ્રત કરવી જોઈશે, જેના નિષ્ફળ જવા પર ઓફર તત્કાળ નકારાશે. **વેબસાઈટ વિગતો www.ireps.gov.in.**

Apex/7/1/18 સીની. DEE (P), WR, RTM

અમને લાઈક કરો: facebook.com/WesternRly



**પશ્ચિમ રેલવે – વડોદરા ડિવિઝન**

જાળવણી અને સમારકામ

**ઇ-ટેન્ડર નોટિસ નં-DYCE-BR-BRC-05-2024**

ભારતના રાષ્ટ્રપતિ માટે અને તેના વતી નાયબ મુખ્ય ઇજનેર (બ્રિજ-લાઇન) વડોદરા, પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા-390 004 દ્વારા નીચેના કામો માટે ઇ-ટેન્ડરો આમંત્રિત કરવામાં આવ્યા છે. **ટેન્ડર નંબર: DYCE-BR-BRC-05-2024 કામનું નામ:** વડોદરા વિભાગ-(ઝોન-1 BRC 2024-25): વર્ષ 2024-25 (12 મહિના માટે) વડોદરા વિભાગના સિનિયર સેક્શન એન્જિનિયર (બ્રિજ) વડોદરાના અધિકાર ક્ષેત્ર હેઠળ ટ્રેક બ્રિજ, રોડ ઓવર બ્રિજ અને EOT ગર્ડરની રોજિંદી જાળવણી અને સમારકામ માટે ઝોનનું કામ **કામની અંદાજિત કિંમત:** ₹44,33,477.11 **બિડ સિક્યોરિટી જમા કરવાની રહેશે:** ₹88,700.00 **ઈ-ટેન્ડર સબમિટ કરવાની અને ઈ-ટેન્ડર ખોલવાની તારીખ અને સમય:** ઓનલાઈન ટેન્ડર 03.06.2024 ના રોજ 15.00 કલાક પહેલા સબમિટ કરવાનું છે અને તે જ તારીખે 15.30 કલાકે ખોલવાનું છે. **વેબ સાઇટ વિગતો અને સ્થળ માટેની સૂચના જ્યાં સંપૂર્ણ વિગતો જોઈ શકાય છે વગેરે.:** ડેપ્યુટી ચીફ એન્જિનિયર (બ્રિજ લાઇન) વડોદરા પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા-4, **વેબ સાઇટ:** www.ireps.gov.in BRC21

અમને લાઈક કરો: facebook.com/WesternRly



**પશ્ચિમ રેલવે – વડોદરા ડિવિઝન**

સુધારો 3

**ટેન્ડર નોટીસ નં. EL-TRD-2023-24-EPC-01 (ઓપન ટેન્ડર)**
**બંધ થવાની તારીખ : 16/05/2024 ના 15:00 કલાકે**

ટેન્ડર નોટીસ નં. **EL-TRD-2023-24-EPC-01** : કામનું નામ: **"EPC મોડ પર પશ્ચિમ રેલવેના મુંબઈ - રતલામ અને વડોદરા - અમદાવાદ સેક્શનોના 220/132/55 kV ટ્રેકશન સબ-સ્ટેશન, સેક્શનીંગ પોસ્ટ (SPs) અને સબ-સેક્શનીંગ પોસ્ટ (SSPs) (2 x 25 kV સિસ્ટમ સ્કોટ કનેક્ટેડ ટ્રાન્સફોર્મર) ની ડિઝાઈન, આપૂર્તિ, નિર્માણ, પરિક્ષણ અને કમિશનીંગનું કામ.**

**IREPS વેબસાઈટ પર નવા દસ્તાવેજો સંલગ્ન કરેલ છે :**

| અનું. નં. | દસ્તાવેજની વિગત | ફાઈલ નામ |
|---|---|---|
| 1 | Remarks to query raised by different firm | Queries_EPC.pdf |

BRC-024

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

# શિંદેએ જમાવ્યો સિક્કો

## નાશિક અને દક્ષિણ મુંબઈની બેઠક પોતાના નામે કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: લોકસભાની ચૂંટણીના બે તબક્કાનું મતદાન થઈ ચૂક્યું છે, સાતમી મેના રોજ ત્રીજા તબક્કામાં મહારાષ્ટ્રની ૧૧ બેઠક માટે પણ મતદાન થશે. ૧૮મી લોકસભાની મહારાષ્ટ્રની ચૂંટણી ખૂબ જ અલગ છે કારણ કે મજબૂત એવા બે પ્રાદેશિક પક્ષ શિવસેના અને એનસીપી બે ફાંટામાં વહેંચાઈ ગયા છે. એનસીપીનું એક જૂથ અજિત પવારના નેતૃત્વમાં ભાજપ સાથે જોડાયું છે જ્યારે શિવસેનાનું એક જૂથ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેના નેતૃત્વમાં ભાજપ સાથે છે. આ ત્રણેય પક્ષો વચ્ચે બેઠક વહેંચણીની રકઝક વચ્ચે શિંદે સેનાના પક્ષમાં ગયેલી બે બેઠકોએ સૌનું ધ્યાન ખેંચ્યું છે. એનસીપી નાશિક બેઠકને લઈ ખૂબ આગ્રહી હોવાથી અને આ કેબિનેટ પ્રધાન છગન ભુજબળનો ગઢ હોવાથી આ બેઠક પોતાના પક્ષમાં લેવામાં અજિત પવાર સફળ રહેશે, તેમ માનવામાં આવતું હતું. તો બીજી બાજુ આ બેઠક પર ભાજપનો ભગવો લહેરાય તેવી ઈચ્છા સ્થાનિકોની હતી અને તેમણે પણ જોર લગાવ્યું હતું અને શિંદેસેના પણ નાશિકની બેઠક માગી રહ્યા હતા. આખરે આ બેઠક શિંદેના ભાગમાં આવી છે. અહીંથી વર્તમાન સાંસદ હેમંત ગોડસેને ઉમેદવારી આપવામાં આવી છે. હેમંત ગોડસે ગઈ ચૂંટણીમાં ભાજપ-શિવસેનાની યુતિ અને મોદીની લોકપ્રિયતાને લીધે જીત્યા હોવાનો દાવો થઈ (જુઓ પાનું ૪)

# મહાયુતિમાં સીટ-વહેંચણી લગભગ ફાઈનલ પણ પાલઘર બેઠક માટે જાહેરાત બાકી

મુંબઈ: મહારાષ્ટ્રમાં સત્તાધારી મહાયુતિ ગઠબંધને રાજ્યની ૪૮ લોકસભા બેઠકોમાંથી પાલઘર સિવાયની ૪૭ સીટો માટે તેના ઉમેદવારોની જાહેરાત કરી દીધી છે. બાકીની બેઠક મોટે ભાગે ભાજપ મેળવશે, એમ ભગવા પક્ષ અને શિવસેનાના આંતરિક સૂત્રોએ જણાવ્યું હતું.

મુખ્ય પ્રધાન એકનાથ શિંદેની આગેવાની હેઠળ શિવસેનાએ બુધવારે કલ્યાણ, થાણે અને નાસિક માટે તેના ઉમેદવારોની જાહેરાત કરતા તેના ઉમેદવારોની સંખ્યા ૧૫ થઇ છે. સીટ-વહેંચણી મુજબ, ભાજપ અત્યાર સુધીમાં ૨૭ બેઠકો પર લડવા માટે સંમત (જુઓ પાનું ૪)

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
Tel. 022-48932230/ 8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"




# શ્રીકાંત શિંદેનો થશે પાંચ લાખ મત સાથે વિજય: મુખ્ય પ્રધાનનો વિશ્વાસ

કલ્યાણ : કલ્યાણ ડોમ્બિવલી લોકસભા મતવિસ્તારના ઉમેદવાર ડો. શ્રીકાંત શિંદેએ ગુરુવારે ઉમેદવારી નોંધાવી હતી. એક વિશાળ રેલીમાં મુખ્ય પ્રધાન સાથે નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ, પ્રધાન રવિન્દ્ર ચવ્હાણ, એમએનએસ ધારાસભ્ય રાજુ પાટીલ, એનસીપીના આનંદ પરાંજપે અને મહાગઠબંધનમાં સહયોગી પક્ષોના પદાધિકારીઓએ હાજરી આપી હતી.

એકનાથ શિંદેએ કહ્યું હતું કે સમગ્ર રાજ્યમાં મહાગઠબંધનની લહેર સર્જાઈ છે. વિદર્ભની આકરી ગરમીમાં પણ કાર્યકરો મોટી સંખ્યામાં રસ્તા પર ઉતરી આવ્યા હતા. કલ્યાણ-ડોમ્બિવલી આજની રેલીમાં લોકોનો ધસારો તેની સાક્ષી છે. છેલ્લા૧૦ વર્ષમાં શ્રીકાંત શિંદે દ્વારા કરવામાં આવેલી કામગીરીનો સ્વીકાર કરવામાં આવ્યો છે. મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ ખાતરી આપી હતી કે આગામી પાંચ વર્ષ સુધી કલ્યાણ ડોમ્બિવલી માટે ભંડોળ ઘટશે (જુઓ પાનું ૪)

# લવાદના પૈસા જમા નહીં થાય તો પશ્ચિમ રેલવેની બિલ્ડિંગ પર 'ટાંચ': હાઈ કોર્ટ

મુંબઈ: બોમ્બે હાઈ કોર્ટે એક કોન્ટ્રાક્ટર કંપનીને આર્બિટ્રલ અવોર્ડ (લવાદનો નિકાલ આવ્યા બાદ) છતાં છેલ્લા ૧૩ વર્ષથી બાકી લેણાં મળ્યા ન હોવાથી તથા પશ્ચિમ રેલ્વે મોડું કરી રહી હોવાથી પશ્ચિમ રેલવેની ઇમારત પર ટાંચ મારવાની ચેતવણી આપી છે. જો વેસ્ટર્ન રેલવે ૨૭ મે સુધીમાં કોર્ટમાં ૩,૯૫,૯૪,૭૨૦ રૂપિયા જમા નહીં કરાવે તો ચર્ચગેટ ખાતેની વેસ્ટર્ન રેલવેની બિલ્ડિંગને ટાંચ મારવામાં આવશે . ઉપરાંત, જો ઈમારત માટે વોરંટ ઈશ્યુ કરવામાં આવે તો હાઈકોર્ટના પ્રોથોનોટરી અને સિનિયર માસ્ટરે સિવિલ પ્રોસિજર કોડની જોગવાઈઓ મુજબ તે ઈમારતના વેચાણ માટે વોરંટ ઈશ્યુ કરવું જોઈએ. કે.પી. ટ્રેડર્સ એન્ડ કંપનીના એડ્વ. ધ્રુમિલ શાહ અને એડવો. રાહુલ ઓક મારફત વર્ષ ૨૦૧૬માં દાખલ કરાયેલી અરજીની સુનાવણી કર્યા બાદ જજ અભય આહુજાએ તાજેતરમાં આ આદેશ આપ્યો હતો.

રેલવેએ આ કંપનીને સાબરમતી ખાતે ૧૧ ઑગસ્ટ ૧૯૯૮થી ૧૦ઑગસ્ટ ૨૦૦૧ સુધીના સમયગાળા માટે માલસામાન અને માલસામાનની હેરફેર અને હેન્ડલિંગ માટે કોન્ટ્રાક્ટ આપ્યો હતો. ત્યારબાદ કોન્ટ્રાક્ટ ૧૫ જાન્યુઆરી ૨૦૦૨ સુધી લંબાવવામાં (જુઓ પાનું ૪)

# ચોમાસામાં ખાડામુક્ત રસ્તાઓ હોવાનો પાલિકાનો દાવો

## જવાબદારી સબ-એન્જિનિયરના માથે રહેશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: દર વર્ષની માફક આ વર્ષે પણ મુંબઈ મહાનગરપાલિકાએ ચોમાસામાં મુંબઈગરાને ખાડામુક્ત રસ્તો આપવાનું વચન આપ્યું છે. રસ્તા પરના ખાડા તાત્કાલિક ધોરણે પૂરી નાખવામાં આવે તે માટે પાલિકા ખાસ સબ-એન્જિનિયરોની નિમણૂક કરવાની છે. આ સબ-એન્જિનિયરોએ સ્થળની મુલાકાત લેવી પડશે અને ખાતરી કરવી પડશે કે કૉન્ટ્રેક્ટર ખાડાને મેસ્ટિક ડામરથી ભરે છે.

ખાડા સંદર્ભની ફરિયાદ પર નજર રાખવા માટે પાલિકાએ ૨૨૭ વોર્ડમાં ૨૨૭ સબ-એન્જિનિયરોની નિમણૂક કરવાની છે. ચોમાસામાં દરમિયાન રસ્તા પર પડનારા ખાડાને શોધવાની અને તેનું સમારકામ યોગ્ય સમયે કૉન્ટ્રેક્ટર પાસે કરાવી લેવાની જવાબદારી (જુઓ પાનું ૪)

ટીકુજી-ની-વાડી®
ફેમિલી ફન રિસોર્ટ
કિંમત એવી જે સહુને પરવડે, મોજ- મસ્તી એવી જે સહુને ગમે.
અમ્યુઝમેન્ટ પાર્ક + વોટર પાર્ક = ₹ 950/-
ઈંડિયા નું સૌથી મોટું વોટર પ્લે સ્ટેશન
(૨૮ દિલધડક લેટેસ્ટ રાઈડ્સ)
(તમારી સાહસવૃતિને અનુરૂપ ૧૨ વોટર સ્ટાઈડ્સ, વેવ પૂલ,લેઝી રિવર, કિડ્સ પૂલ અને બીજું ઘણું...)
નવું આકર્ષણ વોટર પ્લે સ્ટેશન
*ઉપરોક્ત કિંમતમાં : ભોજન, પીણાં, બંપર બોટ્સ નો સમાવેશ નથી. બહારનાં ખાદ્યપદાર્થો અને પીણાં માન્ય નથી.





વધુ માહિતી માટે સંપર્ક કરો
એડ્રેસ : ટીકુજી-ની-વાડી રોડ, માનપાડા, ચિતલસર, થાણે.
ફોન : ૨૫૮૯૨૦૬૧ /૬૨ / ૬૩/ ૬૪ / ૬૫ /૬૬, મુંબઈ ઓફિસ ફોન : ૨૩૫૩૨૭૦૦ / ૦૧ / ૦૨
મો. નં. ૯૩૨૪૬ ૬૯૦૭૦
ઈ-મેલ : tikujiniwadi1@gmail.com(enquiry), info@tikuji-ni-wadi.com(complaints)
વધુ માહિતી માટે જુઓ ફક્ત : www.tikuji-ni-wadi.com
નોંધ : અગાઉથી ગ્રુપ બુકિંગ ફરજયાત
વાડી : સમય : ૯ AM થી ૬ PM એન્ટરટેનમેન્ટ સુવિધાઓ : સમય : ૧૦ AM થી ૬ PM
Follow us on :

## મોબાઈલ પાછો મેળવવાના પ્રયાસમાં જીવ ગયો

# ગર્દુલ્લાઓની ટોળકીએ ઝેરી ઈન્જેકશન મારી દેતાં પોલીસ કોન્સ્ટેબલનું મૃત્યુ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: હાથ પર ફટકો વાગવાથી રેલવે ટ્રેક પર પડી ગયેલો મોબાઇલ પાછો મેળવવાના પ્રયાસમાં ૩૦ વર્ષના પોલીસ કોન્સ્ટેબલે જીવ ગુમાવ્યો હતો. ગર્દુલ્લાઓની ટોળકીએ કોન્સ્ટેબલને ઘેરી લીધા બાદ તેના પીઠ પર ઝેરી ઇન્જેકશન મારી દેતાં ત્રણ દિવસ બાદ તેનું મૃત્યુ થયું હતું. રેલવે પોલીસે આ પ્રકરણે હત્યાનો ગુનો દાખલ કરી તપાસ આદરી હતી.

પોલીસ કોન્સ્ટેબલની ઓળખ વિશાલ પવાર તરીકે થઇ હોઇ તે થાણેનો રહેવાસી હતો અને મુંબઈ પોલીસના લોકલ આર્મ્સ વિભાગમાં કાર્યરત હતો. પવારને થાણેની હોસ્પિટલમાં સારવારાર્થે દાખલ કરવામાં આવ્યો હતો, જ્યાં ત્રણ દિવસ બાદ ૧ મેના રોજ તેનું મૃત્યુ થયું હતું.

અધિકારીએ જણાવ્યું હતું કે ૨૮ એપ્રિલે રાતે ૯.૩૦ વાગ્યે આ ઘટના બની હતી. પવાર રાતે ડ્યૂટી પર જવા માટે ઘરેથી નીકળ્યો હતો. એ સમયે પવાર સાદા કપડાંમાં હતો અને ટ્રેનમાં દરવાજા નજીક ઊભા રહીને મોબાઇલ પર વાત કરી રહ્યો હતો. ટ્રેન સાયન અને માટુંગા સ્ટેશન વચ્ચે ધીમી પડતાં ટ્રેક પર ઊભેલા અજાણ્યા શખસે પવારના હાથ પર ફટકો માર્યો હતો, જેને કારણે તેનો મોબાઇલ નીચે પડી ગયો હતો.

પવારનો મોબાઇલ લઇને શખસ ટ્રેક પર ભાગવા લાગ્યો હતો. ટ્રેન ધીમી હોવાથી પવાર પણ નીચે ઊતર્યો હતો અને (જુઓ પાનું ૪)

## ત્રણ દિવસથી હાર્બર લાઈનના પ્રવાસીઓ બેહાલ

# પનવેલ-સીએસએમટી ટ્રેન વડાલા સ્ટેશન પર અચાનક રદ



(અમય ખરાડે)

ટ્રેક પર પ્રવાસીઓ ઊતરી આવ્યા, બસ પકડવા લોકોની લાંબી લાઇન લાગી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મધ્ય રેલવેની હાર્બર લાઈનમાં અઠવાડિયાથી રોજ ટ્રેનસેવા ખોરવવાનું ચાલુ છે, તેનાથી પ્રવાસીઓની હાલાકીમાં વધારો થયા કરે છે. બુધવારે સીએસએમટીમાં ટ્રેનના ડિરેલમેન્ટ પછી ગુરુવારે ફરી એક વખત ટ્રેન વડાલામાં ખોટકાતા પ્રવાસીઓ વડાલામાં અટવાયા હતા.

પનવેલ-સીએસએમટી ટ્રેનને વડાલા સ્ટેશન પર અચાનક રદ કરવામાં આવી હતી. રદ કરવા અંગે કોઈ જાહેરાત કરી નહોતી. આ અંગે નવી મુંબઈના રહેવાસી અમન પાંડેએ મુંબઈ સમાચારને જણાવ્યું હતું કે બપોરના ૧૨.૩૦ વાગ્યાના પનવેલ સીએસએમટી ટ્રેનને વડાલામાં રદ કરી હતી. રદ કરવામાં આવ્યા પછી કોઈ કારણ પણ આપવામાં આવ્યું નહોતું.

વડાલાથી લોકો બસ પકડવા માટે દોડાદોડી કરી મૂકી હતી. લોકો રેલવે ટ્રેક ક્રોસ કરીને પણ (જુઓ પાનું ૪)

## પ્રશિક્ષિત, પ્રમાણિત એજન્ટ દ્વારા જ મકાનોની ખરીદી-વેચાણ

# આદેશનું પાલન ન કરનારા પ્રોજેક્ટ્સ સામે કાર્યવાહી

મુંબઈ: પહેલી જાન્યુઆરી, ૨૦૨૪ થી રિયલ એસ્ટેટ ક્ષેત્રમાં મકાનની ખરીદી અને વેચાણ વ્યવહારો માત્ર પ્રશિક્ષિત અને મહારેરા પ્રમાણિત બ્રોકર્સ દ્વારા જ કરવાનું ફરજિયાત કરવામાં આવ્યું છે. આમ છતાં આ નિર્દેશનું પાલન થતું ન હોવાનું ધ્યાનમાં આવતા મહારેરાએ આ નિર્દેશનું પાલન ન કરનારા પ્રમોટર્સ અને પ્રોજેક્ટ્સ સામે કડક કાર્યવાહી કરવાનો નિર્ણય લીધો છે. આ અંગે મહારેરા દ્વારા આદેશ જારી કરવામાં આવ્યો છે. આ આદેશ અનુસાર, પ્રોજેક્ટ્સ, ડેવલપર્સની મહારેરા નોંધણી રદ કરવાની ચેતવણી પણ આપવામાં આવી છે.

ગ્રાહકો દલાલો દ્વારા મકાનો ખરીદવા અને વેચવા તરફ વધુ વલણ ધરાવે છે. જો કે આ દલાલો દ્વારા ગ્રાહકો સાથે મોટા પાયે છેતરપિંડી (જુઓ પાનું ૪)

# ૨૦ વર્ષમાં આઈઆઈટીના ૧૧૫ વિદ્યાર્થીઓની આત્મહત્યા

મુંબઈ: ૨૦૦૫થી અત્યાર સુધીમાં ઈન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજીમાં અભ્યાસ કરતા ૧૧૫ વિદ્યાર્થીઓએ આપઘાત કરી જીવન ટૂંકાવ્યું હોવાની જાણકારી ઉપલબ્ધ થઈ છે. આઈઆઈટી કાનપુરના ભૂતપૂર્વ વિદ્યાર્થી અને ગ્લોબલ આઈઆઈટી એલમની સપોર્ટ ગ્રૂપના સ્થાપક ધીરજ સિંહે દાખલ કરેલી માહિતી હક (રાઈટ ટુ ઇન્ફર્મેશન)ની અરજીના જવાબમાં આ જાણકારી મળી છે. આમાંથી ૯૮ મૃત્યુ સંસ્થાના કેમ્પસમાં થયા હતા જેમાં ૫૬ (જુઓ પાનું ૪)

# લોકસભા ચૂંટણી: ત્રીજા તબક્કામાં 'પવાર' પરિવારની થશે અગ્નિપરીક્ષા

મુંબઈ: લોકસભાની ચૂંટણીના ત્રીજા તબક્કા પર સૌની નજર છે, કારણ કે મહારાષ્ટ્રમાં શિવસેના વિરુદ્ધ શિવસેનાના ઉમેદવારો જાહેર કરવામાં આવ્યા પછી રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પાર્ટી એટલે શરદ પવારના પરિવારની પરીક્ષા થશે. બારામતીની સીટ પર શરદ પવારના દીકરી સુપ્રિયા સુળેની સામે અજિત પવારના પત્ની સુનેત્રા પવાર ચૂંટણી લડી રહ્યા છે. બંનેની વચ્ચેની ટક્કરમાં અજિત પવારના ભવિષ્યનો પણ નિર્ણય લેવામાં આવશે.

દેશમાં ત્રીજા તબક્કાની ચૂંટણીમાં મહારાષ્ટ્રની અગિયાર બેઠક પર મતદાન કરવામાં આવશે, જ્યારે ૨૫૮ ઉમેદવારનું ભાવિ મતદારો નક્કી કરશે. આ જ તબક્કા દરમિયાન પશ્ચિમ મહારાષ્ટ્રમાં સાત, કોંકણ અને મરાઠવાડામાં બબ્બે બેઠક પર ચૂંટણી યોજાઈ રહી છે.

ખાસ કરીને બારામતીની સીટ પર સૌની નજર (જુઓ પાનું ૪)

AZERBAIJAN
07 DAYS
BAKU - SHAHDAG - QUBA - GABALA
special offer
Airfare Inclusive



DEP DATES | 27th MAY | 29th MAY | 03rd JUN | 08th JUN | 10th JUN | 17th JUN | 24th JUN | 01st JUL
PACKAGE INCLUSIONS
• Ateshgah, Qobustan, Flame Tower, Baku Eye, Little Venice, Mud Volcano, Crystal Hall, Funicular Ride, Coaster Ride અને Vintage Car Museum નો અદભુત અનુભવ.
• વર્લ્ડ ક્લાસ એરલાઈન દ્વારા પ્રવાસ.
• આપણા પોતાના જ રાજસ્થાની મહારાજ - શુદ્ધ શાકાહારી / જૈન જમણ.
• ગુજરાતી, હિન્દી અને ઈંગલિશ જાણતા ટૂર મનેજર ની સેવા.
• વીઝા, Insurance, એન્ટ્રન્સ ફી, Tips સહિત તમામ ખર્ચ ટૂર કોસ્ટ માં જ સામેલ.
SHAH SHAH HOLIDAYS
203, Man Excellenza, 2nd Floor, Opp. Pawan Hans, S. V. Road, Vile Parle (W), Mum-56.
07506679945, 09004994449, 09324064281 (022) 26103073, 74

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨, દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રી: *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલ: **samachar.bombay@gmail.com** ટેલિફોન: ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**